
# ચૌદ રાજલોક




# શ્રી પ્રકરણ ભાષ્યસાર

શ્રી પરમાત્મને નમઃ શ્રી ગુરવે નમઃ

શ્રી અકલંક ગ્રન્થમાળા પુષ્પ—૧૬

# શ્રી પ્રકરણ ભાષ્યસાર

: સંગ્રહકાર :

તપસ્વી શ્રી અકલંક વિ. મહારાજ

: સંકલનકાર સંપાદક :

પૂ. આ. ચિદાનંદસૂરિ મહારાજ

: પ્રકાશક :

શ્રી મહેન્દ્રભાઈ જે. શાહ
૫૧/૫૨, મહાવીર સોસાયટી,
૧૦૩, ઝવેરી સડક,
નવસારી.

નકલ ૧૦૦૦ ] [ પ્રથમ આવૃત્તિ

કિંમત રૂા. ૧૦=૦૦

## —: પ્રાપ્તિસ્થાન :—

૧ **શ્રી મફતલાલ મોહનલાલ શાહ**
વીરનગર સોસાયટી બં. નં. ૯/૧-બી,
એસ. ટી. કોલોની સામે, **મહેસાણા.**

૨ **શ્રી મહેન્દ્ર જે. શાહ**
૫૧/૫૨, મહાવીર સોસાયટી,
૧ લે માળે, ૧૦૧ ઝવેરી સડક, **નવસારી.**

૩ **કીર્તિ પ્રકાશન C/o. ઝવેરી સ્ટોર્સ**
ગોપીપુરા સુભાષ ચોક, **સુરત.**

૪ **શ્રી સોમચંદ ડી. શાહ**
જીવન નિવાસ સામે, **પાલીતાણા.**

૫ **શ્રી સુમતિલાલ જમનાદાસ**
૨૨૭, અદાસાની ખડકી,
પતાસાપોળ, **અમદાવાદ.**

૬ **શ્રી હરખચંદ સરદારમલજી શાહ**
૩૮૪/જે, કાલબાદેવી રોડ, દાભોલકરવાડી, કૌસ્તુભ બિલ્ડીંગ, ૩ જે માળે, **મુંબઈ-૨. ટે. નં. ૨૯૮૨૩**

૭ **શ્રી ચમ્પાલાલ મુકનાજીની કું.**
તિલક રોડ, **નંદરબાર**-૪૨૫ ૪૧૨.

૮ **શ્રી કાંતિલાલ એન. શાહ**
૧૨૯, ગોવિંદપ્પા નાયક સ્ટ્રીટ, **મદ્રાસ-૧.**

૯ **પુના સોપ ફેક્ટરી**
૧૨૦, ભવાની પેઠ, **પુના-૨.**

# સમ્યગ્ જ્ઞાન

સમ્યગ્ જ્ઞાન એ સર્વ સુખનું કારણ છે. જેનાથી ભવાંતર સુધરે છે. એથી દરેકે જ્ઞાનને ઉત્તેજન આપવું જોઈએ. આત્મામાં રહેલ અનંત ગુપ્ત શક્તિઓ જ્ઞાનથી પ્રગટ થાય છે. અને આત્માની સાચી પીછાણ થાય છે, અંતે આત્મા **પરમાત્મા** બની શકે છે.

અલંકારથી જેમ શરીર શોભે છે. તેમ જ્ઞાનથી જીવનનું ઘડતર તથા કિંમત થાય છે, મકાનનો પાયો જેટલો ઊંડો અને મજબૂત તેટલું જ મકાન દીર્ઘકાળ ટકી શકે, તેમ સમ્યગ્ જ્ઞાનથી આત્મા પાપથી બચી શાશ્વત એવી મુક્તિને મેળવી અમર બને છે. જ્ઞાન એ ગુપ્ત ધન છે, તે આપવાથી વધે છે કોઈ ચોરી શકતું નથી દુઃખમાં પણ હિંમત અને સમાધિ આપે છે.

પોતાના સંતાનને ધનનો વારસો આપશો પણ એના નસીબમાં હશે તો જ એ ધન રહેશે. જ્યારે જ્ઞાનનો વારસો આપશો તો ધનિક કરતાં પણ વધુ શાંતિ–સમાધિ પ્રાપ્ત કરી સદ્ગત પ્રાપ્ત કરી શકશે. જેમ જ્ઞાન આવે તેમ નમ્રતા આવવી જોઈએ. વિનય-વિવેક, નમ્રતા સદાચાર આવે તો એ જ્ઞાન પચ્યું ગણાય.

આ ગ્રન્થમાં જે તાત્ત્વિક વિષય આપ્યો છે તે અભ્યાસ કરનાર તથા અભ્યાસ નહિ કરનારને પણ સરળતાથી સમજાય તેવી કાળજી રાખી છે, સૌ કોઈ વાંચન-મનન ચિંતનદ્વારા સ્વાધ્યાય રૂપી અમૃતનો સ્વાદ ચાખે એ મુખ્ય ધ્યેય રાખવામાં આવ્યું છે. સુજ્ઞેષુકિં બહુના ?

—પ્રકાશક

## * કીર્તિ પ્રકાશન *

| | |
|---|---|
| ભરતેશ્વર બાહુબલી સચિત્ર ભા-૧-૨-૩ | ૪૫=૦૦ |
| ભરતેશ્વર બાહુબલી પ્રતાકારે | ૧૫=૦૦ |
| ચંદ રાજાનો રાસ પ્રતાકારે | ૩૧=૦૦ |
| પ્રદ્યુમ્ન ચરિત્ર | ૧૬=૦૦ |
| કુમારપાળ ચરિત્ર (સચિત્ર) | ૬=૦૦ |
| ભક્તામર સૂત્ર તથા ચમત્કારી કથાઓ | ૪=૦૦ |

ઉપરાંત **કીર્તિ પ્રકાશન**નાં નવા છપાતાં તથા અગાઉના સ્ટોકનાં બધા પુસ્તકો રૂા. ૧૦૦) માં મળશે.

### : પ્રાપ્તિસ્થાન :

૧. **શ્રી મહેન્દ્રભાઈ જે. શાહ**
૫૧-૫૨, મહાવીર સોસાયટી, **નવસારી.**

૨. **શ્રી ચંપાલાલ સુકનાજીની કાં.**
તિલક રોડ, નંદરબાર.

૩. **શ્રી દીપક રતીલાલ જવેરી**
૧૦/૧૨૭૦, ગોપીપુરા હાથીવાલા દેરાસર સામે, **સુરત.**

૪. **ઝવેરી સ્ટોર્સ**
ગોપીપુરા સુભાષ ચોક, સુરત.

# સંપાદકીય

**नाणं पयासगं, सोहगो तवो, संजमो अ गुत्तिकरो ।**
**तिण्हंपि समायोगे, मोक्खो जिनसासणे भणिओ ॥**

**—શ્રી આવશ્યક સૂત્ર**

જીવને કર્મનું બંધન છે એ **જ્ઞાન** ઓળખાવે છે, પૂર્વના કર્મને દૂર કરવા માટે **તપ** શોધક છે. નવા કર્મરૂપી કચરાને **સંજમ** અટકાવે છે. આમ **જ્ઞાન–તપ–સંજમ** એ ત્રણેયનો સુયોગ થાય ત્યારે જૈન શાસનમાં આત્માનો મોક્ષ થાય એમ કહેવામાં આવ્યું છે.

આ ગ્રન્થમાં **જીવવિચાર, નવતત્ત્વ,** દંડક, **સંગ્રહણી** તથા **૩ ભાષ્ય** એમ ૭ ગ્રન્થોનું મૂળ તથા સરળ રીતે સમજાય તેવું ઉપયોગી સરળ વિવેચન આપ્યું છે. જે પ્રમાણિક અને આત્મકલ્યાણ માટે બહુ ઉપયોગી છે.

**જીવવિચારથી** જીવની ઓળખાણ થતાં જીવદયા–અહિંસા પાળી શકાય છે. **નવતત્ત્વમાં** આખા વિશ્વનું તત્ત્વજ્ઞાન આવે છે. **દંડકમાં** કયા જીવોમાં કયા ગુણો તથા કઈ કઈ શક્તિઓ છે. તેનું પદ્ધતિસરનું પદાર્થ **વિજ્ઞાન** છે. તથા પેજ ૧૩૦ માં શાશ્વતા પદાર્થો બતાવ્યા છે. આ ત્રણ પ્રકરણનાં જ્ઞાનથી પુનર્જન્મ, આત્માનું અસ્તિત્વ અને મોક્ષ જેવા શાશ્વત પદાર્થોની પ્રતીતિ થાય છે. જીવ સ્વ સ્વ કર્માનુસાર જુદા જુદા સ્વરૂપે કયા કયા ક્ષેત્રોમાં ઉત્પન્ન થતો હશે? એના સમાધાનમાં લોકાલોક અખિલ વિશ્વના જ્ઞાનની જરૂર છે. આપણે જે સ્થાને છીએ તે તિર્ચ્છાલોક (મનુષ્યલોક) છે. નીચે અધોલોક (પાતાલ)માં ૭ રાજલોકમાં ૭ નારકો છે. ઉપર સિદ્ધશિલા સુધી ૭ રાજલોક ઉર્ધ્વલોક (સ્વર્ગ) છે. મધ્યમાં તિર્ચ્છાલોકમાં છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્ર સુધી ૧ રાજલોકમાં અસંખ્યાતા દ્વિપ–સમુદ્રો છે. તેમાં મધ્ય બિંદુમાં રહેલ **જંબૂદ્વિપનું** સ્વરૂપ ચોથા પ્રકરણ **સંગ્રહણીમાં** સંક્ષેપથી બતાવ્યું છે.

આજના વિજ્ઞાનની શોધો અધૂરી છે. તેઓના નક્કી કરેલા સિદ્ધાંતો પાછળથી બદલાતા રહ્યા છે. આજે જે વિજ્ઞાનની શોધ માટે કરોડો રૂપિયા ખર્ચાય છે, તે જ વાત જૈન ધર્મના સિદ્ધાંતોમાં અનંતકાળથી એક જ પદમાં બતાવી દીધી હોય છે. એટલે કે તેમાં સંગ્રહિત છે.

આ પુસ્તકમાં **જંબૂદ્વિપ, અઢીદ્વિપ, ચૌદ રાજલોક, પાણીના એક ટીપામાં ૩૬૪૫૦ હાલતા ચાલતા જીવો,** તથા એક ઈંચના દશ લાખના ભાગ જેટલા **એટમ અણુનુ ચિત્ર** વગેરે છાપ્યા છે.

જૈન ધર્મની આરાધના માટે ભવ્ય જીવોએ દેવ–ગુરુ–ધર્મનું સ્વરૂપ સમજી પરમ ઉપાસ્ય આ ત્રણે તત્ત્વોની આરાધના કરવી જોઈએ માટે એ ત્રણેયના સ્વરૂપને સમજવા માટે શ્રી તપગચ્છનાં આદ્યઆચાર્ય **શ્રી જગચ્ચન્દ્રસૂરિજી** મ. નાં શિષ્ય **આ. શ્રી દેવેન્દ્રસૂરિજી**એ આગમ પરંપરા તથા ગુરુપરંપરા અનુસાર **ચૈત્યવંદનભાષ્ય, ગુરુવંદનભાષ્ય** તથા **પચ્ચક્ખાણભાષ્ય** રચ્યું છે.

**શ્રી તીર્થંકર પરમાત્મા** પરમોચ્ચ ચારિત્ર, તપ, વીર્ય અને અનંતજ્ઞાનવાળા કૃતકૃત્ય છે, છતાં તેઓશ્રીએ તીર્થરૂપ શાસન સ્થાપીને આપણને સદાચાર અને પવિત્રતાનો આદર્શ આપ્યો છે.

કૃતજ્ઞ માનવ પરમાત્મા પ્રત્યેની ભક્તિની પોતાની ફરજ ચૂકે નહિ અને પરમાત્મા પ્રત્યે લોકોત્તર વિનય બતાવવા પ્રતિદિન પૂજા–ચૈત્યવંદન દ્વારા ભાવપૂર્વક ભક્તિ કરી પરમાત્મપદ મેળવે તે માટે **ચૈત્યવંદનભાષ્ય** રચ્યું છે.

વિનય એ ધર્મનું મૂળ છે. દેવગુરુ પ્રત્યે વિનય, ભક્તિ કે નમ્રતા ન હોય તો ધર્મનું ફળ કંઈ નથી. ગુણવંત ગુરુની ભક્તિ કરવાથી આત્મા ગુરુ કરતા પણ જલદી મોક્ષમાં જઈ શકે છે.

**શ્રી કુમારપાળ રાજા** ગુરુભક્તિથી આવતી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર **શ્રી પદ્મનાભ** પ્રભુનાં ૧૧ માં ગણધર થઈ મોક્ષમાં જશે.

**શ્રીકૃષ્ણ** મહારાજાએ પણ ૨૨ માં **શ્રી નેમિનાથ** પ્રભુને તથા તેઓશ્રીના ૧૮ હજાર સાધુને ભાવથી વંદન કરવા દ્વારા ક્ષાયિક સમ્યક્ત્વ તથા શ્રી તીર્થંકર નામકર્મનું પુણ્ય ઉપાર્જન કર્યું. અને ચાર નરકનાં કર્મો ક્ષય કર્યાં હતા.

વિધિપૂર્વક ગુરુવંદનથી છ પ્રકારના ગુણો પ્રાપ્ત થાય છે. વળી પૂર્વભવના સંચિત અનંત કર્મો જે ગાઢ મજબુત બંધાયા હોય તે શિથિલ થાય છે. દીર્ઘકાળની સ્થિતિ બંધાય હોય તે અલ્પકાળની થાય છે. તીવ્ર રસ બંધાયો હોય તે મંદ રસ થાય છે. ઘણા કર્મના પ્રદેશોનો સમુહ હોય તે અલ્પ પ્રદેશોવાળો થઈ જાય છે. વળી નીચ ગોત્ર કર્મ ખપે છે, અને ઉચ્ચગોત્ર બંધાય છે. અંતે જીવ મુક્તિ પદ પામે છે.

ગુરુની આજ્ઞા ન માનનાર, આજ્ઞાથી વિપરીત કરનાર, કઠોર ભાષણ કરનાર શિષ્ય ઉત્કૃષ્ટ આશાતના કરનાર ગણાય છે. એવી આશાતના કરનાર **કુલવાલક** મુનિની જેમ દુર્ગતિમાં જઈ અનંત સંસાર ભમે છે.

ગુરુતત્ત્વની ઉપાસનાથી પારસમણિની જેમ આત્માને સુવર્ણ જેવો બનાવવો હોય તો શ્રી તીર્થંકર પરમાત્માએ પચ્ચક્ખાણ–પ્રતિજ્ઞા–નિયમ ત્યાગ એ મોક્ષનું પરમ અંગ ફરમાવ્યું છે. દ્રવ્ય પચ્ચક્ખાણ કરતા કરતા ભાવ પચ્ચક્ખાણના પરિણામ જાગે છે. ભાવ પચ્ચક્ખાણ વિના મુક્તિ નથી, આવી શ્રદ્ધા ન હોયતો મિથ્યાત્વ મોહનીય કર્મનો ઉદય ગણાય છે.

કેટલાક જીવો ગુરુગમના અભાવે પચ્ચક્ખાણ ન લેતાં મનની ધારણા માત્રથી જ સંતોષ માને છે. મનની ધારણામાં આગાર ન હોવાથી માનવના સહજ સ્વભાવના કારણે ભૂલ થતાં ધારણાનો ભંગ થાય છે. વળી મનની ધારણામાં પાપ નહિ આચરે તો પણ **અવિરતિનું** પાપ તો લાગે જ છે. વળી કોઈવાર મનને થાય કે, મારે નિયમ ક્યાં છે! એટલે સંજોગને વશ થતાં ધારણા ઢીલી પડે છે જ્યારે પચ્ચક્ખાણવાળાને એક જાતનો અંકુશ–બંધન રહે છે.

વાઘ સિંહને પાંજરાનું બંધન છે, સર્પને કરંડીયાનું બંધન છે. હાથીને અંકુશનું બંધન છે, ગાયને ખીલાનું બંધન છે, ઘોડાને લગામનું બંધન છે. કુતરાને સાંકળનું બંધન છે. પક્ષીને પાંજરાનું બંધન છે. પુરૂષને સ્ત્રીનું બંધન છે. જીવને કર્મનું બંધન છે.

આ કર્મના બંધનથી જીવને છૂટો કરવા જ્ઞાની ભગવંતોએ પચ્ચક્ખાણનો ઉપાય બતાવ્યો છે. પચ્ચક્ખાણ દ્વારા પાપોથી છૂટાછેડા (DIVORCE) લેવાય છે. અને પાપો નહિ કરવાની જાહેર નોટીશ અપાય છે. આ પચ્ચક્ખાણ રૂપી નોટીશથી **અવિરતિનું** પાપ પ્રવેશી શકતું નથી. ભાગીદારીની પેઢીમાંથી છૂટા થવાની નોટીશ ન આપી હોય તો નુકશાનીનો ભાગ આપવો પડે છે.

( i ) પચ્ચક્ખાણથી કાયા અંકુશમાં આવે છે અને મનને પણ અંકુશમાં લાવવાનો અભ્યાસ પડે છે.

( ii ) ન મલે કે ન ગમે તેનું પણ પચ્ચક્ખાણ લેવાથી તેની આશા–અપેક્ષા છૂટી જાય છે અને હવે મળે તોય ન લેવું એ ભાવ આવે છે.

( iii ) પચ્ચક્ખાણ વિનાને શાસ્ત્રમાં મોટું પ્રાયશ્ચિત માન્યું છે. જ્યારે દરેક પચ્ચક્ખાણમાં આગાર–છૂટ હોવાથી નિયમ ભાંગી જાય તો પણ નાનું પ્રાયશ્ચિત છે, તે માટે આલોચનાનો વિધિ જ્ઞાનીઓએ ફરમાવ્યો છે.

( iv ) જાહેરમાં સંઘ કે ગુરૂ સમક્ષ નિયમ લેવાથી પાલન કરવાની મક્કમતા આવે છે. નિયમ સહેલાયથી પળે છે.

( v ) નિયમના આલંબનથી ધીમે ધીમે ભાવ વધે છે.

( vi ) નિયમમાં ટેવાઈ જવાથી વિષયોનો રંગ ઓછો થાય છે.

( vii ) શ્રેણિક મહારાજા અને કૃષ્ણ મહારાજા બીજા વ્રત લે તો રાજી થઈ સહાય તથા અનુમોદના કરતા અને એના કારણે ભાવિમાં વ્રત લઈ તીર્થંકર પદવી પામી મોક્ષે જશે.

આમ **પચ્ચક્ખાણ ભાષ્ય** દ્વારા જીવને વિરતિનો લાભ થાય છે. આ ગ્રન્થમાં શ્રી શ્રેયસ્કર મંડળના પૂના વિદ્યાપીઠના આત્મ તત્ત્વ વિચાર ભા. ૨, જૈન ધર્મનું પ્રાણી વિજ્ઞાન આદિ ગ્રન્થમાંથી સાભાર કેટલુંક ઉધ્ધૃત કર્યું છે. તે માટે હમો તેઓના ઋણી છીએ. શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞા વિરૂદ્ધ અજાણતા લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

આ. ચિદાનંદસૂરિ
મહાવીર જૈન સોસાયટી,
નવસારી.

# જગતની વિચિત્રતા

**[1]विधि [2]विधाता [3]नियतिः [4]स्वभावः [5]कालो [6]ग्रहा [7]ईश्वर [8]कर्म [9]दैवम् ।**
**[10]भाग्यानि [11]पुण्यानि [12]यमः [13]कृतान्तः पर्याय नामानि पुराकृतस्य ॥**

કો'કને સવાશેર માટીની ખોટ, કો'કને દીકરો ઉદ્ધત, કો'કને ભૂખ લાગતી નથી, કો'કને ઉંઘ આવતી નથી, કો'કને પત્ની કર્કશા...

આનું રહસ્ય શોધતા કેટલાકે By Chance—અકસ્માત જ આ બધું બને છે, કેટલાકે ઈશ્વરની માયા જવાબદાર ગણી છે, કેટલાકે જુદા જુદા કારણ ગણ્યા છે.

જૈન દર્શન ઉપર શ્લોકમાં બતાવ્યા પ્રમાણે જગતની વિચિત્રતાનું કારણ **પૂર્વકૃત કર્મ** કહે છે. અને તે કર્મ સંબંધી થીઅરી ચોક્કસ વિભાગવાર બતાવી છે. જેમ ઘાસ ગાયના પેટમાં જઈ દૂધ રૂપે બને છે, અને તેમાં મિઠાશ વગેરે ઉત્પન્ન થાય છે, તથા પાણી અને લોટ પલાળ્યા પછી તેના આથામાં ઈડલી—ઢોકળા બનાવતા ખટાશ ઉત્પન્ન થાય છે. તેમ રાગ-દ્વેષના અધ્યવસાયથી આત્મા સાથે કાર્મણ વર્ગણા ચોંટી દૂધ-પાણી તથા લોઢા-અગ્નિની જેમ એકમેક થઈ કર્મ બને છે. અને તે કર્મમાં જુદા જુદા આઠ પ્રકારના સ્વભાવો ઉત્પન્ન થઈ સુખ દુ:ખ આપે છે.

આ કર્મનો બંધ છૂટે નહિ ત્યાં સુધી ન ગમે તેવી ગતિ અને યોનિમાં જન્મવાનું, ન ગમે તે રીતે જીવવાનું, સુખની ઈચ્છા હોવા છતાં દુ:ખમાં રીબાવાનું, મરવાની ઈચ્છા ન હોવા છતાં મરી જવાનું, અને મર્યા પછી પણ ન ગમે તેવા શરીર ધારણ કરવાના.

આ કર્મો ઉદયમાં આવતા વિમાનની દુર્ઘટના, ભૂકંપ, નદીનાપૂર, ટ્રેનના અકસ્માત, ગેસની દુર્ઘટના આ બધી ઘટનાઓમાં બાહ્ય દૃષ્ટિએ ભલે જુદા જુદા કારણો દેખાય પરંતુ આંતરિક કારણ આત્મા ઉપર લાગેલ પૂર્વકૃત કર્મનીજ અદૃશ્ય શક્તિ કામ કરી રહી છે.

આ આત્મા કર્મપુદ્ગલથી કેમ બંધાય છે? એ કર્મ બંધના મુખ્ય હેતુ કયા? સ્થૂલ હેતુ કયા? એ કર્મનો ઉદય કેટલા કાળ પછી થાય? ક્યાં સુધી એ કર્મ આત્મા ઉપર ચોંટી રહે? એ કર્મના ભોગવટા વખતે એ કર્મમાં કેવી શક્તિ ઉત્પન્ન થાય? એ કર્મ મોડું ઉદયમાં આવવાનું હોય, તે કર્મ ઉદીરણા દ્વારા વહેલું ભોગવી શકાય? કર્મ બંધની ક્રિયા જુદી જુદી વ્યક્તિમાં એક સરખી દેખાતી હોય છતાં પરિણામ-ભાવના દ્વારા રસમાં—ભોગવટામાં કેવો ફરક પડે! આ બધા કર્મના નાશનો ઉપાય શો? આ બધી જ બાબતોનું તત્ત્વજ્ઞાન જૈન દર્શનમાં આપ્યું છે.

**નીચેના હેતુઓ જાણી બચવાનો ઉપાય કરવો :—**

**કર્મબંધના સ્થૂલ હેતુઓ :** (૧) **મિથ્યાત્વ**-સત્યનો અસ્વીકાર કરવો. (૨) **અવિરતિ**-પાપની છૂટ રાખવી. (નિયમ-પચ્ચક્ખાણ ન લેવા. (૩) **કષાય**-ક્રોધ, માન, માયા, લોભ તથા હાસ્યાદિ નોકષાયનું સેવન કરવું. (૪) **યોગ**-મન, વચન, કાયાને નિરંકુશ રાખવા.

**કર્મબંધના જુદા જુદા હેતુઓ :—**

**૧-૨ જ્ઞાનાવરણ, દર્શનાવરણ**—ગુરૂ તરફ અનિષ્ટ આચરણ કરે, લજ્જાથી ગુરૂને ઓળવે, અનેરો ગુરૂ કહે, ગુરૂનો ઘાત કરે, ગુરૂ ઉપર દ્વેષ રાખે, ભણનારને અંતરાય કરે, નિંદા કરે, જ્ઞાન-જ્ઞાનીની આશાતના કરે તો આ બંને કર્મ બંધાય છે.

**૩ વેદનીય—(સાતા વેદનીય)** માતા-પિતા-ધર્માચાર્ય વડિલની ભક્તિ કરે, ક્ષમા-જીવદયા-મહાવ્રત-અણુવ્રત પાળે, મન વચન કાયાને તથા કષાયોને વશ રાખે, દાન આપે, તથા ધર્મમાં દૃઢ એવો સાતા વેદનીય કર્મ બાંધે છે. **(આશાતા વેદનીય)** તેથી વિપરીત આચરણવાળો અશાતા વેદનીય બાંધે છે.

**૪ મોહનીય—(દર્શન મોહનીય)** પાપ માર્ગનો ઉપદેશ આપે, સાચા માર્ગનો નાશ કરે, દેવદ્રવ્યનો નાશ કરે, જિન-મુનિ-દેરાસર-પ્રતિમા. સંઘનો દ્વેષ કરનાર દર્શન મોહનીય કર્મ બાંધે છે.

**(ચારિત્ર મોહનીય)** કષાય-નોકષાયમાં આસક્ત ચારિત્ર મોહનીય બાંધે છે.

**૫ આયુષ્ય**—(૧) મહારંભ પરિગ્રહમાં રક્ત, રૌદ્રધ્યાની, જીવનો ઘાત કરનાર, વ્રતભંગ, ઋષિઘાત, રાત્રિભોજન કરનાર **નરકનું** આયુષ્ય બાંધે છે.

(૨) કપટી, શલ્યવાળો, માયાવી **તિર્યંચનું** આયુષ્ય બાંધે છે.

(૩) અલ્પ કષાયવાળો, દાનની રૂચિવાળો, ક્ષમા-સરળતાદિ મધ્યમ ગુણવાળો **મનુષ્યનું** આયુષ્ય બાંધે છે.

(૪) સમ્યક્દૃષ્ટિ, બાળ તપસ્વી, અકામ નિર્જરા કરનાર **દેવનું** આયુષ્ય બાંધે છે.

**૬ નામ**—( શુભનામ ) સરલ સ્વભાવી, ૩ ગારવ રહિત **શુભ** નામકર્મ બાંધે છે. એથી વિપરીત **અશુભ** નામકર્મ બાંધે છે.

**૭ ગોત્ર**—ગુણ જોનાર, નિરહંકારી, અધ્યયન-અધ્યાપનમાં રૂચિવાળો, તીર્થંકર-સાધુ સાધર્મિકનો ભક્ત **ઉચ્ચ** ગોત્ર બાંધે છે. તેથી વિપરીત આચરણવાળો **નીચ** ગોત્ર બાંધે છે.

**૮ અંતરાય**—દાન ન આપે, આપતાને રોકે, પૂજામાં અંતરાય કરે, હિંસાદિ પાંચ આશ્રવ સેવે તો અંતરાય કર્મ બાંધે છે, ( વિશેષ માહિતી માટે પેજ નં. ૭૧ થી ૮૮ જુઓ. )

ઉપરોક્ત તથા તેવા બીજા કર્મ બાંધનારને કર્મના ઉદયે સુખ દુઃખનો અનુભવ થાય છે. આ જગતની વિચિત્રતાનું કારણ છે.

લી.

**આ. ચિદાનંદસૂરિનાં શિષ્ય**

**કીર્તિસેનમુનિ મહારાજ**

જૈન ઉપાશ્રય, નંદરબાર.

# श्री जीवविचार प्रकरण मूळ.

ભુવણ-પઈવં વીરં, નમિઊણ ભણામિ અબુહ-બોહત્થં,
જીવ-સરૂવં કિંચિ વિ, જહ ભણિયં પુવ્વ-સૂરીહિં. ॥૧॥
જીવા-મુત્તા સંસા-રિણો ય તસ થાવરા ય સંસારી,
પુઢવી જલ જલણ વાઉ, વણસ્સઈ થાવરા નેયા. ॥૨॥
ફલિહ મણિ રયણ વિદ્દુમ, હિંગુલ હરિયાલ મણસિલ,
રસિંદા, કણગાઈ ધાઉ સેઢી, વન્નિય અરણેટ્ટય પલેવા. ॥૩॥
અબ્ભય તૂરી ઊસં, મટ્ટી-પાહાણ-જાઈઓ ણેગા,
સોવીરંજણ લુણાઈ, પુઢવી-ભેયાઈ ઇચ્ચાઈ. ॥૪॥
ભોમંતરિક્ખ મુદગં, ઓસાહિમ કરગ હરિતણુ મહિઆ.
હુંતિ ઘણોદહિમાઈ, ભેયા ણેગા ય આઉસ્સ. ॥૫॥
ઇંગાલ જાલ મુમ્મુર, ઉક્કાસણિ કણગ વિજ્જુમાઇઆ,
અગણિ-જિયાણં ભેયા, નાયવ્વા નિઉણ-બુદ્ધીએ. ॥૬॥
ઉબ્ભામગ ઉક્કલિયા, મંડલી મહ સુદ્ધ ગુંજવાયા ય,
ઘણ-તણુ-વાયાઇઆ, ભેયા ખલુ વાઉકાયસ્સ. ॥૭॥
સાહારણ પત્તેઆ, વણસ્સઈ જીવા દુહા સુએ ભણિયા,
જેસિ-મણંતાણં તણુ, એગા સાહારણા તેઉ. ॥૮॥
કંદા-અંકુર કિસલય, પણગા સેવાલ ભૂમિ ફોડા ય,
અલ્લયતિય ગજ્જર, મોત્થ વત્થુલા થેગ પલ્લંકા. ॥૯॥
કોમલ ફલં ચ સવ્વં, ગૂઢસિરાઇં સિણાઇ પત્તાઈં,
થોહરિ કુંઆરી ગુગ્ગુલી, ગલોય, પમુહા ય છિન્નરૂહા. ॥૧૦॥
ઇચ્ચાઇણો અણેગે, હવંતિ ભેયા અણંતકાયાણં,
તેસિં પારિજાણણત્થં, લક્ખણ-મેઅં સુએ-ભણિયં. ॥૧૧॥

ગૂઢસિર-સંધિ-પવ્વં, સમભંગ-મહિરૂગં ચ છિન્નરૂહં,
સાહારણં સરીરં, તવ્વિવરિઅં ચ પત્તેયં. ॥૧૨॥
એગ શરીરે એગો, જીવો જેસિં તુ તે ય પત્તેયા,
ફલ ફૂલ છલ્લિ કટ્ઠા, મૂલગ પત્તાણિ બીયાણિ. ॥૧૩॥
પત્તેય તરું મુત્તું, પંચ વિ પુઢવાઇણો સયલ લોએ,
સુહુમા હવંતિ નિયમા, અંતમુહુત્તાઉ અદ્દિસ્સા. ॥૧૪॥
સંખ કવડ્ડુય ગંડુલ, જલોય ચંદણગ અલસ લહગાઈ,
મેહરિ કિમિ પૂઅરગા, બેઈંદિય માઈવાહાઈ. ॥૧૫॥
ગોમી મંકણ જૂઆ, પિપીલી ઉદ્દેહિયા ય મક્કોડા,
ઈલ્લિય ઘયમિલ્લીઓ, સાવય ગોકીડ જાઈઓ. ॥૧૬॥
ગદ્દહય ચોરકીડા, ગોમયકીડા ય ધન્નકીડા ય,
કુંથુ ગોવાલિય ઇલિયા, તેઈંદિય ઈંદગોવાઈ. ॥૧૭॥
ચઉરિંદિયા ય વિચ્છૂ, ઢિંકુણ ભમરા ય ભમરિયા તિડ્ડા,
મચ્છિ ય ડંસા મસગા, કંસારી, કવિલ ડોલાઈ. ॥૧૮॥
પંચિંદિયા ય ચઉહા, નારય તિરિયા મણુસ્સ દેવા ય,
નેરઈયા સત્તવિહા, નાયવ્વા પુઢવિ-ભેએણં. ॥૧૯॥
જલયર થલયર ખયરા, તિવિહા પંચિંદિયા તિરિક્ખા ય,
સુસુમાર મચ્છ કચ્છવ, ગાહા મગરા ય જલચારી. ॥૨૦॥
ચઉપય ઉરપરિસપ્પા, ભુયપરિસપ્પા ય થલયરા તિવિહા,
ગો સપ્પ નઉલ પમુહા, બોધવ્વા તે સમાસેણં. ॥૨૧॥
ખયરા રોમયપક્ખી, ચમ્મયપક્ખી ય પાયડા ચેવ,
નરલોગાઓ, બાહિં, સમુગ્ગપક્ખી વિયયપક્ખી. ॥૨૨॥
સવ્વે જલ-થલ-ખયરા, સમ્મુચ્છિમા ગબ્ભયા દુહા હુંતિ,
કમ્મા-કમ્મગ ભૂમિ, અંતરદીવા મણુસ્સા ય. ॥૨૩॥

દસહા ભવણાહિવઈ, અટ્ઠવિહા વાણમંતરા હુંતિ,
જોઇસિયા પંચવિહા, દુવિહા, વેમાણિયા દેવા. ॥૨૪॥
સિદ્ધા પનરસ ભેયા, તિત્થા–તિત્થાઈ સિદ્ધ–ભેએણં,
એએ સંખેવેણ, જીવ–વિગપ્પા સમક્ખાયા. ॥૨૫॥
એએસિં જીવાણં, સરીર–માઉ ઠિઈ સકાયંમિ,
પાણા–જોણિ–પમાણં, જેસિ જં અત્થિ તં ભણિમો. ॥૨૬॥
અંગુલ-અસંખ-ભાગો, સરીર–મેગિંદિયાણ સવ્વેસિં,
જોયણ સહસ્સમહિયં, નવરં પત્તેય–રૂક્ખાણં. ॥૨૭॥
બારસ જોયણ તિન્નેવ, ગાઉઆ જોયણં ચ અણુક્કમસો,
બેઇંદિય તેઇંદિય, ચઉરિંદિય દેહ–મુચ્ચત્તં. ॥૨૮॥
ધણુ સયપંચ–પમાણા, નેરઇયા સત્તમાઇ પુઢવિએ,
તત્તો અદ્ધદ્ધૂણા, નેયા રયણપ્પહા જાવ. ॥૨૯॥
જોયણ સહસ્સમાણા, મચ્છા ઉરગા ય ગબ્ભયા હુંતિ,
ધણુહ–પુહુત્તં પક્ખીસુ, ભુયચારી ગાઉઅ–પુહુત્તં. ॥૩૦॥
ખયરા ધણુહપુહુત્તં, ભુયગા ઉરગા ય જોયણ પુહુત્તં,
ગાઉઅ પુહુત્ત મિત્તા, સમુચ્છિમા, ચઉપ્પયા ભણિયા. ॥૩૧॥
છચ્ચેવ ગાઉઆઇં, ચઉપ્પયા ગબ્ભયા મુણેયવ્વા,
કોસ તિગં ચ મણુસ્સા, ઉક્કોસ શરીર–માણેણં. ॥૩૨॥
ઈસાણંત સુરાણં, રયણીઓ સત્ત હુંતી ઉચ્ચત્તં,
દુગ દુગ દુગ ચઉ ગેવિજ્જ, ણુત્તરે ઈક્કિક્ક પરિહાણી. ॥૩૩॥
બાવીસા પુઢવીએ, સત્ત ય આઉસ્સ તિન્નિ વાઉસ્સ,
વાસ સહસ્સા દસ તરૂ, ગણાણ તેઉ તિરત્તાઉ. ॥૩૪॥
વાસાણિ બારસાઊ, બેઇંદિયાણં તેઇંદિયાણં તુ,
અઉણાપન્નદિણાઇં, ચઉરિંદિણં તુ છમ્માસા. ॥૩૫॥

સુર-નેરઇયાણ ઠિઈ, ઉક્કોસા સાગરાણિ તિત્તીસં,
ચઉપય તિરિય મણુસ્સા, તિન્નિ ય પલિઓવમા હુંતિ. ॥૩૬॥

જલયર-ઉર-ભુયગાણં, પરમાઉ હોઇ પુવ્વ કોડીઓ,
પક્ખીણં પુણ ભણિઓ, અસંખભાગો ય પલિયસ્સ. ॥૩૭॥

સવ્વે સુહુમા સાહારણા ય, સમ્મુચ્છિમા મણુસ્સા ય,
ઉક્કોસ જહન્નેણં, અંતમુહુત્તં ચિય જિયંતિ ॥૩૮॥

ઓગાહણાઉ-માણં, એવં સંખેવઓ સમક્ખાયં,
જે પુણ ઈત્થ વિસેસા, વિસેસ-સુત્તાઉ તે નેયા. ॥૩૯॥

એગિંદિયા ય સવ્વે, અસંખ-ઉસ્સપ્પિણી સકાયંમિ,
ઉવજ્જંતિ ચયંતિ ય, અણંતકાયા અણંતાઓ ॥૪૦॥

સંખિજ્જ સમા વિગલા, સત્તટ્ઠ ભવા પણિંદિ તિરિમણુઆ,
ઉવજ્જંતિ સકાએ, નારય દેવા ય નો ચેવ ॥૪૧॥

દસહા જિયાણ પાણા, ઇંદિય ઊસાસ આઉ બલરૂઆ,
એગિંદિએસુ ચઉરો, વિગલેસુ છ સત્ત અટ્ઠેવ. ॥૪૨॥

અસન્નિ સન્ની પંચિંદિએસુ, નવ દસ કમેણ બોધવ્વા,
તેહિં સહ વિપ્પઓગો. જીવાણં ભન્નએ મરણં. ॥૪૩॥

એવં અણોરપારે, સંસારે સાયરંમિ ભીમંમિ,
પત્તો અણંતખુત્તો, જીવેહિં અપત્ત-ધમ્મેહિં. ॥૪૪॥

તહ ચઉરાસી લક્ખા, સંખા જોણીણ હોઈ જીવાણં,
પુઢવાઈણં ચઉણ્હં, પત્તેયં સત્ત સત્તેવ. ॥૪૫॥

દસ પત્તેય તરુણં, ચઉદસ લક્ખા. હવંતિ ઇયરેસુ,
વિગલિંદીએસુ દો દો, ચઉરો પંચિંદિ તિરિયાણં. ॥૪૬॥

ચઉરો ચઉરો નારય, સુરેસુ મણુઆણ ચઉદસ હવંતિ,
સંપિંડિયા ય સવ્વે, ચુલસી લક્ખા ઉ જોણીણં. ॥૪૭॥

સિદ્ધાણું નત્થિ દેહો, ન આઉ કમ્મં ન પાણજોણીઓ,
સાઈ અણંતા તેસિં, ઠિઈ જિણિંદાગમે ભણિઆ. ॥૪૮॥
કાલે અણાઈ-નિહણે, જોણિ ગહણંમિ ભીસણે ઇત્થ,
ભમિયા ભમિહિંતિ ચિરં, જીવાજિણ-વયણ મલહંતા. ॥૪૯॥
તા સંપઇ સંપત્તે, મણુઅત્તે દુલ્લહે વિ સમ્મત્તે,
સિરિ-સંતિ-સૂરિ-સિટ્ઠે, કરેહ ભો ઉજ્જમં ધમ્મે. ॥૫૦॥
એસો જીવવિયારો, સંખેવ-રૂઈણ જાણણા-હેઉ,
સંખિત્તો ઉદ્ધરિઓ, રૂદ્દાઓ સુય-સમુદ્દાઓ. ॥૫૧॥

---

# श्री नवतत्त्व प्रकरण मूळ.

જીવા જીવા પુણ્ણં, પાવા સવ સંવરો ય નિજ્જરણા,
બંધો મુક્ખો ય તહા, નવ તત્તા હુંતિ નાયવ્વા. ॥૧॥
ચઉદસ ચઉદસ બાયાલીસા; બાસી ય હુંતિ બાયાલા,
સત્તાવન્નં બારસ, ચઉ નવ ભેયા કમેણેસિં. ॥૨॥
એગવિહ દુવિહ તિવિહા, ચઉવ્વિહા પંચછવ્વિહા જીવા,
ચેયણ તસ ઇયરેહિં. વેય-ગઈ-કરણ-કાએહિં. ॥૩॥
એગિંદિય સુહુમિયરા, સન્નિયર પણિંદિયા ય સબિતિ ચઉ,
અપજ્જત્તા પજ્જત્તા, કમેણ ચઉદસ જિય-ટ્ઠાણા. ॥૪॥
નાણં ચ દંસણં ચેવ, ચરિત્તં ચ તવો તહા,
વીરિયં ઉવઓગો ય, એઅં જીવસ્સ લક્ખણં. ॥૫॥
આહાર સરીરિંદિય, પજ્જત્તી આણપાણ ભાસમણે,
ચઉ પંચ પંચ છપ્પિય, ઇગ-વિગલા-સન્નિ-સન્નીણં. ॥૬॥

પણિંદિઅત્તિ બલૂસા, આઉ દસ પાણ ચઉ છ સગ અટ્ઠ,
ઇગ-દુ-તિ-ચઉરિંદીણં, અસન્નિ-સન્નીણ નવ દસય. ॥૭॥
ધમ્માડધમ્મા-ગાસા, તિય તિય ભેયા તહેવ અદ્ધા ય,
ખંધા દેસ પએસા, પરમાણુ અજીવ ચઉદસહા. ॥૮॥
ધમ્મા ધમ્મા પુગ્ગલ, નહ કાલો પંચ હુંતિ અજીવા,
ચલણ સહાવો ધમ્મો, થિર સંઠાણો અહમ્મો ય ॥૯॥
અવગાહો આગાસં, પુગ્ગલ-જીવાણ પુગ્ગલા ચઉહા,
ખંધા દેસ પએસા, પરમાણુ ચેવ નાયવ્વા. ॥૧૦॥
સદ્દંધયાર ઉજ્જોઅ, પભા છાયા તવેહિઆ,
વણ્ણ ગંધ રસા ફાસા, પુગ્ગલાણં તુ લક્ખણં. ॥૧૧॥
એગા કોડિ સતસટ્ઠિ, લક્ખા સત્તહુત્તરી સહસ્સા ય,
દોય સયા સોલહિઆ, આવલિઆ ઇગ મુહુત્તમ્મિ ॥૧૨॥
સમયાવલિ મુહુત્તા, દીહા પક્ખા ય માસ વરિસા ય,
ભણિઓ પલિયા સાગર, ઉસ્સપ્પિણિ-સપ્પિણી કાલો. ॥૧૩॥
પરિણામિ જીવ મુત્તં, સપએસા એગ ખિત્ત કિરિઆ ય,
ણિચ્ચં કારણ કત્તા, સવ્વગય ઇયર અપ્પવેસે. ॥૧૪॥
સા ઉચ્ચગોઅ મણુદુગ, સુરદુગ પંચિંદિ-જાઈ પણદેહા,
આઇતિતણૂણ-વંગા, આઇમ સંઘયણ-સંઠાણા. ॥૧૫॥
વન્ન ચઉક્કા-ગુરૂલહુ, પરઘા ઊસાસ આય વુજ્જોઅં.
સુભખગઈનિમિણતસદસ, સુર-નર-તિરિઆઉ તિત્થયરં ॥૧૬॥
તસ બાયર પજ્જત્તં, પત્તેઅં થિરં સુભં ચ સુભગં ચ,
સુસ્સર આઇજ્જ જસં, તસાઈ-દસગં ઇમં હોઈ. ॥૧૭॥
નાણં-તરાય દસગં, નવ બીએ નીઅ સાય મિચ્છત્તં,
થાવર દસ નિરયતિગં, કસાય પણવીસ તિરિયદુગં. ॥૧૮॥

ઇગ બિતિ ચઉ જાઈઓ, કુખગઈ ઉવઘાય હુંતિ પાવસ્સ,
અપસત્થં વન્ન-ચઊ, અપઢમ-સંઘયણુ-સંઠાણુા. ॥૧૯॥
થાવર સુહુમ અપજ્જં, સાહારણુ-મથિર-મસુભ-દુભગાણિ,
દુસ્સર-ણુાઇજ્જ-જસં, થાવરદસગં વિવજ્જત્થં. ॥૨૦॥
ઇંદિઅ કસાય અવ્વય, જોગા પંચ ચઉ પંચ તિન્નિ કમા,
કિરિઆઓ પણુવીસં, ઇમા ઉ તાઓ અણુક્કમસો. ॥૨૧॥
કાઇઅ અહિગરણિઆ, પાઉસિયા પરિતાવણી કિરિયા,
પાણાઇવાય રંભિઅ, પરિગ્ગહિયા માયવત્તીય. ॥૨૨॥
મિચ્છા-દંસણુ-વત્તી, અપચ્ચક્ખાણુા ય દિટ્ઠિ પુટ્ઠીઅ,
પાડુચ્ચિઅ સામંતો,-વણીઅ નેસત્થિ સાહત્થી. ॥૨૩॥
આણુવણિ વિઆરણિઆ, અણુભોગા અણુવકંખપચ્ચઇઆ,
અન્ના પઓગ સમુદાણુ. પિજ્જ દોસેરીયાવહિઆ. ॥૨૪॥
સમિઇ ગુત્તિપરિસહ, જઇધમ્મો ભાવણા ચરિત્તાણિ,
પણુ તિ દુવિસ દસ બાર, પંચ ભેએહિં સગવન્ના. ॥૨૫॥
ઇરિયા-ભાસે-સણુા-દાણે, ઉચ્ચારે સમિઇસુ અ,
મણુગુત્તિ વયગુત્તી, કાયગુત્તી તહેવ ય. ॥૨૬॥
ખુહા પિવાસા સી ઉણ્હં, દંસા-ચેલા-રઇ ત્થિઓ,
ચરિઆ નિસીહિયા સિજ્જા, અક્કોસ વહ જાયણુા. ॥૨૭॥
અલાભ રોગ તણુફાસા, મલ સક્કાર પરિસહા,
પન્ના અન્નાણુસંમત્તં, ઈઅ બાવીસ પરિસહા. ॥૨૮॥
ખંતિ મદ્દવ અજ્જવ, મુત્તી તવ સંજમે અ બોધવ્વે,
સચ્ચં સોઅં આકિંચણું ચ, બંભં ચ જઈ ધમ્મો. ॥૨૯॥
પઢમ-મણિચ્ચ-મસરણું, સંસારો એગયા ય અન્નત્તં.
અસુઈત્તં આસવ. સંવરો ય તહ નિજ્જરા નવમી. ॥૩૦॥

લોગસહાવો બોહી, દુલ્લહા ધમ્મસ્સ સાહુગા અરિહા,
એઆઓ ભાવણાઓ, ભાવેઅવ્વા પયતેણં. ॥૩૧॥

સામાઇ અત્થ પઢમં, છેઓવટ્ઠાવણં ભવે બીયં,
પરિહાર વિસુદ્ધિઅં, સુહુમં તહ સંપરાયં ચ. ॥૩૨॥

તત્તો અ અહક્ખાયં, ખાયં સવ્વંમિ જીવલોગમ્મિ,
જં ચરિઊણ સુતિવિહિઆ. વચ્ચંતિ અયરામરં ઠાણં. ॥૩૩॥

અણસણ-મૂણોઅરિયા, વિત્તીસંખેવણં રસચ્ચાઓ,
કાયકિલેસો સંલીણયા ય, બજ્ઝો તવો હોઈ. ॥૩૪॥

પાયચ્છિત્તં વિણઓ, વેયાવચ્ચં તહેવ સજ્ઝાઓ,
ઝાણં ઉસ્સગ્ગો વિ અ, અબ્ભિતરઓ તવો હોઈ. ॥૩૫॥

બારસવિહં તવો નિજ્જરાય, બંધો ચઉ વિગપ્પોઅ,
પયઇ ટ્ઠિઈ અણુભાગ, પએસ ભેએહિં નાયવ્વો, ॥૩૬॥

પયઈ સહાવો વુત્તો, ઠિઈ કાલાવહારણં,
અણુભાગો રસો ણેઓ. પએસો દલ-સંચઓ. ॥૩૭॥

પડ પડિહાર-સિ-મજ્જ, હડ-ચિત્ત-કુલાલ-ભંડગારીણં,
જહ એએસિં ભાવા, કમ્માણ વિ જાણ તહ ભાવા. ॥૩૮॥

ઇહ નાણ-દંસણા-વરણ, વેય મોહાઉ નામ ગોઆણિ,
વિગ્ઘં ચ પણ નવ દુ અટ્ઠવીસ ચઉ તિસય દુ પણવિહં. ॥૩૯॥

નાણે અ દંસણાવરણે, વેઅણિએ ચેવ અંતરાએ અ,
તીસં કોડાકોડી, અયરાણં ઠિઈ ઉક્કોસા. ॥૪૦॥

સત્તરિ કોડાકોડી, મોહણીએ વીસ નામ ગોએસુ,
તિતીસં અયરાઇં, આઉટ્ઠિઇ બંધ ઉક્કોસા. ॥૪૧॥

બારસ મુહુત્ત જહન્ના, વેયણિએ અટ્ઠ નામ-ગોએસુ,
સેસાણં-તમુહુત્તં, એયં બંધ-ટ્ઠિઈ-માણં. ॥૪૨॥

સંત-પય-પરુવણયા, દવ્વ-પમાણં ચ ખિત્ત ફુસણા ય,
કાલો અ અંતરં ભાગ, ભાવે અપ્પાબહું ચેવ. ॥૪૩॥
સંતં-સુદ્ધપયત્તા, વિજ્જંતં ખ કુસુમવ્વ ન અસંતં,
મુક્ખત્તિ પયં તસ્સ ઉ પરુવણા મગ્ગણાઇહિં. ॥૪૪॥
ગઈ ઇંદિએ કાએ, જોએ વેએ કસાય નાણે ય,
સંજમ દંસણ લેસા, ભવ સમ્મે સન્નિ આહારે. ॥૪૫॥
નરગઇ પણિંદિ તસ ભવ, સન્નિ અહક્ખાય ખઇઅ સમ્મત્તે,
મુક્ખો-ણાહાર કેવલ, દંસણ નાણે ન સેસેસુ. ॥૪૬॥
દવ્વપમાણે સિદ્ધાણં, જીવ-દવ્વાણિ હુંતિ ણંતાણિ,
લોગસ્સ અસંખિજ્જે, ભાગે ઇક્કો ય સવ્વે વિ. ॥૪૭॥
ફુસણા અહિયા કાલો, ઇગ-સિદ્ધ-પડુચ્ચ સાઇઓ ણંતો,
પડિવાયા ભાવાઓ, સિદ્ધાણં અંતરં નત્થિ. ॥૪૮॥
સવ્વજિયાણ મણંતે, ભાગે તે તેસિ દંસણં નાણં,
ખઇએ ભાવે પરિણામિએ, અ પુણ હોઈ જીવત્તં. ॥૪૯॥
થોવા નપુંસ સિદ્ધા, થી નર સિદ્ધા કમેણ સંખગુણા,
ઇઅ મુક્ખતત્ત-મેઅં, નવતત્તા લેસઓ ભણિઆ. ॥૫૦॥
જીવાઈ નવ પયત્થે, જો જાણઈ તસ્સ હોઈ સમ્મત્તં,
ભાવેણ સદ્દહંતો, અયાણમાણેવિ સમ્મત્તં. ॥૫૧॥
સવ્વાઇં જિણેસર-ભાસિઆઇં, વયણાઇં નન્નહા હુંતિ,
ઇઅ બુદ્ધિ જસ્સ મણે, સમ્મત્તં નિચ્ચલં તસ્સ. ॥૫૨॥
અંતોમુહુત્ત-મિત્તંપિ, ફાસિઅં હુજ્જ જેહિં સમ્મત્તં,
તેસિં અવડ્ઢ પુગ્ગલ, પરિઅટ્ટો ચેવ સંસારો. ॥૫૩॥
ઉસ્સપ્પિણી અણંતા, પુગ્ગલ-પરિઅટ્ટઓ મુણેઅવ્વો,
તે-ણંતા-તીઅદ્ધા, અણાગયદ્ધા અણંતગુણા. ॥૫૪॥

જિણ અજિણ તિત્થ તિત્થા, ગિહિ અન્ન સલિંગ થી નર નપુંસા,
પત્તેય સયંબુદ્ધા, બુદ્ધબોહિય ઇક્કણિક્કા ય. ॥૫૫॥

જિણસિદ્ધા અરિહંતા, અજિણસિદ્ધા ય પુંડરિઆ પમુહા,
ગણહારિ તિત્થ સિદ્ધા, અતિત્થસિદ્ધા ય મરુદેવી. ॥૫૬॥

ગિહિલિંગ સિદ્ધા ભરહો, વક્કલચીરી ય અન્નલિંગમ્મિ,
સાહૂ સલિંગસિદ્ધા, થી-સિદ્ધા ચંદણા-પમુહા. ॥૫૭॥

પુંસિદ્ધા ગોયમાઈ, ગાંગેય-પમુહ નપુંસયા સિદ્ધા,
પત્તેય સયંબુદ્ધા, ભણિયા કરકંડુ કવિલાઈ. ॥૫૮॥

તહ બુદ્ધબોહિ ગુરુબોહિય, ઇગસમય એગસિદ્ધા ય,
ઈગ સમયે વિ અણેગા, સિદ્ધા તે-ણેગ સિદ્ધા ય. ॥૫૯॥

( જઇઆ ઇ હોઈ પુચ્છા, જિણાણ મગ્ગંમિ ઉત્તરં તઇયા,
ઈક્કસ્સ નિગોયસ્સ, અણંતભાગો ય સિદ્ધિ ગઓ ) ॥૬૦॥

---

# श्री दंडक प्रकरण मूळ.

નમિઉં ચઉવીસ જિણે, તસ્સુત્ત-વિયાર-લેસ-દેસણઓ,
દંડગ-પએહિં તે ચ્ચિય, થોસામિ સુણેહ ભો ભવ્વા. ॥૧॥

નેરઈઆ અસુરાઈ, પુઢવાઈ-બેઈંદિયાદઓ ચેવ,
ગબ્ભય-તિરય-મણુસ્સા, વંતર જોઇસિય વેમાણી. ॥૨॥

સંખિત્તયરી ઉ ઈમા, સરીર-મોગાહણા ય સંઘયણા,
સન્ના સંઠાણ કસાય, લેસિન્દિય દુસમુગ્ધાયા. ॥૩॥

દિટ્ઠી દંસણ નાણે, જોગુ-વઓગો-વવાય ચવણ ઠિઈ,
પજ્જત્તિ કિમાહારે, સન્નિ ગઈ આગઈ વેએ. ॥૪॥

ચઉગબ્ભ-તિરિય-વાઉસુ, મણુઆણં પંચ સેસ તિસરીરા,
થાવરચઉગે દુહઓ, અંગુલઅસંખભાગતણૂ. ॥૫॥

સવ્વેસિંપિ જહન્ના, સાહાવિય અંગુલસ્સ અસાંખાંસો,
ઉક્કોસ પણુસયધણૂ, નેરઇયા સત્તહત્થ સુરા. ॥૬॥

ગબ્ભતિરિસહસ જોયણુ, વણસ્સઈ અહિયજોયણસહસ્સં,
નર તેઇંદિ તિગાઊ, બેઇંદિય જોયણે બાર, ॥૭॥

જોયણુ-મેગં ચઉરિંદિ, દેહ-મુચ્ચત્તણં સુએ ભણિઅં,
વેઉવ્વિય-દેહં પુણ, અંગુલ-સંખંસ-માર'ભે. ॥૮॥

દેવ નર અહિયલક્ખં, તિરિયાણં નવ ય જોયણ સયાઈં,
દુગુણં તુ નારયાણં, ભણિયં વેઉવ્વિયસરીરં. ॥૯॥

અંતમુહુત્તં નિરએ, મુહુત્ત ચત્તારિ તિરિય-મણુએસુ,
દેવેસુ અદ્ધમાસો. ઉક્કોસ વિઉવણુા-કાલો. ॥૧૦॥

થાવર-સુર-નેરઇઆ, અસ્સંઘયણા ય વિગલ છેવટ્ઠા,
સંઘયણુ છગ્ગં ગબ્ભય, નર-તિરિએસુ વિ મુણેયવ્વં. ॥૧૧॥

સવ્વેસિં ચઉદહ વા, સન્ના સવ્વે સુરા ય ચઉરંસા,
નર તિરિય છ સંઠાણા, હુંડા વિગલિંદિ નેરઇયા. ॥૧૨॥

નાણાવિહ ધય સૂઈ, બુબ્બુય વણ વાઉ તેઉ અપકાયા,
પુઢવી મસૂર ચંદા કારા, સંઠાણઓ ભણિયા. ॥૧૩॥

સવ્વે વિ ચઉ કસાયા, લેસ છગ્ગં ગબ્ભતિરિયમણુએસુ,
નારય તેઊ વાઊ, વિગલા વેમાણિ ય તિ લેસા. ॥૧૪॥

જોઇસિય તેઉલેસા, સેસા સવ્વેવિ હુંતિ ચઉલેસા,
ઇંદિય દારં સુગમં, મણુઆણં સત્ત સમુગ્ઘાયા. ॥૧૫॥

વેયણુ કસાય મરણે, વેઉવ્વિય તેયએ ય આહારે,
કેવલિ ય સમુગ્ઘાયા, સત્ત ઇમે હુંતિ સન્નીણં. ॥૧૬॥

એગિંદિયાણુ કેવલ, તેઉ આહારગ વિણા ઉ ચત્તારિ,
તે વેઉવ્વિયવજ્જા, વિગલા-સન્નીણ તે ચેવ. ॥૧૭॥

પણગબ્ભતિરિસુરેસુ, નારય વાણેસુ ચઉર તિય સેસે,
વિગલ દુ દિટ્ઠી થાવર, મિચ્છિત્તિ સેસ તિય દિટ્ઠી. ॥૧૮॥
થાવર બિ તિસુ અચક્ખૂ, ચઉરિંદિસુ તદ્દુગં સુએ ભણિઅં,
મણુઆ ચઉ દંસણિણો, સેસેસુ તિગં તિગં ભણિઅં. ॥૧૯॥
અન્નાણ નાણ તિય તિય, સુર તિરિ નિરએ થિરે અન્નાણદુગં,
નાણાન્નાણ દુ વિગલે, મણુએ પણ નાણ તિ અન્નાણા. ॥૨૦॥
ઈક્કારસ સુર-નિરએ, તિરિએસુ તેર પન્નર મણુએસુ,
વિગલે ચઉ પણ વાએ, જોગ તિગં થાવરે હોઈ. ॥૨૧॥
ઉવઓગા મણુએસુ, બારસ નવ નિરય તિરિય દેવેસુ,
વિગલદુગે પણ છક્કં, ચઉરિંદિસુ થાવરે તિયગં. ॥૨૨॥
સંખમસંખા સમયે, ગબ્ભય તિરિ વિગલ નારય સુરા ય,
મણુઆ નિયમા સંખા, વણ-ણંતા થાવર અસંખા. ॥૨૩॥
અસન્નિ નર અસંખા, જહ ઉવવાએ તહેવ ચવણે વિ,
બાવીસ સગ તિ દસવાસ, સહસ્સ ઉક્કિટ્ઠ પુઢવાઈ. ॥૨૪॥
તિ દિણગ્ગિ તિ પલ્લાઊ, નર તિરિ સુર નિરય સાગર તિત્તીસા,
વંતર પલ્લં જોઈસ, વરિસલક્ખા-હિયં પલિયં. ॥૨૫॥
અસુરાણ અહિય અયરં, દેસૂણ દુ પલ્લયં નવ નિકાયે,
બારસવાસુણ પણદિણ, છમ્માસુક્કિટ્ઠ વિગલાઊ. ॥૨૬॥
પુઢવાઈ-દસ-પયાણં, અંતમુહુત્તં જહન્ન આઉઠિઈ,
દસસહસવરિસઠિઈઆ, ભવણાહિવનિરયવંતરિઆ. ॥૨૭॥
વેમાણિય જોઈસિયા, પલ્લતયટ્ઠંસ આઉઆ હુંતિ,
સુરનરતિરિનિરએસુ, છ પજ્જત્તી થાવરે ચઉગં. ॥૨૮॥
વિગલે પંચ પજ્જત્તી, છદ્દિસિઆહાર હોઈ સવ્વેસિં,
પણગાઈ-પયે ભયણા, અહ સન્નિતિયં ભણિસ્સામિ. ॥૨૯॥

ચઉવિહસુરતિરિએસુ, નિરએસુ અ દીહકાલિગી સન્ના,
વિગલે હેઉવએસા, સન્નારહિયા થિરા સવ્વે. ॥૩૦॥
મણુઆણ દીહકાલિય, દિટ્ઠીવાઓ-વએસિયા કેવિ,
પજ્જપણતિરિ મણુ અચ્ચિય, ચઉવિહ દેવેસુ ગચ્છંતિ. ॥૩૧॥
સંખાઉ પજ્જ પણિંદિ, તિરિય-નરેસુ તહેવ પજ્જત્તે,
ભૂ-દગ-પત્તેયવણે, એએસુ ચ્ચિય સુરાગમણં. ॥૩૨॥
પજ્જત્તસંખગબ્ભય, તિરિયનરા નિરયસત્તગે જંત્તિ,
નિરય ઉવટ્ટા એએસુ, ઉવવજ્જંતિ ન સેસેસુ. ॥૩૩॥
પુઢવી-આઉ-વણસ્સઇ, મજ્ઝે નારયવિવજ્જિયા જીવા,
સવ્વે ઉવવજ્જંતિ, નિય નિય કમ્માણુમાણેણં. ॥૩૪॥
પુઢવાઇ-દસ પએસુ. પુઢવી આઊ વણસ્સઇ જંતિ,
પુઢવાઇદસપએહિ ય, તેઊ-વાઊસુ ઉવવાઓ ॥૩૫॥
તેઊવાઊ-ગમણં, પુઢવી-પમુહંમિ હોઈ પયનવગે,
પુઢવાઇઠાણદસગા, વિગલાઇતિયં તહિં જંતિ. ॥૩૬॥
ગમણા-ગમણં ગબ્ભય, તિરિયાણં સયલજીવઠાણેસુ,
સવ્વત્થ જંતિ મણુઆ, તેઊવાઊહિં નો જંતિ. ॥૩૭॥
વેયતિય તિરિ-નરેસુ, ઇત્થી પુરિસો ય ચઉવિહ-સુરેસુ,
થિરવિગલનારએસુ, નપુંસવેઓ હવઈ એગો. ॥૩૮॥
પજ્જ મણુ બાયરગ્ગિ, વેમાણિય ભવણ નિરય વંતરિયા,
જોઈસ ચઉ પણતિરિયા, બેઇંદિય તેઈંદિય ભૂ આઊ. ॥૩૯॥
વાઊ વણસ્સઇ ચ્ચિય, અહિયા અહિયા કમેણિમે હુંતિ,
સવ્વેવિ ઇમે ભાવા, જિણા મએ ણંતસો પત્તા. ॥૪૦॥
સંપઇ તુમ્હ ભત્તસ્સ. દંડગ-પય-ભમણ-ભગ્ગ હિયયસ્સ,
દંડતિય-વિરય-સુલહં, લહુ મમ દિંતુ મુક્ખપયં. ॥૪૧॥

સિરિજિણહંસ મુણીસર, રજ્જે સિરિ ધવલચંદ સીસેણ,
ગજસારેણ લિહિયા, એસા વિન્નત્તિ અપ્પહિયા. ॥૪૨॥

---

# શ્રી લઘુસંગ્રહણી પ્રકરણ મૂળ.

નમિય જિણં સવ્વન્નું, જગપુજ્જં જગગુરું મહાવીરં,
જંબૂદીવ પયત્થે, વુચ્છં સુત્તા સપરહેઉ. ॥૧॥

ખંડા જોયણ વાસા, પવ્વય કૂડા ય તિત્થ સેઢીઓ,
વિજય-દ્દહ-સલિલાઓ, પિંડેસિં હોઇ સંઘયણી. ॥૨॥

નઉઅસયં ખંડાણં, ભરહ-પમાણેણ ભાઇએ લક્ખે,
અહવા નઉઅ-સયગુણં, ભરહ-પમાણં હવઇ લક્ખં. ॥૩॥

અહવિગ ખંડે ભરહે, દો હિમવંતે અ હેમવઈ ચઉરો,
અટ્ઠ મહાહિમવંતે, સોલસ ખંડાઈ હરિવાસે. ॥૪॥

બત્તીસં પુણ નિસઢે, મિલિઆ તેસટ્ઠિ બીયપાસે વિ,
ચઉસટ્ઠી ઉ વિદેહે, તિરાસિપિંડે ઉ નઉય-સયં. ॥૫॥

જોયણ પરિમાણાઇં, સમચઉરંસાઇં ઇત્થ ખંડાઈ,
લક્ખસ્સ ય પરિહીએ, તપ્પાયગુણે ય હુંતેવ. ॥૬॥

વિક્ખંભવગ્ગદહગુણ, કરણી વટ્ટસ્સ પરિરઓ હોઇ,
વિક્ખંભપાયગુણિઓ, પરિરઓ તસ્સ ગણિય-પયં. ॥૭॥

પરિહી તિલક્ખ સોલસ, સહસ્સ દો ય સય સત્તવીસહિયા,
કોસ તિગ-ટ્ઠાવીસં, ધણુસય તેરંગુલદ્ધહિઅં. ॥૮॥

સત્તેવ ય કોડિ સયા, નઉઆ છપ્પન્ન સય સહસ્સાઈ,
ચઉનઉયં ચ સહસ્સા, સયં દિવટ્ઠં ચ સાહિયં. ॥૯॥

ગાઉઅ-મેગં પનરસ, ધણૂસયા તહ ધણૂણિ પન્નરસ,
સટ્ઠિં ચ અંગુલાઇં, જંબૂદ્દીવસ્સ ગણિયપયં. ॥૧૦॥
ભરહાઈ સત્ત વાસા, વિયડ્ઢ ચઉ ચઉરતિંસ વટ્ટિયરે,
સોલસવક્ખારગિરિ, દો ચિત્ત વિચિત્ત દો જમગા. ॥૧૧॥
દોસય કણય-ગિરિણં, ચઉ ગયદંતા ય તહ સુમેરુ ય,
છ વાસહરા પિંડે, એગુણસત્તરિ સયા દુન્ની. ॥૧૨॥
સોલસવક્ખારેસુ, ચઉ ચઉ કૂડા ય હુંતિ પત્તેયં,
સોમણસ ગંધમાયણ, સત્તટ્ઠ ય રુપ્પિ-મહાહિમવે. ॥૧૩॥
ચઉતીસવિયડ્ઢેસુ, વિજ્જુપહ-નિસઢ-નીલવંતેસુ,
તહ માલવંત સુરગિરિ, નવ નવ કૂડાઇં પત્તેયં. ॥૧૪॥
હિમ-સિહરિસુ ઈક્કારસ, ઈય ઇગસટ્ઠીગિરિસુ કૂડાણં,
એગત્તે સવ્વધણં, સય ચઉરો સત્તસટ્ઠી ય. ॥૧૫॥
ચઉ સત્ત અટ્ઠ-નવગે, ગારસ-કૂડેહિં ગુણહ જહસાંખં,
સોલસ દુ દુ ગુણયાલં, દુવે ય સગસટ્ઠિ સય-ચઉરો ॥૧૬॥
ચઉતીસવિજએસું, ઉસહકૂડા અટ્ઠ મેરુજંબુમ્મિ,
અટ્ઠ ય દેવકુરાએ, હરિકૂડ હરિસ્સહે સટ્ઠી. ॥૧૭॥
માગહવરદામપભાસ. તિત્થ વિજયેસુ એરવય-ભરહે,
ચઉતીસા તિહિં ગુણિયા, દુરુત્તર-સયં તુ તિત્થાણં. ॥૧૮॥
વિજ્જાહર-અભિઓગિય, સેઢીઓ દુન્નિ દુન્નિ વેઅડ્ઢે,
ઈય ચઉગુણ ચઉતીસા, છત્તીસસયં તુ સેઢીણં. ॥૧૯॥
ચક્કી-જેઅવ્વાઈં, વિજયાઇં ઇત્થ હુંતિ ચઉતીસા,
મહદહ છપ્પઉમાઈ, કુરુસુ દસગં તિ સોલસગં. ॥૨૦॥
ગંગા સિંધૂ રત્તા, રત્તવઈ ચઉ નઈઓ પત્તેયં,
ચઉદસહિં સહસ્સેહિં, સમગં વચ્ચંતિ જલહિંમિ. ॥૨૧॥

એવં અબ્ભિંતરિયા, ચઉરો પુણ અટ્ઠવીસ સહસ્સેહિં,
પુણરવિ છપ્પન્નેહિં, સહસ્સેહિં જંતિ ચઉ સલિલા ॥૨૨॥
કુરુમજ્ઝે ચઉરાસી, સહસ્સાઇં તહ ય વિજય સોલસસુ,
બત્તીસાણ નઇણં, ચઉદસસહસ્સાઇં પત્તેયં. ॥૨૩॥
ચઉદસ સહસ્સ ગુણિયા, અડતીસ નઇઓ વિજયમજ્ઝિલ્લા,
સીઓયાએ નિવડંતિ, તહ ય સીયાઇ એમેવ. ॥૨૪॥
સીયા સીઓયા વિ ય, બત્તીસ-સહસ્સ પંચ-લક્ખેહિં,
સવ્વે ચઉદસ-લક્ખા, છપ્પન્ન-સહસ્સ મેલવિયા. ॥૨૫॥
છજ્જોયણે સકોસે, ગંગા-સિંધૂણ વિત્થરો મૂલે,
દસ ગુણિઓ પજ્જંતે, ઇય દુ દુ ગુણણેણ સેસાણં ॥૨૬॥
જોયણ સયમુચ્ચિટ્ઠા, કણયમયા સિહરિ-ચુલ્લ હિમવંતા,
રુપ્પિમહાહિમવંતા, દુસઉચ્ચા રુપ્પ-કણયમયા. ॥૨૭॥
ચત્તારિ જોયણસએ, ઉચ્ચિટ્ઠો નિસઢ નીલવંતો ય,
નિસઢો તવણિજ્જમઓ, વેરુલિઓ નીલવંતગિરી. ॥૨૮॥
સવ્વેવિ પવ્વયરા, સમયક્ખિત્તંમિ મંદરવિહૂણા,
ધરણિતલે ઉવગાઢા, ઉસ્સેહ-ચઉત્થ-ભાયંમિ. ॥૨૯॥
ખંડાઇ ગાહાહિં, દસહિં દારેહિં જંબૂદીવસ્સ,
સંઘયણી સમ્મત્તા, રઇયા હરિભદ્દ-સૂરીહિં. ॥૩૦॥

# શ્રી ચૈત્યવંદન ભાષ્ય મૂળ.

વંદિત્તુ વંદણિજ્જે, સવ્વે ચિઇવંદણાઈ સુવિયારં,
બહુ-વિત્તિ-ભાસ-ચુણ્ણી, સુયાણુસારેણ વુચ્છામિ. ॥૧॥
દહતિગ અહિગમ-પણગં, દુદિસિ તિહુગ્ગહ તિહા ઉ વંદણયા,
પણિવાય-નમુક્કારા, વન્ના સોલ-સય-સીયાલા. ॥૨॥
ઇગસીઇ સયં તુ પયા, સગનઉઈ સંપયાઓ પણ દંડા,
બાર અહિગાર ચઉ વંદણિજ્જ, સરણિજ્જ ચઉહ જિણા ॥૩॥
ચઉરો થુઈ નિમિત્તટ્ઠ, બાર હેઊ અ સોલ આગારા,
ગુણવીસ દોસ ઉસ્સગ્ગ,-માણ થુત્તં ચ સગવેલા. ॥૪॥
દસ આસાયણ-ચાઓ, સવ્વે ચિઇવિંદણાઈ ઠાણાઈં,
ચઉવીસ દુવારેહિં, દુસહસ્સા હુંતિ ચઉસયરા. ॥૫॥
તિન્ની નિસીહી તિન્નિ ઉ, પયાહિણા તિન્નિ ચેવ ય પણામા,
તિવિહા પૂયા ય તહા, અવત્થ-તિય-ભાવણં ચેવ. ॥૬॥
તિદિસિ-નિરિક્ખણ-વિરઇ, પયભૂમિ-પમજ્જણં ચ તિક્ખુત્તો,
વન્નાઈ તિયં મુદ્દા, તિયં ચ તિવિહં ચ પણિહાણં. ॥૭॥
ઘર-જિણહર-જિણપૂયા, વાવારચ્ચાયઓ નિસીહિ-તિગં,
અગ્ગ-દ્દારે મજ્ઝે, તઈયા ચિઈ-વંદણા-સમએ. ॥૮॥
અંજલિબદ્ધો અદ્ધો, ણઓ અ પંચંગઓ અ તિ પણામા,
સવ્વત્થ વા તિવારં, સિરાઈ-નમણે પણામ-તિયં. ॥૯॥
અંગગ્ગભાવ-ભેયા, પુપ્ફાહાર-થુઈહિં પૂયતિગં,
પંચુવયારા અટ્ઠો, વયાર સવ્વોવયારા વા. ॥૧૦॥
ભાવિજ્જ અવત્થતિયં, પિંડત્થ પયત્થ રૂવ-રહિયત્તં,
છઉમત્થ કેવલિત્તં, સિદ્ધત્તં ચેવ તસ્સત્થો. ॥૧૧॥

ન્હવણચ્ચગેહિં છઉમત્થ,-વત્થ પડિહારગેહિં કેવલિયં,
પલિયં કુસ્સગ્ગેહિ અ, જિણસ્સ ભાવિજ્જ સિદ્ધત્તં ॥૧૨॥

ઉડ્ઢાહો તિરિઆણં, તિદિસાણ નિરિક્ખણં ચઇજ્જહવા,
પચ્છિમ-દાહિણ-વામાણ, જિણમુહ-ન્નત્થ-દિટ્ઠિ-જુઓ. ॥૧૩॥

વન્નતિયં વન્નત્થા,-લંબણમાલંબણં તુ પડિમાઈ,
જોગ-જિણ-મુત્તસુત્તી,-મુદ્દાભેએણ મુદતિયં ॥૧૪॥

અન્નુન્નંતરિઅંગુલિ-કોસાગારેહિં દોહિં હત્થેહિં,
પિટ્ટોવરિ કુપ્પર, સંઠિએહિં તહ જોગમુદ્દત્તિ. ॥૧૫॥

ચત્તારિ અંગુલાઈ, પુરઓ ઊણાઈ જત્થ પચ્છિમઓ,
પાયાણં ઉસ્સગ્ગો, એસા પુણ હોઈ જિણમુદ્દા. ॥૧૬॥

મુત્તાસુત્તી મુદ્દા, જત્થ સમા દોવિ ગબ્ભિઆ હત્થા,
તે પુણ નિલાડદેસે, લગ્ગા અન્ને અલગ્ગ ત્તિ, ॥૧૭॥

પંચંગો પણિવાઓ, થયપાઢો હોઈ જોગમુદ્દાએ,
વંદણ જિણમુદ્દાએ, પણિહાણં મુત્તસુત્તીએ. ॥૧૮॥

પણિહાણતિગં ચેઈઅ,-મુણિવંદણ-પત્થણા સરુવં વા,
મણ-વય-કાએગત્તં, સેસ-તિયત્થો ય પયડુત્તિ. ॥૧૯॥

સચ્ચિત્તદવ્વમુજ્ઝણ,-મચ્ચિત્તમણુજ્ઝણં મણેગત્તં,
ઇગ-સાડિ ઉત્તરાસંગુ, અંજલી સિરસિ જિણ-દિટ્ઠે. ॥૨૦॥

ઇઅ પંચવિહાભિગમો, અહવા મુચ્ચંતિ રાયચિ ણ્હાઈ,
ખગ્ગં છત્તોવાણહ મઉડં ચમરે અ પંચમએ. ॥૨૧॥

વંદતિ જિણે દાહિણ,-દિસિટ્ઠિઆ પુરિસ વામદિસિ નારી,
નવકર જહન્ન સટ્ઠિકર, જિટ્ઠ મજ્ઝુગ્ગહો સેસો. ॥૨૨॥

નમુક્કારેણ જહન્ના, ચિઇવંદણ મજ્ઝ દંડ-થુઇ-જુઅલા,
પણ દંડ થુઈ-ચઉક્કગ, થયપણિહાણેહિં ઉક્કોસા. ॥૨૩॥

અન્ને બિતિ ઇગેણં, સક્કત્થએણં જહન્ન-વંદણયા,
તદ્દુગ-તિગેણ મજ્ઝા, ઉક્કોસા ચઉહિં પંચહિં વા. ॥૨૪॥
પણિવાઓ પંચંગો, દો જાણૂ કરદુગુત્તમંગં ચ,
સુમહત્થ-નમુક્કારા, ઇગ દુગ તિગ જાવ અટ્ઠસયં ॥૨૫॥
અડસટ્ઠિ અટ્ઠવીસા, નવનઉયસયં ચ દુસય-સગનઉયા,
દોગુણતીસ દુસટ્ઠા, દુસોલ અડનઉયસય દુવન્નસયં. ॥૨૬॥
ઇઅ નવકાર-ખમાસમણ, ઇરિઅ-સક્ક ત્થ આઇ દંડેસુ,
પણિહાણેસુ અ અદુરુત્ત,-વન્ન સોલસય સીયાલા. ॥૨૭॥
નવ બત્તીસ તિત્તીસા, તિચત્ત અડવીસ સોલ વીસ પયા,
મંગલ-ઈરિયા-સક્કત્થયાઇસું એગસીઇસયં. ॥૨૮॥
અટ્ઠટ્ઠ નવટ્ઠય અટ્ઠવીસ, સોલસ ય વીસ વીસામા,
કમસો મંગલ-ઇરિયા,-સક્કત્થયાઇસુ સગનઉઇ. ॥૨૯॥
વણ્ણટ્ઠસટ્ઠિ નવ પય, નવકારે અટ્ઠ સંપયા તત્થ,
સગ સંપય પય તુલ્લા, સતરક્ખર અટ્ઠમી દુ પયા. ॥૩૦॥
પણિવાય અક્ખરાઈ, અટ્ઠાવીસં તહા ય ઇરિયાએ,
નવનઉઅ-મક્ખરસયં, દુતીસ પય સંપયા અટ્ઠ. ॥૩૧॥
દુગ દુગ ઇગ ચઉ ઇગ પણ, ઇગાર છગ ઇરિય-સંપયાઇ પયા,
ઇચ્છા ઇરિ ગમ પાણા, જે મે એગિંદિ અભિ તસ્સ. ॥૩૨॥
અબ્ભુવગમો નિમિત્તં, ઓહે-અરહેઉ-સંગહે-પંચ,
જીવ-વિરાહણ-પડિક્કમણ, ભેયઓ તિન્નિ ચૂલાએ. ॥૩૩॥
દુ-તિ-ચઉ-પણ-પણ-પણ-દુ, ચઉ તિ પય સક્કત્થય સંપયાઇપયા,
નમુ આઇગ પુરિસો લોગુ, અભય ધમ્મ-પ્પ જિણ સવ્વં.॥૩૪॥
થોઅવ્વ સંપયા ઓહ, ઇયરહેઉ વઓગ તદ્ધેઊ,
સવિસેસુવઓગ સરૂવ,-હેઉ નિયસમ-ફલય મુક્ખે ॥૩૫॥

દો સગનઉઆ વન્ના, નવસંપય પય તિત્તીસ સક્કત્થએ,
ચેઈયથયટ્ઠ-સંપય, તિચત્ત-પય-વન્ન-દુસયગુણતીસા. ॥૩૬॥
દુ છ સગ નવ તિય છ ચ્ચઉ, છપ્પય ચિઈ સંપયા પયા પઢમા,
અરિહં વંદણ સદ્ધા, અન્ન સુહુમ એવ જા તાવ. ॥૩૭॥
અબ્ભુવગમો નિમિત્તં, હેઊ ઈગ-બહુ-વયંત આગારા,
આગંતુગ આગારા, ઉસ્સગ્ગાવહિ સરુવટ્ઠ. ॥૩૮॥
નામથયાઈસુ સંપય, પયસમ અડવીસ સોલ વીસ કમા,
અદુરુત્ત-વન્ન દોસટ્ઠ, દુસયસોલટ્ઠનઉઅસયં. ॥૩૯॥
પણિહાણી દુવન્નસયં, કમેણ સગતિ ચઉવીસ તિત્તીસા,
ગુણતીસ અટ્ઠવીસા, ચઉતી-સિગતીસ બાર ગુરુ વન્ના ॥૪૦॥
પણદંડા સક્કત્થય, ચેઈઅ નામ સુઅ સિદ્ધત્થય ઈત્થ,
દો ઈગ દો દો પંચ ય, અહિગારા બારસ કમેણ ॥૪૧॥
નમુ જેઅ ઈ અરિહં લોગ, સવ્વ પુક્ખ તમ સિદ્ધ જો દેવા.
ઉજ્જિં ચત્તા વેઆ,-વચ્ચગ અહિગાર પઢમપયા. ॥૪૨॥
પઢમ-હિગારે વંદે, ભાવજિણે, બીયએ ઉ દવ્વજિણે,
ઇગચેઇય-ઠવણ-જિણે, તઇય ચઉત્થંમિ નામજિણે. ॥૪૩॥
તિહુઅણ-ઠવણ-જિણે પુણ, પચમએ વિહરમાણ જિણ છટ્ઠે,
સત્તમએ સુયનાણં, અટ્ઠમએ સવ્વ-સિદ્ધ થુઈ. ॥૪૪॥
તિત્થાહિવ-વીરથુઈ, નવમે દસમે ય ઉજ્જયંત થુઈ,
અટ્ઠાવયાઈ ઈગદિસિ, સુદિટ્ઠિસુર-સમરણા ચરિમે. ॥૪૫॥
નવ અહિગારા ઈહ લલિઅ, વિત્થરા ય વિત્તિમાઇ અણુસારા,
તિન્નિ સુય-પરંપરયા, બીઓ દસમો ઈગારસમો. ॥૪૬॥
આવસ્સય ચુણ્ણીએ, જં ભણિયં સેસયા જહિચ્છાએ.
તેણં ઉજ્જિંતાઇ વિ, અહિગારા સુયમયા ચેવ. ॥૪૭॥

બીઓ સુયત્થયાઈ. અત્થઓ વન્નિઓ તહિં ચેવ,
સક્કત્થયંતે પઢિઓ, દવ્વારિહ–વસરિ પયડત્થો. ॥૪૮॥
અસઢાઇન્નણવજ્જં, ગીઅત્થ–અવારિઅંતિ મજ્જત્થા,
આયરણા વિહુ આણુત્તિ, વયણઓ સુબહુ મન્નંતિ. ॥૪૯॥
ચઉવંદણિજ્જ, જિણ મુણિ, સુય સિદ્ધા ઇહ સુરાઇ સરણિજ્જા,
ચઉહ જિણા નામ ઠવણ, દવ્વ ભાવ જિણ–ભેએણં ॥૫૦॥
નામજિણા જિણનામા, ઠવણજિણા પુણ જિણિંદપડિમાઓ,
દવ્વજિણા જિણજીવા, ભાવજિણા સમવસરણત્થા. ॥૫૧॥
અહિગય-જિણ–પઢમથુઈ, બીયા સવ્વાણ તઈઅ નાણસ્સ,
વેયાવચ્ચગરાણં, ઉવઓગત્થં ચઉત્થ થુઈ ॥૫૨॥
પાવખવણત્થ ઈરિઆઈ, વંદણવત્તિઆઈ છ નિમિત્તા,
પવયણ–સુર–સરણત્થં, ઉસ્સગ્ગો ઈઅ નિમિત્તટ્ઠ. ॥૫૩॥
ચઉ તસ્સ, ઉત્તરીકરણ પમુહ સદ્ધાઈઆ ય પણ હેઉ,
વેયાવચ્ચગરત્તાઈ, તિન્નિ ઈઅ હેઉ બારસગં. ॥૫૪॥
અન્નત્થયાઇ બારસ, આગારા એવમાઈયા ચઉરો,
અગણી પણિંદિ–છિંદણ, બોહી ખોભાઈ ડક્કો ય. ॥૫૫॥
ઘોડગ લય ખંભાઈ, માલુદ્ધી નિઅલ સબરિ ખલિણ વહૂ,
લંબુત્તર થણ સંજઈ, ભમુહંગુલિ વાયસ કવિટ્ઠો. ॥૫૬॥
સિરકંપ મૂઅ વારુણિ, પેહુત્તિ ચઈજ્જ દોસ ઉસ્સગ્ગે,
લંબુત્તરથણસંજઈ, ન દોસ સમણીણ સવહુ સડ્ઢીણં. ॥૫૭॥
ઈરિ–ઉસ્સગ્ગપમાણં, પણવીસુસ્સાસ અટ્ઠ સેસેસુ,
ગંભીર–મહુર-સદ્દં, મહત્થ–જુત્તં હવઈ થુત્તં. ॥૫૮॥
પડિકમણે ચેઇય જિમણ, ચરિમ પડિકમણ સુઅણ પડિબોહે,
ચિઇવંદણ ઈઅ જઇણો, સત્ત ઉ વેલા અહોરત્તે. ॥૫૯॥

પડિકમઓ ગિહિણોવિ હુ, સગવેલા પંચવેલ ઈઅરસ્સ,
પૂઆસુ તિસંઝાસુ અ, હોઇ તિ-વેલા જહન્નેણં ॥૬૦॥

તંબોલ પાણ ભોયણ, વાણહ મેહુન્ન સુઅણ નિઠ્ઠવણં,
મુત્તુ-ચ્ચારં જૂઅં, વજ્જે જિણનાહ જગઈએ. ॥૬૧॥

ઇરિ નમુકાર નમુત્થુણ, અરિહંત થુઈ લોગ સવ્વ થુઇ પુક્ખ,
થુઇ સિદ્ધા વેઆ થુઈ, નમુત્થુ જાવંતી થય જયવી. ॥૬૨॥

સવ્વોવાહિ વિસુદ્ધં, એવં જો વંદએ સયા દેવે,
દેવિંદવિંદ મહિઅં, પરમપયં પાવઈ લહું સો. ॥૬૩॥

---

# શ્રી ગુરુવંદન ભાષ્ય મૂળ.

ગુરુવંદણ-મહ તિવિહં, તં ફિટ્ટા છોભ બારસાવત્તં,
સિરનમણાઇસુ પઢમં, પુણ્ણ-ખમાસમણ-દુગિ બીઅં. ॥૧॥

જહ દૂઓ રાયાણં, નમિઉં કજ્જં નિવેઇઉં પચ્છા,
વીસજ્જિઓ વિ વંદિઅ, ગચ્છઇ એમેવ ઈત્થ દુગં. ॥૨॥

આયારસ્સ ઉ મૂલં, વિણઓ સો ગુણવઓ અ પડિવત્તી,
સા ય વિહિ-વંદણાઓ, વિહી ઈમો બારસાવત્તે. ॥૩॥

તઇયં તુ છંદણ-દુગે, તત્થ મિહો આઈમં સયલસંઘે,
બીયં તુ દંસણીણ ય, પયટ્ઠિઆણં ચ તઇયં તુ. ॥૪॥

વંદણ-ચિઈ-કિઇકમ્મં, પૂઆકમ્મં ચ વિણયકમ્મં ચ,
કાયવ્વં કસ્સ વ ? કેણ, વાવિ ? કાહેવ ? કઇ ખુત્તો ? ॥૫॥

કઇઓણયં ? કઇ સિરં. કઈહિ વ આવસ્સએહિ પરિસુદ્ધં ?
કઈદોસ-વિપ્પમુક્કં, કિઇકમ્મં કીસ કીરઈ વા. ॥૬॥

પણનામ પણાહરણા, અજુગ્ગપણ જુગ્ગપણ ચઉ અદાયા,
ચઉદાય પણનિસેહા, ચઉ અણિસેહ-ટ્ઠકારણયા. ॥૭॥

આવસ્સય-મુહણંતય,-તણુપેહ-પણીસ દોસ બત્તીસા,
છગુણ ગુરુઠવણ દુગ્ગહ, દુછવીસક્ખર ગુરુ પણીસા. ॥૮॥
પય અડવન્ન છઠાણા, છગુરુવયણા આસાયણ-તિત્તીસં,
દુવિહી દુવીસ-દારેહિં, ચઉસયા બાણુઈ ઠાણા. ॥૯॥
વંદણયં ચિઇકમ્મં, કિઇકમ્મં વિણયકમ્મં પૂઅકમ્મં,
ગુરુવંદણ-પણ-નામા, દવ્વે ભાવે દુહાહરણા (દુહોહેણ) ॥૧૦॥
સીયલય-ખુડ્ડુએ વીર,-કન્હ સેવગ દુ પાલએ-સંબે,
પંચે એ દિટ્ઠંતા, કિઇકમ્મે દવ્વ-ભાવેહિં. ॥૧૧॥
પાસત્થો ઓસન્નો, કુસીલ સંસત્તઓ અહાછંદો,
દુગ-દુગ-તિ-દુગ-ણેગવિહા, અવંદણિજ્જા જિણમયંમિ. ॥૧૨॥
આયરિય ઉવજ્ઝાએ, પવત્તિ થેરે તહેવ રાયણિએ,
કિઇકમ્મ નિજ્જરટ્ઠા, કાયવ્વ-મિમેસી પંચણ્હં. ॥૧૩॥
માય પિઅ જિટ્ઠભાયા, ઓમાવિ તહેવ સવ્વ-રાયણિએ,
કિઇકમ્મ ન કારિજ્જા, ચઉસમણાઈ કુણંતિ પુણો ॥૧૪॥
વિક્ખિત્ત પરાહુત્તે, અ પમત્તે મા કયાઇ વંદિજ્જા,
આહારં નીહારં, કુણમાણે કાઉ-કામે અ. ॥૧૫॥
પસંતે આસણત્થે અ, ઉવસંતે ઉવટ્ઠિએ,
અણુન્નવિત્તુ મેહાવી, કિઇકમ્મં પઉંજઈ. ॥૧૬॥
પડિકમણે સજ્ઝાએ, કાઉસ્સગ્ગા-વરાહ પાહુણએ,
આલોયણ સંવરણે, ઉત્તમટ્ઠે ય વંદણયં. ॥૧૭॥
દોવણય-મહાજાયં, આવત્તા બાર ચઉસિર તિગુત્તં,
દુપવેસિગ નિક્ખમણં, પણવીસાવસય કિઇકમ્મે. ॥૧૮॥
કિઇકમ્મંપિ કુણંતો, ન હોઇ કિઇકમ્મ-નિજ્જરા-ભાગી,
પણવીસા-મન્નયરં, સાહૂ ઠાણં વિરાહંતો. ॥૧૯॥

દિટ્ઠિ-પડિલેહ એગા, છ ઉડ્ઢ-પપ્ફોડ તિગ-તિગંતરિઆ,
અક્ખોડ પમજ્જણયા, નવ નવ મુહપત્તિ પણવીસા. ॥૨૦॥

પાયાહિણેણ તિઅ તિઅ, વામેઅર-બાહુ સીસ મુહ હિયએ,
અંસુડ્ઢાહો પિટ્ઠે, ચઉ છપ્પય દેહ-પણવીસા. ॥૨૧॥

આવસ્સએસુ જહ જહ, કુણઈ પયત્તં અહીણ-મઈરિત્તં,
તિવિહ-કરણોવઉત્તો, તહ તહ સે નિજ્જરા હોઈ. ॥૨૨॥

દોસ અણાઢિઅ થડ્ઢિઅ, પવિદ્ધ પરિપિંડિઅં ચ ટોલગઈ,
અંકુસ કચ્છભ-રિંગિઅ, મચ્છુવ્વત્તં મણપઉટ્ઠં. ॥૨૩॥

વેઈયબદ્ધ ભયંતં, ભય ગારવ મિત્ત કારણા તિન્નં,
પડિણીય રુટ્ઠ તજ્જિઅ, સઢ હીલિઅ વિપલિઉંચિયયં. ॥૨૪॥

દિટ્ઠમદિટ્ઠં સિંગં, કર તમ્મોઅણ અણિદ્ધણાલિદ્ધં,
ઊણં ઉત્તરચૂલિઅ, મૂઅં ઢડ્ઢર ચુડલિયં ચ ॥૨૫॥

બત્તીસદોસ-પરિસુદ્ધં, કિઈકમ્મં જો પઉંજઈ ગુરુણં,
સો પાવઈ નિવ્વાણં, અચિરેણ વિમાણવાસં વા ॥૨૬॥

ઈહ છચ્ચ ગુણા વિણઓ, વયાર માણાઈભંગ ગુરુપૂઆ,
તિત્થયરાણ ય આણા, સુઅધમ્મા-રાહણા કિરિયા. ॥૨૭॥

ગુરુગુણજુત્તં તુ ગુરું, ઠાવિજ્જા અહવ તત્થ અક્ખાઈ,
અહવા નાણાઈ-તિઅં, ઠવિજ્જ સક્ખં ગુરુઅભાવે ॥૨૮॥

અક્ખે વરાડએ વા, કટ્ઠે પુત્થે અ ચિત્તકમ્મે અ,
સબ્ભાવ-મસબ્ભાવં, ગુરુઠવણા ઈત્તરાવકહા. ॥૨૯॥

ગુરુવિરહંમિ ઠવણા, ગુરુવએસોવદંસણત્થં ચ,
જિણવિરહંમિ જિણબિંબ, સેવણા-મંતણં સહલં. ॥૩૦॥

ચઉદિસિ ગુરુગ્ગહો ઇહ, અહુટ્ઠ તેરસ કરે સપરપક્ખે,
અણણુન્નાયસ્સ સયા, ન કપ્પએ તત્થ પવિસેઉં. ॥૩૧॥

પણ તિગ બારસ દુગ તિગ, ચઉરો છટ્ઠાણ પય ઇગુણતીસં,
ગુણતીસ સેસ આવસ્સયાઈ, સવ્વપય અડવન્ના ॥૩૨॥
ઇચ્છાય અણુન્નવણા, અવ્વાબાહં ચ જત્ત જવણા ય,
અવરાહ-ખામણાવિ ય. વંદણ-દાયસ્સ છટ્ઠાણા. ॥૩૩॥
છંદેણ-ણુજાણામિ, તહત્તિ તુબ્ભંપિ વટ્ટએ એવં,
અહમવિ ખામેમિ તુમં, વયણાઇં વંદણરિહસ્સ. ॥૩૪॥
પુરઓ પક્ખાસન્ને, ગંતા ચિટ્ઠણ નિસીઅણા-ચમણે,
આલોયણ પડિસુણણે, પુવ્વા-લવણે અ આલોએ. ॥૩૫॥
તહ ઉવદંસ નિમંતણ, ખદ્ધા-યયણે તહા અપડિસુણણે,
ખદ્ધત્તિ ય તત્થગએ, કિં તુમ તજ્જાય નોસુમણે. ॥૩૬॥
નો સરસિ કહં છિત્તા, પરિસંભિત્તા અણુટ્ઠિયાઇ કહે,
સંથાર-પાયઘટ્ટણ, ચિટ્ઠ-ચ્ચ-સમાસણે આવિ. ॥૩૭॥
ઇરિયા કુસુમિણુસગ્ગો, ચિઇવંદણ પુત્તિ વંદણા-લોયં,
વંદણ ખામણ વંદણ, સંવર ચઉછોભ દુસજ્ઝાઓ. ॥૩૮॥
ઇરિયા ચિઇવંદણ પુત્તિ, વંદણં ચરિમ-વંદણા-લોયં,
વંદણ ખામણ ચઉછોભ, દિવસુસ્સગ્ગો દુસજ્ઝાઓ ॥૩૯॥
એયં કિઇકમ્મ-વિહિં, જુંજંતા ચરણ-કરણ-માઉત્તા,
સાહૂ ખવંતિ કમ્મં, અણેગભવ-સંચિય-મણંતં ॥૪૦॥
અપ્પમઈ-ભવ્વ-બોહત્થ, ભાસિયં વિવરિયં ચ જમિહ મએ,
તં સોહંતુ ગિયત્થા, અણભિનિવેસી અમચ્છરિણો. ॥૪૧॥

---

# श्री पच्चक्खाण भाष्य मूळ.

દસ પચ્ચક્ખાણ ચઉવિહિ, આહાર દુવીસગાર અદુરુત્તા,
દસ વિગઇ તીસ વિગઇ-ગય દુહભંગા છ સુદ્ધિ ફલં. ॥૧॥
અણાગય-મઇક્કંતં, કોડીસહિયં નિયંટિ અણગારં,
સાગાર નિરવસેસં, પરિમાણકડં સકે અદ્ધા. ॥૨॥

નવકારસહિઅ પોરિસિ, પુરિમડ્ઢ-ગાસણે-ગઠાણે અ,
આયંબિલ અભતટ્ઠે, ચરિમે અ અભિગ્ગહે વિગઇ. ॥૩॥
ઉગ્ગએ સૂરે અ નમો, પોરિસિ પચ્ચક્ખ ઉગ્ગએ સૂરે,
સૂરે ઉગ્ગએ પુરિમં, અભતટ્ઠં પચ્ચખાઇત્તિ. ॥૪॥

ભણઇ ગુરુ સીસો પુણ, પચ્ચક્ખામિત્તિ એવ વોસિરઇ,
ઉવઓગિત્થ પમાણં, ન પમાણં વંજણચ્છલણા. ॥૫॥
પઢમે ઠાણે તેરસ, બીએ તિન્નિઉ તિગાઇ તઇઅંમિ,
પાણસ્સ ચઉત્થંમિ, દેસવગાસાઈ પંચમએ. ॥૬॥
નમુ પોરિસિ-સડ્ઢા, પુરિમ-વડ્ઢ અંગુટ્ઠમાઇ અડ તેર,
નિવિ વિગઈંબિલ તિય તિય, દુ ઈગાસણ એગઠાણાઇ. ॥૭॥
પઢમંમિ ચઉત્થાઇ, તેરસ બીયંમિ તઇયિ પાણસ્સ,
દેસવગાસં તુરિએ, ચરિમે જહ સંભવં નેયં ॥૮॥

તહ મજ્જ પચ્ચક્ખાણેસુ, ન પિહુ સૂરુગ્ગ-યાઈ વોસિરઈ,
કરણવિહિ ઉ ન ભન્નઈ, જહાવસીયાઇ બિઅછંદે. ॥૯॥

તહ તિવિહ પચ્ચક્ખાણે, ભન્નંતિ અ પાણગસ્સ આગારા,
દુવિહાહારે અચિત્ત,-ભોઇણો તહ ય ફાસુજલે. ॥૧૦॥

ઇત્તુચ્ચિય ખવણંબિલ,-નિવિઆઇસુ ફાસુયં ચિય જલં તુ,
સડ્ઢા વિ પિબંતિ તહા, પચ્ચક્ખંતિ ય તિહાહારં. ॥૧૧॥

ચઉહાહારં તુ નમો, રત્તિપિ મુણીણ સેસ તિહ-ચઉહા,
નિસિ પોરિસિ પુરિમેગા, સણાઈસડ્ઢાણ દુ-તિ-ચઉહા. ॥૧૨॥

ખુહપસમ-ખમેગાગી, આહારિ વ એઈ દેઇ વા સાયં,
ખુહિઓ વિ ખિવઇ કુટ્ઠે, જં પંકુવમં તમાહારો. ॥૧૩॥
અસણે મુગ્ગો-યણુ-સત્તુ,-મંડ-પય-ખજ્જ-રબ્બ-કંદાઈ,
પાણે કંજિય જવ કયર, કક્કડો-દગ સુરાઈજલં. ॥૧૪॥
ખાઇમે ભત્તોસ ફલાઇ, સાઈમે સુંઠિ જીર અજમાઈ,
મહુ ગુડ તંબોલાઈ, અણહારે મોય નિંબાઈ. ॥૧૫॥
દો નવકારિ છ પોરિસિ, સગ પુરિમડ્ઢે ઈગાસણે અટ્ઠ,
સત્તેગઠાણિ અંબિલિ, અટ્ઠ પણ ચઉત્થિ છ પાણે. ॥૧૬॥
ચઉ ચરિમે ચઉ-ભિગ્ગહિ, પણ પાવરણે નવટ્ઠ નિવ્વીએ,
આગારુક્ખિત્ત વિવેગ, મુત્તુ દવ વિગઈ નિયમિ-ટ્ઠ. ॥૧૭॥
અન્ન સહ દુ નમુક્કારે, અન્ન સહ પચ્છ-દિસ ય સાહુ સવ્વ,
પોરિસિ છ સડ્ઢપોરિસિ, પુરિમડ્ઢે સત્ત સમહત્તરા. ॥૧૮॥
અન્ન સહસ્સાગારિ અ, આઉંટણ ગુરુઅ પારિ મહ સવ્વ,
એગ-બિઆસણિ અટ્ઠઉ, સગ ઇગઠાણે અઉંટ વિણા. ॥૧૯॥
અન્ન સહ લેવા ગિહ, ઉક્ખિત્ત પડુચ્ચ પારિ મહ સવ્વ,
વિગઈ નિવ્વિગઈએ નવ, પડુચ્ચ વિણુ અંબિલે અટ્ઠ. ॥૨૦॥
અન્ન સહ પારિ મહ સવ્વ, પંચ ખવણે છ પાણિ લેવાઇ,
ચઉ ચરિમંગુટ્ઠાઇ, ભિગ્ગહિ અન્ન સહ મહ સવ્વ. ॥૨૧॥
દુદ્ધ-મહુ-મજ્જ-તિલ્લં, ચઉરો દવવિગઈ ચઉર પિંડ-દવા,
ઘય-ગુલ-દહિયં પિસિયં, મક્ખણ-પક્કન્ન દો પિંડા. ॥૨૨॥
પોરિસિ સડ્ઢ-અવડ્ઢં, દુભત્ત નિવ્વિગઈ પોરિસાઇ સમા,
અંગુટ્ઠ-મુટ્ઠિ-ગંઠી-સચિત્ત દવ્વાઈ-ભિગ્ગહિયં. ॥૨૩॥
વિસ્સરણ-મણાભોગો, સહસાગારો સયં મુહપવેસો,
પચ્છન્નકાલ મેહાઈ, દિસિ-વિવજ્જાસુ દિસિમોહો. ॥૨૪॥

સાહુવયણુ ઉગ્ઘાડા,  પોરિસિ તણુ-સુત્થયા સમાહિત્તિ,
સંઘાઇકિજ્જ મહત્તર,  ગિહત્થ-બંદાઇ સાગારી.  ॥૨૫॥
આઉંટણ-મંગાણં,  ગુરુ-પાહુણ-સાહુ ગરુઅભુટ્ઠાણં,
પરિઠાવણુવિહિ-ગહિએ,  જઈણ પાવરણિ કડિપટ્ટો.  ॥૨૬॥
ખરડિય લૂહિઅ ડોવાઈ,  લેવ સંસટ્ઠ ડુચ્ચ મંડાઈ,
ઉક્ખિત પિંડ વિગઈણ,  મક્ખિયં અંગુલીહિં મણા.  ॥૨૭॥
લેવાડં આયામાઈ,  ઇઅર સોવીરમચ્છ-મુસિણજલં,
ધોઅણ બહુલ સસિત્થં,  ઉસ્સેઇમ ઇઅર સિત્થવિણા.  ॥૨૮॥
પણ ચઉ ચઉ ચઉ દુ દુવિહ, છ ભક્ખ દુદ્ધાઇ વિગઇ ઇગવીસં,
તિ દુ તિ ચઉવિહ અભક્ખા, ચઉ મહુમાઈ વિગઈબાર.  ॥૨૯॥
ખીર ઘય દહિઅ તિલ્લં, ગુડ(લ) પક્કન્નં છ ભક્ખ વિગઇઓ,
ગો-મહિસિ-ઉ-ટ્ટિઅય-એલગાણ, પણ દુદ્ધ અહ ચઉરો.  ॥૩૦॥
ઘય દહિઆ ઉટ્ટિ વિણા, તિલ સરિસવ અયસિલટ્ટ તિલ્લ ચઉ,
દવગુડ પિંડગુડા દો,  પક્કન્નં તિલ્લ-ઘય-તલિયં.  ॥૩૧॥
પયસાડિ-ખીર-પેયા,  વલેહિ દુદ્ધટ્ટિ દુદ્ધ વિગઇગયા,
દક્ખ બહુ અપ્પ તંદુલ, તુચ્ચુન્નં-બિલસહિઅ દુદ્ધે.  ॥૩૨॥
નિબ્ભંજણ વીસંદણ,  પક્કોસહિતરિય કિટ્ટિ પક્કઘયં,
દહિએ કરંબ સિહરિણિ, સલવણ-દહિ ઘોલ ઘોલવડા.  ॥૩૩॥
તિલકુટ્ટી નિબ્ભંજણ,  પક્કતિલ પક્કુસહિ તરિય તિલ્લ મલી,
સક્કર ગુલવાણય પાય,  ખંડ અદ્ધકઢિ ઇક્ખુરસો.  ॥૩૪॥
પૂરિય તવ પૂઆ બીય,  પૂઅ તન્નેહ તુરિય ઘાણાઈ,
ગુલહાણી જલલપ્પસિ,  ય પંચમો પૂત્તિકય પૂઓ  ॥૩૫॥
દુદ્ધ દહી ચઉરંગુલ,  દવગુડ ઘય તિલ્લ એગ ભત્તુવરિં,
પિંડગુડ મક્ખણાણં,  અદ્દામલયં ચ સંસટ્ઠં.  ॥૩૬॥

દવ્વહયા વિગઇ વિગઈ, ગય પુણો તેણ તં હયં દવ્વં,
ઉદ્ધરિએ તત્તંમિ ય, ઉક્કિટ્ઠ દવ્વં ઇમં ચન્ને. ॥૩૭॥
તિલસક્કુલિ વરસોલાઇ, રાયણંબાઇ દક્ખણુવાણાઈ,
ડોલી તિલ્લાઈ ઈઅ, સરસુત્તમ દવ્વ લેવકડા. ॥૩૮॥
વિગઇગયા સંસટ્ઠા, ઉત્તમદવ્વા ય નિવ્વિગઇયંમિ,
કારણજાયં મુત્તું, કપ્પંતિ ન ભુત્તું જં વુત્તં. ॥૩૯॥
વિગઈ વિગઇભીઓ, વિગઇગયં જો અ ભુંજએ સાહૂ,
વિગઈ વિગઇ–સહાવા, વિગઈ વિગઇં બલા નેઇ. ॥૪૦॥
કુત્તિય મચ્છિય ભામર, મહું તિહા કટ્ઠ પિટ્ઠ મજ્જ દુહા,
જલ થલ ખગ મંસતિહા, ઘયવ્વ મક્ખણ ચઉઅભક્ખા. ॥૪૧॥
મણ વયણ કાય મણવય, મણતણુ વયતણુ તિજોગિ સગસત્ત,
કર કારણુમઇ દુ તિ જુઇ, તિકાલી સીયાલ–ભંગ–સયં. ॥૪૨॥
એયં ચ ઉત્તકાલે, સયં ચ મણ વયણ તણુહિં પાલણિયં,
જાણગ–જાણગ પાસિ ત્તિ. ભંગ ચઉગે તિસુ અણુન્ના. ॥૪૩॥
ફાસિય પાલિય સોહિય, તીરિય કિટ્ટિય આરાહિય છ સુદ્ધં,
પચ્ચક્ખાણં ફાસિય, વિહિણોચિયકાલિ જં પત્તં. ॥૪૪॥
પાલિય પુણ પુણ સરિયં, સોહિય ગુરુદત્ત સેસ ભોયણઓ,
તીરિય સમહિય કાલા, કિટ્ટિય ભોયણસમય સરણા. ॥૪૫॥
ઈઅ પડિઅરિઅં આરાહિયં તુ, અહવા છ સુદ્ધિ સદ્દહણા,
જાણણ વિણય–ણુભાસણ, અણુપાલણ ભાવસુદ્ધિત્તિ. ॥૪૬॥
પચ્ચક્ખાણસ્સ ફલં, ઇહ પરલોએ ય હોઇ દુવિહં તુ,
ઇહલોએ ધમ્મિલાઈ, દામન્નગ–માઇ પરલોએ. ॥૪૭॥
પચ્ચક્ખાણમિણં સેવિઊણ, ભાવેણ જિણવરુદ્દિટ્ઠં,
પત્તા અણંત જીવા, સાસયસુક્ખં અણાબાહં. ॥૪૮॥

## ॥ ભાષ્યત્રયં સમાપ્તમ્ ॥

# જીવવિચાર પ્રકરણ

જીવે તે જીવ, પ્રાણને ધારણ કરે તે જીવ, ચૈતન્યવાળો તે જીવ. ચેતના તે જ્ઞાનદર્શનનો ઉપયોગ, ઉપયોગ એ જીવનું લક્ષણ છે. સામાન્ય રીતે દેખવું તે દર્શન, અને જાણવું તે જ્ઞાન કહેવાય છે, સામાન્ય ઉપયોગ તે દર્શન. વિશેષ ઉપયોગ તે જ્ઞાન કહેવાય છે. સાકાર ઉપયોગ તે જ્ઞાન, અને નિરાકાર ઉપયોગ તે દર્શન છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવલ એ પાંચ જ્ઞાન છે.

પહેલાં ત્રણ જ્ઞાનમાં અજ્ઞાન પણ હોય છે, સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહેવાય છે, મિથ્યાદૃષ્ટિને અજ્ઞાની કહેવાય છે. જે વસ્તુ જે સ્વરૂપે હોય તેને તે સ્વરૂપે જાણવું તે જ્ઞાન છે, સાચા-ખોટાની વહેંચણી વિનાનું પોતાની મરજી મુજબનું જ્ઞાન તે અજ્ઞાન કહેવાય છે.

જીવો બે પ્રકારે છે. (૧) કર્મરહિત તે સિદ્ધના જીવો સ્વભાવદશામાં રમણ કરે છે, જ્યારે (૨) કર્મસહિત **સંસારી** જીવો વિભાવદશામાં ચારે ગતિમાં રખડ્યા કરે છે.

સંસારી જીવો પણ બે પ્રકારે છે. **ત્રસ-સ્થાવર, સૂક્ષ્મ-બાદર, સંજ્ઞી**-(મનવાળા) અને **અસંજ્ઞી**-(મન વગરનાં) એમ જુદી જુદી રીતે છે.

સંસારી જીવો ત્રણ પ્રકારે પણ છે—સ્ત્રી, પુરુષ અને નપુંસક.

સંસારી જીવો ચાર પ્રકારે પણ છે—મનુષ્ય, તિર્યંચ, નારકી, દેવ.

સંસારી જીવો પાંચ પ્રકારે પણ છે—એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી.

સંસારી જીવો છ પ્રકારે પણ છે—પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, ત્રસકાય.

સંસારી જીવો ચૌદ પ્રકારે પણ છે—(૧) એકેન્દ્રિય સૂક્ષ્મ-બાદર. (૨) પંચેન્દ્રિય ૧ સંજ્ઞી (મનવાળા), ૨ અસંજ્ઞી (મન વગરનાં) (૩) વિગલેન્દ્રિય-( બેઈન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય ) એમ ૭ પર્યાપ્ત અને ૭ અપર્યાપ્તા મળી ૧૪ પ્રકારે છે.

**સ્થાવર** જીવો ( સ્થિર ) સ્થાવર પાંચ પ્રકારે છે, તે એકેન્દ્રિય ગણાય છે. પૃથ્વી, પાણી, અગ્નિ, (તેઉ), વાયુ, વનસ્પતિ એમ પાંચ પ્રકારે છે. અગ્નિ સ્વભાવે ઊંચો જાય છે. વાયુ તિર્છો જાય છે, તે તેમની સ્વાભાવિક સ્થિતિ ગતિ છે, ઇચ્છા મુજબની નથી, તેથી તે સ્થાવરના ભેદમાં હોવા છતાં **ગતિત્રસથી** પણ ઓળખાય છે, અને એકેન્દ્રિય હોવાથી સ્થાવર પણ ગણાય છે. બાકીના જીવો ઇચ્છા મુજબ ગતિ કરતા હોવાથી ત્રસ કહેવાય છે.

**વનસ્પતિકાય** બે પ્રકારની છે.—૧ સાધારણ, ૨ પ્રત્યેક.
(૧) પ્રત્યેક—એક શરીરમાં એક જીવ હોય તે પ્રત્યેક.
(૨) સાધારણ—એક શરીરમાં અનંતાજીવ હોય તે કંદમૂળ-અનંતકાય ( નિગોદ ) પણ કહેવાય છે. તેમાં અનંતાજીવો હોવાથી જૈનધર્મમાં ત્યાજ્ય ગણાય છે. પ્રત્યેક વનસ્પતિકાયને અચિત્ત બનાવવાથી દયાના પરિણામ ટકે છે.

પ્રત્યેક વનસ્પતિકાય સિવાય દરેક **સ્થાવરજીવો *સૂક્ષ્મ-બાદર** બે પ્રકારે છે, અને તેઓ પણ પર્યાપ્તા અને અપર્યાપ્તા ભેદથી દરેકના ચાર ચાર ભેદ થાય છે. એટલે ૪ પૃથ્વીકાયનાં,

---

* ફૂટનોટ—આ સૂક્ષ્મ જીવો સૂક્ષ્મદર્શક યંત્રથી પણ દૃષ્ટિમાં આવતા નથી. તે એટલા સૂક્ષ્મ છે કે તીક્ષ્ણ ખડ્ગ કે અગ્નિથી પણ તેને અસર થતી નથી. આ જીવો સકલ ૧૪ રાજલોકમાં વ્યાપ્ત છે.

૪ અપકાયનાં, ૪ તેઉકાયનાં, ૪ વાઉકાયનાં, ૪ સાધારણ વનસ્પતિકાયનાં એમ ૨૦ ભેદમાં પ્રત્યેક વનસ્પતિકાયનાં પર્યાપ્તા-અપર્યાપ્તા ૨ ભેદ ઉમેરતાં **સ્થાવર જીવોનાં કુલ ૨૨-ભેદો થાય છે.**

વિગલેન્દ્રિય—( ૨ ઇન્દ્રિયનાં, ૨ તેઇન્દ્રિયનાં, ૨ ચઉરિન્દ્રિયના ) નાં પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ કુલ **વિગલેન્દ્રિયના ૬ ભેદો થાય છે.**

પંચેન્દ્રિય તિર્યંચ—(૧ જલચર, ૨ સ્થલચર-ચતુષ્પદ, ૩ ઉરપરિસર્પ-( પેટે ચાલનાર-સર્પ ), ૪ ભુજ પરિસર્પ ( ભુજાએ ચાલનાર-નોળિયા ) ૫ ખેચર આ પાંચે ગર્ભજ અને સમુચ્છિંમ તથા પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ ૪ પ્રકારે ગણતાં **૨૦ ભેદો થાય છે.**

આ રીતે **તિર્યંચના-૨૨ એકેન્દ્રિયનાં,+૬ વિગલેન્દ્રિયનાં,+૨૦ પંચેન્દ્રિયનાં=૪૮ ભેદ થાય છે.**

**સાત નારકના ૧૪ ભેદો થાય છે.** ૭ પૃથ્વીમાં ૭ જાતના નારકો છે, તેઓ પર્યાપ્ત જ છે, પણ કરણ અપર્યાપ્તાની વિવક્ષાથી પર્યાપ્તા-અપર્યાપ્તાનાં **નારકનાં ૧૪ ભેદો થાય છે.**

**દેવો ૯૯ પ્રકારે છે,** તેઓ પણ કરણ અપર્યાપ્તા ગણતા **દેવોના** પર્યાપ્તા-અપર્યાપ્તાના **૧૯૮** ભેદો થાય છે.

**મનુષ્યો—**૧૫ કર્મભૂમિનાં, ૩૦ અકર્મભૂમિનાં, ૫૬ અંતરદ્વિપનાં કુલ ૧૦૧, ગર્ભજ પર્યાપ્તા અને અપર્યાપ્તા મળી ૨૦૨, ૧૦૧ સમૂચ્છિંમ અપર્યાપ્તાના મળી **મનુષ્યના ૩૦૩ ભેદો થાય છે.**

**તિર્યંચના-૪૮, નારકીના-૧૪, દેવતાના-૧૯૮, મનુષ્યના-૩૦૩,** ચારે ગતિના કુલ **૫૬૩ ભેદો થાય છે.**

## જીવોની જાતોનાં જુદા જુદા નામો—

**પૃથ્વીકાય**—ખાણુમાં હોય ત્યાં સુધી વધે છે, એટલે ચેતનાવાળા છે. સ્ફટિક, મણિ, રત્નો, પરવાળાં, હિંગલોક, હડતાલ, મણશિલ, પારો, સોનું, રૂપું, ત્રાંબુ, લોઢું, સીસું, જસત, કલાઈ. એ સાત ધાતુઓ ખડી, રમચી, પોચા પથરા, અબરખ, તેજંતુરી, ખારો, માટી અને પાષાણુની તમામ જાતિ, સુરમો, લૂણુ વિગેરે પૃથ્વીકાયના જીવો છે. બહાર કાઢ્યા પછી અચિત્ત બનાવાય છે.

**અપ્કાય**—ભૂમિનું તથા આકાશનું પાણી, ઝાકળ, બરફ, કરા, લીલી વનસ્પતિ ઉપરનું પાણી, ધુમ્મસ, ઘનોદધિ વિગેરેમાં અપકાયના જીવો છે. પાણીના એક જ બિન્દુમાં અસાંખ્યાત જીવો હોય છે, તે દરેકનાં શરીર જુદા જુદા છે. (પાણીમાં હાલતા ચાલતા જીવો ત્રસ કહેવાય છે, તેઓને શરીર અને એમ બે ઇન્દ્રિયો હોય છે.) સ્થાવર જીવોને ફક્ત શરીર હોય છે.

**તેઉકાય**—અગ્નિનાં જીવો-અંગારા, જ્વાળા, તણુખા, ઉલ્કાપાત, અશનિ, કણિયા, ખરતા તારા, વિજળી, વિગેરે અગ્નિકાય જીવો છે, ચકમકથી પણ અગ્નિ ઉત્પન્ન થાય છે. વડવાનળ પણ અગ્નિ છે.

**વાઉકાય**—ઊંચે જતો વાયુ, નીચે જતો વાયુ, શુદ્ધવાયુ, મંદવાયુ, ગુંજારવ કરતો વાયુ, ઘનવાત (ઘાટો) તનવાત (પાતળો) વિગેરે વાયુકાયનાં ભેદો જાણવા.


**વનસ્પતિકાય**—સાધારણ વનસ્પતિકાય ૩૨ પ્રકારે તથા (નિગોદ) પાંચ વર્ણની નીલફુગ વિગેરે અનંતકાયના જીવો છે.

બટાટા, ડુંગરી, લસણ, શકરીઆં, રાતડીયાં, જેને છેદવા છતાં ફરી ઉગે તે, જેના સરખા બે ભાગ થાય તે, જેના પર્વ–રેસા-નસો ગુપ્ત હોય તે, જે તાંતણા વિનાના હોય, લીલી હળદર, લીલું આદુ, લીલો કચુરો, સુરણકંદ, શતાવરી, ભોંય-કોળું, કુવારપાઠુ, થોહરી કંદ (થોર) ગલો, વાંસ કારેલા, લુણી–સાજીવૃક્ષ, લોઢક–પદ્મિની કંદ, ગરમર (ગિરિકર્ણી), કિસલય–કોમળ પત્રો, ખીરસુઆ કંદ–થેગ કંદ, લીલી મોથ, લુણવૃક્ષની છાલ, ખિલોડા કંદ, અમૃતવેલ, મૂળા–તથા તેના પાંચે અંગ, ભૂમિફોડા, વિદલ ધાન્ય–અંકુરાવાળુ, ઢક વત્થુલ, સુઅરવલ્લી, પાલખની ભાજી, કોમળ આંબલી–બી ન થયાં હોય એવા સઘળા કોમળ ફલ.

**પ્રત્યેક વનસ્પતિકાયમાં** મુખ્ય ૭ વિભાગ છે. ફલ, ફૂલ, છાલ, કાષ્ઠ, મૂળ, પાંદડાં, બીજ. દરેકના શરીર જુદા હોય છે. (એક વૃક્ષમાં અસંખ્યાતા જીવો હોય છે.) કોઈપણ વનસ્પતિ ઉગતી વખતે સાધારણ હોય છે. પછી પ્રત્યેક બની જાય છે.

**બેઈન્દ્રિય**—શંખ; કોડા, ગંડોલા, જળો, આયરિયા, અળસીયા, વાસી ધાન્યમાં થતાં લાળીયા જીવો, કરમીયા, પોરા, લાકડામાં થતાં ઘુણ વિગેરે (શરીર અને જીભવાળા).

**તેઈન્દ્રિય**—કાનખજુરા, માંકડ, જૂ, કીડી, ઉદ્ધેઈ, મંકોડા, ઈયળ, ઘીમેલ, સાવા, ગીંગોડા, ગદ્ધૈયા, વિષ્ટાના કીડા, છાણના કીડા, ધાન્યના કીડા, કંથવા, ઇયળ, ઈન્દ્રગોપ, લીખ, ચાંચડ વિગેરે (શરીર, જીભ, નાકવાળા).





પાણીના એક ટીપામાં રહેલ ૩૬૪૫૦ હાલતા-ચાલતા જીવોનું બાજુમાં રહેલ આ ચિત્ર "સિન્ધ-પદાર્થ વિજ્ઞાન" નામના પુસ્તકમાં પ્રકાશિત થયેલ છે.

પરંતુ પાણીમાં રહેલા પાણીના જીવો તો દૃષ્ટિથી પણ અગોચર છે. તેથી વિશિષ્ટજ્ઞાન વિના દેખાય નહિ.

**ચઉરિન્દ્રિય**—વીંછી, બગાઈ, ભમરા, ભમરી, તીડો, માંખી, ડાંસ, મચ્છર, કંસારી, કરોળીયા, ખડમાંકડી, વાંદા વિગેરે ( શરીર, જીભ, નાક, આંખવાળા ).

**પંચેન્દ્રિય—નારકો, તિર્યંચો, મનુષ્યો અને દેવો.** ( શરીર, જીભ, નાક, આંખ, કાનવાળા ).

**નારકી**—ઘમ્મા, વંશા, શેલા, અંજના, રિષ્ટા, મઘા, માઘવતી.

**પૃથ્વીના નામ**—રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધુમપ્રભા, તમઃપ્રભા, તમસ્તમઃપ્રભા.

**દેવો**—(૧) **ભવનપતિ**, (૨) **વ્યંતર**, (૩) **જ્યોતિષિ અને વૈમાનિક**.

૨૫ ભુવનપતિ દશ અને પરમાધામી પંદર.
૨૬ વ્યંતર આઠ, વાણવ્યંતર આઠ, તિર્યંક-જાંભક દશ.
૧૦ જ્યોતિષ પાંચ ચર અને પાંચ સ્થિર.
૩૮ વૈમાનિક (કલ્પોપન્ન) ૧૨ દેવલોક, ૯ લોકાંતિક, ૩ કિલ્બિષિક=૨૪.
" " ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર=૧૪.

પર્યાપ્તા ૯૯
અપર્યાપ્તા ૯૯
——————
૧૯૮

**૧૫ પરમાધામી**—અંબ, અંબરીષ, શ્યામ, શબલ, રુદ્ર, ઉપરુદ્ર, કાળ, મહાકાળ, અસિપત્ર, વન, કુંભી, વાલુકા, વૈતરણી, ખરસ્વર, મહાઘોષ.

**૮ વ્યંતર**—પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, મહોરગ, ગંધર્વ.

**૮ વાણવ્યંતર**—અણપન્ની, પણપન્ની, ઇસીવાદી, ભૂતવાદી, કંદિત, મહાકંદિત, કોહંડ, પતંગ.

**૧૦—તિર્યગ્ જૃંભક**-અન્નજૃંભક, પાનજૃંભક, વસ્ત્રજૃંભક, લેણ (ઘર) જૃંભક, પુષ્પજૃંભક, ફળજૃંભક, પુષ્પફળજૃંભક, શયનજૃંભક, વિદ્યાજૃંભક, અવિયતજૃંભક.

**૯ લોકાંતિક**—સારસ્વત, આદિત્ય, વહ્નિ, અરુણ, ગર્દતોય, તૃષિત, અવ્યાબાધ, મરુત, અરિષ્ટ.

**૫ અનુત્તર**—વિજય, વૈજયન્ત, જયંત, અપરાજિત, સર્વાર્થસિદ્ધ.

**સિદ્ધના જીવો**—કેવળજ્ઞાન થતા વખતની અવસ્થાએ પંદર ભેદે છે.

જિણ, અજિણ, તીર્થ, અતીર્થ, ગૃહલિંગ, અન્યલિંગ, સ્વલિંગ, સ્રી, પુરુષ, નપુંસક, પ્રત્યેક, સ્વયંબુદ્ધ, બુદ્ધબોધિત, એક, અનેક.

**તીર્થંકરો**—જિન, તીર્થ, સ્વલિંગ, પુરુષ, સ્વયંબુદ્ધ, એક ( અથવા અનેક ) એમ છ પ્રકારે કહેવાય.

એક જીવને પંદરમાંથી છ ભેદ લાભે.

# જીવના ૫૬૩ ભેદોમાં પાંચ દ્વારો

| સંસારી જીવો | શરીરની ઊંચાઈ | આયુષ્ય | સ્વકાયસ્થિતિ | પ્રાણ | યોનિ |
|---|---|---|---|---|---|
| | ધનુષ–અંગુલ | | | | |
| ૧ લી નારક | ૭।। – ૬ | ૧ સાગરોપમ | ૧ ભવ પૂરતી | ૧૦ | ૪ લાખ |
| ૨ જી નારક | ૧૫।। –૧૨ | ૩ ,, | ,, | ,, | ,, |
| ૩ જી નારક | ૩૧। | ૭ ,, | ,, | ,, | ,, |
| ૪ થી નારક | ૬૨।। | ૧૦ ,, | ,, | ,, | ,, |
| ૫ મી નારક | ૧૨૫ | ૧૭ ,, | ,, | ,, | ,, |
| ૬ ઠ્ઠી નારક | ૨૫૦ | ૨૨ ,, | ,, | ,, | ,, |
| ૭ મી નારક | ૫૦૦ | ૩૩ ,, | ,, | ,, | ,, |
| **દેવો** – ભવનપતિ | | ૧ સાગરોપમથી અધિક | ,, | ,, | ,, |
| અસુરકુમાર | ૭ હાથ | | | | |
| બાકીના નવ ભવનપતિ | ,, | કંઈક ન્યૂન ૨ પલ્યોપમ | ,, | ,, | ,, |

| | શરીરની ઉંચાઇ | આયુષ્ય | સ્વકાયસ્થિતિ | પ્રાણ | યોનિ |
|---|---|---|---|---|---|
| ૧૫ પરમાધામી | ૭ હાથ | પલ્યોપમ | ૧ ભવ પૂરતી | ૧૦ | ૪ |
| વ્યંતર વાણુવ્યંતર તિર્યંગ્ જૃંભક | ,, | ,, | ,, | ,, | ,, |
| જ્યોતિષ્કો | | | | | |
| ચન્દ્ર | ,, | ૧ પલ્યોપમ ને ૧ લાખ વર્ષ | ,, | ,, | ,, |
| સૂર્ય | ,, | ૧ પલ્યોપમ ને ૧ હજાર વર્ષ | ,, | ,, | ,, |
| ગ્રહ | ,, | ૧ પલ્યોપમ | ,, | ,, | ,, |
| નક્ષત્ર | ,, | અર્ધ પલ્યોપમ | ,, | ,, | ,, |
| તારા | ,, | ૦। પલ્યોપમ | ,, | ,, | ,, |
| વૈમાનિક દેવો | | | | | |
| કલ્પોપન્ન— | | | | | |
| (૧) સૌધર્મ | ,, | ૨ સાગરોપમ | ,, | ,, | ,, |
| (૨) ઈશાન | ,, | ૨ સાગરોપમથી અધિક | ,, | ,, | ,, |

| | શરીરની ઉંચાઈ | આયુષ્ય | સ્વકાયસ્થિતિ | પ્રાણ | યોનિ |
|---|---|---|---|---|---|
| (૩) સનત્કુમાર | ૬ હાથ | ૭ સાગરોપમ | ૧ ભવ પૂરતી | ૧૦ | ૪ |
| (૪) મહેન્દ્ર | ,, | ૭ સાગરોપમથી અધિક | ,, | ,, | ,, |
| (૫) બ્રહ્મલોક | ૫ હાથ | ૧૦ સાગરોપમ | ,, | ,, | ,, |
| (૬) લાંતક | ,, | ૧૪ સાગરોપમ | ,, | ,, | ,, |
| (૭) મહાશુક્ર | ૪ હાથ | ૧૭ સાગરોપમ | ,, | ,, | ,, |
| (૮) સહસ્રાર | ,, | ૧૮ સાગરોપમ | ,, | ,, | ,, |
| (૯) આનત | ૩ હાથ | ૧૯ સાગરોપમ | ,, | ,, | ,, |
| (૧૦) પ્રાણુત | ,, | ૨૦ ,, | ,, | ,, | ,, |
| (૧૧) આરણુ | ,, | ૨૧ ,, | ,, | ,, | ,, |
| (૧૨) અચ્યુત | ,, | ૨૨ ,, | ,, | ,, | ,, |
| **કલ્પાતીત ગ્રૈવેયક** | | | | | |
| (૧) સુદર્શન | ૨ હાથ | ૨૩ ,, | ,, | ,, | ,, |
| (૨) સુપ્રતિબદ્ધ | ,, | ૨૪ ,, | ,, | ,, | ,, |
| (૩) મનોરમ | ,, | ૨૫ ,, | ,, | ,, | ,, |
| (૪) સર્વતોભદ્ર | ,, | ૨૬ ,, | ,, | ,, | ,, |

| | શરીરની ઉંચાઈ | આયુષ્ય | સ્વકાયસ્થિતિ | પ્રાણ | યોનિ |
|---|---|---|---|---|---|
| (૫) સુવિશાળ | ૨ હાથ | ૨૭ સાગરોપમ | ૧ ભવ પૂરતી | ૧૦ | ૪ |
| (૬) સુમનસ | ,, | ૨૮ ,, | ,, | ,, | ,, |
| (૭) સૌમનસ્ય | ,, | ૨૯ ,, | ,, | ,, | ,, |
| (૮) પ્રિયંકર | ,, | ૩૦ ,, | ,, | ,, | ,, |
| (૯) નંદીકર | ,, | ૩૧ ,, | ,, | ,, | ,, |
| **અનુત્તર વૈમાનિક** | | | | | |
| (૧) વિજય | ૧ હાથ | ૩૧થી૩૩ ,, | ,, | ,, | ,, |
| (૨) વૈજયંત | ,, | ,, | ,, | ,, | ,, |
| (૩) જયંત | ,, | ,, | ,, | ,, | ,, |
| (૪) અપરાજિત | ,, | ,, | ,, | ,, | ,, |
| (૫) સર્વાર્થસિદ્ધ | ,, | ૩૩ સાગરોપમ | ,, | ,, | ,, |

| | શરીરની ઉંચાઈ | આયુષ્ય | સ્વકાર્યસ્થિતિ | પ્રાણ | યોનિ |
|---|---|---|---|---|---|
| ૧ લો કિલ્બિષિક | ૭ હાથ | ૨ સાગરોપમ | ૧ ભવ પૂરતી | ૧૦ | ૪ |
| ૨ જો કિલ્બિષિક | ૬ હાથ | ૨ સાગરોપમથી અધિક | ,, | ,, | ,, |
| ૩ જો કિલ્બિષિક | ૫ હાથ | ૧૩ સાગરોપમ | ,, | ,, | ,, |
| નવ લોકાંતિક | ૫ હાથ | ૮ સાગરોપમ | ,, | ,, | ,, |
| **મનુષ્ય :—** | | | | | |
| ૫ હિમવંતના યુગલિક (ત્રીજો આરો) | ૧ ગાઉ | ૧ પલ્યોપમ | ,, | ૧૪ | ,, |
| ૫ હિરણ્યવંતના યુગલિક (ત્રીજો આરો) | ,, | ,, | ,, | ,, | ,, |
| ૫ હરિવર્ષના યુગલિક (બીજો આરો) | ૨ ગાઉ | ૨ પલ્યોપમ | ,, | ,, | ,, |
| ૫ રમ્યક્‌ના યુગલિક (બીજો આરો) | ,, | ,, | ,, | ,, | ,, |

| | | શરીરની ઉંચાઈ | આયુષ્ય | સ્વકાયસ્થિતિ | પ્રાણ | યોનિ |
|---|---|---|---|---|---|---|
| ૫ દેવકુરૂના યુગલિક | પહેલો આરો | ૩ ગાઉ | ૩ પલ્યોપમ | ૧ ભવ પૂરતી | ૧૦ | ૧૪ લાખ |
| ૫ ઉત્તરકુરૂના યુગલિક | | ૩ ગાઉ | ,, | ,, | ,, | ,, |
| ૫ મહાવિદેહ ગર્ભજ મનુષ્ય | ચોથો આરો | ૫૦૦ ધનુષ | પૂર્વ ક્રોડ વર્ષ | ૭–૮ ભવ | ,, | ,, |
| ૫ ભરત | પાંચમો આરો | ૭ હાથ | ૧૩૦ વર્ષ | ,, | ,, | ,, |
| ૫ ઐરવત ગર્ભજ મનુષ્યો | | ,, | ,, | ,, | ,, | ,, |
| ૫ ભરત | છઠ્ઠો આરો | ૨ હાથ અને | ૨૦ વર્ષ | ૭–૮ ભવ | ,, | ,, |
| ૫ ઐરવત | | મુંઢા હાથ | ,, | ,, | ,, | ,, |

| | શરીરની ઉંચાઇ | આયુષ્ય | સ્વકાયસ્થિતિ | પ્રાણ | યોનિ |
|---|---|---|---|---|---|
| ૫૬ અંતરદ્વિપના યુગલિકો | ૯૦૦ ધનુષ | પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ | ૧ ભવ પૂરતી | ૧૦ પ્રાણ | ૧૪ લાખ |
| સમૂચ્છિંમ મનુષ્યો અપર્યાપ્તા | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અંતર્મુહૂર્ત | ૭-૮ ભવ | ,, | ,, |
| **તિર્યંચો :—** | | | | | |
| ગર્ભજ જલચર પંચેન્દ્રિય | ૧૦૦૦ યોજન | ક્રોડ વર્ષ પૂર્વ | ૭ ભવ | ,, | ૪ લાખ |
| ,, સ્થલચર ચતુષ્પદ પંચેન્દ્રિય | ૬ ગાઉ | ૩ પલ્યોપમ | ૭-૮ ભવ | ,, | ,, |
| ,, ખેચર | ૨ થી ૯ ધનુષ | પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ | ,, | ,, | ,, |
| ,, ઉરપરિસર્પ પંચેન્દ્રિય | ૧૦૦૦ યોજન | ક્રોડ વર્ષ પૂર્વ | ૭ ભવ | ,, | ,, |

| | શરીરની ઊંચાઈ | આયુષ્ય | સ્વકાયસ્થિતિ | પ્રાણ | યોનિ |
|---|---|---|---|---|---|
| ગર્ભજ ભુજપરિસર્પ પંચેન્દ્રિય | ૨ થી ૯ ગાઉ | ક્રોડ વર્ષ પૂર્વ | ૭ ભવ | ૧૦ | ૪ લાખ |
| સમૂર્ચ્છિમ જલચર પંચેન્દ્રિય | ૧૦૦૦ યોજન | ,, | ,, | મન વિના ૯ | ,, |
| ,, સ્થલચર ચતુષ્પદ પંચેન્દ્રિય | ૨ થી ૯ ગાઉ | ૮૪૦૦૦ વર્ષ | ,, | ,, | ,, |
| ,, ખેચર ,, | ૨ થી ૯ ધનુષ | ૭૨૦૦૦ ,, | ,, | ,, | ,, |
| ,, ઉરપરિસર્પ પંચેન્દ્રિય | ૨ થી ૯ યોજન | ૫૩૦૦૦ ,, | ,, | ,, | ,, |
| ,, ભુજપરિસર્પ પંચેન્દ્રિય | ૨ થી ૯ ધનુષ | ૪૨૦૦૦ ,, | ,, | ,, | ,, |
| ,, અપર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિય | અંગુલનો અસાંખ્યાતમો ભાગ | અંતર્મુહૂર્ત | ,, | ૭-૮ | ,, |

| | શરીરની ઉંચાઈ | આયુષ્ય | સ્વકાયસ્થિતિ | પ્રાણ | યોનિ |
|---|---|---|---|---|---|
| **ત્રસ-વિગલેન્દ્રિય** | | | | | |
| બેઇન્દ્રિય | ૧૨ યોજન | ૧૨ વર્ષ | સાંખ્યાત વર્ષ | ૬ | ૨ લાખ |
| તેઇન્દ્રિય | ૩ ગાઉ | ૪૯ દિવસ | ,, | ૭ | ,, |
| ચઉરિંન્દ્રિય | ૧ યોજન | ૬ માસ | ,, | ૮ | ,, |
| **સ્થાવર—** | | | | | |
| બાદર પૃથ્વીકાય | અંગુલનો અસાંખ્યાતમો ભાગ | ૨૨૦૦૦ વર્ષ | અસાંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી | ૪ | ૭ લાખ |
| ,, અપકાય | ,, | ૭૦૦૦ ,, | ,, | ૪ | ,, |
| ,, તેઉકાય | ,, | ૩ અહોરાત્ર | ,, | ૪ | ,, |

| | શરીરની ઉંચાઈ | આયુષ્ય | સ્વકાયસ્થિતિ | પ્રાણ | યોનિ |
|---|---|---|---|---|---|
| બાદર વાઉકાય | અંગુલનો અસાંખ્યાતમો ભાગ | ૩૦૦૦ વર્ષ | અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી | ૪ | ૭ લાખ |
| ,, વનસ્પતિકાય પ્રત્યેક | ૧૦૦૦ યોજનથી અધિક | ૧૦૦૦૦ વર્ષ | ,, | ,, | ૧૦ લાખ |
| સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય | અંગુલનો અસાંખ્યાતમો ભાગ | અંતર્મુહૂર્ત | અનંત ઉત્સર્પિણી અવસર્પિણી | ,, | ૧૪ લાખ |
| બાદર ,, | ,, | ,, | ,, | ,, | ૧૪ લાખ |

# સ્થાવર જીવોમાં જીવની સિદ્ધિ

**ચૈતન્યશક્તિ—**

શરીરમાં જીવ હોવાની નિશાની **ચૈતન્યશક્તિ** છે. પ્રગટ ચૈતન્યવાળા જીવો ત્રસ ( બેઇન્દ્રિયયાદિ ) છે. અપ્રગટ **ચૈતન્યવાળા** જીવો સ્થાવર ( એકેન્દ્રિયો ) છે. માદક દ્રવ્ય લેવાથી જેમ મનુષ્ય મૂર્ચ્છિત રહે છે, તેમ સ્થાવર જીવો સચેતન હોવા છતાં તેમાં રહેલું ચૈતનત્વ મૂર્ચ્છિત હોવાથી અનુમાનાદિથી તથા જ્ઞાનીઓના વચનથી તેમાં **ચૈતન્ય** છે તેમ સમજાય છે.

પુદ્ગલ પરમાણુઓ જે ઘણા સૂક્ષ્મ છે, તેને જીવો શરીરરૂપે બનાવ્યા પછી જ તે પુદ્ગલો ઇન્દ્રિયગોચર જથ્થારૂપે થાય છે. **જીવની મદદ વિના કોઈ શરીર બાંધી શકે નહિ.** એટલે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ વગેરેના શરીરો પણ જીવે જ બનાવ્યા હોય છે.

**૧. પૃથ્વી સચેતન છે—**

નશો કરવાથી માણસ જેમ મૂર્ચ્છિત દશામાં રહે છે, તેમ પૃથ્વીમાં પણ તપાસીએ તો **ચૈતન્યની** ખાત્રી થાય છે. પત્થર વગેરે ખાણમાં હોય ત્યાં સુધી જીવનશક્તિ હોવાથી પૃથ્વીકાયમાં ગણાય છે. ખાણમાંથી બહાર નીકળ્યા પછી શસ્ત્ર – અગ્નિ – રસાયણ વગેરેના પ્રયોગથી જીવરહિત થાય છે. પૃથ્વીને ખોદતા અસંખ્યાત પૃથ્વીકાય જીવો હણાય છે. માટે જયણા પાળવી જોઈએ.

મનુષ્યના શરીરના અવયવો વધે છે, તેમ ખાણમાં રહેલ લવણ, પત્થર વૃદ્ધિ પામે છે, કેટલેક ઠેકાણે પત્થરના પાળિયાઓ

ધીમે ધીમે વધે છે. કેમકે તે સચેતન પૃથ્વી સાથે જોડાયલા છે. જેમ પ્રાણીઓના હાડકાં, નખ, શીંગડા કઠીન હોવા છતાં તેમાં જીવ હોય છે, તેમ પૃથ્વી વગેરે કઠીન હોવા છતાં તેમાં જીવ હોઇ શકે છે.

પારો જે ખાણોમાંથી નીકળે છે, તેને ત્યાંથી બહાર કાઢવાનો એવો વિધિ હતો કે 'એક માણસ કુમારીકાને ઘોડા ઉપર બેસાડીને તેનું મોઢું કૂવામાં દેખાડીને નાસી જતો, એટલે પારો મૈથુન સંજ્ઞાથી બહાર ઉછળીને ફેલાઇ જતો. આ પારાને મૈથુન સંજ્ઞા તે **સચેતન** હોવાની નિશાની છે.

જેમ મુંગો, બહેરો, આંધળો માણસ દુઃખ થવા છતાં જણાવી શકતો નથી, તેમ એકેન્દ્રિય જીવો પોતાનું દુઃખ જાહેર કરી શકતા નથી. માટે આપણે તે તે જીવો ઉપર કરૂણા રાખવી જોઈએ.

## ૨. પાણીમાં જીવસિદ્ધિ—

હાથી ગર્ભમાં પ્રવાહી (કલલ) રૂપે હોય છે. ઈંડામાં પક્ષી શરૂમાં પાણીરૂપે હોય છે, તેમ પાણી સચેતન છે. ઠંડા વાતાવરણમાં માણસનું શરીર બહાર ઠંડુ હોય છે, ત્યારે અંદર ગરમી જણાય છે, તેમ પાણી પણ શિયાળામાં ગરમ જણાય છે. શિયાળામાં પશ્ચિમમાં પાણીમાંથી વરાળનો જથ્થો ઉંચે ચઢતો હોય છે. શિયાળો છતાં વરાળ ઉંચે ચડવી, એ શરીરની ઉષ્ણતા વિના ન સંભવે.

આ પુસ્તકમાં પાણીના બિંદુનું ચિત્ર (પા. ૩૫) આપેલું છે, તેમાં પોરા વિગેરે બેઇંદ્રિય જીવો હોય છે, પણ તે પાણીથી જુદા સમજવા. પાણી પોતે સ્થાવર છે. પાણીના જીવોનું શરીર તો પાણી જ છે. પાણી પોતે અસંખ્ય જીવોના અસંખ્ય શરીરનો

સમુહ છે. તે જીવો અત્યંત નાના બિંદુમાં પણ શરીર ધારણ કરીને રહે છે.

વૈજ્ઞાનિકો કહે છે કે—એક વાળમાં ૪૦૦૦ જંતુઓ સમાઇ શકે છે. પોસ્ટની ટીકીટપર ૨૫ કરોડ, એક રતલ કાળી દ્રાક્ષ પર ૧૧ ક્રોડ. એક રતલ લીલી દ્રાક્ષપર ૮૦ લાખ જંતુઓ સમાઈ શકે છે. સૂક્ષ્મદર્શક યંત્રથી એવા ઝીણા જંતુઓ દેખાય છે કે એક સોયના અગ્રભાગ ઉપર ૯ ક્રોડ સમાઈ શકે છે. એટલે કે જીવ દેહપરિણામી છે. એટલે જેવો દેહ મળે તેવા દેહમાં અરૂપી એવો જીવ રહી શકે છે. તેથી જ પાણીનું એક બિંદુ અસંખ્ય શરીરના સમુહરૂપ છે.

ઓક્સીજન અને હાઇડ્રોજન નામના બે વાયુ મળવાથી પાણી થાય છે, એ વાત નવી નથી. કેમકે શ્રી ભગવતીસૂત્રમાં 'વાતયોનિક જલ' કહ્યું જ છે. મતલબ કે પાણી અસંખ્ય જીવોની કાયારૂપ જ હોય છે.

કેટલાક પદાર્થોના સંયોગથી વીંછી, દેડકા, માછલાં વગેરે બને છે, તેમાં જીવતત્ત્વ જૂદું જ હોય છે તેમ અહિં સમજવું.

પાણીને ત્રણ ઉકાળા આવે એટલે અચિત્ત બને છે. તે ઉનાળામાં પાંચ પ્રહર, શિયાળામાં ચાર પ્રહર, અને ચોમાસામાં ત્રણ પ્રહર સુધી અચિત્ત રહે છે. પછી પાછું સચિત્ત બને છે. એટલે કે અપ્કાય જીવો ઉત્પન્ન થઈ જાય છે.

જો પાણી સચિત્ત બનતા પહેલાં ચૂનો નાખવામાં આવે તો બીજા ૨૪ પ્રહર સુધી અચિત્ત રહી શકે છે.

## ૩. અગ્નિમાં જીવસિદ્ધિ—

આગીઆ પતંગીયા વગેરેમાં પ્રકાશ, મનુષ્ય શરીરમાં

સહજ ગરમી જેમ જીવ વિના અસંભવિત છે, તેમ અગ્નિમાં પ્રકાશ અને ઉષ્ણતા જીવના કારણે

સ્થાન: [illegible]સિંહની વાડી, અમદાવાદ.

અગ્નિને લાકડાં વગેરે ખોરાક મળતાં મનુષ્યના શરીરની જેમ વધે છે. અગ્નિની જ્વાળા ઊંચે ચઢે છે, અનુકુળ પવન હોય તો વધે છે, અથવા બુઝાઈ મરણ પામે છે. ઘર્ષણ વગેરેથી જન્મ પામે છે, એ અગ્નિને સચેતન સાબિત કરે છે.

### ૪. વાયુમાં જીવસિદ્ધિ—

કોઈની પ્રેરણા વિના આમથી તેમ ગતિ કરવાની વાયુની શક્તિ તેને સચેતન સાબિત કરે છે. દેવો તથા અંજનાદિ યોગથી જેમ મનુષ્ય અદૃશ્ય રહી શકે છે. તેમ તેવા પ્રકારની રૂપ પરિણતિને યોગે વાયુ અદૃશ્ય છે છતાં સ્પર્શ વગેરેથી જાણી શકાય છે. વળી વાયુ નજરે દેખાતો નથી છતાં તેનું વજન પણ હોય છે. ૧૦ સેન્ટીમીટર લાંબા, પહોળા, ઊંચા ખાલી ડબ્બામાં ૧ લિટર હવા હોય તો તેનું વજન ૧·૩ ગ્રામ થાય છે. હવા ખેંચી લઈ પછી અને પહેલા કાચના વાસણનું વજન કરીએ તો હવાવાળું વાસણ વધારે વજનદાર હોય છે.

### ૫. વનસ્પતિમાં જીવસિદ્ધિ—

૧. વનસ્પતિ જીવો એક જ ઇન્દ્રિયવાળા છતાં, ગયા જન્મનાં સંસ્કારને કારણે પાંચ ઇન્દ્રિયોનો વિષય અનુભવતા જણાય છે.

૨. જાગૃત દશા, નિદ્રા, રાગ, પ્રેમ, હર્ષ, લોભ, લજ્જા, ભય, મૈથુન, ક્રોધ, માન, માયા, આહાર, જન્મ, વૃદ્ધિ, મરણ ઓઘ સંજ્ઞા વગેરે મનુષ્યની માફક અનુભવે છે.

૩. મનુષ્યમાં જેમ ત્રણ અવસ્થા હોય છે તેમ વનસ્પતિને પણ ત્રણ અવસ્થા હોય છે. જેમ મનુષ્યને નિયત આયુષ્ય હોય છે. તેમ વનસ્પતિને પણ નિયત આયુષ્ય હોય છે.

૧. **શબ્દ ગ્રહણ શક્તિ**—કદલ, કુંડલ વગેરે વનસ્પતિઓ મેઘ ગર્જનાથી પલ્લવિત થાય છે.

૨. **રૂપ**—વેલાઓ, લતાઓ આશ્રય તરફ ફરીને વધે છે.

૩. **ગંધ**—કેટલીક વનસ્પતિઓ ધૂપની સુગંધથી વધે છે.

૪. **રસ**—શેરડી વગેરે જમીનમાંથી મીઠો રસ ચૂસે છે.

૫. **સ્પર્શ**—લજ્જાળુ વનસ્પતિ સ્પર્શ કરવાથી સંકોચાય જાય છે.

## નિદ્રા વગેરે જુદી જુદી લાગણીઓ

૧. ****નિદ્રા** પુંઆડ, આંબલી, કમલ વગેરે અમુક વખતે સંકોચાય છે, અને અમુક વખતે ખીલે છે.

૨. **રાગ**—અશોક, બકુલ, ફણસ વગેરે ઝાંઝરના ઝંકાર સહિત સ્ત્રીના પગના પ્રહારથી ફળે છે.

૩. **હર્ષ**—કેટલીક વનસ્પતિ અકાળે ખીલી ઉઠે છે.

૪. **લોભ**—ધોળો આકડો, ખાખરા, બિલીવૃક્ષ વગેરેના મૂળ ભૂમિમાં રહેલા નિધાન ઉપર ફેલાય છે.

૫. **લજ્જા**—લજ્જાળુ વેલમાં દેખાય છે.

૬. **ભય**—એ જ વેલમાં દેખાય છે.

---

**મદ્રાસના અનંતપુર જિલ્લામાં ખજૂરીનું વૃક્ષ મધ્યરાત્રિથી નીચે પડવા માંડતું અને બપોર પહેલાં તદ્દન સૂઈ જતું. પછી તે ધીમે ધીમે ઉભુ થતાં મધ્યરાત્રિ પહેલાં તદ્દન ટટ્ટાર થઈ જતું.

બંગાળમાં પણ એક ખારેકનું વૃક્ષ રાત્રે ત્રણ વાગે તદ્દન નીચે પડતું અને મધ્યાહ્ન પછી ધીમે ધીમે ઉભું થતું. અને સાંજ સુધીમાં બરાબર ઊભું થઈ જતું.

આ બધા ભાવો **નિદ્રા** અને **જાગૃતિ**નાં જાણવા.

સાભાર—જૈન ધર્મનું પ્રાણી વિજ્ઞાન.

૭. **મૈથુન**—યુવાન સ્ત્રીના મુખના તાંબુલ છાંટવાથી કે સ્પર્શ, હાવભાવ કે કટાક્ષથી કેટલાક ઝાડ તરત ફળે છે. પપૈયામાં નર–માંદા ઝાડ હોય છે. નરનો પરાગ માદા ફૂલમાં પડે તો જ ફળ આવે છે.

૮. **ક્રોધ**—કોદનદનું ઝાડ હુંકાર અવાજ કરે છે.

૯. **માન**—રૂદંતી વેલમાં પાણીના ટીપા ઝરે છે, તેનાથી સોનાની સિદ્ધિ થાય છે. **તેનો ભાવ એવો ગણાય છે** કે મારી વિદ્યમાનતા છતાં લોકો નિર્ધન કેમ રહે?

૧૦. **માયા**—વેલાઓ પોતાના ફળને પાંદડાથી ઢાંકે છે.

૧૧. •**આહાર**—પાણી, ખાતર મળે તો વધે, નહિ તો સુકાય જાય છે નાગરવેલીને છાણ–દુધ રેડે તો ફળ, ફૂલ, રસ વધે છે.

---

## મનુષ્યભક્ષી વૃક્ષ

•આફ્રીકાના માડાગાસ્કર ટાપુમાં એક વૃક્ષ મનુષ્યભક્ષી છે, તેના પાંદડાંની ધારોમાં તીક્ષ્ણ કાંટા હોય છે, વળી આ વૃક્ષને કેટલાક તંતુઓ હવામાં લટકતા હોય છે. જો કોઈ મનુષ્ય તેને અડકે તો તે તરત વીંટળાઈ જાય છે. બીજા તંતુઓ તેના શરીરે ભરડો લઈ લે છે. પછી એ મનુષ્ય થડ તરફ ધકેલાય છે, ત્યારે પાંદડાઓ વાંકા વળે છે અને તેના તીક્ષ્ણ કંટકો મનુષ્યના શરીર ઉપર ભોંકાવા લાગે છે. અને તેમાંથી લોહીને પાંદડાં ચૂસી લે છે. અને થોડી જ વારમાં મનુષ્ય નિર્જીવ બની જાય છે. ત્યારે પાંદડાં ફરી ઊંચા થાય છે, તંતુઓ છુટા પડે છે. અને વૃક્ષ મૂળ હાલતમાં આવી જાય છે. ત્યાંના જંગલી લોકો કોઈ મનુષ્યને શિક્ષા કરવી હોય ત્યારે તેને આ વૃક્ષના તરફ ધકેલી દે છે. અને તેના જીવનનો કરૂણ અંજામ આવે છે. કેટલાક પ્રવાસીઓએ આ દશ્ય સાક્ષાત્ જોયું છે. અને તેની છબીઓ વર્તમાન પત્રોમાં પ્રગટ કરેલ છે.

—સાભાર ઉદ્ધૃત જૈન ધર્મનું પ્રાણી વિજ્ઞાન.

**૧૨. જન્મ**—વાવવાથી ઉગે છે, તે જન્મ ગણાય છે.

**૧૩. વૃદ્ધિ**—અંકુર, ડાળા, પાંદડાં થાય છે.

**૧૪. મરણ**-હિમ વગેરે આઘાતથી મરણ થાય છે, તથા કરમાઈ જવું તે મરણ ગણાય છે.

**૧૫. રોગ**—હવા પાણી, ખોરાક વગેરેના વિકારથી રોગ થાય છે, અને તેવા ઔષધના ઉપચારથી મટે પણ છે.

**૧૬. ઓઘ**—વેલા ચડવા માટે ઝાડ, વાડ તરફ વળે છે.

ઉપરોક્ત પાંચે સ્થાવર જીવોની હિંસા કર્યા વિના સર્વ-વિરતિધારી મુનિરાજો પોતાનું જીવન ટકાવે છે, તો જીવદયાના પાલનાર ગૃહસ્થોએ પણ યથાશક્તિ જીવદયાનું પાલન કરવું જોઈએ. અને અનિવાર્યપણે હિંસા થાય તો દુઃખ કે પશ્ચાત્તાપ કરવો જોઈએ.

---

આજે મનુષ્ય વિજ્ઞાન શબ્દથી ભૌતિક પદાર્થનું જ્ઞાન સમજે છે. તેથી ભૌતિક સુખોની ઇચ્છાથી પાપ કરવામાં સંકોચ થતો નથી. અને તેથી આરંભ સમારંભની પ્રવૃત્તિઓ શરૂ થાય છે. પરિણામે દુર્ગતિના અસંખ્ય દુઃખો પ્રાપ્ત થાય છે.

જેમ પતંગિયુ રૂપની લાલસામાં જ્યોતમાં પડી બળી જાય છે, તેમ ભૌતિકવાદીઓ છેવટ સુધી માનસિક પીડામાં જ સબડે છે, અને ભોગની લાલસામાં ખતમ થઈ જાય છે.

## લંબાઈના માપ

અંગુલનો અસંખ્યાતમો ભાગ= સોંયની અણી ઉપર જેટલો ભાગ આવે તેનો અસંખ્યાતમો ભાગ.

૪ અંગુલની = મુઠ્ઠિ

૨ મુઠ્ઠિ = વેંત

૨ વેંત = હાથ

૪ હાથ = ધનુષ

ધનુષપૃથકત્વ = ૨ થી ૯ ધનુષ

ગાઉ ,, = ૨ થી ૯ ગાઉ

યોજન ,, = ૨ થી ૯ યોજન

૨૦૦૦ ધનુષ = એક ગાઉ

૪ ગાઉ = એક યોજન

અસંખ્ય યોજન = ૧ રજ્જુ

૧૪ રજ્જુ = ૧ લોક

## જૈનશાસ્ત્રીય સંખ્યા

૧ થી પરાર્ધ સુધી વ્યવહારિક ૧૮ અંકોની સંખ્યાથી આગળ ૯૬ અંકોના સ્થાનોની સંખ્યાના નામો જૈનશાસ્ત્રોમાં છે.

સંખ્યાતા = ૨ થી માંડીને અમુક સંખ્યા સુધી સંખ્યાત ગણાય છે.

અસંખ્યાતા = ૯ પ્રકારના છે. સંખ્યાત કરતાં અસંખ્ય ગુણા વધારે છે.

અનંત = ૯ પ્રકારના છે. અસંખ્યાત કરતા અનંત ગુણા વધારે છે.

## વખતના માપ

અસંખ્ય સમયની = ૧ આવલી.

૨૫૬ આવલીકા = ૧ ક્ષુલ્લક ભવ.

૬૫,૫૩૬ ક્ષુલ્લક ભવ = ૧ મુહૂર્ત.

૧૬૭૭૭૨૧૬ થી કંઈક અધિક આવલી = ૧ મુહૂર્ત.

| | |
|---|---|
| ૨ થી ૯ સમય = જઘન્ય અંતર્મુહૂર્ત | ૩૦ ,, = } ૧ અહોરાત્રિ |
| ૧ સમયન્યૂન = ઉત્કૃષ્ટ ,, | ૬૦ ,, = } |
| ૨ ઘડી = ૧ મુહૂર્ત | ૨ માસ = ૧ અયન |
| ૧૫ મુહૂર્ત = ૧ દિવસ | ૬ અયન = ૧ વર્ષ |
| ૧૫ ,, = ૧ રાત્રિ | ૫ વર્ષ = ૧ યુગ |
| | ૭૦,૫૬૦૦૦ ક્રોડ વર્ષ } ૧ પૂર્વ |

**ઉદ્ધાર, અદ્ધા**, **ક્ષેત્ર પલ્યોપમના સૂક્ષ્મ** અને **બાદર** ભેદ ગણુતા ૬ પ્રકારના પલ્યોપમ કહ્યા છે. અહિં **અદ્ધા પલ્યોપમ** કહેવાય છે.


પલ્યોપમ = એક યોજન ઊંડા પહોળા અને લાંબા ખાડામાં સાત દિવસના જન્મેલા યુગલિયા મનુષ્યના બાળકના એક વાળના સાત વાર આઠ આઠ કરેલા ૨૦૯૭૧૫૨ કકડા ઠાંસી ઠાંસીને ભરી, તેમાંથી સો સો વર્ષે વાળનો એક એક કકડો કાઢતાં, જેટલા કાળે એ ખાડો = પલ્ય ખાલી થાય, તેટલા કાળને **બાદર અદ્ધા પલ્યોપમ** કહેવાય છે.

અને એ જ વાળના અસંખ્ય સૂક્ષ્મ કકડા કાપીને સો સો વર્ષે એક એક કકડો કાઢીએ, અને એ ખાડો જેટલા વર્ષે ખાલી થાય, તેટલા કાળને **સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ** કહેવાય છે.

૧૦ કોડાકોડી પલ્યોપમ = ૧ સાગરોપમ.
૧૦ ,, સાગરોપમ = ૧ ઉત્સર્પિણી અથવા અવસર્પિણી.
૧૦ ,, સાગરોપમ
અથવા ૧ ઉત્સર્પિણી
અને ૧ અવસર્પિણી } = ૧ કાળચક્ર
અનંતા કાળચક્રો = ૧ પુદ્ગલ પરાવર્ત.
અનંતા પુદ્ગલ પરાવર્ત = ભૂતકાળ તથા ભવિષ્યકાળ.

**॥ ઇતિ શ્રી જીવવિચાર પ્રકરણ સંપૂર્ણ ॥**

# ચૌદ રાજલોક



સિધ્ધો
સિધ્ધશિલા
૫. અનુત્તર
૩. ગ્રૈવેયક
૩. ગ્રૈવેયક
૩. ગ્રૈવેયક
ત્રસનાડી
રત્નપ્રભા પૃથ્વીનું દળ
૧૮૦૦૦૦ યોજન
ખાલી.૧૦.યો૦
આઠ વાણવ્યંતર નિકાય
ખાલી.૧૦.યો૦
આઠ વ્યંતરનિકાય
ખાલી ૧૦૦ યો૦
ખાલી ૧૧૫૮૩ ૧/૩ યો૦
દરેક પતર ૩૦૦૦.યો૦
૧૦.ભવનપતિ નિકાય
ખાલી
ખાલી ૧૦૦૦ યો૦
૧૮૦૦૦૦ યોજન
કિ૦
૯ લોકાંતિક
કિ૦
કિલ્બિષિક
ચરસ્થિર જ્યોતિષ્ક
દ્વીપ સમુદ્રો
તિર્છલોક
ઘનોદધિ
ઘનવાત
તનવાત
આકાશ
૭ નરક ભૂમિઓ
ઊર્ધ્વ લોક
અધો લોક
લોક બહાર ચોતરફ અનંત અલોક

# નવ તત્ત્વ

**નવ તત્ત્વ—**

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ.

**જીવ** અને **અજીવ**–એ તત્ત્વ **(જ્ઞેય)** જાણવા યોગ્ય છે.

**પુણ્ય—**નિશ્ચયથી સાધુને છોડવા યોગ્ય છે.
ગૃહસ્થને વ્યવહારથી આદરવા યોગ્ય છે.

**પાપ, આશ્રવ, બંધ—(હેય)** છોડવા યોગ્ય છે.

**સંવર, નિર્જરા, મોક્ષ (ઉપાદેય)** આદરવા યોગ્ય છે.

જીવ તત્ત્વનાં **૫૬૩ ભેદ** જીવ વિચારમાં બતાવ્યા છે.

અહિં, ચૌદ ભેદ ગણાવ્યા છે.

**૧૪ જીવ તત્ત્વના ૧૪ ભેદો**

૪ **એકેન્દ્રિયના**—૪ ભેદો સૂક્ષ્મ—બાદર, પર્યાપ્ત–અપર્યાપ્ત

૬ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય **(વિગલેન્દ્રિય)** નાં પર્યાપ્તા–અપર્યાપ્તા મલી ૬ ભેદો.

૪ **પંચેન્દ્રિયના** — ગર્ભજ – સમુચ્છિમ, પર્યાપ્તા – અપર્યાપ્તા મલી કુલ ૪ ભેદો થાય છે.

—
૧૪

( ઉત્તરભેદ–૫૬૩ )

# અજીવ તત્ત્વ—૧૪ ભેદ

**૧૪ અજીવ—**( જડ પદાર્થ ) તત્ત્વનાં ૧૪ ભેદો છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, અને કાળ એમ મૂલ પાંચ પ્રકારે અજીવ તત્ત્વ છે.

**૯ ભેદ—**ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય એ ત્રણનાં સ્કંધ-દેશ-પ્રદેશ એમ ત્રણ ત્રણ ગણતાં ૯ ભેદ થાય છે.

**૪ ભેદ પુદ્ગલનાં** - [1]સ્કંધ-[2]દેશ-[3]પ્રદેશ અને [4]પરમાણુ.

**૧ કાળ—**એક સમયનો હોવાથી એક જ ભેદ ગણાય છે. ભૂતકાળ અનંતો ગયો, ભવિષ્યકાળ અનંતો આવશે, પણ વર્તમાનકાળ એક જ સમયનો છે.

કુલ અજીવનાં ૧૪ ભેદો છે. આમાં **પુદ્ગલનાં** ( સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણું. ૪ ભેદ ) વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વાળા હોવાથી **રૂપી** છે. બાકીના ૧૦ ભેદ અજીવના **અરૂપી** છે. સૂક્ષ્મ પુદ્ગલો આંખે ન દેખાવાં છતાં રૂપી છે. જીવ પુદ્ગલ મિશ્રિત હોવાથી રૂપી દેખાય છે. જ્યારે સિદ્ધના જીવો કર્મ ( પુદ્ગલ ) રહિત હોવાથી દેખાતાં નથી. ચૌદ રાજલોકમાં છવીશ વર્ગણાઓમાંથી જીવને ગ્રહણ કરવા યોગ્ય ફક્ત આઠ જ વર્ગણાઓ છે. જીવ તેણે ગ્રહણ કરે છે. આપણી આજુબાજુમાં તે વર્ગણાઓ પડી છે. પણ સૂક્ષ્મ હોવાથી દેખાતી નથી. કેવલજ્ઞાની જોઈ શકે છે.

---

૧ **સ્કંધ**—આખો ભાગ. ૨ **દેશ**—અમુક ભાગ.

૩ **પ્રદેશ**—સ્કંધ સાથે જોડાયેલ પરમાણુને પ્રદેશ કહેવાય છે; પણ સ્કંધથી જુદો પડે ત્યારે તે પ્રદેશ પરમાણુ કહેવાય છે.

૪ **પરમાણુ**—સ્કંધથી જુદો પડે ત્યારે પરમાણુ કહેવાય છે. ( કેવલીની દૃષ્ટિએ જેના બે ભાગ નહિ થાય તે )

## પુણ્ય તત્ત્વ—૪૨ ભેદ

**૪૨ પુણ્ય તત્ત્વ**—શુભ કર્મનો આશ્રવ તે **પુણ્ય** છે.

પુણ્ય ૪૨ પ્રકારે ભોગવાય છે, ૯ પ્રકારે બંધાય છે. સાધુ પ્રમુખને અન્ન, પાણી, વસ્ત્ર, પાત્ર, શય્યા, વસતિ આપવાથી, તેમજ મન, વચન, કાયાના શુભ વ્યાપારથી પુણ્ય ૯ પ્રકારે બંધાય છે. (જીવને સુખ જોઈએ છે, પણ પુણ્ય કરતા નથી. જ્યારે પાપ છોડતા નથી, તેથી દુઃખી થાય છે. સુખનું કારણ પુણ્ય છે, અને દુઃખનું કારણ પાપ છે.) પુણ્યના ૪૨ ભેદો તથા પાપના ૮૨ ભેદો સમજવા માટે કર્મગ્રન્થ જાણવો જરૂરી છે. એમાં આવતા ૮ કર્મોના ઉત્તરભેદ બંધમાં ૧૨૦ બતાવ્યા છે. જ્યારે પુણ્યનાં ૪૨+૮૨ પાપનાં મળી કુલ ૧૨૪ થાય છે. (આમાં પુણ્યમાં શુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ગણાવ્યા છે. અને પાપમાં અશુભ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ગણાવ્યા છે.)

૧ ૧ ૧ ૧ ૧

સાતા **વેદનીય**, **ઉચ્ચગોત્ર**, મનુષ્યાયુ, દેવાયુ, તિરિયાઉ

૩૭

(ત્રણ **આયુષ્ય**) તથા **નામ** કર્મની ૩૭ શુભ પ્રકૃતિ મળી **પુણ્ય ૪૨—પ્રકારે** ગણાય છે.

## પાપ તત્ત્વ—૮૨ ભેદો

**૮૨ પાપ તત્ત્વ**—અશુભ કર્મનો આશ્રવ તે પાપ છે.

પાપ ૮૨ પ્રકારે ભોગવાય છે, ૧૮ પ્રકારે બંધાય છે. અઢાર પાપ સ્થાનકો. વિષય, કષાય પ્રમાદ તેમજ મન, વચન, કાયાના અશુભ વ્યાપારથી પાપ બંધાય છે. તે તીવ્ર ભાવથી બંધાય તો સંખ્યાત, અસંખ્યાત કે ક્રોડો ઘણું પણ ભોગવવું પડે છે.

# પુણ્યનાં—૪૨ ભેદો

૨ મનુષ્ય ગતિ, દેવ ગતિ

૨ મનુષ્ય આનુપૂર્વી, દેવ આનુપૂર્વી

૧ વજ્રઋષભ નારાચ સંઘયણ

૧ સમચતુરસ્ર સંસ્થાન

૧ શુભ વિહાયોગતિ

૪ શુભ-વર્ણ, ગંધ, રસ, સ્પર્શ

૧ પંચેન્દ્રિય જાતિ

૭ **પ્રત્યેક પ્રકૃતિ**—અગુરૂ લઘુ નિર્માણ, પરાઘાત, ઉશ્વાસ આતપ, ઉદ્યોત, જિન નામ

૧૦ **ત્રસ દશક**—ત્રસ, બાદર, પર્યાપ્ત પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય-યશ.

૫ **શરીર**—ઔદારિક, વૈક્રિય આહારક, તૈજસ, કાર્મણ

૩ **ઉપાંગ**—ઔદારિકના, વૈક્રિયના, આહારકનાં.

૩૭ **નામ** કર્મની

૩ **આયુષ્ય** કર્મની

૧ **વેદનીય** કર્મની

૧ **ગોત્ર** કર્મની

—

૪૨ પુણ્ય પ્રકૃતિ

# પાપનાં—૮૨ ભેદો

૨ નરક ગતિ, તિર્યંચ ગતિ

૨ નરક આનુપૂર્વી, તિર્યંચ આનુપૂર્વી

સંઘયણો—૫ ઋષભ નારાચ, નારાચ, અર્ધનારાચ કિલિકા, છેવઠું-

સંસ્થાનો—૫ ન્યગ્રોધ, સાદિ, વામન, કુબ્જ હુંડક

૧ અશુભ વિહાયોગતિ

૪ અશુભ-વર્ણ, ગંધ, રસ, સ્પર્શ

૪ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય ચઉરિન્દ્રિય.

૧ ઉપઘાત

૧૦ **સ્થાવર દશક**—સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભાગ્ય, દુસ્વર અનાદેય, અયશ.

( કુલ **નામ** કર્મની—૩૪ )

૫ **જ્ઞાનાવરણીય** કર્મની પ્રકૃતિ

૯ **દર્શનાવરણીય** કર્મની ,,

૫ **અંતરાય** કર્મની ,,

૨૬ **મોહનીય** કર્મની ,,

૧ ( નીચ ) **ગોત્ર** કર્મની ,,

૧ (અશાતા) **વેદનીય** કર્મની ,,

૧ ( નરક ) **આયુ** કર્મની ,,

---

૮૨ પાપ પ્રકૃતિ

## આશ્રવ તત્ત્વ—૪૨ ભેદ

**૪૨ આશ્રવ તત્ત્વ**—કર્મનું આવવું તે આશ્રવ, તેને ગરનાળા બારણાની ઉપમા આપી છે. તે દ્વારા કર્મોનું આગમન આત્મામાં થાય છે.

ઈન્દ્રિય, કષાય, અવ્રત, યોગ ક્રિયા
૫ ૪ ૫ ૩ ૨૫ = ૪૨ પ્રકારે આશ્રવ છે.

૫ સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય એ પાંચેના મનગમતા વિષયમાં **રાગ કરવાથી** તથા અણગમતા વિષયમાં **દ્વેષ કરવાથી** કર્મનો આશ્રવ થાય છે.

૪ **ક્રોધ, માન, માયા, લોભ** કરવાથી કર્મ બંધાય છે.

૫ **અવ્રત**—હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ-સંગ્રહવૃત્તિ એ પાંચથી કર્મ બંધાય છે.

૩ **યોગ**—બુરૂ ચિંતવવાથી, અશુભ બોલવાથી, કાયાથી અશુભ કરવાથી પણ કર્મ બંધાય છે.

૨૫ ક્રિયા—
—
૪૨

( ૧ ) કાયિકી = કાયાને અજયણાએ પ્રવર્તાવે.

( ૨ ) અધિકરણિકી = શસ્ત્રો રાખવાથી કે નવા બનાવવાથી,

( ૩ ) પ્રાદ્વેષિકી = જીવ-અજીવ ઉપર દ્વેષ કરવાથી.

( ૪ ) પારિતાપનિકી = જીવોને પીડા ઉપજાવવાથી.

( ૫ ) પ્રાણાતિપાતિકી = જીવોના નાશ કરવાથી.

( ૬ ) આરંભિકી = ખેતી, કરવાથી, કુવા. તળાવ ખોદવાથી.

( ૭ ) પરિગ્રહિકી = વસ્તુનો સંગ્રહ, મમત્વ કરવાથી.

( ૮ ) માયા પ્રત્યયિકી = માયા. કપટ કરી ઠગવાથી.

( ૯ ) મિથ્યા દર્શન પ્રત્યયિકી = જિનેશ્વરોના વચન પર શ્રદ્ધા ન રાખવાથી.

(૧૦) અપ્રત્યાખ્યાનિકી=પચ્ચકખાણ ન કરવાથી, અવિરતિથી.

(૧૧) દષ્ટિકી=નાટક, સીનેમા, બંગલામાં રાગ-દ્વેષ કરવાથી.

(૧૨) સ્પૃષ્ટિકી = રાગ-દ્વેષથી સ્પર્શ કરવાથી.

(૧૩) પ્રાતિત્યકી = બીજાની રિદ્ધિ જોઈને ઈર્ષ્યા કરવાથી.

(૧૪) સામંતોપનિપાતિકી = ભાજન ઉઘાડાં મૂકવાથી ત્રસ જીવ પડે તે.

(૧૫) નૈસૃષ્ટિકી = શસ્ત્રાદિ ઘડાવવા, કુવો ખાલી કરવો.

(૧૬) સ્વહસ્તિકી = પોતાને હાથે જીવનો ઘાત કરવો.

(૧૭) આજ્ઞાપનિકી = સાવદ્ય-પાપ કરવાની આજ્ઞા કરવાથી.

(૧૮) વિદારણિકી = દુઃખ થાય તેવા મહેણાં, આળ, કલંક દેવાથી.

(૧૯) અનાભોગિકી = ઉપયોગ વિના વસ્તુ લેવા મૂકવાથી.

(૨૦) અનવકાંક્ષ પ્રત્યયિકી=આલોક પરલોક વિરૂદ્ધ કરવાથી.

(૨૧) પ્રાયોગિકી = મન, વચન, કાયાની શુભાશુભ ક્રિયા.

(૨૨) સામુદાયિકી = આઠ કર્મને સમુદાયપણે બાંધવા.

(૨૩) પ્રેમિકી = રાગ-પ્રેમ કરવાથી જે ક્રિયા લાગે તે.

(૨૪) દ્વેષિકી = દ્વેષ કરવા-કરાવવાથી જે ક્રિયા લાગે તે.

(૨૫) ઈર્યાપથિકી=જવા-આવવાના યોગથી જે ક્રિયા થાય તે.

## આશ્રવો મુખ્ય—૪ છે

૧ **મિથ્યાત્વ**—જિનેશ્વર દેવના વચન કે શાસ્ત્ર ઉપર અશ્રદ્ધા. કુદેવ કુગુરૂ, કુધર્મ, મિથ્યા પર્વો માનવા.

૨ **અવિરતિ**—હિંસાદિ પાપનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ ન કરવો.

૩ **કષાય**—ક્રોધ, માન, માયા, લોભ કરવા.

૪ **યોગ**—મન, વચન, કાયાની શુભાશુભ પ્રવૃત્તિ.

આ ચાર આશ્રવો બધા દુઃખનું મૂળ છે, તે બંધ કરવા સંવરનો આદર કરવો જોઈએ.

## સંવર તત્ત્વ—૫૭ ભેદ

**૫૭ સંવર તત્ત્વ**—આવતા કર્મને રોકે તે સંવર.

બારણું બંધ કરવાથી જેમ ઘરમાં કચરો ભરાતો નથી, તેમ આશ્રવના દ્વાર બંધ કરવાથી સંવર થાય છે.

| સમિતિ | ગુપ્તિ | પરિસહ | યતિધર્મ | ભાવના | ચારિત્ર |
|---|---|---|---|---|---|
| ૫ | ૩ | ૨૨ | ૧૦ | ૧૨ | ૫=૫૭ |

**૫ સમિતિ—૧. ઈર્યા સમિતિ**—જીવદયા માટે દૂર નીચી દૃષ્ટિ રાખવી.

**૨. ભાષા સમિતિ**-મોઢે મુહપત્તિ રાખી નિર્દોષ, હિત-મિત-પથ્ય બોલવું.

**૩. એષાણુ સમિતિ**—૪૨ દોષ રહિત આહાર પાણી લેવાં, અને પાંચ દોષ રહિત વાપરવા.

**૪. આદાન સમિતિ**—ઉપધિ વિગેરે લેતાં મૂકતાં પૂંજવું પ્રમાર્જવું.

**૫. પારિષ્ઠાપનિકાસમિતિ**—નિર્જીવ ભૂમિમાં જોઈને પરઠવવું.

૩ ગુપ્તિ **મનગુપ્તિ**—અશુભ વિચારનો ત્યાગ કરવો.
**વચનગુપ્તિ**—સાવદ્ય વાણીનો ત્યાગ કરવો.
**કાયગુપ્તિ**—કાયાને સંયમમાં જોડવી.

**૨૨ પરિસહ :** કર્મક્ષય માટે પરિષહ-ઉપસર્ગ આવે ત્યારે સમતા ભાવે સહન કરવું.

૧ **ક્ષુધા** = નિર્દોષ આહાર ન મળે તો દોષિત આહારની ઇચ્છા ન કરવી.

૨ **તૃષ્ણા** = તરસ સહન કરવી પણ દોષિત પાણી ન લેવું.

૩ **શીત** = ઠંડીમાં અગ્નિનો ઉપયોગ કરવાનો વિચાર ન કરવો.

૪ **ઉષ્ણ** = ગરમીમાં પંખા વગેરે વાપરવાનો વિચાર ન કરવો.

૫ **દંશ** = ડાંસ-મચ્છરથી ખેદ ન કરવો સમતાથી સહન કરવું.

૬ **અચેલ** = ઉત્તમ-કિંમતી વસ્ત્રની ઇચ્છા ન કરવી.

૭ **અરતિ** = મનગમતી વસ્તુ ન મળે તો ઉદ્વેગ ન કરવો.

૮ **સ્ત્રી** = સ્ત્રીને જોઈ ચલિત ન થવું ( શ્રી સ્થુલભદ્રની જેમ રહેવું. )

૯ **ચર્યા** = ગ્રામાનુગામ વિહાર કરવો. વિહાર ન થાય તો છેવટે સ્થાનાંતર કરવું.

૧૦ **નિષદ્યા** = શૂન્ય સ્થાને ધ્યાનમાં રહેતા ચલાયમાન ન થવું.

૧૧ **શય્યા** = ઉંચી-નીચી કે હવા વિનાની જગ્યામાં સુવું પડે તો ખેદ ન કરવો.

૧૨ **આક્રોશ** = કટુ વચન કહે તો ( દ્રઢપ્રહારીની જેમ ) ક્રોધ ન કરવો.

૧૩ **વધ** = કોઈ વધ કરે તો (ખંધકસૂરિના શિષ્યની જેમ) એનું શુભ ઈચ્છવું.

૧૪ **યાચના** = સંયમને જરૂરી વસ્તુ માંગતાં સંકોચ ન કરવો.

૧૫ **અલાભ** = નિર્દોષ ભિક્ષા ન મળે તો (ઢંઢણ ઋષિની જેમ સહન કરવું.

૧૬ **રોગ** = રોગ આવે તો (સનત્કુમારની જેમ) સહન કરવું.

૧૭ **તૃણ સ્પર્શ** = સંથારામાં કાંટા-ડાભ આદિ સ્પર્શે તો ખેદ ન કરવો.

૧૮ **મલ** = પરસેવાથી શરીર મલિન થાય તો સ્નાનની ઈચ્છા ન કરવી.

૧૯ **સત્કાર** = સન્માન મળે તો (આર્ય સુહસ્તિની જેમ) અહંકાર ન કરવો.

૨૦ **પ્રજ્ઞા** = જ્ઞાનનો ગર્વ ન કરવો. (મારું જ્ઞાન ચૌદ પૂર્વીથી અલ્પ છે, એમ વિચારવું)

૨૧ **અજ્ઞાન** = ઉદ્યમ કરવા છતાં ન આવડે તો, કર્મનો ઉદય સમજી ખેદ ન કરવો, બીજાને ઘણું આવડે છે, તેની ઈર્ષ્યા ન કરવી.

૨૨ **સમ્યક્ત્વ** = જિનેશ્વર પ્રભુના વચનોમાં શંકા ન કરવી. શાસ્ત્ર સૂક્ષ્મ-બુદ્ધિ ગમ્ય હોય છે. માટે સમજવા પ્રયત્ન કરવો.

---

૧ ભૂખ, ૨ તરસ, ૩ ટાઢ, ૪ તડકો, ૫ ડાંસ-મચ્છરનો ઉપદ્રવ, ૬ જીર્ણવસ્ત્ર, ૭ અરતિ, ૮ સ્ત્રી, ૯ વિહાર-ચર્યા, ૧૦ નિષદ્યા-સ્મશાનમાં કાઉસગ્ગ, ૧૧ શય્યા, ૧૨ આક્રોશ, ૧૩ વધ, ૧૪ યાચના, ૧૫ અલાભ, ૧૬ રોગ, ૧૭ તૃણ સ્પર્શ, ૧૮ મલ, ૧૯ સત્કાર, ૨૦ પ્રજ્ઞા, ૨૧ અજ્ઞાન, ૨૨ સમ્યક્ત્વ.

આ ૨૨ પરિસહોને સમભાવે સહન કરનાર શીઘ્ર સંસાર સાગરને તરી જાય છે.

**૧૦ યતિધર્મ** : *૧ ક્ષમા, ૨ મૃદુતા–નમ્રતા. ૩ સરળતા, ૪ સંતોષ. ૫ તપ, ૬ સંયમ, ૭ સત્ય, ૮ શૌચ, ૯ અકિંચન્ય–અપરિગ્રહ, ૧૦ બ્રહ્મચર્ય.

**૧૨ ભાવના** : ૧ અનિત્ય, ૨ અશરણ, ૩ સંસાર, ૪ એકત્વ, ૫ અન્યત્વ, ૬ અશુચિ, ૭ આશ્રવ, ૮ સંવર, ૯ નિર્જરા, ૧૦ લોકસ્વરૂપ, ૧૧ બોધિદુર્લભ ૧૨ (કષ–છેદ–તાપથી શુદ્ધ) વીતરાગ ધર્મ દુર્લભ ભાવના.

**૫ ચારિત્ર** : ૧ સામાયિક, ૨ છેદોપસ્થાપનીય, ૩ પરિહાર વિશુદ્ધિ, ૪ સૂક્ષ્મ સંપરાય, ૫ યથાખ્યાત.

**(I) સામાયિક**—મન, વચન, કાયાથી પાપ કરૂં નહિ, કરાવું નહિ, કરતાને સારા માનું નહિ, તેવી જીંદગી સુધીની પ્રતિજ્ઞા

**(II) છેદોપસ્થાપનીય**—કાચી દીક્ષા પછી વડી દીક્ષા. ૬ થી ૯ ગુણસ્થાને હોય.

**(III) પરિહાર વિશુદ્ધિ**—નવ સાધુનો સમુદાય પોતાના ગચ્છના નાયકની અનુજ્ઞા લઈ તપ–ઉપસર્ગાદિ સહન કરવા ૧૮ મહિના સુધી બહાર જાય, તે. પરિહાર વિશુદ્ધિ ચારિત્ર ૬ થી ૭ ગુણસ્થાને હોય.

**(IX) સૂક્ષ્મ સંપરાય**—દશમા ગુણસ્થાને ઉપશમ શ્રેણીમાં કે ક્ષપક શ્રેણીમાં અત્યંત વિશુદ્ધિમાં સૂક્ષ્મ લોભાણુને વેદે તે આ દશમાં ગુણસ્થાને હોય

**(V) યથાખ્યાત**—જિનેશ્વર દેવોએ જેવું કહ્યું છે, તેવું શુદ્ધ ચારિત્ર ૧૧ થી ૧૪ ગુણસ્થાને હોય.

---

* ક્ષમા પાંચ પ્રકારે છે. (૧) ઉપકાર ક્ષમા, (૨) અપકાર ક્ષમા (૩) વિપાક ક્ષમા, (૪) વચન ક્ષમા. (૫) ધર્મક્ષમા.

# નિર્જરા તત્ત્વ—૧૨ ભેદ

**૧૨ નિર્જરા**—ઓછેવત્તે અંશે કર્મોનું ખરવું તે નિર્જરા છે. ૬ **બાહ્યતપ** અને ૬ **અભ્યંતર તપ** મળી ૧૨ ભેદો છે.

**બાહ્યતપ—૬ :**

૧. **અનશન**—ઉપવાસ, આયંબિલ, એકાસણું વિગેરે.

૨. **ઉણોદરી**—ભૂખ કરતાં ઓછું ખાવું.

૩. **વૃત્તિસંક્ષેપ**—ઓછી ચીજો ખાવી.

૪. **રસત્યાગ**—દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, પકવાન, (કડા-ઘી-તેલમાં તળેલી વસ્તુ) નો સર્વથા યા ઓછે વત્તે અંશે ત્યાગ કરવો.

૫. **કાયક્લેશ**—ઇચ્છાપૂર્વક નિર્જરાર્થે લોચ, વિહાર, ખમાસમણ વિગેરેથી શરીરને કષ્ટ આપવું.

૬. **સંલીનતા**—આસન સ્થિર રાખવું, ઇન્દ્રિયોને અને મનને કાબુમાં રાખવું. ચપળતાનો ત્યાગ કરવો.

આ ૬ તપ બહાર દેખાવાથી બાહ્યતપ કહેવાય છે.

**અભ્યંતપ-૬ :**

૧. **પ્રાયશ્ચિત્ત**—ગુરુ પાસે પાપની આલોચના લેવી.

૨. **વિનય**—ગુરુ પ્રત્યે અનુકૂળ પ્રવૃત્તિ કરવી.

૩. **વૈયાવચ્ચ**—ગુરુની, સંયમી તપસ્વી વિગેરેની સેવાભક્તિ કરવી.

૪. **સ્વાધ્યાય**—ગુરુની આજ્ઞા મુજબ શાસ્ત્રોને ભણવા.

૫. **ધ્યાન**—યોગની એકાગ્રતા તથા યોગનો નિરોધ.

૬. **કાઉસ્સગ્ગ**—કાયાના વ્યાપારનો ત્યાગ કરી ધ્યાનમાં રહેવું.

## * ધ્યાનના પ્રકાર-૪

**ધર્મધ્યાન, શુક્લધ્યાન**—એ મોક્ષના કારણ છે.

**આર્તધ્યાન, રૌદ્રધ્યાન**—એ દુર્ગતિના કારણ છે.

**આર્તધ્યાનના પ્રકાર-૪ :** (૧) અપ્રિય વસ્તુના સંયોગથી એના વિયોગની ચિંતા.

(૨) વેદના-શરીરની પીડાથી છૂટવાની ચિંતા.

(૩) પ્રિય વસ્તુના વિયોગથી એની પ્રાપ્તિની ચિંતા.

(૪) પરલોકમાં ધર્મના ફળની ચિંતા.

**રૌદ્ર ધ્યાનના પ્રકાર-૪ :** (૧) હિંસા સંબંધી ચિંતન કરવું.

(૨) અસત્ય સંબંધી ચિંતન કરવું.

(૩) ચોરી સંબંધી ચિંતન કરવું.

(૪) વિષયોની રક્ષા માટે ચિંતન કરવું.

**ધર્મધ્યાનના પ્રકાર-૪ :** (૧) આજ્ઞા - વીતરાગ પ્રભુની આજ્ઞામાં બહુમાનનું ચિંતન.

(૨) અપાય-દોષોથી બચવા સન્માર્ગની ચિંતા.

(૩) વિપાક-કર્મના વિપાકના વિષયની ચિંતા.

(૪) સંસ્થાન-૧૪ રાજલોકના સ્વરૂપનું ચિંતન.

**શુક્લ ધ્યાનના પ્રકાર-૪ :** (૧) પૃથક્ત્વ વિતર્ક-સવિચાર

(૨) એકત્વ વિર્તક નિર્વિચાર. આ બે પ્રકારનાં ધ્યાન ૧૧-૧૨ મા ગુણસ્થાનકે રહેલા પૂર્વધર મુનિઓને હોય છે.

(૩) સૂક્ષ્મ ક્રિયાપ્રતિપાતિ. (૪) વ્યુપરત ક્રિયાનિવૃત્તિ. આ બે પ્રકાર ૧૩-૧૪ મા ગુણસ્થાનકે રહેલા કેવલીને હોય છે.

---

* ૧. આર્ત, ૨. રૌદ્ર, ૩. ધર્મ, ૪. શુક્લ.

આમાં બાહ્યતપ એ મુખ્ય ઇન્દ્રિયોના જય માટે છે. જ્યારે અભ્યંતર તપ મનને વશ કરવા માટે છે. બાહ્યતપ એ અભ્યંતર તપનો પોષક હોવો જોઈએ. દરેકે પોતાની શક્તિ અનુસાર તપમાં ઉદ્યમ કરવો જોઇએ.

## બંધ તત્ત્વ : ૪ ભેદ

**બંધ**—પ્રતિસમય દરેક સંસારી જીવ (મિથ્યાત્વ અવિરતિ-કષાય-યોગ) ચાર હેતુઓના સેવનથી **કાર્મણ વર્ગણા**ના પુદ્ગલને ગ્રહણ કરે છે. અને તે ગ્રહણ કરેલા કર્મપુદ્ગલો આત્માના પ્રદેશે પ્રદેશે ક્ષીર-નીરવત્ યા લોહ-અગ્નિની જેમ એકમેક થઇ જાય છે. આ ક્રિયાને **કર્મબંધ** કહેવાય છે. જે સમયે કર્મબંધ થાય છે, તે જ વખતે ચાર વસ્તુ નક્કી થાય છે.

૧. **પ્રકૃતિ**—કર્મનો સ્વભાવ નક્કી થવો તે.

૨. **સ્થિતિ**—જે કર્મ બાંધ્યું તે આત્માની જોડે કેટલા કાળ સુધી રહેશે નક્કી થવું તે.

૩. **રસ**—તીવ્ર કે મંદ ફળ આપવાની શક્તિનું નક્કી થવું. જેમ ચાર ઠાણીઓ, ત્રણ ઠાણીઓ વિગેરે.

વળી જેમ કષાયની **ઉગ્રતા** તેમ અશુભનો **મંદ** રસ, અને શુભનો તીવ્ર રસ બંધાય (શુભ પ્રકૃતિનો એક ઠાણીઓ રસ બંધાતો નથી.)

૪. **પ્રદેશ**—કર્મના અણુઓનો જથ્થો નક્કી થવો.

કર્મની મૂળ ૮ પ્રકૃતિ છે, તેના ઉત્તર ભેદ ૧૫૮ છે

| કર્મની પ્રકૃતિ | ઉત્તર ભેદ | આત્માના કયા સ્વભાવ-ગુણને ઢાંકે | કર્મ કોના જેવું? | સ્થિતિ | |
|---|---|---|---|---|---|
| | | | | ઉત્કૃષ્ટ | જઘન્ય |
| ૧ જ્ઞાનાવરણ | ૫ | અનંત જ્ઞાન | આંખે પાટા બાંધવા જેવું | ૩૦ કોડાકોડી સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૨ દર્શનાવરણ | ૯ | અનંત દર્શન | દ્વારપાલ જેવું | ,, | ,, |
| ૩ વેદનીય | ૨ | અવ્યાબાધ સુખ | મધના લેપવાળી તરવાર ચાટવા જેવું | ,, | ૧૨ મુહૂર્ત |
| ૪ મોહનીય | ૨૮ | અનંત ચરિત્ર | દારૂ પીવા જેવું | ૭૦ કોડાકોડી સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૫ આયુષ્ય | ૪ | અક્ષય સ્થિતિ | બેડી જેવું | ૩૩ સાગરોપમ | ,, |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ નામ | ૧૦૩ | અરૂપીપણું | ચિતારા જેવું | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૮ મુંહૂર્ત |
| ૭ ગોત્ર | ૨ | અગુરૂલઘુપણું | કુંભારના ઘડા જેવું | ૨૦ કોડાકોડી સાગરોપમ | ” |
| ૮ અંતરાય | ૫ | અનંત શક્તિ | ખજાનચી જેવું | ૩૦ કોડાકોડી સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૮ | ૧૫૮ | | | | |



## દરેક જીવ પ્રતિસમય આયુષ્ય વિના ૭ કર્મો બાંધે છે

કર્મ **બંધ**ની સાથે જ **ઉદય-ઉદીરણા-સત્તા** પણ સંકળાએલા છે. **બંધ** એ બીજ જેવું છે, બીજમાંથી સમય જતાં ફૂલ, ફળ થાય છે, તેમ કર્મ બંધ થયા પછી **ઉદય** (ફળ) વચ્ચે જે સમય છે, તેને **અબાધાકાળ** કહેવાય છે.

**અબાધાકાળ**—જે કર્મની જેટલા કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય, તેટલા સો વર્ષ (જેમ મોહનીય કર્મની ૭૦ કોડાકોડી સ્થિતિ તો અબાધાકાળ ૭૦ સો એટલે ૭૦૦૦ વર્ષનો) ગણાય.

**ઉદીરણા**—જેમ કાચી કેરીને ઘાસ આદિની ગરમીથી પાકી કરવામાં આવે છે, તેમ ઉદયકાળ પહેલા કર્મો ભોગવી લેવાય તે ઉદીરણા કહેવાય.

**સત્તા**—બેન્કના સેફ ડીપોઝીટની જેમ જે કર્મનો ઉદય કાળાંતરે થાય તે **પહેલાના કાળને** સત્તા કહેવાય.

જીવ પ્રદેશો સાથે કર્મ પુદ્‌ગલોનો થતો બંધ ૪ પ્રકારે છે.

૧ **સ્પૃષ્ટ** ( શિથિલ ) બંધ-સોંયના ઢગલામાંથી સોંય છૂટી પડે તેમ માત્ર પશ્ચાત્તાપથી **(પ્રસન્નચંદ્રજીની જેમ)** છૂટી જાય

૨ **બદ્ધ**—સોંયના પેક પેકેટમાંથી સોંય કાઢતા થોડો પ્રયત્ન કરવો પડે તેમ અલ્પ કષ્ટે ( **અઇમુત્તાની જેમ** ) આલોચનાથી છૂટી જાય.

૩ **નિધત્ત**—સોંયને કાટ કાઢવા સાધનની જરૂર પડે તેમ **તપ** આદિ અનુષ્ઠાન વડે ( **અર્જુનમાળીની જેમ** ) ઘણા કષ્ટે ક્ષય થાય.

૪ **નિકાચિત**—સોંય કટાઈને ગઠ્ઠો થયો હોય તેવો નિકાચિત બંધ ( **શ્રેણિક-કૃષ્ણની જેમ** ) અવશ્ય ભોગવવો પડે.

મુખ્યત્વે સ્થિતિ અને રસ બંધનો નિર્ણય **કષાયો** કરે છે.

**કષાયો** જેમ વધુ તેમ સ્થિતિ બંધ વધુ થાય. અને **કષાયો** જેમ ઓછા તેમ **સ્થિતિ** બંધ ઓછો થાય.

**કષાયની** જેમ તીવ્રતા તેમ અશુભ કર્મનો રસ વધુ અને શુભ કર્મનો રસ ઓછો.

**કષાયની** જેમ મંદતા તેમ શુભ **કર્મનો રસ** વધુ અને અશુભ કર્મનો રસ ઓછો.

લીમડાના સ્વાભાવિક રસને **એક ઠાણીઓ** કહેવાય, એજ રસને ઉકાળીને અડધો રાખીએ તો **બે ઠાણીઓ** કહેવાય. એજ રસને ઉકાળીને ⅓ ભાગ રાખીએ તો **ત્રણ ઠાણીઓ** કહેવાય, અને એજ રસને ¼ ભાગ રાખીએ તો **ચાર ઠાણીઓ** કહેવાય.

એ પ્રમાણે જીવના કષાયો મંદ, મંદતર તીવ્રતર, તીવ્રતમ સમજવા.

જો કર્મ **નિકાચિત** બંધાયું હોય તો કંઈ પણ ફેરફાર થઈ શકતો નથી પરંતુ જે **નિકાચિત** નથી તે ઉદયમાં આવે તે પહેલાં ફેરફાર થઈ શકે છે. તે માટે આઠ કરણ સમજવા જોઈએ અધ્યવસાયના બળને **કરણ** કહેવાય છે.

## કરણ–૮

૧ **બંધન કરણ**—કાર્મણ વર્ગણા આત્મ પ્રદેશ સાથે જોડાય તે.

૨ **નિધત્ત કરણ**—કર્મ ઢીલા બંધાયા હોય પણ પછી તેની પ્રશંસા કરવામાં આવે તો તે કર્મ નિધત્તપણાને પામે છે. જે કર્મ નિધત્ત અવસ્થાને પામે તેની સ્થિતિ અને રસ અધ્યવસાયો દ્વારા ઘટાડી શકાય પણ તેની ઉદીરણા કે સંક્રમણ થઈ શકે નહિ. માટે અશુભ કર્મ કર્યા પછી તે પાપની કદી પ્રશંસા કરવી નહિ.

૩ **નિકાચના કરણ**—કર્મ બાંધ્યા પછી અત્યંત ઉલ્લાસ આવે, રાજી થાય તેની વારંવાર પુષ્ટિ કરે તો એ કર્મ નિકાચિત બને છે. તેના ઉપર પછી બીજા કોઈ કરણની અસર થાય નહિ. સ્પૃષ્ટ—બદ્ધ—નિધત્તને નિકાચિત કરનારૂં નિકાચના કરણ.

૪ **ઉદ્વર્તના કરણ**—કર્મની સ્થિતિ અને રસ વધે તે ઉદ્વર્તના કરણ.

૫ **અપવર્તના કરણ**—કર્મની સ્થિતિ અને રસ ઘટે તે અપવર્તના કરણ.

અશુભ કર્મ ભોગવવાના કાળનું પ્રમાણ તથા તીવ્રતા નિર્ણીત હોવા છતાં આત્માના ઉચ્ચ કોટિના અધ્યવસાયો દ્વારા ન્યૂનતા કરી શકાય છે.

૬ **સંક્રમણ કરણ**—કર્મની પ્રકૃતિમાં પરિવર્તન થાય તે સંક્રમણ કરણ.

સંક્રમણ સજાતીય પ્રકૃતિમાં થાય છે, જેમ અશાતા વેદનીયનું શાતા વેદનીયમાં, અને સાતા વેદનીયનું અશાતા વેદનીય બને.

૭ **ઉદીરણા કરણ**—કર્મના ઉદયનો જે કાળ નિયત થયો હોય તે પહેલાં જે કર્મ ઉદયમાં આવે તે ઉદીરણા કહેવાય. જે કર્મો ઉદયમાં આવ્યા નથી તે કર્મોને વિશિષ્ટ અધ્યવસાય દ્વારા ઉદયમાં લાવવા. જેમ કાચા પપૈયાને મીઠાની કોઠીમાં તથા કેરીને ઘાસમાં રાખવાથી જલ્દી પાકે છે. તે રીતે કર્મ પણ પ્રયત્ન દ્વારા પહેલા ઉદયમાં લાવી શકાય છે.

૮ **ઉપશમના કરણ**—યોગ અને અધ્યવસાયના બળે કર્મો શાંત પડ્યા રહે એટલે ઉદય-ઉદીરણા ન થાય. જેમ અંગારા જલી રહ્યા હોય તેની ઉપર રાખ નાખીયે તો ઠંડા પડી જાય. આ હાલતમાં કર્મની ઉદ્વર્તનાને અપવર્તના તેમજ સંક્રમણ થઈ શકે છે.

જે કર્મો ઉદયાવલિકામાં પ્રવેશ પામી ચૂકયા હોય તેને કરણ ન લાગે. બીજા બધાને લાગે-જેમ આત્મા સમયે સમયે કર્મ ગ્રહણ કરે છે, એટલે બંધન કરણ ચાલુ છે, તે સમયે ઢીલા કર્મો મજબુત બને અને મજબુત વધારે મજબુત બને એટલે નિધત્ત અને નિકાચના થાય છે. કેટલાક કર્મોની સ્થિતિ અને રસમાં વધારો ઘટાડો થતો હોય એટલે ઉદ્વર્તના-અપવર્તના પણ ચાલુ હોય છે. તે વખતે કર્મની સજાતીય પ્રકૃતિઓ પલટાતી હોય એટલે સંક્રમણ પણ ચાલુ હોય, એ વખતે ઉદય કે ઉદીરણા પણ ચાલુ હોય છે, કેટલાક કર્મો શાંત થતા હોય છે એટલે ઉપશમના કરણ પણ હોય છે. જેમ એક યંત્રના બધા ભાગો સાથે કામ કરે છે તેમ કરણો કાર્યશીલ હોય છે.

## મોક્ષ તત્ત્વ

**મોક્ષ**—સર્વ કર્મના ક્ષયથી આત્માનું શુદ્ધ સ્વરૂપ થવું તે.

સંપૂર્ણ કર્મથી મુક્ત થયેલ જીવ એક જ સમયમાં **સિદ્ધશિલા** ઉપર લોકના અંતે પહોંચી જાય છે. ત્યાં બીજા અનંતા સિદ્ધના જીવો હોય છે.

સિદ્ધના જીવોને પાછું સંસારમાં આવવું પડતું નથી.

સિદ્ધના જીવો પ્રતિ સમય સર્વ પદાર્થોના ત્રણે કાળના પર્યાયોને જુવે છે અને જાણે છે. અને અનંત સુખમાં મહાલે છે.

સિદ્ધના જીવોને જન્મ, જરા, મરણુ, ભૂખ, તરસ, રોગ, ચિંતા દરિદ્રતા, કલેશ વગેરે કોઈપણુ દુઃખો કદિ પણુ ભોગવવાના નથી.

જન્મનું કારણુ કર્મ હતું, તેનો નાશ થવાથી હવે કદીય મોક્ષમાં ગયેલા જીવને જન્મ લેવો પડતો નથી.

મોક્ષ તત્ત્વની નવ (૯) દ્વારથી વિચારણુા કરવાની છે.

૧ **સત્પદ પ્રરૂપણુા**—મોક્ષ એ સત્ય વસ્તુ છે.સત્-વિદ્યમાન છે.

૨ **દ્રવ્ય દ્વાર**—મોક્ષના જીવોનો વિચાર, જેમ મોક્ષમાં જીવો પાંચમે અનંતે છે. વળી ઓછામાં ઓછા એક અને ઉત્કૃષ્ટા એક સાથે ૧૦૮ જીવો મોક્ષે જાય છે.

૩ **ક્ષેત્ર દ્વાર**—સિદ્ધના જીવો ૪૫ લાખ યોજનની સિદ્ધશિલા ઉપર લોકના અગ્ર ( ટોચ ) ભાગને સ્પર્શીને રહેલા છે. એક સિદ્ધ જેમ લોકના અસાંખ્યાતમાં ભાગમાં છે. તેમ સર્વ સિદ્ધો પણુ લોકના અસાંખ્યાતમાં ભાગમાં છે. સાંસારી જીવો જઘન્યથી ૨ હાથ અને ઉત્કૃષ્ટા ૫૦૦ ધનુષની કાયાવાલા મોક્ષે જાય છે. જ્યારે એ આત્મા મોક્ષે પામે ત્યારે જીવોની અવગાહના $\frac{૧}{૩}$ ભાગ ઘટી જાય છે. અર્થાત્ જઘન્યથી ૧ હાથ અને ૮ અંગુલ પ્રમાણુ અને ઉત્કૃષ્ટથી ૩૩૩$\frac{૧}{૩}$ ધનુષ્ય રહે છે.

એક જ સમયમાં જીવ લોકાંતે જઈ સ્થિર થાય છે. આગળ ધર્માસ્તિકાયનો અભાવ છે. તેથી અલોકમાં કોઈ જઈ શકતું નથી. લોકાકાશમાં જ છ દ્રવ્યો રહેલા છે.

**૪ સ્પર્શના દ્વાર** જ્યાં એક સિદ્ધ છે, ત્યાં અનંતા સિદ્ધો પણ રહેલા છે. એક બીજાને સ્પર્શીને રહ્યા છે. એક પરમાણુ લોકાકાશના એક પ્રદેશમાં અવગાહેલો છે. પણ તે છ દિશાના પ્રદેશોને સ્પર્શે છે, તેમ સિદ્ધના જીવો છ દિશાને સ્પર્શે છે.

**૫ કાલ દ્વાર**—એક સિદ્ધને આશ્રીને સાદિ અનંત અને સર્વ સિદ્ધને આશ્રીને અનાદિ અનંત કાળ સુધી સિદ્ધના જીવો મોક્ષમાં રહેવાના છે, ફરી કોઈ વખત સંસારમાં આવવાનાં નથી.

**૬ અન્તર દ્વાર**—એક બીજા વચ્ચે આંતરૂ નથી, વળી એક જીવ મોક્ષે ગયા પછી ઉત્કૃષ્ટ છ માસે અવશ્ય બીજો જીવ મોક્ષે જાય છે. એટલે જઘન્ય અંતર એક સમયનું અને ઉત્કૃષ્ટ અંતર છ માસનું હોય છે. હવે બીજો ભવ ગ્રહણ કરવાનો હોતો નથી. એટલે કાળ આશ્રયી અંતરનો અભાવ છે.

**૭ ભાગ દ્વાર**—સર્વ જીવોની અપેક્ષાએ સિદ્ધના જીવો અનંતમાં ભાગે જ છે. જ્યારે જ્યારે કેવલી ભગવંતને પૂછવામાં આવે કે કેટલા જીવો મોક્ષમાં ગયા તો એક જ જવાબ મળે કે એક નિગોદનો અનંતમો ભાગ મોક્ષે ગયો છે.

**૮ ભાવ દ્વાર**—ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમ, ઔદયિક, અને પારિણામિક આ પાંચ ભાવોમાંથી મોક્ષના જીવો **ક્ષાયિક** અને **પારિણામિક** બે ભાવે છે. બાકીના ત્રણ ભાવો કર્મ સાથે અપેક્ષિત છે. સિદ્ધોને કેવળ જ્ઞાન, કેવળ દર્શન ક્ષાયિક ભાવે છે. અને જીવત્વ પારિણામિક ભાવે છે.

૯ **અલ્પ બહુત્વ દ્વાર**—નપુંસક સૌથી થોડા મોક્ષે જાય છે.
સ્ત્રીઓ તેનાથી સંખ્યાત ગુણી મોક્ષે જાય છે.
પુરૂષો તેનાથી સંખ્યાત ગુણા મોક્ષે જાય છે.

## મૂળ ૧૪-માર્ગણાના ઉત્તર ભેદ ૬૨ છે

( ૧ ) **ગતિ—૪** નરક ગતિ, તિર્યંચ ગતિ, મનુષ્ય ગતિ, દેવ ગતિ.

( ૨ ) **ઈન્દ્રિય—૫** એકેન્દ્રિય, બેઈન્દ્રય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય.

( ૩ ) **કાય—૬** પૃથ્વી, અપ, તેઉ, વાયુ, વનસ્પતિ, ત્રસકાય

( ૪ ) **યોગ—૩** મનો યોગ, વચન યોગ, કાય યોગ.

( ૫ ) **વેદ—૩** પુરૂષ વેદ, સ્ત્રી વેદ, નપુંસક વેદ.

( ૬ ) **કષાય—૪** ક્રોધ, માન, માયા, લોભ.

( ૭ ) **જ્ઞાન—૫** મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવલજ્ઞાન.
**અજ્ઞાન—૩** મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન, વિભંગજ્ઞાન.

( ૮ ) **સંયમ—૭** સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર-વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત, દેશવિરતિ, અવિરતિ.

( ૯ ) **દર્શન—૪** ચક્ષુ દર્શન, અચક્ષુ દર્શન, અવધિ દર્શન, કેવળ દર્શન.

(૧૦) **લેશ્યા—૬** કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુકલ.

(૧૧) **ભવ્ય—૨** ભવ્ય, અભવ્ય.

(૧૨) **સમ્યક્ત્વ—૬** ક્ષાયોપશમિક, ઉપશમ, ક્ષાયિક, મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર.

(૧૩) **સંજ્ઞી—૨** સંજ્ઞી, અસંજ્ઞી.

(૧૪) **આહાર—૨** આહારી, અણાહારી.

ઉપરની માર્ગણાઓમાંથી મૂળ **દશમાંથી** જ મોક્ષ થાય છે.

**મનુષ્ય ગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસકાય, કેવળ-જ્ઞાન, યથાખ્યાત ચારિત્ર, કેવળ દર્શન, ભવ્ય, ક્ષાયિક સમ્યક્ત્વ, સંજ્ઞી, અનાહારી.**

**અકષાયી, અવેદી, અયોગી, અલેશી જીવો** મોક્ષે જાય છે.

## સમ્યક્ત્વ

જીવાદિ નવ પદાર્થોને જે જાણે છે, તેને સમ્યક્ત્વ હોય. તેવી રીતે ભાવથી શ્રદ્ધા રાખનારને પણ સમ્યક્ત્વ હોય છે. આમ નવ તત્ત્વોનું જ્ઞાન, અને તે ઉપરની શ્રદ્ધા એ બંને સમ્યક્ત્વને ઉત્પન્ન કરનાર છે.

સમ્યક્ત્વને ટકાવવા તાત્ત્વિક ભૂમિકાની જરૂર છે. આ ભૂમિકા છ સિદ્ધાંતોને સ્વીકારવાથી થાય છે.

**(૧) જીવ છે. (૨) જીવ નિત્ય છે. (૩) જીવ શુભાશુભ કર્મનો કર્તા છે. (૪) જીવ શુભાશુભ કર્મનો ભોક્તા છે. (૫) જીવ સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષ મેળવી શકે છે. (૬) મોક્ષનો ઉપાય સદ્ધર્મ છે.**

આ સમ્યકત્વ ગુણ પ્રગટ્યા વિના કોઈ ગુણ પ્રગટ થતો નથી, ધર્મનું આચરણ પણ યથાર્થ સ્વરૂપે થઇ શકતું નથી.

જ્ઞાન અને ચારિત્ર પણ મોક્ષ માર્ગના સાધક બની શકતા નથી. મોહનીય કર્મની ૬૯ કોડાકોડીની સ્થિતિથી કંઈ વધારે ખપે અને કંઈક ન્યૂન કોડાકોડી સ્થિતિ બાકી રહે ત્યારે જ સમકિત આત્માને સ્પર્શે છે. ત્યાર બાદ આત્મ ગુણનો ઉત્તરોત્તર વિકાસ થતાં જીવ સર્વ કર્મથી મુક્ત થઈ પરમાત્મ દશાને પામે છે. એ માટે આત્મ શુદ્ધિના—જીવન વિકાસના ૧૪ ગુણ-સ્થાનક છે. ગુણસ્થાનક એટલે આત્માના ગુણનું (જ્ઞાન–દર્શન–ચારિત્રનું) સ્થાન.

## ૧૪ ગુણસ્થાનક

૧ **મિથ્યાત્વ ગુણસ્થાનક**—આ અવસ્થામાં ગાઢ રાગ-દ્વેષના કારણે જીવને જીવનની સાચી દિશા સૂઝતી નથી. જેથી કરવાનું હોય તે ન કરે, અને ન કરવાનું હોય તે કરે છે. પણ કોઈ સદ્‌ગુરૂનો સત્સંગ થાય, અને રાગ–દ્વેષની ગ્રન્થીનો ભેદ થાય પછી અંત-ર્મુહૂર્તે સર્વ પ્રથમ જીવ ઉપશમ સમ્યકત્વ રૂપ ૪ થા ગુણસ્થાને સ્પર્શે છે. ( કોઈ જીવ ૫–૬–૭ ગુણસ્થાનને પણ પામે. )

૨ **સાસ્વાદન ગુણસ્થાનક** — ઉપશમ સમ્યકત્વ પામેલા જીવને કોઈ નિમિત્ત પામી પડે ત્યારે પહેલા મિથ્યાત્વે પહોંચતા જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકા માટે સમ્યકત્વનો સ્વાદ રહી જાય ત્યારે આ ગુણસ્થાનક આવે. ( આ ગુણસ્થાનક પડતાને જ હોય છે.

૩ **મિશ્ર ગુણસ્થાનક**—વીતરાગ કથિત ધર્મ પ્રતિ રૂચિ-અરૂચિ બંનેમાંથી એક પણ ન હોય, તેવી સ્થિતિ આ ગુણસ્થાને હોય છે. આવા પરિણામ અન્ત-મુંહૂર્તથી વધુ આત્મામાં ટકતા નથી. અહિં જીવ પરભવનું આયુષ્ય બાંધતો નથી, કે મરતો પણ નથી.

૪ **અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક**—સમ્યગ્ દર્શન પામેલો જીવ આ ગુણસ્થાનકે આવે છે. આ ગુણસ્થાનકે આયુષ્ય બંધાય તો દેવગતિનું જ બંધાય, આત્મશુદ્ધિનો વિકાસ અહીંથી શરૂ થાય છે. મોક્ષ પ્રાપ્તિ સુધી આત્માના વિકાસમાં આ ગુણસ્થાનક મહત્વનો ભાગ ભજવે છે. હેય (છોડવા જેવું) અને ઉપાદેય (સ્વીકારવા જેવું) માં જ્ઞાનીના વચનોમાં પૂર્ણ વિશ્વાસ જાગે છે. એક ભવમાં બે વાર અને ભવચક્રમાં ઔપશમિક સમ્યકત્વ પાંચ વાર, ક્ષાયોપશમિક અસંખ્યાતી વાર અને ક્ષાયિક સમ્યકત્વ એક જ વાર થાય છે.

ઔપશમિક સમ્યકત્વ-અંતર્મુહૂર્તથી વધારે વાર ન ટકે.

ક્ષાયોપશમિક સમ્યકત્વ-૬૬ સાગરોપમ સુધી ટકે છે.

ક્ષાયિક સમ્યકત્વ-સાદિ અનંત કાળ રહે.

૫ **દેશવિરતિ ગુણસ્થાનક**—સાવદ્ય પાપમય વ્યાપારોના સર્વ ત્યાગના લક્ષ્યને નજર સામે રાખી મર્યાદિત ત્યાગમાં આવે ત્યારે આ ગુણસ્થાનક પામે છે.

**૬ પ્રમત સંયત**—સાંસારિક બંધનોથી છૂટી સર્વ સાવદ્ય-પાપમય વ્યાપારોના ત્યાગની પ્રતિજ્ઞા દ્વારા સંયમ માર્ગની આરાધના કરતો જીવ આ ગુણસ્થાનકે હોય છે.

**૭ અપ્રમત્ત સંયત** - સંયમ માર્ગની સર્વોત્તમ સાધના સાથે આત્મામાં ( સ્વગુણમાં ) રમતો જીવ આ ગુણસ્થાને હોય છે. આ (૬–૭) બંને ગુણસ્થાનકમાં જીવ દેશોન- પૂર્વકોટિ કાળ (ક્રોડ પૂર્વ) સુધી રહે છે.

**૮ અપૂર્વ કરણ**—અપૂર્વ અધ્યવસાયના બળે ચારિત્ર મોહનીય કર્મના ઉપશમ કે ક્ષય માટે અહિંથી ઉપશમ શ્રેણી કે ક્ષપક શ્રેણિનો પ્રારંભ થાય છે.

ઉપશમ શ્રેણિ કરનાર જીવ ઉપશમ સમકિતી યા ક્ષાયિક સમકિતી હોય છે. જ્યારે ક્ષપક શ્રેણિ કરનાર નિયમા ક્ષાયિક સમકિતી હોય છે.

**ઉપશમ શ્રેણિ**—કરનાર ૮–૯–૧૦મેથી ૧૧મે ગુણ-સ્થાનકે જાય છે.

**ક્ષપક શ્રેણિ**—કરનાર ૮–૯–૧૦મેથી ૧૨મે ગુણસ્થાનકે જાય છે.

ઉપશમ શ્રેણિમાં નિયમા પતન બે પ્રકારે થાય છે.

(૧) આયુષ્ય પૂર્ણક્ષયે—**(ભવક્ષયે)**, (૨) ગુણસ્થાનકનો કાળપૂર્ણ થયે ( **કાળક્ષયે** ).

( ૧ ) **ભવક્ષયે**—અનુત્તર વૈમાનિકમાં જાય.

( ૨ ) **કાળક્ષયે**—જેમ ચઢ્યો હોય તેમ નીચે ઉતરે. યાવત્ પહેલે મિથ્યાત્વ ગુણઠાણે પણ જાય.

૯ **અનિવૃત્તિ બાદર સંપરાય**—ચારિત્ર મોહનીયની (સંજવલન લોભ સિવાય) સર્વ પ્રકૃતિનો અહીં ઉપશમ અથવા ક્ષય થાય છે.

૧૦ **સૂક્ષ્મ સંપરાય**—સંજવલન લોભનો અહીં ઉપશમ અથવા ક્ષય થાય છે

૧૧ **ઉપશાંત મોહ**—ચારિત્ર મોહનીયની સર્વ પ્રકૃતિઓ અહીં ઉપશાંત હોય છે. આ ગુણસ્થાનકથી નિયમા જીવ પાછો પડે છે.

૧૨ **ક્ષીણ મોહ**—મોહનીયની સર્વ પ્રકૃતિઓ અહીં ક્ષય થાય છે. અંતર્મુહૂર્ત રહી શેષ ત્રણ ઘાતી કર્મનો ક્ષય કરી આગળ વધે છે.

૧૩ **સયોગી**—કેવળ જ્ઞાન, કેવળ દર્શન, અનંત ચારિત્ર, અનંત વીર્ય આ ચાર આત્મગુણો અહીં પ્રગટ થાય છે.

પૂર્વના ત્રીજા ભવે જેમણે તીર્થંકર નામ કર્મ નિકાચિત કર્યું છે, તેઓ સમવસરણમાં બિરાજી ચતુર્વિધ સંઘની સ્થાપના રૂપ તીર્થની સ્થાપના કરી સંસારના જીવોને મોક્ષનો મહામાર્ગ બતાવે છે. આયુષ્ય વિના બાકીના ત્રણ (નામ–ગોત્ર–વેદનીય) અઘાતી કર્મની સ્થિતિ જેમને વધારે હોય તે કેવલી ભગવંતો કેવલી સમુદ્‌ઘાત કરે છે. છેલ્લા અંતર્મુહૂર્તે બાદર-સૂક્ષ્મ યોગનો નિરોધ કરી અયોગી ૧૪માં ગુણસ્થાને જાય છે.

૧૪ **અયોગી કેવલી**—મેરૂ જેવી નિષ્કંપ અવસ્થામાં રહેલ આત્મા ૫ હ્રસ્વ સ્વર (અ–ઈ–ઉ–ઋ–લૃ) પ્રમાણ કાળ રહી અઘાતી ચારે કર્મનો ક્ષય કરી નિર્વાણ પદને પામે છે.

શ્રી જિનેશ્વર ભગવંતે કહેલ વચનો અસત્ય ન જ હોય, એવો જેણે નિર્ણય હોય તેનું સમ્યકત્વ નિશ્ચલ સમજવું. જેમણે સમ્યકત્વ સ્પર્શ્યું તેનો સંસાર અર્ધ પુદ્ગલ પરાવર્ત જેટલો જ બાકી રહે છે. અનંત ઉત્સર્પિણી અવસર્પિણીનો પુદ્ગલ પરાવર્ત કાળ કહેવાય. તેવા અનંતા પુદ્ગલ પરાવર્તો ભૂતકાળમાં થયા તેથી અનંત પુદ્ગલ પરાવર્તો ભવિષ્યકાળમાં થશે.

## સિદ્ધના પંદર ભેદો

જીવો મોક્ષમાં કઈ અવસ્થામાં કેવી રીતે જાય, તે માટે પંદર ભેદ જાણવા.

૧. **જિન સિદ્ધ** :—તીર્થંકર થઈને મોક્ષે જાય. જેમ ઋષભદેવ.

૨. **અજિન સિદ્ધ** :—તીર્થંકર પદ પામ્યા વિના સામાન્ય કેવલી થઈ મોક્ષે જાય. જેમ ગણધર ભગવંતો.

૩. **તીર્થ સિદ્ધ** :—તીર્થ ચાલુ હોય ત્યારે જાય. જેમ જંબુસ્વામી.

૪. **અતીર્થ સિદ્ધ** :—તીર્થની સ્થાપના પૂર્વે અથવા તીર્થના વિચ્છેદ પછી મોક્ષે જાય. તે જેમ મરૂદેવા માતા.

૫. **ગૃહસ્થ સિદ્ધ** :— ગૃહસ્થપણામાં મોક્ષે જાય. જેમ ભરત ચક્રવર્તિ.

૬. **અન્યલિંગ સિદ્ધ** :—તાપસાદિ વેશમાં મોક્ષે જાય. તે જેમ વલ્કલચીરી.

૭. **સ્વલિંગ સિદ્ધ** :—સાધુ વેશમાં મોક્ષે જાય. તે જેમ પ્રસન્નચંદ્ર રાજર્ષિ.

૮. **સ્ત્રીલિંગ સિદ્ધ** :—સ્ત્રી મોક્ષે જાય. તે જેમ ચંદનબાળા.

૯. **પુરુષલિંગ સિદ્ધ** :—પુરૂષ મોક્ષે જાય. તે જેમ ગૌતમસ્વામી.

૧૦. **નપુંસકલિંગ સિદ્ધ** :—નપુંસક મોક્ષે જાય. તે જેમ ગાંગેય.

૧૧. **પ્રત્યેકબુદ્ધ સિદ્ધ** :—કોઈ નિમિત્તથી બોધ પામે. તે જેમ કરકંડુ.

૧૨. **સ્વયંબુદ્ધ સિદ્ધ** :—પોતાની જાતે બોધ પામે. તે જેમ કપિલ.

૧૩. **બુદ્ધબોધિત સિદ્ધ** :—બીજાના ઉપદેશથી મોક્ષે જાય. તે વાયુભૂતિ.

૧૪. **એક સિદ્ધ** :—એક સમયે એક મોક્ષે જાય. જેમ શ્રી મહાવીર સ્વામી.

૧૫. **અનેક સિદ્ધ** :—એક સમયે અનેક મોક્ષે જાય. જેમ શ્રી ઋષભદેવ.

એક સમયે વધુમાં વધુ ૧૦૮ જીવો મોક્ષે જાય.

**॥ ઇતિ શ્રી નવતત્ત્વ સંપૂર્ણ ॥**

# दंडक प्रकरण

**જીવ વિચારમાં** જીવોનું સ્વરૂપ, અને **નવતત્ત્વમાં** આખા વિશ્વનું **તત્ત્વજ્ઞાન** આવે છે, હવે **દંડક પ્રકરણમાં** જીવ તત્ત્વના ગુણો-સ્વભાવો-શક્તિ વગેરે ઉપયોગી સંગ્રહ બાળજીવોને સરળતાથી સમજાવ્યો છે.

પૂજ્ય આગમ ગ્રન્થોમાં વિસ્તારથી ઘણા પદાર્થો બતાવ્યા છે. પ્રાથમિક વિદ્યાર્થી આગળ મોટા ગ્રન્થોના વિષયમાં સહેલાયથી પ્રવેશ કરી શકે એ માટે જગતના તમામ સજીવ પદાર્થોનો **૨૪ દંડકોમાં** સંગ્રહ કર્યો છે.

કયા જીવમાં કયા કયા ગુણો-શક્તિઓ છે, તે જાણવા માટેનું આ પદ્ધતિસરનું **પદાર્થ વિજ્ઞાન** છે.

**મંગલાચરણ**—શરૂમાં ૨૪ તીર્થંકર ભગવંતોને નમસ્કાર કરીને **૨૪ દંડકો દ્વારા** સંક્ષેપથી **૨૪ દ્વારોનો** સંગ્રહ કર્યો છે.

## ૨૪–દંડકો

સાત નારકનો–૧, દશ ભુવનપતિના—૧૦, પાંચ સ્થાવરોના—૫, વિગલેન્દ્રિયના—૩, ગર્ભજ તિર્યંચનો—૧, ગર્ભજ મનુષ્યનો—૧, વ્યંતર—૧, જ્યોતિષી—૧, વૈમાનિક—૧ = **૨૪ દંડક.**

## ૨૪—દ્વારો

**૧ લું શરીર દ્વાર—**

(૧) **ઔદારિક**—દેવો અને નારક સિવાયના તમામ જીવોનો હોય છે.

**(૨) વૈક્રિય**—નાનું-મોટું, દશ્ય-અદશ્ય થાય.

(૧) દેવ—નારકને—ભવપ્રત્યયિક હોય.

(૨) લબ્ધિવાળા તિર્યંચ મનુષ્યને—
લબ્ધિપ્રત્યયિક હોય.

**(૩) આહારક**—આ શરીર લબ્ધિવાળા ચૌદ પૂર્વધારી મુનિ મહાત્માઓ બનાવે છે.

આ શરીર રચવાનું પ્રયોજન-પૂર્વધર પુરૂષો કોઇ સંશય પડે, કે શ્રી તીર્થંકર ભગવંતોની સમવસરણાદિ ઋદ્ધિ જોવા, દૂર કે નજીક વિચરતા કેવલી ભગવંતો પાસે મોકલવા માટે (મુઠી વાળેલા) એક હાથ જેવડું બનાવી મોકલે છે. ત્યાં વંદનાદિ કરી પાછું આવે છે. અને તેના આત્મ પ્રદેશો મૂળ ઔદારિક શરીરમાં દાખલ થતાં તરત જ વીખરાઈ જાય છે. આ શરીર આખા સંસારચક્રમાં ૪ વાર જ કરી શકાય છે.

**(૪) તેજસ શરીર**—શરીરમાં કે જઠરમાં જે ગરમી જણાય છે તે તેજસ શરીર. આ શરીર દ્વારા બીજાને ક્રોધથી શાપ આપી બાળી શકાય છે. અથવા અનુગ્રહ બુદ્ધિથી બળતા પદાર્થોને ઠંડક આપી બુઝાવી શકાય છે. તેને **તેજો લેશ્યાની** લબ્ધિ, તથા **શીત લેશ્યાની** લબ્ધિ કહેવાય છે.

**(૫) કાર્મણ શરીર** — જીવ દરેક સમયે કાર્મણ વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરી આત્મા સાથે બાંધે છે. તેને **કર્મબંધ** કહેવાય છે. આત્મા વડે ગ્રહણ કરાતા પુદ્ગલોની આઠે કર્મપણે વહેંચણી થવાથી તેને **કાર્મણ** શરીર કહેવાય છે. આ શરીર આત્મા સાથે અનાદિ કાળથી

જોડાયલું છે. આ શરીર હોય ત્યાં સુધી કર્મબંધ થાય છે. પરભવમાં તેજસ-કાર્મણ બે શરીરો સાથે જ રહે છે. આ બે શરીરોની મદદથી જ ઉત્પન્ન થતાં પ્રથમ સમયે જીવ આહાર ગ્રહણ કરે છે.

**૨ જું અવગાહના દ્વાર**—શરીરની લંબાઈ, ઊંચાઈ, ઉત્કૃષ્ટ-જઘન્ય એમ બે પ્રકારે છે.

**૩ જું સંઘયણ દ્વાર**—હાડકાનો બાંધો તે છ પ્રકારે હોય છે.

**(૧) વજ્ર રૂષભ નારાચ**—વજ્ર=ખીલો, રૂષભ=પાટો, નારાચ=બે બાજુ, મર્કટ બંધ=એટલે વાંદરીને બચ્ચુ વળગી રહે તેના જેવો બાંધો તે મર્કટ બંધ, ઉપર પાટો તેના ઉપર ખીલો. તેના જેવી મજબુતી થાય, તેવો હાડકાનો બાંધો તે વજ્ર રૂષભ નારાચ સંઘયણ કહેવાય.

**(૨) ઋષભ નારાચ**—બે બાજુ મર્કટ બંધ ઉપર પાટો હોય એવો હાડકાનો બાંધો.

**(૩) નારાચ**—બે બાજુ માત્ર મર્કટ બંધ વાળો હાડકાનો બાંધો.

**(૪) અર્ધનારાચ** — એક બાજુ મર્કટ બંધવાલો હાડકાનો બાંધો.

**(૫) કીલિકા**—મર્કટ બંધ વિનાના સાંધા ઉપર ખીલો હોય.

**(૬) છેવટ્ઠું**—બે છેડે ખાંડણીમાં રાખેલા મુશળની પેઠે એક છેડાની ખોભણમાં બીજા છેડાનો ભાગ સ્પર્શીને રહેલ હોય, જેથી પડી જતાં ખોભણમાંથી નીકળી ગયેલા હાડકાને "હાડકું ઉતરી ગયું" એમ કહેવાય છે.

**૪ થું સંજ્ઞા દ્વાર**—૪-૬-૧૦-૧૬ છે.

( 1 ) આહાર, ( 2 ) ભય, ( 3 ) મૈથુન, ( 4 ) પરિગ્રહ, ( 5 ) ઓઘ-( પૂર્વ સંસ્કાર ), ( 6 ) લોક-લૌકિક કલ્પના ( જેમ કુતરા યમને દેખે છે. ( 7-8-9-10 ) ક્રોધ, માન, માયા, લોભ. ( 11 ) **મોહ**, ( 12 ) **ધર્મ**, ( 13 ) **સુખ**, ( 14 ) **દુઃખ**, ( 15 ) **જુગુપ્સા**, ( 16 ) **શોક**.

**દેવને**—મુખ્ય **પરિગ્રહ** અને **લોભ** સંજ્ઞા હોય છે.

**નારકને**—મુખ્ય **ભય** સંજ્ઞા અને **ક્રોધ** સંજ્ઞા હોય છે.

**તિર્યંચને**—મુખ્ય **આહાર** તથા **માયા** સંજ્ઞા હોય છે.

**મનુષ્યને**—મુખ્ય **મૈથુન** સંજ્ઞા તથા **માન** સંજ્ઞા હોય છે.

**૫ મું સંસ્થાન દ્વાર**—સામુદ્રિક-શાસ્ત્ર મુજબ, પ્રમાણ યુક્ત યા પ્રમાણ રહિત શરીરનો આકાર તે સંસ્થાન કહેવાય છે.

**(૧) સમચતુરસ્ર**—શરીરના સર્વ અવયવો પ્રમાણસર હોય, પર્યંકાસને બેઠેલા મનુષ્યના ડાબા ઢીંચણથી જમણો ખભો, જમણા ઢીંચણથી ડાબો ખભો, ડાબા ઢીંચણથી જમણો ઢીંચણ, મધ્યભાગથી નાસિકાનો અગ્રભાગે, આ સંઘયણવાળો પુરૂષ પોતાના અંગુલથી ૧૦૮ અંગુલ ઉંચો હોય.

**(૨) ન્યગ્રોધ**—વડ વૃક્ષની પેઠે નાભિથી ઉપરના અવયવો પ્રમાણ યુક્ત હોય. નીચેના અવયવો પ્રમાણ રહિત હોય.

**(૩) સાદિ**—પગથી નાભિ સુધીનો પ્રમાણ યુક્ત હોય, ઉપરનો અડધો ભાગ પ્રમાણ રહિત હોય તે.

(૪) **વામન**—મસ્તક-ગ્રીવા-હાથ-પગ એ ચાર પ્રમાણ યુક્ત હોય, અને શેષ (પીઠ-ઉદર-છાતી) પ્રમાણ રહિત હોય.

(૫) **કુબ્જ**—વામનથી વિપરીત મસ્તકાદિ પ્રમાણ રહિત, અને પીઠ વિગેરે શેષ અવયવો પ્રમાણ યુક્ત હોય.

(૬) **હુંડક**—સર્વ અવયવો પ્રમાણ રહિત હોય.

૬ ઠું **કષાય દ્વાર**—ક્રોધ, માન, માયા, લોભ એ ચાર છે.

૭ મું **લેશ્યા દ્વાર**—પ્રાણી માત્રના (લાગણી) સ્વભાવનું જન્મથી બંધારણ હોય છે, આવા સ્વભાવના બંધારણને **લેશ્યા** કહે છે. (૧) કૃષ્ણ, (૨) નીલ, (૩) કાપોત, (૪) તેજો, (૫) પદ્મ, (૬) શુકલ.

૮ મું **ઈન્દ્રિયો દ્વાર**—આત્માની **ચૈતન્ય** શક્તિ છદ્મસ્થ જીવો ઈન્દ્રિયો દ્વારા જ જાણી શકે છે. (૧) એકેન્દ્રિય, (૨) બેઈન્દ્રિય, (૩) તેઈન્દ્રિય, (૪) ચઉરિન્દ્રિય, (૫)પંચેન્દ્રિય.

૯ મું **સમુદ્ઘાત** દ્વાર—જીવ સમુદ્ઘાત અને અજીવ સમુદ્ઘાત એમ સમુદ્ઘાત બે પ્રકારે છે.

**અજીવ સમુદ્ઘાત**—કોઈ અનંત પ્રદેશી સ્કંધ તથાવિધ વિશ્રસા પરિણામ વડે ૪ સમયમાં લોકાકાશમાં વ્યાપ્ત થઈ બીજા ૪ સમયમાં મૂળ અવસ્થાવાળો થાય તે **અજીવ સમુદ્ઘાત.**

**જીવ સમુદ્ઘાત**—આત્મ પ્રદેશો બહાર નીકળી કર્મની ઉદીરણા કરે તે.

(૧) **વેદના સમુદ્ઘાત**—વેદના વડે વ્યાકુલ થયેલ આત્મા, પોતાના કેટલાક આત્મ પ્રદેશ બહાર કાઢી, ઉદીરણા કરણ વડે ઘણા કર્મ પ્રદેશો ઉદયમાં આણી વિનાશ પમાડે તે.

(૨) **કષાય સમુદ્ઘાત**—કષાય વડે વ્યાકુલ થયેલ આત્મા ઉદીરણા વડે કષાય મોહનીય કર્મના કર્મ પુદ્ગલો ઉદયમાં લાવી વિનાશ પમાડે છે. અને ઘણા નવા કર્મ પ્રદેશો બાંધે પણ છે.

(૩) **મરણ સમુદ્ઘાત**—મરણ વખતે વ્યાકુલ થયેલો મરણથી અંતર્મુહૂર્ત પહેલાં આત્મ પ્રદેશોને બહાર કાઢી જ્યાં ઉત્પન્ન થવાનો છે, તે સ્થાન સુધી લંબાવી, અંતર્મુહૂર્ત સુધી તેવી જ અવસ્થાએ રહી મરણ પામે છે. એ અવસ્થામાં આયુષ્ય કર્મના ઘણા પુદ્ગલોને ઉદીરણા વડે ઉદયમાં લાવી વિનાશ પમાડે છે. અહીં નવીન કર્મગ્રહણ નથી.

(૪) **વૈક્રિય સમુદ્ઘાત**—વૈક્રિય લબ્ધિવાળો આત્મા પોતાના આત્મ પ્રદેશોને બહાર કાઢી વૈક્રિય નામ કર્મના પ્રદેશોને ઉદીરણા વડે ઉદયમાં લાવી વિનાશ કરવા સાથે રચવા ધારેલા વૈક્રિય શરીર યોગ્ય વૈક્રિય પુદ્ગલો ગ્રહણ કરી વૈક્રિય શરીર બનાવે છે તે પ્રસંગે આ સમુદ્ઘાત હોય છે.

(૫) **તેજસ સમુદ્ઘાત**—તેજો લેશ્યાની લબ્ધિવાળો આત્મા પોતાના આત્મ પ્રદેશોને શરીર બહાર કાઢી પૂર્વોપાર્જિત તેજસ નામ કર્મના પ્રદેશોને ઉદીરણા વડે ઉદયમાં લાવી નિર્જરવા સાથે તેજસ પુદ્ગલોને ગ્રહણ કરી તેજો લેશ્યા અથવા શીત લેશ્યા મૂકે છે તે પ્રસંગે હોય છે.

(૬) **આહારક સમુદ્ઘાત**—આહારક લબ્ધિવાલા ચૌદ પૂર્વધર મુનિ મહાત્મા શ્રી જિનેશ્વરની સમવસરણાદિ ઋદ્ધિ

દર્શન અથવા શ્રુત-જ્ઞાનમાં ઉપજેલા સંદેહનું નિવારણ માટે પોતાના આત્મ-પ્રદેશો બહાર કાઢી પૂર્વોપાર્જિત આહારક નામ કર્મના પુદ્ગલો ઉદીરણા વડે ઉદયમાં લાવી નિર્જરવા સાથે આહારક પુદ્ગલો ગ્રહણ કરી **આહારક** શરીર બનાવવાના પ્રસંગે આ સમુદ્ઘાત કરે છે.

**(૭) કેવલિ સમુદ્ઘાત**—કેવલિ ભગવંતને નામ-ગોત્ર અને વેદનીય એ ૩ કર્મની સ્થિતિ આયુષ્ય કર્મની સ્થિતિથી વધુ બાકી રહે તો તે ત્રણેય કર્મની સ્થિતિઓને આયુષ્ય કર્મની જેટલી સ્થિતિવાળી બનાવવા આત્મ-પ્રદેશોને બહાર કાઢી **૧ લે સમયે** ૧૪ રજ્જુ પ્રમાણ ઉંચો અને સ્વદેહ પ્રમાણ જાડો આત્મ-પ્રદેશોનો દંડાકાર રચી, **૨ જે સમયે** કપાટ આકાર બનાવી, **૩ જે સમયે** લોકાંત સુધી બીજો કપાટ આકાર બનાવવા પૂર્વક રવૈયા (મંથાન) આકાર બનાવી, **૪ થા સમયે** ચાર આંતરા પૂરી તે કેવલી ભગવંતનો આત્મા સંપૂર્ણ લોકાકાશમાં વ્યાપ્ત થઈ જાય છે. બાદ **૫ મા સમયે** આંતરાના આત્મ પ્રદેશો સંહરી **૬ થા સમયે** મંથાનની બે પાંખના આત્મ પ્રદેશો સંહરી **૭ માં સમયે** કપાટ સંહરી **૮ માં સમયે** દંડ સંહરી પૂર્વવત સંપૂર્ણ દેહસ્થ થાય તે **કેવલિ સમુદ્ઘાત** આમાં પૂર્વોક્ત ૩ કર્મનો અપવર્તનાથી નાશ થાય છે.

**કાળ**—કેવલિ સમુદ્ઘાતનો ૮ સમય અને બાકીના સમુદ્ઘાતનો અંતર્મુહૂર્ત કાળ હોય છે.

**કષાય** સમુદ્ઘાતમાં—નવા કર્મ ઘણાં જ ગ્રહણ થાય છે, તેના પ્રમાણમાં જુનાં ઓછા ખપે છે.

**વેદના-મરણ-કેવલિ** સમુદ્દ્ઘાતમાં—પૂર્વના કર્મોનો નાશ થાય છે, પરંતુ નવા કર્મ ગ્રહણ કરાતાં નથી.

**વૈક્રિય-આહારક-તેજસ** સમુદ્દ્ઘાતમાં—પૂર્વ કર્મનો નાશ થાય છે, નવા કર્મો ગ્રહણ થતા નથી.

**વેદના-કષાય-મરણ**—ઈરાદા પૂર્વક કરી શકાતા નથી.

**વૈક્રિય-આહારક તેજસ**—તે તે શરીર રચનારને, તે તે શરીર રચતી વખતે અવશ્ય હોય જ.

**૧૦ મું દષ્ટિ દ્વાર—(૧) મિથ્યાદષ્ટિ** – મિથ્યાત્વ મોહનીયના ઉદયથી સત્ ને અસત્ જાણે અને અસતને સત જાણે ધર્મ ને અધર્મ જાણે અને અધર્મને ધર્મ જાણે તે મિથ્યાદષ્ટિ.

**(૨) સમ્યગ્દષ્ટિ**—મિથ્યાત્વ મોહનીયના ઉપશમથી, ક્ષયોપશમથી અને ક્ષયથી ખરો ખ્યાલ કરે સત્ ને સત્ અને અસત્ ને અસત્ એટલે વસ્તુ જેવા સ્વરૂપે હોય તેવા સ્વરૂપે સમજે તે સમ્યગ્દષ્ટિ.

**(૩) મિશ્રદષ્ટિ** — મિશ્ર મોહનીય કર્મના ઉદયથી સર્વજ્ઞ ભગવંતે કહેલા તત્ત્વ, પ્રત્યે રૂચિ નહિ, તેમ અરૂચિ પણ નહિ તે મિશ્રદષ્ટિ.

**૧૧ મું દર્શન દ્વાર**-પદાર્થોમાં રહેલા સામાન્ય-વિશેષ બંને ધર્મમાંથી ફક્ત સામાન્ય ધર્મને જાણવાની શક્તિ તે દર્શન.

(૧) **ચક્ષુ દર્શન** — ચક્ષુથી સામાન્ય ધર્મને જોવાની શક્તિ.

(૨) **અચક્ષુ દર્શન** — ચક્ષુ સિવાય ઈન્દ્રિયો અને મનથી સામાન્ય ધર્મને જાણવાની શક્તિ.

(૩) **અવધિ દર્શન**—અવધિ જ્ઞાન વડે રૂપી પદાર્થોમાં રહેલા સામાન્ય ધર્મને જાણવાની આત્મામાં રહેલી શક્તિ.

(૪) **કેવલ દર્શન** — સકલ પદાર્થોમાં રહેલા સામાન્ય ધર્મને જાણવાની શક્તિ તે.

**૧૨ મું જ્ઞાન દ્વાર**—પદાર્થોમાં રહેલા સામાન્ય-વિશેષ એ બે ધર્મમાંથી વિશેષ ધર્મ જાણવાની શક્તિ તે.

( ૧ ) **મતિજ્ઞાન**—મન અને ઈન્દ્રિયોના નિમિત્તથી થાય તે **મતિજ્ઞાન.**

( ૨ ) **શ્રુત જ્ઞાન**—શબ્દ ઉપરથી અર્થનો અને અર્થ ઉપરથી શબ્દનો સંબંધ જાણવાની શક્તિ તે **શ્રુત જ્ઞાન.**

( ૩ ) **અવધિ જ્ઞાન**—રૂપી પદાર્થોમાં રહેલા વિશેષ ધર્મને ઈન્દ્રિઓના નિમિત્ત વિના સાક્ષાત્ આત્માથી જાણે તે **અવધિ જ્ઞાન.**

( ૪ ) **મનઃપર્યવ જ્ઞાન**—અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી જીવોના મનોગત ભાવ આત્મા દ્વારા જાણે તે **મનઃપર્યવ જ્ઞાન.**

( ૫ ) **કેવલ જ્ઞાન**—સર્વ પદાર્થોમાં રહેલા સર્વ ધર્મોનું સાક્ષાત્ આત્મા દ્વારા સંપૂર્ણ જ્ઞાન થાય તે **કેવલ જ્ઞાન.**

**૧૩ મું અજ્ઞાન દ્વાર**—વિપરીત જ્ઞાન તે અજ્ઞાન, ઉલટું સમજાય.

( ૧ ) **મતિ અજ્ઞાન,** ( ૨ ) શ્રુત અજ્ઞાન, ( ૩ ) વિભંગ જ્ઞાન. જેમ-દ્વીપ-સમુદ્ર અસંખ્યાત છે, પરંતુ શિવરાજર્ષિ નામના ઋષિને ૭ દ્વીપ અને ૭ સમુદ્ર જેટલું અવધિ જ્ઞાન થતાં આટલા જ છે, અધિક નથી, એવી શ્રદ્ધા થવાથી વિભંગ જ્ઞાન ગણાયું. ત્યાર બાદ ભગવંતના વચનથી અસંખ્ય દ્વીપ-સમુદ્રની શ્રદ્ધા થઈ. ત્યારે તે અવધિ જ્ઞાન તરીકે ગણાયું.

**૧૪ મું યોગ દ્વાર**—મનોયોગ-૪, વચન યોગ-૪, કાય યોગ-૭ = ૧૫ યોગ.

૧ **સત્ય મનોયોગ**—જે વસ્તુ જે રીતે હોય તે રીતે વિચારવી. જેમ સુદેવ-સુગુરૂ સુધર્મને વિચારવો.

૨ **અસત્ય મનોયોગ**—સત્ય વસ્તુથી વિરૂદ્ધ વિચારવું, અધર્મને ધર્મ માને.

૩ **સત્ય મૃષા મનોયોગ**—(મિશ્ર) કંઈક સત્ય અને કંઈક અસત્ય વિચારવું, આંબાના ઘણા ઝાડ વાળા વનને આંબાનું વન કહેવું.

૪ **અસત્ય અમૃષા**—વ્યવહારથી સાચું કે ખોટું ન કહેવાય. જેમ "આવો, બેસો."

૪ **પ્રકારે વચન યોગ**—ઉપર પ્રમાણે.

૧ **ઔદારિક કાયયોગ**—ઔદારિક શરીરનો પ્રવર્તતો વ્યાપાર.

૨ **ઔદારિક મિશ્ર કાયયોગ**—ઔદારિક સાથે કાર્મણનો મિશ્ર વ્યાપાર.

૩ **વૈક્રિય કાયયોગ**—વૈક્રિય શરીરનો પ્રવર્તતો વ્યાપાર.

૪ **વૈક્રિય મિશ્ર કાયયોગ**—વૈક્રિય સાથે કાર્મણનો મિશ્ર વ્યાપાર.

૫ **આહારક કાયયોગ**—આહારક શરીરનો પ્રવર્તતો વ્યાપાર.

૬ **આહારક મિશ્ર કાયયોગ**—આહારક સાથે ઔદારિકનો મિશ્ર વ્યાપાર.

૭ **કાર્મણ કાયયોગ**—કાર્મણ અને તેજસ શરીરનો મિશ્ર વ્યાપાર.

**૧૫ મું ઉપયોગ દ્વાર**— ૮ પ્રકારે સાકારોપયોગ
( જ્ઞાન ૫ + ૩ અજ્ઞાન )
૪ પ્રકારે-નિરાકારોપયોગ
( દર્શન-૪ )

---

૧૨

**૧૬ મું ઉપપાત દ્વાર**—કયા દંડકમાં ૧ સમયમાં કેટલા જીવો ઉત્પન્ન થાય.

**૧૭ મું ચ્યવન દ્વાર**—કયા દંડકમાંથી ૧ સમયમાં કેટલા જીવો મરે.

**૧૮ મું સ્થિતિ દ્વાર**—૧ જઘન્યથી કેટલું આયુષ્ય.
૨ ઉત્કૃષ્ટથી–કેટલું આયુષ્ય.

**૧૯ મું પર્યાપ્તિ દ્વાર**—(૧) **આહાર**, (૨) **શરીર**, (૩) **ઇન્દ્રિય**, (૪) **શ્વાસોશ્વાસ**, (૫) **ભાષા**, (૬) **મન** એમ છ (૬) પર્યાપ્તિઓ છે.

આત્મા જ્યારે ઉત્પન્ન થાય છે, ત્યારે ઉત્પન્ન થતાની સાથે જ ( કોયલામાં સ્પર્શેલા અગ્નિની જેમ ) પ્રતિ સમય આહારના પુદ્ગલો ગ્રહણ કરે છે. તેથી આત્મામાં જે શક્તિ ઉત્પન્ન થાય છે તે શક્તિને પર્યાપ્તિ કહે છે.

પ્રતિ સમય આહાર ગ્રહણ–તેમાંથી સાત ધાતુ રૂપે–તેમાંથી ઇન્દ્રિયોપણે, તેમાંથી શ્વાસોશ્વાસ—વચન ઉચ્ચાર—માનસિક વિચારો એમ છ પર્યાપ્તિથી આત્માને શરીર ધારી તરીકે જીવવાની શક્તિ પ્રાપ્ત થાય છે.

× × ×

**લબ્ધિ પર્યાપ્તા**—સ્વયોગ પર્યાપ્તિઓ પૂરી કરેજ.

**લબ્ધિ અપર્યાપ્તા**—સ્વયોગ પર્યાપ્તિઓ પૂરી નજકરે.

× × ×

**કરણ પર્યાપ્તા**—જે પ્રારંભ કર્યો તે સમાપ્ત કર્યા બાદ કરણ પર્યાપ્ત કહેવાય, લબ્ધિ પર્યાપ્ત જીવ જ કરણ પર્યાપ્ત થઈ શકે છે.

**કરણ અપર્યાપ્તા**—જ્યાં સુધી સમાપ્ત ન થાય, ત્યાં સુધી કરણ અપર્યાપ્ત. ( લબ્ધિ અપર્યાપ્ત જીવને કરણ પર્યાપ્તપણું થવાનું જ નથી. )

**૨૦ મું કિમાહાર દ્વાર**—કઈ દિશાનો યા કેટલી દિશાનો આહાર? કોઈ પણ જીવને ઓછામાં ઓછી ૬ દિશામાંથી આહાર મળે છે. ચૌદ રાજલોકમાં છેડે રહેલા જીવોને ૩-૪-૫-૬ દિશાઓનો આહાર હોય છે,

**૨૧ મું સંજ્ઞા દ્વાર—(૧) હેતુવાદોપદેશિકી સંજ્ઞા**—જેમાં વર્તમાન કાળના વિષયોનો જ ઉપયોગ હોય. ઇષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટનો ત્યાગ એટલી જ સંજ્ઞાવાળા જીવો.

**(૨) દીર્ઘકાલિકી સંજ્ઞા**—સંસાર વૈષયિક ભૂતકાળ અને ભવિષ્યકાળના વિચારવાળી સંજ્ઞા. અર્થાત્ આ સંજ્ઞાવાળા જીવો તે સંજ્ઞિ, અને આ સંજ્ઞાથી રહિત જીવો તે અસંજ્ઞિ ( દીર્ઘકાલનો વિચાર કરે તે સંજ્ઞિ. )

**(૩) દષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા**—વિશિષ્ટ શ્રુતજ્ઞાનનાં ક્ષયોપશમ યુક્ત સમ્યકત્વવાળી સંજ્ઞા. અર્થાત્ જે જીવ સમ્યગ્ દષ્ટિ હોય સાથે અહિત આચરણનો ત્યાગ અને હિત-કલ્યાણ માર્ગની પ્રવૃત્તિવાળો હોય તેવા મોક્ષ માર્ગ અભિમુખી છદ્મસ્થ જીવને આ સંજ્ઞા હોય છે.

**૨૨ મું ગતિ દ્વાર** - કયા દંડકનો જીવ કયા દંડકમાં ઉપજે.

**૨૩ મું આગતિ દ્વાર** — કયા દંડકમાં કયા દંડકના જીવો આવે.

**૨૪ મું વેદ દ્વાર—(૧) સ્ત્રી વેદ**—પુરૂષ સાથે વિષય ભોગવવાનો અભિલાષ.. આ વેદ અડાયા-છાણાના અગ્નિ સરખો વિલંબે ઉત્પન્ન

થઈ વિલંબે શાન્તી થાય છે. આ વેદના બાહ્ય લક્ષણો-યોનિ, સાત ધાતુમાં શુક્રને સ્થાને કામ સલિલ, રજ;—રુધિર, શરીરની કોમળતા, મૂર્ખતા, સ્તન, ચંચળતા, અવિચારીપણું, માયા (કપટ) અધીરતા ઈત્યાદિ લક્ષણો હોય છે.

(૨) **પુરૂષ વેદ**—સ્ત્રી સાથે વિષય ભોગવવાનો અભિલાષ. આ વેદ ઘાસના અગ્નિ સરખો શીઘ્ર ઉત્પન્ન થઈ, શીઘ્ર શાન્ત થાય છે. આ વેદનાં બાહ્ય લક્ષણો-સાત ધાતુમાં શુક્ર-વીર્ય ધાતુ હોય, શરીરની કર્કશતા-દૃઢતા હોય, પરાક્રમ (બળ) શિશ્ન (પુરૂષ ચિહ્ન) અક્ષોભતા, ગંભીરપણું, દાઢી-મૂચ્છ હોય, છાતી આદિ સ્થાનોમાં વાળ હોય, ધૈર્ય હોય.

(૩) **નપુંસક વેદ**—સ્ત્રી - પુરૂષ ઉભય સાથે વિષય ભોગવવાનો અભિલાષ, આ વેદ નગરદાહ સરખો શાંત થવો અશકય-ઉગ્ર હોય છે. આ વેદના બાહ્ય લક્ષણો-પુરૂષના અને સ્ત્રીનાં બંને લક્ષણો મિશ્ર હોય. યોનિ-સ્તન હોય, અને મૂછ પણ હોય, તો સ્ત્રીનપુંસક.

શિશ્ન-દાઢી-મૂછ છતાં સ્ત્રીના જેવો સ્વભાવ, કેડે હાથ દઈ લટકાથી ચાલે ઇત્યાદિ લક્ષણ હોય તો તે પુરૂષનપુંસક.

| | ૨૪ દંડક | ૧ શરીર | ૨ મૂળ શરીરની અવગાહના | | ઉત્તર વૈક્રિયની અવગાહના | |
|---|---|---|---|---|---|---|
| દંડક | નરક | | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| ૧ | ૧ રત્નપ્રભા | વૈ. તે. કા. | ૩ હાથ | ૭ાા ધનુષ ૬ આંગળ | અંગુ.અસં. ભાગ | ૧૫ાા ધ. ૧૨ આં. |
| | ૨ શર્કરાપ્રભા | ,, | ૭ાા ધનુષ ૬ આં. | ૧૫ાા ધનુષ ૧૨ આંગળ | ,, | ૩૧ા ધનુષ |
| | ૩ વાલુકાપ્રભા | ,, | ૧૫ાા ધનુષ ૧૨ આં. | ૩૧ા ધનુષ | ,, | ૬૨ાા ધનુષ |
| | ૪ પંકપ્રભા | ,, | ૩૧ા ધનુષ | ૬૨ાા ધનુષ | ,, | ૧૨૫ ધનુષ |
| | ૫ ધૂમપ્રભા | ,, | ૬૨ાા ધનુષ | ૧૨૫ ધનુષ | ,, | ૨૫૦ ધનુષ |
| | ૬ તમઃપ્રભા | ,, | ૧૨૫ ધનુષ | ૨૫૦ ધનુષ | ,, | ૫૦૦ ધનુષ |
| | ૭ તમસ્તમઃપ્રભા | ,, | ૨૫૦ ધનુષ | ૫૦૦ ધનુષ | ,, | ૧૦૦૦ ,, |
| ૨ | ૧૦ ભુવનપતિ<br>૧ અસુરકુમાર | ,,<br>,, | અંગુલનો અસંખ્ય ભાગ | ૭ હાથ | ,, | ૧ લાખ જોજન |
| ૩ | ૨ મેઘકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૪ | ૩ સુવર્ણકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |

| | ૨૪ દંડક | ૧ શરીર | ૨ મૂળ શરીરની અવગાહના | | ઉત્તર વૈક્રિયની અવગાહના | |
|---|---|---|---|---|---|---|
| | | | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| ૫ | ૪ વિદ્યુતકુમાર | વૈ. તે. કા. | અંગુલનો અસંખ્ય ભાગ | ૭ હાથ | ,, | ૧ લાખ જોજન |
| ૬ | ૫ અગ્નિકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૭ | ૬ દ્વિપકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૮ | ૭ ઉદધિકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૯ | ૮ દિશિકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૧૦ | ૯ પવનકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૧૧ | ૧૦ મેઘકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૧૨ | પૃથ્વીકાય | ઔ. તે. કા. | અં. અ.ભા. | અં. સં. ભા. | × | × |
| ૧૩ | અપકાય | ઔ. તે. કા. | ,, | ,, | × | × |
| ૧૪ | તેઉકાય | ઔ. તે. કા. | ,, | ,, | × | × |
| ૧૫ | વાઉકાય | ઔ. તે. કા. | ,, | ,, | અં. અ. ભા. | અં. અ. ભા. |
| ૧૬ | વનસ્પતિકાય | ,, | ,, | ૧ હજાર યોજનથી અધિક | × | × |

| | ૨૪ દંડક | ૧ શરીર | ૨ મૂળ શરીરની અવગાહના | | ઉત્તર વક્રિયની અવગાહના | |
|---|---|---|---|---|---|---|
| | | | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| ૧૭ | એઈન્દ્રિય | ઔ. તે. કા. | અં. અ. ભા. | ૧૨ યોજન | × | × |
| ૧૮ | તેઈન્દ્રિય | ,, | ,, | ૩ ગાઉ | × | × |
| ૧૯ | ચઉરિન્દ્રિય | ,, | ,, | ૧ યોજન | × | × |
| ૨૦ | ગર્ભજ તિર્યંચ | ઔ. વૈ. તે. કા. | ,, | ૧ હજાર યોજન | અંસં.ભા. | ૯૦૦યોજન |
| ૨૧ | ગર્ભજ મનુષ્ય | ઔ. વૈ. આ. તે. કા. | ,, | ૩ ગાઉ | ,, | ૧લાખ જોજન ૪ અંગુલ |
| ૨૨ | વ્યંતર | વૈ. તે. કા. | ,, | ૭ હાથ | ,, | ૧ લાખ યોજન |
| ૨૩ | જ્યોતિષિ | ,, | ,, | ,, | ,, | ,, |
| ૨૪ | વૈમાનિક | ,, | ,, | ,, | ,, | ,, |

| ૭ | ૨૪ દંડક | ઉત્તર વૈક્રિય શરીરનો કાળ | ૩ સંઘયણ | ૪ સંજ્ઞા | ૫ સંસ્થાન | ૬ કષાય |
|---|---|---|---|---|---|---|
| દંડક ૧ | નરક ૧ રત્નપ્રભા | અંતર્મુહૂર્ત | નથી | ૪–૬ ૧૦–૧૬ | હુંડક | ચાર કષાય |
| | ૨ શર્કરાપ્રભા | ” | ” | ” | ” | ” |
| | ૩ વાલુકાપ્રભા | ” | ” | ” | ” | ” |
| | ૪ પંકપ્રભા | ” | ” | ” | ” | ” |
| | ૫ ધૂમપ્રભા | ” | ” | ” | ” | ” |
| | ૬ તમઃપ્રભા | ” | ” | ” | ” | ” |
| | ૭ તમસ્તમઃપ્રભા | ” | ” | ” | ” | ” |
| ૨ | ૧૦ ભુવનપતિ ૧ અસુરકુમાર | ૧૫ દિવસ | ” | ” | સમચતુરસ્ર | ” |

| | ૨૪ દંડક | ઉત્તર વૈક્રિય શરીરનો કાળ | ૩ સંઘયણ | ૪ સંજ્ઞા | ૫ સંસ્થાન | ૬ કષાય |
|---|---|---|---|---|---|---|
| ૩ | ૨ નાગકુમાર | ,, | નથી | ૪-૬ ૧૦-૧૬ | સમચતુરસ્ર | ૪ કષાય |
| ૪ | ૩ સુવર્ણકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૫ | ૪ વિદ્યુતકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૬ | ૫ અગ્નિકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૭ | ૬ દ્વિપકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૮ | ૭ ઉદધિકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૯ | ૮ દિશિકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૧૦ | ૯ પવનકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૧૧ | ૧૦ મેઘકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૧૨ | પૃથ્વીકાય | × | ,, | ,, | મસુરની દાળ અર્ધચંદ્રાકૃતિ | ,, |
| ૧૩ | અપકાય | × | ,, | ,, | પરપોટા જેવું | ,, |

| | ૨૪ દંડક | ઉત્તર વૈક્રિય શરીરનો કાળ | ૩ સંઘયણ | ૪ સંજ્ઞા | ૫ સંસ્થાન | ૬ કષાય |
|---|---|---|---|---|---|---|
| ૧૪ | તેઉકાય | × | નથી | ૪–૬ ૧૦–૧૬ | સોયની અણી જેવું | ૪ કષાય |
| ૧૫ | વાઉકાય | અંતર્મુહૂર્ત | ,, | ,, | ધ્વજા જેવું | ,, |
| ૧૬ | વનસ્પતિકાય | × | ,, | ,, | અનેક પ્રકાર | ,, |
| ૧૭ | બેઇન્દ્રિય | × | છેવટ્ઠું | ,, | હુંડક | ,, |
| ૧૮ | તેઇન્દ્રિય | × | ,, | ,, | ,, | ,, |
| ૧૯ | ચઉરિન્દ્રિય | × | ,, | ,, | ,, | ,, |
| ૨૦ | ગર્ભજ તિર્યંચ | ૪ મુહૂર્ત | ૬ સંઘયણ | ,, | ૬ સંસ્થાન | ,, |
| ૨૧ | ગર્ભજ મનુષ્ય | ,, | ,, | ,, | ,, | ,, |
| ૨૨ | વ્યંતર | ૧૫ દિવસ | નથી | ,, | સમચતુરસ્ર | ,, |
| ૨૩ | જ્યોતિષિ | ,, | નથી | ,, | ,, | ,, |
| ૨૪ | વૈમાનિક | ,, | ,, | ,, | ,, | ,, |

| | ૨૪ દંડક | ૭<br>લેશ્યા | ૮<br>ઈન્દ્રિય | ૯<br>સમુદ્દ્ઘાત | ૧૦<br>દૃષ્ટિ | ૧૧<br>દર્શન |
|---|---|---|---|---|---|---|
| દંડક<br>૧ | નરક<br>૧ રત્નપ્રભા | કૃષ્ણ નીલ<br>કાપોત | પાંચ | પહેલા<br>ચાર | મિથ્યા<br>સમ્યક્ મિશ્ર | ચક્ષુ અચક્ષુ<br>અવધિ |
| | ૨ શર્કરાપ્રભા | ,, | ,, | ,, | ,, | ,, |
| | ૩ વાલુકાપ્રભા | ,, | ,, | ,, | ,, | ,, |
| | ૪ પંકપ્રભા | ,, | ,, | ,, | ,, | ,, |
| | ૫ ધૂમપ્રભા | ,, | ,, | ,, | ,, | ,, |
| | ૬ તમ:પ્રભા | ,, | ,, | ,, | ,, | ,, |
| | ૭ તમસ્તમ:પ્રભા | ,, | ,, | ,, | ,, | ,, |
| ૨ | ૧૦ ભુવનપતિ<br>૧ અસુરકુમાર | પહેલી ચાર<br>લેશ્યા | ,, | પહેલા<br>પાંચ | ,, | ,, |

| | ૨૪ દંડક | ૭ લેશ્યા | ૮ ઇન્દ્રિય | ૯ સમુદ્ઘાત | ૧૦ દૃષ્ટિ | ૧૧ દર્શન |
|---|---|---|---|---|---|---|
| ૩ | ૨ નાગકુમાર | પહેલી ચાર લેશ્યા | પાંચ | પહેલાં પાંચ | મિથ્યા સમ્યક્ મિશ્ર | ચક્ષુ અચક્ષુ અવધિ |
| ૪ | ૩ સુવર્ણકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૫ | ૪ વિદ્યુતકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૬ | ૫ અગ્નિકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૭ | ૬ દ્વિપકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૮ | ૭ ઉદધિકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૯ | ૮ દિશિકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૧૦ | ૯ પવનકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૧૧ | ૧૦ મેઘકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૧૨ | પૃથ્વીકાય | પહેલી ચાર લેશ્યા | ૧ | પહેલાં ૩ | મિથ્યા દૃષ્ટિ | અચક્ષુ દર્શન |
| ૧૩ | અપકાય | ,, | ૧ | ,, | ,, | ,, |
| ૧૪ | તેઉકાય | કૃષ્ણ નીલ કાપોત | ૧ | ,, | ,, | ,, |

| | ૨૪ દંડક | ૭ લેશ્યા | ૮ ઇન્દ્રિય | ૯ સમુદ્ઘાત | ૧૦ દૃષ્ટિ | ૧૧ દર્શન |
|---|---|---|---|---|---|---|
| ૧૫ | વાઉકાય | કૃષ્ણ નીલ કાપોત | ૧ | પહેલાં ૪ | ,, | અચક્ષુ દર્શન |
| ૧૬ | વનસ્પતિકાય | પહેલી ૪ લેશ્યા | ૧ | પહેલાં ૩ | ,, | ,, |
| ૧૭ | બેઇન્દ્રિય | કૃષ્ણ નીલ કાપોત | ૨ | ,, | મિથ્યા સમ્યક્ | ,, |
| ૧૮ | તેઇન્દ્રિય | ,, | ૩ | ,, | ,, | ,, |
| ૧૯ | ચઉરિન્દ્રિય | ,, | ૪ | ,, | ,, | ચક્ષુ–અચક્ષુ |
| ૨૦ | ગર્ભજ તિર્યંચ | ૬ લેશ્યા | ૫ | પહેલાં ૫ | સમ્યક્ મિશ્ર મિથ્યા | ચક્ષુ–અચક્ષુ અવધિ |
| ૨૧ | ગર્ભજ મનુષ્ય | ,, | ૫ | ૭ | ,, | ૪ દર્શન |
| ૨૨ | વ્યંતર | પહેલી ૪ લેશ્યા | ,, | પહેલાં ૫ | ,, | ચક્ષુ અચક્ષુ અવધિ |
| ૨૩ | જ્યોતિષિ | તેજોલેશ્યા | ,, | ,, | ,, | ,, |
| ૨૪ | વૈમાનિક | છેલ્લી ૩ શુભ | ,, | ,, | ,, | ,, |

| | ૨૪ દંડક | ૧૨ જ્ઞાન | ૧૩ અજ્ઞાન | ૧૪ યોગ | ૧૫ ઉપયોગ | ૧૬ ઉપપાત |
|---|---|---|---|---|---|---|
| દંડક ૧ | નરક<br>૧ રત્નપ્રભા | મતિ–શ્રુત અવધિ | મતિ–શ્રુત વિભંગ | ૪ મન<br>૪ વચન<br>૩ કાયા | ૩ જ્ઞાન<br>૩ અજ્ઞાન<br>૩ દર્શન | સંખ્યાતા અસંખ્યાતા |
| | ૨ શર્કરાપ્રભા | ,, | ,, | ,, | ,, | ,, |
| | ૩ વાલુકાપ્રભા | ,, | ,, | ,, | ,, | ,, |
| | ૪ પંકપ્રભા | ,, | ,, | ,, | ,, | ,, |
| | ૫ ધૂમપ્રભા | ,, | ,, | ,, | ,, | ,, |
| | ૬ તમઃપ્રભા | ,, | ,, | ,, | ,, | ,, |
| | ૭ તમસ્તઃપ્રભા | ,, | ,, | ,, | ,, | ,, |
| ૨ | ૧૦ ભુવનપતિ<br>૧ અસુરકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૩ | ૨ નાગકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૪ | ૩ સુવર્ણકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૫ | ૪ વિદ્યુતકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |

| | ૨૪ દંડક | ૧૨ જ્ઞાન | ૧૩ અજ્ઞાન | ૧૪ યોગ | ૧૫ ઉપયોગ | ૧૬ ઉપપાત |
|---|---|---|---|---|---|---|
| ૬ | ૫ અગ્નિકુમાર | મતિ–શ્રુત અવધિ | મતિ–શ્રુત વિભંગ | ૪ મન<br>૪ વચન<br>૩ કાયા | ૩ જ્ઞાન<br>૩ અજ્ઞાન<br>૩ દર્શન | સંખ્યાતા અસંખ્યાતા |
| ૭ | ૬ દ્વિપકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૮ | ૭ ઉદધિકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૯ | ૮ દિશિકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૧૦ | ૯ પવનકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૧૧ | ૧૦ મેઘકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૧૨ | પૃથ્વીકાય | × | ૨ અજ્ઞાન | ૩ કાયાના | ૨ અજ્ઞાન<br>૧ દર્શન | અસંખ્યાતા |
| ૧૩ | અપકાય | × | ,, | ,, | ,, | ,, |
| ૧૪ | તેઉકાય | × | ,, | ,, | ,, | ,, |
| ૧૫ | વાઉકાય | × | ,, | ૫ ,, | ,, | ,, |
| ૧૬ | વનસ્પતિ | × | ,, | ૩ ,, | ,, | અનંતા |

| | ૨૪ દંડક | ૧૨ જ્ઞાન | ૧૩ અજ્ઞાન | ૧૪ યોગ | ૧૫ ઉપયોગ | ૧૬ ઉપપાત |
|---|---|---|---|---|---|---|
| ૧૭ | એઈન્દ્રિય | ૨ જ્ઞાન | ૨ અજ્ઞાન | ૧ વચન<br>૩ કાયા | ૨ જ્ઞાન<br>૨ અજ્ઞાન<br>૧ અચક્ષુ | સંખ્યાતા<br>અસંખ્યાતા |
| ૧૮ | તેઈન્દ્રિય | ,, | ,, | ,, | ,, | ,, |
| ૧૯ | ચઉરિન્દ્રિય | ,, | ,, | ,, | ૨ જ્ઞાન<br>૨ અજ્ઞાન<br>૨ દર્શન | ,, |
| ૨૦ | ગર્ભજ તિર્યંચ | ત્રણ જ્ઞાન | ૩ અજ્ઞાન | ૪ મન<br>૪ વચન<br>૫ કાયા | ૩ જ્ઞાન<br>૩ અજ્ઞાન<br>૩ દર્શન | ,, |
| ૨૧ | ગર્ભજ મનુષ્ય | પાંચ જ્ઞાન | ,, | ૪ મન<br>૪ વચન<br>૭ કાયા | ૫ જ્ઞાન<br>૩ અજ્ઞાન<br>૪ દર્શન | સંખ્યાતા |
| ૨૨ | વ્યંતર | ત્રણ જ્ઞાન | ૩ અજ્ઞાન | ૪ મન<br>૪ વચન<br>૩ કાયા | ૩ જ્ઞાન<br>૩ અજ્ઞાન<br>૩ દર્શન | સંખ્યાતા<br>અસંખ્યાતા |
| ૨૩ | જ્યોતિષિ | ,, | ,, | ,, | ,, | ,, |
| ૨૪ | વૈમાનિક | ,, | ,, | ,, | ,, | ,, |

| | ૨૪ દંડક | ૧૭ ચ્યવન | ૧૮ આયુષ્ય | | ૧૯ પર્યાપ્તિ |
|---|---|---|---|---|---|
| દંડક ૧ | નરક ૧ રત્નપ્રભા | સંખ્યાતા અસંખ્યાતા | જઘન્ય ૧૦ હજાર વર્ષ | ઉત્કૃષ્ટ ૧ સાગરોપમ | ૬ |
| | ૨ શર્કરાપ્રભા | ,, | ૧ સાગરોપમ | ૩ સાગરોપમ | ,, |
| | ૩ વાલુકાપ્રભા | ,, | ૩ ,, | ૭ ,, | ,, |
| | ૪ પંકપ્રભા | ,, | ૭ ,, | ૧૦ ,, | ,, |
| | ૫ ધૂમપ્રભા | ,, | ૧૦ ,, | ૧૭ ,, | ,, |
| | ૬ તમઃપ્રભા | ,, | ૧૭ ,, | ૨૨ ,, | ,, |
| | ૭ તમસ્તઃપ્રભા | ,, | ૨૨ ,, | ૩૩ ,, | ,, |
| ૨ | ૧૦ ભુવનપતિ ૧ અસુરકુમાર | ,, | ૧૦ હજાર વર્ષ | ૧ સાગરોપમથી અધિક | ,, |
| ૩ | ૨ નાગકુમાર | ,, | ,, | ૨ પલ્યોપમથી ન્યૂન | ,, |
| ૪ | ૩ સુવર્ણકુમાર | ,, | ,, | ,, | ,, |
| ૫ | ૪ વિદ્યુતકુમાર | ,, | ,, | ,, | ,, |

| | ૨૪ દંડક | ૧૭ ચ્યવન | ૧૮ આયુષ્ય | | ૧૯ પર્યાપ્તિ |
|---|---|---|---|---|---|
| ૬ | ૫ અગ્નિકુમાર | સંખ્યાતા અસંખ્યાતા | ૧૦ હજાર વર્ષ | ૨ પલ્યોપમથી ન્યૂન | ,, |
| ૭ | ૬ દ્વિપકુમાર | ,, | ,, | ,, | ,, |
| ૮ | ૭ ઉદધિકુમાર | ,, | ,, | ,, | ,, |
| ૯ | ૮ દિશિકુમાર | ,, | ,, | ,, | ,, |
| ૧૦ | ૯ પવનકુમાર | ,, | ,, | ,, | ,, |
| ૧૧ | ૧૦ મેઘકુમાર | ,, | ,, | ,, | ,, |
| ૧૨ | પૃથ્વીકાય | અસંખ્યાતા | અંતર્મુહૂર્ત | ૨૨ હજાર વર્ષ | ૪ |
| ૧૩ | અપકાય | ,, | ,, | ૭ ,, ,, | ,, |
| ૧૪ | તેઉકાય | ,, | ,, | ૩ અહો રાત્રી | ,, |
| ૧૫ | વાઉકાય | ,, | ,, | ૩ હજાર વર્ષ | ,, |
| ૧૬ | વનસ્પતિકાય | અનંતા | ,, | ૧૦ ,, ,, | ,, |

| | ૨૪ દંડક | ૧૭ ચ્યવન | ૧૮ આયુષ્ય | | ૧૯ પર્યાપ્તિ |
|---|---|---|---|---|---|
| ૧૭ | બેઈન્દ્રિય | સંખ્યાતા અસંખ્યાતા | અંતર્મુહૂર્ત | ૧૨ વર્ષ | ૫ |
| ૧૮ | તેઈન્દ્રિય | ,, | ,, | ૪૯ દિવસ | ,, |
| ૧૯ | ચઉરિન્દ્રિય | ,, | ,, | ૬ માસ | ,, |
| ૨૦ | ગર્ભજ તિર્યંચ | ,, | ,, | ૩ પલ્યોપમ | ૬ |
| ૨૧ | ગર્ભજ મનુષ્ય | સંખ્યાતા | ,, | ,, | ,, |
| ૨૨ | વ્યંતર | સંખ્યાતા અસંખ્યાતા | ૧૦ હજાર વર્ષ | ૧ પલ્યોપમ | ,, |
| ૨૩ | જ્યોતિષિ | ,, | { પલ્યોપમનો ૮ મો ભાગ | { ૧ પલ્યોપમ ૧ લાખ વર્ષ | ,, |
| ૨૪ | વૈમાનિક | ,, | પલ્યોપમ | ૩૩ સાગરોપમ | ,, |

| | ૨૪ દંડક | ૨૦ કિમાહાર | ૨૧ સંજ્ઞ | ૨૨ ગતિ | ૨૩ આગતિ | ૨૪ વેદ |
|---|---|---|---|---|---|---|
| દંડક ૧ | નરક ૧ રત્નપ્રભા | ૬ દિશાનો આહાર | દીર્ઘકાલિકી | (૨) ગર્ભજ-તિર્યંચ મનુષ્ય | (૨) ગર્ભજ-તિર્યંચ મનુષ્ય | નપુંસક |
| | ૨ શર્કરાપ્રભા | ,, | ,, | ,, | ,, | ,, |
| | ૩ વાલુકાપ્રભા | ,, | ,, | ,, | ,, | ,, |
| | ૪ પંકપ્રભા | ,, | ,, | ,, | ,, | ,, |
| | ૫ ધૂમપ્રભા | ,, | ,, | ,, | ,, | ,, |
| | ૬ તમ:પ્રભા | ,, | ,, | ,, | ,, | ,, |
| | ૭ તમસ્તમ:પ્રભા | ,, | ,, | ,, | ,, | ,, |
| ૨ | ૧૦ ભુવનપતિ ૧ અસુરકુમાર | ,, | ,, | પૃ-અ-વ-તિ-મ-(૫) | ,, | સ્ત્રી-પુરુષ |
| ૩ | ૨ નાગકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૪ | ૩ સુવર્ણકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૫ | ૪ વિદ્યુતકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |

| | ૨૪ દંડક | ૨૦ કિમાહાર | ૨૧ સંજ્ઞા | ૨૨ ગતિ | ૨૩ આગતિ | ૨૪ વેદ |
|---|---|---|---|---|---|---|
| ૬ | ૫ અગ્નિકુમાર | ૬ દિશાનો આહાર | દીર્ઘકાલિકી | પૃ–અ–વ–તિ–મ–(૫) | ગર્ભજ તિર્યંચ મનુષ્ય (૨) | સ્ત્રી–પુરુષ |
| ૭ | ૬ દ્વિપકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૮ | ૭ ઉદધિકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૯ | ૮ દિશિકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૧૦ | ૯ પવનકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૧૧ | ૧૦ મેઘકુમાર | ,, | ,, | ,, | ,, | ,, |
| ૧૨ | પૃથ્વીકાય | ૩–૪–૫–૬ | નથી | ૧૦ | ૨૩ | નપુંસક |
| ૧૩ | અપકાય | ,, | × | ૧૦ | ૨૩ | ,, |
| ૧૪ | તેઉકાય | ,, | × | ૯ | ૧૦ | ,, |
| ૧૫ | વાઉકાય | ,, | × | ૯ | ૧૦ | ,, |
| ૧૬ | વનસ્પતિકાય | ,, | × | ૧૦ | ૨૩ | ,, |


| | ૨૪ દંડક | ૨૦ કિમાહાર | ૨૧ સંજ્ઞા | ૨૨ ગતિ | ૨૩ આગતિ | ૨૪ વેદ |
|---|---|---|---|---|---|---|
| ૧૭ | બેઈન્દ્રિય | ૬ દિશાનો આહાર | હેતુવાદો-પદેશિકી | ૧૦ | ૧૦ | નપુંસક |
| ૧૮ | તેઈન્દ્રિય | ,, | ,, | ,, | ૧૦ | ,, |
| ૧૯ | ચઉરિન્દ્રિય | ,, | ,, | ,, | ૧૦ | ,, |
| ૨૦ | ગર્ભજ તિર્યંચ | ,, | દીર્ઘકાલિકી | ૨૪ | ૨૪ | સ્ત્રી-પુ-ન |
| ૨૧ | ગર્ભજ મનુષ્ય | ,, | દીર્ઘકાલિકી દૃષ્ટિવાદોપદેશિકી | ૨૪ | ૨૨ | ,, |
| ૨૨ | વ્યંતર | ,, | દીર્ઘકાલિકી | ૫ | ૨ | સ્ત્રી-પુ |
| ૨૩ | જ્યોતિષિ | ,, | ,, | ૫ | ૨ | ,, |
| ૨૪ | વૈમાનિક | ,, | ,, | ૫ | ૨ | ,, |

# અલ્પ બહુત્વ

| | | | |
|---|---|---|---|
| પર્યાપ્તા મનુષ્યો | સૌથી | થોડા | તેથી |
| બાદર અગ્નિકાય | અસંખ્યાત | ગુણા | તેથી |
| વૈમાનિક દેવો | ,, | ,, | તેથી |
| ભવનપતિ દેવો | ,, | ,, | તેથી |
| નારક જીવો | ,, | ,, | તેથી |
| વ્યંતર દેવો | ,, | ,, | તેથી |
| જ્યોતિષી દેવો | ,, | ,, | તેથી |
| ચઉરિન્દ્રિય જીવો | ,, | ,, | તેથી |
| પંચેન્દ્રિય તિર્યંચો | | વિશેષાધિક | તેથી |
| બેઈન્દ્રિય જીવો | | ,, | તેથી |
| તેઈન્દ્રિય જીવો | | ,, | તેથી |
| પૃથ્વીકાય જીવો | અસંખ્યાત | ગુણા | તેથી |
| અપકાય જીવો | ,, | ,, | તેથી |
| વાઉકાય જીવો | ,, | ,, | તેથી |
| વનસ્પતિકાય | અનંત | ગુણા | |

---

એવી કોઈ જાતિ નથી, કે યોનિ કે ક્ષેત્ર, કે કુલ નથી કે જેમાં સર્વે જીવો અનંતવાર ન જન્મ્યા હોય કે ન મરણ પામ્યા હોય અર્થાત્ સર્વે જાતિમાં, યોનિમાં, સ્થાનમાં અને કુળમાં સર્વે જીવો અનંતવાર જન્મ્યા છે, અને મરણ પામ્યા છે.




એક ઈંચના દશ લાખમાં ભાગ જેટલું બાજુમાં રહેલું આ "એટમ-અણુ"નું ચિત્ર છે.

તેને સાડીસત્તાવીસ લાખ-ઘણું મોટું કર્યું ત્યારે દૃષ્ટિગોચર થયું, અને ફોટો આવી શકયો.

સૂક્ષ્મતાનો પ્રત્યક્ષ પુરાવો.



# श्री जम्बूद्वीप संग्रहणी या
# लघु संग्रहणी

**જીવવિચાર-નવતત્ત્વ-દંડકના** અભ્યાસ પછી પુનર્જન્મ, આત્માનું નિત્યપણું અને મોક્ષ જેવાં શાશ્વત પદાર્થોની સાચી પ્રતીતિ થાય છે. પછી જીવ સ્વ-સ્વ કર્માનુસાર જુદા જુદા સ્વરૂપે કયા ક્ષેત્રોમાં ઉત્પન્ન થતો હશે? એના વિચારમાં લોકાલોક અખિલ વિશ્વના જ્ઞાનની જરૂર છે.

હાલનું સાયન્સ હજી શોધાય છે, તે શોધો અપૂર્ણ છે. અને તેઓના નક્કી કરેલા ઘણા સિદ્ધાંતો પણ પાછળથી તદ્દન બદલાઈ ગયા છે. આજે પણ વિજ્ઞાનની જે વાત કે શોધ માટે કરોડો રૂપીઆ ખર્ચાય છે, તે જ વાત જૈનધર્મના સિદ્ધાંતોના એક જ પદ કે ગાથામાં અનંતકાલથી બતાવી દીધી હોય છે.

પ્રભુ **મહાવીરે** કેવલજ્ઞાનથી જાણેલા પદાર્થો જગતના જીવોના કેવળ ઉપકાર માટે જ કહ્યા છે, કેમકે પ્રભુ પોતે સ્વાર્થ કે રાગદ્વેષથી રહિત હતા. તેથી એમના વચનમાં જરા પણ શંકા લાવવાનો અવકાશ નથી. વળી પદાર્થોનો આટલો વિસ્તાર, ચોક્કસ સંખ્યા, અને વિસ્તૃત સ્વરૂપ અસર્વજ્ઞ કહી શકે નહિ.

આપણે જે સ્થાને રહીએ છીએ તે **તિર્ચ્છાલોક** છે, નીચે સાત નારકો **અધોલોક**માં છે, ઉપર સિદ્ધ શિલા સુધી સાત રાજલોક એ **ઉર્ધ્વલોક** છે, તિર્ચ્છાલોકમાં મધ્યબિંદુમાં રહેલ જંબૂદ્વીપનું સંક્ષેપમાં સ્વરૂપ સમજાવવા શ્રી **હરિભદ્રસૂરિ** મહારાજે **જંબૂદ્વીપ** સંગ્રહણી પ્રકરણ રચ્યું છે.

આ જંબૂદ્વીપ, સર્વ દ્વીપો અને સમુદ્રોની વચ્ચે થાળી આકારે ગોળ છે, એને ફરતો એનાથી બમણી પહોળાઈવાળો **લવણ** સમુદ્ર છે. તેની ફરતો **ધાતકીખંડ,** તેની ફરતો **કાળોદધિ** સમુદ્ર, એની ફરતો પુષ્કરવર દ્વીપ એમ અસંખ્યાત દ્વીપ સમુદ્રો મધ્યલોકમાં છે. અહીં * **જંબૂદ્વીપનું** વર્ણન છે.

જંબૂદ્વીપની લંબાઈ, પહોળાઈ તથા જાડાઈ ૧ લાખ જોજન છે. મધ્યમાં મેરૂ પર્વત છે, તે ૧ હજાર યોજન જમીનમાં અને ૯૯ હજાર યોજન ઉંચાઈમાં એમ ૧ લાખ જોજનનો ગણાય છે. મહાવિદેહ ક્ષેત્રમાં ૧ હજાર યોજન નીચે અધોગ્રામ છે. તિર્છાલોક ૧ રાજપ્રમાણ લાંબો અને ઉપર નીચે મળી અઢારસો યોજન વિસ્તારમાં છે.

**(દશ) શાશ્વતા પદાર્થોનું** વર્ણન લઘુસંગ્રહણીમાં આવે છે.

૧ **ખંડ ( ખાંડવા )** ભરત અથવા ઐરાવત ક્ષેત્રની પહોળાઈ જેવા કેટલા ખંડો થાય તે.

૨ **યોજન**—૧ યોજનના લંબાઈ પહોળાઈવાળા સમચોરસ ખંડ કેટલા થાય તે.

૩ **વર્ષ**—(વાસ=ક્ષેત્રો) મનુષ્યને રહેવાના ક્ષેત્રો.

૪ **પર્વતો**—ગોળ અને લંબચોરસ પર્વતોનું વર્ણન.

૫ **શિખરો**—પર્વત ઉપર શિખરો, જમીન ઉપર શિખરો.

૬ **તીર્થો**—સમુદ્રમાં ઉતરવાના ઓવારાની સંખ્યા.

૭ **શ્રેણી**—વૈતાઢ્ય પર્વતો ઉપર વિદ્યાધરોના શહેરો અને અભિયોગિક દેવોના ભવનોની શ્રેણીઓ.

૮ **વિજય**—ચક્રવર્તીઓના વિજય મેળવવાના ક્ષેત્રો.

---

* જંબૂદ્વીપનો નકશો પેજ નંબર ૩૫ ઉપર.

૯ **દ્રહો**—કુંડો, હ્રદો-નાના સરોવરો.

૧૦ **નદીઓ**—મોટી નદીઓ તથા નાની પેટા નદીઓ.

---

૧ **ખંડો**—થાળી જેવા ગોળ જંબૂદ્વીપની એક લાખ જોજનની પહોળાઈને ૧૯૦ થી ભાગતા ૫૨૬ યોજન અને ૬ કલા આવે તે ખંડ કહેવાય. એ ભરતક્ષેત્રની પહોળાઈ છે. (૧ યોજન=૧૯ કલાઓ)

| ખંડ | યોજન-કલા | | ખંડ | યોજન-કલા | |
|---|---|---|---|---|---|
| ૧ | ૫૨૬-૬ | ભરતક્ષેત્ર | ૧ | ૫૨૬-૬ | ઐરાવત ક્ષેત્ર |
| ૨ | ૧૦૫૨-૧૨ | હિમવંત પર્વત | ૨ | ૧૦૫૨-૧૨ | શિખરી પર્વત |
| ૪ | ૨૧૦૫-૫ | હિમવંત ક્ષેત્ર | ૪ | ૨૧૦૫-૫ | હિરણ્યવંતક્ષેત્ર |
| ૪ | ૪૨૧૦-૧૦ | મહા હિમવંત પર્વત | ૮ | ૪૨૧૦-૧૦ | રૂક્મિ પર્વત |
| ૧૬ | ૮૪૨૧-૧ | હરિવર્ષ ક્ષેત્ર | ૧૬ | ૮૪૨૧-૧ | રમ્યક્ ક્ષેત્ર |
| ૩૨ | ૧૬૮૪૨-૨ | નિષધ પર્વત | ૩૨ | ૧૬૮૪૨-૨ | નીલવંત પર્વત |

ખંડો-૬૩

| | |
|---|---|
| ૬૩ ખંડો | ૩૩૧૫૬-૩૬ યોજન કલા |
| ૬૩ બીજી બાજુના | ૩૩૧૫૬-૩૬ યોજન કલા |
| ૬૪ મહાવિદેહના.................... | ૩૩૬૮૪-૪ યોજન કલા |
| ૧૯૦ ખંડો | ૯૯૯૯૬-૭૬ કલાના |
| | ૪ ચાર યોજન |
| | ૧૦૦૦૦૦ |
| | (એક લાખ) યોજન |

૨ **યોજન**—જંબૂદ્વીપની પરિધિને ૨૫૦૦૦થી ગુણવા વડે યોજન પ્રમાણના સમચોરસ ખંડો થાય છે. ગાથા ૯-૧૦

યોજન ગાઉ ધનુષ આંગળ ૩૦૩૭૩
જંબૂદ્વીપની પરિધિ ૩૧૬૨૨૭-૩ - ૧૨૮ - ૧૩ાા ——×
૧૦૫૪૦૯

યોજન ગાઉ ધનુષ આંગળ
× ૨૫૦૦૦=૭૯૦૫૬૯૪૧૫૦-૧-૧૫૧૫—૬૦ ક્ષેત્રફળ થાય.

**૩ વર્ષ**—( વાસ-ક્ષેત્રો ) ભરત, ઐરાવત, મહા વદેહ એ-
૩ કર્મભૂમિ, હિમવંત, હરિવર્ષ, હિરણ્યવંત, રમ્યક,
દેવકુરૂ, ઉત્તરકુરૂ એ ૬ અકર્મભૂમિ છે.

**૪ પર્વતો**—૩૪ **વૈતાઢ્ય દીર્ઘ** (રૂપાના) ૨૫ યોજન ઉંચા
મૂળમાં ૫૦ યોજન જાડા
૪ ,, **ગોળ** (રત્નના) ૧૦૦૦ યોજન
ઉંચા ૧૦૦૦ યોજન જાડા

જુઓ—બાકીના અનુસંધાન પેજ-૧૨૬, ૧૨૭

**૫ ભૂમિકૂટો** (શિખરો)—ભૂમિ ઉપર શિખરો છે.
૩૪ **ઋષભકૂટો** ચોત્રીશ વિજયોમાં
૮ કરિકૂટો મેરૂ ઉપર
૮ જંબૂકૂટ જંબૂ વૃક્ષ ઉપર
૮ શાલ્મલિકૂટ શાલ્મલિ વૃક્ષ ઉપર

૫૮ **ભૂમિકૂટો**—શિખરો છે.

**૬ તીર્થો**—મહાવિદેહના ૩૨ વિજયો તથા ભરત ઐરાવતની એક એક એમ ૩૪ વિજયોમાં માગધ-વરદામ-પ્રભાસ નામના ૩-૩ તીર્થો છે. એટલે ૩૪+૩= **૧૦૨ તીર્થો** છે. દરેક તીર્થ સમુદ્રના કિનારાથી દૂર, દેવની રાજધાનીવાળા દ્વીપો છે. ચક્રવર્તી દિગ્વિજય કરવા નિકળે ત્યારે અઠ્ઠમ કરી દેવને જીતે છે. ત્યારે દેવ ચક્રવર્તીને શરણે આવે છે.

અનુસંધાન પેજ ૧૨૫ નું

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **૧૬ વક્ષસ્કાર** (મહાવિદેહમાં) | (સુવર્ણના પીળા) | ૫૦૦ | યોજન | ઉંચા | ૫૦૦ | યોજન | પહોળા |
| **૨ ચિત્ર-વિચિત્ર** (દેવકુરૂમાં) | (સુવર્ણના પીળા) | ૧૦૦૦ | ,, | ,, | ૧૦૦૦ | ,, | ,, |
| **૨ યમક-સમક** (ઉત્તરકુરૂમાં) | (સુવર્ણના પીળા) | ૧૦૦૦ | ,, | ,, | ૧૦૦૦ | ,, | ,, |
| **૨૦૦ કંચનગિરિ** (દેવકુરૂ-ઉત્તરકુરૂમાં) | (સુવર્ણના પીળા) | ૧૦૦ | ,, | ,, | ૧૦૦ | ,, | ,, |
| **૪ ગજદંત** (દેવકુરૂ-ઉત્તરકુરૂમાં) | (લાલ-પીળા, શ્વેત-લીલા) | ૫૦૦ | ,, | ,, | ૫૦૦ | ,, | ,, |
| **૧ મેરૂ** (મહાવિદેહમાં) | બહાર ૯૯૦૦૦ / અંદર ૧૦૦૦ | ૧ લાખ | ,, | ,, | ૧ લાખ | ,, | ,, |
| **૬ વર્ષધર** | ૧૦૦/૨૦૦/૪૦૦ (પીળો-શ્વેત-લાલ-લીલો) | | ,, | ,, | યોજન-કલા: ૧૦૫૨-૧૨ / ૪૨૧૦-૧૦ / ૧૬૮૪૨-૨ | | |

કુલ **૨૬૯** પર્વતો.

શિખરો— અનુસંધાન પેજ ૧૨૬

| પર્વતો | શિખરો | | કુલ | ઉંચાઈ | |
|---|---|---|---|---|---|
| ૧૬ વક્ષસ્કાર | ૪ | .... ... | ૬૪ | ૫૦૦ યોજન | રત્નમય |
| ૧ સૌમનસ | ૭ | .... ... | ૧૪ | ,, | ,, |
| ૧ ગંધમાદન | ૭ | | | | |
| ૨ રૂક્મિ | ૮ | ... .... | ૧૬ | ,, | ,, |
| મહાહિમવંત | ૮ | | | | |
| ૩૪ વૈતાઢ્ય | ૯ | .... ... | ૩૦૬ | ૬$\frac{1}{4}$ ,, | રત્ન સુવર્ણ |
| ૩ વિદ્યુત્પ્રભ-માલ્યવંત | ૯+૯ | ... .... | ૨૭ | ૫૦૦ ,, | રત્નમય |
| મેરૂ | ૯ | | | ૧૦૦૦ ,, | ,, |
| ૨ નિષધ-નીલવંત | ૯+૯ | ... ... | ૧૮ | ૫૦૦ ,, / ૫૦૦ ,, | ,, |
| ૨ લઘુ હિમવંત | ૧૧ | ... ... | ૨૨ | ૫૦૦ ,, | ,, |
| શિખરી | ૧૧ | | | ૫૦૦ ,, | ,, |

૬૧ પર્વત ૪૬૭ શિખરો

૭ **શ્રેણીઓ**—મહાવિદેહની ૩૨ તથા ભરત-ઐરવત મળી કુલ ચોત્રીશ વૈતાઢ્ય ઉપર વિદ્યાધરો તથા આભિયોગિક દેવોના ભવનની શ્રેણીઓ ચાર ચાર હોવાથી કુલ ૩૪×૪ **=૧૩૬ શ્રેણીઓ** હોય છે.

૮ **વિજયો**—ચક્રવર્તીને જીતવા યોગ્ય મહાવિદેહમાં ૩૨ તથા ભરત-ઐરવત મળી કુલ—**૩૪ વિજયો** હોય છે. મહાવિદેહની ૮ મી પુષ્કલાવતી, ૯ મી શ્રી વત્સ, ૨૪ મી નલિનાવતી, ૨૫ મી વપ્ર વિજયમાં ક્રમે **શ્રી સીમંધર સ્વામી**, શ્રી **યુગમંધર સ્વામી**, શ્રી **બાહુ સ્વામી** અને શ્રી **સુબાહુ સ્વામી** એ ચાર વિહરમાન તીર્થંકરો વિચરે છે.

| | | | લાંબો પહોળો ઉંડો | | નિવાસ |
|---|---|---|---|---|---|
| ૯ **મહા દ્રહો**— | ૧ **પદ્મદ્રહ-ક્ષુલ્લ હિમવંત** | ઉપર | ૧૦૦૦-૫૦૦-૧૦ | યો. | શ્રી **દેવીનો** |
| | ૨ **મહાપદ્મ-મહા** | ,, ,, | ૨૦૦૦-૧૦૦૦-૧૦ | યો. | **હ્રી દેવીનો** |
| | ૩ **તિગિચ્છિ-નિષધ પર્વત** | ,, | ૪૦૦૦-૨૦૦૦ ૧૦ | યો. | **ધી દેવીનો** |
| | ૪ **પુંડરિક-શિખરી** | ,, ,, | ૧૦૦૦-૫૦૦-૧૦ | યો. | **લક્ષ્મી દેવીનો** |
| | ૫ **મહાપુંડરીક-રૂકિમ** | ,, ,, | ૨૦૦૦-૧૦૦૦-૧૦ | યો. | **બુદ્ધિ દેવીનો** |
| | ૬ **કેસરી-નીલવંત** | ,, ,, | ૪૦૦૦-૨૦૦૦-૧૦ | યો. | **કીર્તિ દેવીનો** |

ઉપર કહેલ દેવીઓ પરિવાર સહિત ઉપરના ૬ મહાદ્રહોનાં મુખ્ય કમળોમાં નિવાસ કરે છે તેનું સ્વરૂપ ખાસ જાણવા જેવું છે.

[ દશ લઘુ હ્રદો—( દ્રહ = સરોવર ) **નિષધ, દેવકુરૂ, સુરપ્રભ, સુલસ** અને **વિદ્યુતપ્રભ** આ પાંચ દેવકુરૂમાં છે, એને ભેદીને **સીતોદા** નદી વહે છે. **નીલવંત, ઉત્તરકુરૂ, ચન્દ્ર· ઐરાવત, માલ્યવંત** આ પાંચ ઉત્તરકુરૂમાં છે. એને ભેદીને **સીતા** નદી વહે છે.

**૧૦ નદીઓ—ભરતક્ષેત્રમાં—ગંગા** અને **સિંધુ** ૨ નદીઓ, પદ્મદ્રહમાંથી નીકળી ૧૪–૧૪ હજાર નદીઓ સાથે સમુદ્રને મળે છે.

**ઐરાવત ક્ષેત્રમાં—રક્તા—રક્તાવતી** ૨ નદીઓ પુંડરીક દ્રહમાંથી નીકળી ૧૪–૧૪ હજાર નદીઓ સાથે સમુદ્રને મળે છે.

**હિમવંત ક્ષેત્રમાં—રોહિતા–રોહિતાંશા** ૨ નદીઓ ૨૮ હજાર નદીઓના પરિવાર સાથે સમુદ્રને મળે છે.

**હિરણ્યવંત ક્ષેત્રમાં — સુવર્ણકુલા – રૂપ્યકુલા** ૨ નદીઓ ૨૮ હજાર નદીઓનાં પરિવાર સાથે સમુદ્રને મળે છે.

**હરિવર્ષ ક્ષેત્રમાં—હરિસલિલા—હરિ-કાંતા** ૨ નદીઓ ૫૬–૫૬ હજાર નદીઓ સાથે સમુદ્રમાં મળે છે.

**રમ્યક્ ક્ષેત્રમાં—નરકાંતા—નારીકાંતા** ૨ નદીઓ ૫૬–૫૬ હજાર નદીઓ સાથે સમુદ્રમાં મળે છે.

મહાવિદેહ ક્ષેત્રની ૧૬ વિજયની ૩૨ નદીઓને દરેકને ચૌદ ચૌદ હજાર નદીઓનો પરિવાર **સીતા નદીનો** છે. એ જ પ્રમાણે મહાવિદેહની ૧૬ વિજયની ૩૨ નદીઓ દરેકને ચૌદ હજાર નદીઓનો પરિવાર **સીતેદા નદીઓનો** છે. સર્વે નદીઓનો કુલ પરિવાર ચૌદ લાખ છપ્પન હજાર છે. ગંગા અને સિંધુનો વિસ્તાર મૂલમાં દા યોજન છે. અને છેડે દશ ગુણો ૬૨ાા યોજન જેટલા મોટા પ્રવાહવાળી છે. વળી હિમવંત આદિ ક્ષેત્રની નદીઓ બમણા પહોળા પટવાળી છે. સીતા સીતોદા પ્રારંભમાં ૫૦ યોજન અને પર્યન્તે ૫૦૦ યોજન પહોળી છે. (અન્તર નદીઓ ૭૮+૧૨=૯૦ છે.)

## પર્વતોનું પ્રમાણ તથા રંગો

શિખરી અને ચુલ્લ હિમવંત સો યોજન ઉંચા સુવર્ણમય છે, રૂકિમ અને મહાહિમવંત બસો યોજન ઉંચા અને અનુક્રમે ચાંદી ને સુવર્ણમય છે. નિષધ અને નીલવંત ચારસો યોજન ઉંચા છે. નિષધ તપનીયમય અને નીલવંત વૈડૂર્ય રત્નમય છે. મેરૂ સિવાયના અઢીદ્વિપના પર્વતો પોતાની ઉંચાઈથી ચોથા ભાગના ભૂમિમાં છે.

## શાશ્વત પદાર્થો

**જંબૂદ્વીપમાં ૨ સૂર્ય, ૨ ચંદ્ર**—જે ચન્દ્ર-સૂર્ય આજે ઉગે તે બીજે દિવસે ન ઉગતાં ત્રીજે દિવસે ઉગે છે. વળી ૫૬ નક્ષત્ર, ૧૭૬ ગ્રહ અને ૧૩૩૯૫૦ કોડાકોડી તારા જંબૂદ્વીપમાં છે.

**જંબૂદ્વીપની જગતી અને ૪ દ્વાર**—જંબૂદ્વીપને ફરતો કોટ છે, તે મૂળમાં ૧૨ યોજન પહોળો, ઉપર ૪ યોજન પહોળો, ૮ યોજન ઉંચો પરિધિ જેટલી લંબાઈવાળો વલયાકારે

છે, તેને જગતી કહે છે. તેને વિજય-વિજયંત-જયંત-અપરાજિત એ નામે ૪ દ્વાર છે.

**૩૪ વૈતાઢયની ૬૮ ગુફા**—દરેક વૈતાઢયની **તમિસ્રા ગુફા** અને **ખંડક પ્રપાતા** નામની બે ગુફાઓ છે. જે ચક્રવર્તિના રાજ્ય વખતે ઉઘાડી રહે છે. તે પછી સદા કાળ બંધ રહે છે. આ ગુફા **૮ યોજન ઉંચી, ૧૨ યોજન પહોળી, અને ૫૦ યોજન લાંબી છે.** ચક્રવર્તિ કાકિણી રત્નથી બંને બાજુની ભીંતે પ્રકાશ-મંડલો ચિતરી બહાર નીકળી ત્યાં રહેલા ૩ અનાર્ય ખંડને જીતી બીજી ગુફામાં થઈ ત્યાં પણ પ્રકાશ-મંડલો ચિતરી પોતાના ખંડમાં પાછો આવે છે.

**૨ વૈતાઢયનાં ૧૪૪ બીલ**—ભરત અને ઐરાવતના વૈતાઢ્યમાં બંને બાજુ ગંગા-સિંધુ આદિ નદીના બે બે પડખે નવ, નવ બીલ = ગુફાઓ છે. કુલ દરેક વૈતાઢ્યની ૭૨ ગુફાઓ છે. ભરત-ઐરવતની બંને મળી ૧૪૪ ગુફાઓ છે. અવસર્પિણીના છઠ્ઠા આરામાં પ્રલય-સંહાર કાળ આવશે ત્યારે એ ગુફાઓમાં ભરાયેલા મનુષ્ય-પશુઓજ જીવતા રહેશે. ફરી એ બીજ રૂપ મનુષ્ય અને પશુઓથી મનુષ્ય અને પશુઓની વૃદ્ધિ થશે.

**૪ અને ૩૪ તીર્થંકર**—૩૪ વિજયમાં ૧-૧ તીર્થંકર ગણવાથી ઉત્કૃષ્ટ કાળે જંબૂદ્વિપમાં ૩૪ તીર્થંકર હોય છે. અને જઘન્યથી મહાવિદેહમાં ૪ તીર્થંકર હોય. મતાંતરે જઘન્યથી ૨ મહાવિદેહમાં કહ્યા છે.

**ચક્રવર્તિ—વાસુદેવ—બળદેવ**—ઉત્કૃષ્ટા મહાવિદેહમાં ૨૮ ચક્રવર્તિ, ૨૮ વાસુદેવ, ૨૮ બળદેવ હોય છે, તેજ વખતે

ભરત–ઐરવતમાં ચક્રવર્તિ હોય તો જંબૂદ્વિપમાં ઉત્કૃષ્ટા ૩૦ ચક્રવર્તિ હોય છે. મહાવિદેહમાં ૨૮ ચક્રવર્તિ હોય ત્યારે શેષ ૪ વિજયમાં ૪ વાસુદેવ તથા ૪ બળદેવ હોય છે. એક વિજયમાં ચક્રવર્તિ અને વાસુદેવ બે સાથે ન હોઇ શકે.

**પંડુક વનમાં ૪ અભિષેક શિલા**—મેરૂપર્વત ઉપર પંડુક વન છે તેમાં ૫૦૦ યોજન લાંબી, ૨૫૦ યોજન પહોળી, ૪ યોજન જાડી (ઉંચી) ચાર દિશામાં ચાર મહાશિલાઓ શ્વેત સુવર્ણની છે. તે શિલાઓ ઉપર તે તે દિશામાં જન્મેલા શ્રી તીર્થંકરોનો જન્માભિષેક થાય છે.

**જંબૂવૃક્ષ—શાલ્મલીવૃક્ષ**—આ બે વૃક્ષો ઉત્તરકુરૂ અને દેવકુરૂમાં છે. ૮ યોજન ઉંચા, ૦ાા યોજન ઉંડાં અને ૮ યોજન વિસ્તાર વાળા છે. જંબૂવૃક્ષ ઉપર અનાદૃત નામનો અધિપતિ દેવ, અને શાલ્મલી વૃક્ષ ઉપર ગરૂડ દેવ રહે છે. બંને વૃક્ષ પૃથ્વીકાયમય રત્નનાં છે. તે શાશ્વતા છે. એ વૃક્ષને ફરતાં એવાં જ બીજા નાના મોટા વૃક્ષો છે.

**૩૪ રાજધાની**—ચોત્રીસ વિજયમાં અયોધ્યા વિગેરે નામ વાળી ૩૪ મુખ્ય નગરીઓ છે, તે રાજધાનીઓ કહેવાય છે.

**૯૦ કુંડ**—૧૪ મહાનદીઓ તથા ૬૪ મહાવિદેહની નદીઓ તથા ૧૨ અંતર નદીઓ પર્વતમાંથી નીકળી તે પર્વતની નીચે કુંડમાં પડી બહાર નીકળે તે કુલ ૯૦ કુંડ છે.

**૮ મહાવન**—મહાવિદેહના બે છેડે બે–બે વન, જગતી પાસે છે, તે ચાર વન તથા મેરૂપર્વતનાં **ભદ્રશાલ–નંદન–સોમનસ** અને **પંડુક** વન એ ચાર વન મળી કુલ ૮ મહાવનો છે.

**૩૦૬ મહાનિધિ**—ગંગા નદીના પૂર્વ કિનારે ૯ નિધિઓ છે, તે દરેક ૧૨ યોજન લાંબા, ૯ યોજન પહોળા, ૮ યોજન ઉંચા, પેટીઓના આકારવાળા સુવર્ણના આઠ આઠ ચક્ર ઉપર રહેલા છે. તેમાં દરેક સ્થિતિને દર્શાવનાર શાશ્વત પુસ્તકો હોય છે. દરેક નિધિમાં નિધિ સરખા નામવાળા અધિપતિ દેવો હોય છે. ૩૪ વિજયમાંની દરેક વિજયમાં **નૈસર્પ** આદિ નવ-નવ નિધિઓ પાંચમા ખંડમાં મહાનદીના કિનારા પાસે હોય છે. દરેક ચક્રવર્તિ પાંચમો ખંડ સાધીને એ ૯ નિધિઓને પણ સાધે છે. ચક્રવર્તિ દિગ્‌વિજય કરી પોતાના નગરમાં આવે છે, ત્યારે તે નિધિઓ પણ પાતાલ માર્ગે ચક્રવતિના નગર બહાર આવી જાય છે.

**૪૨૦ રત્નો**—દરેક ચક્રવર્તિને ચક્ર-છત્ર-દંડ-ચર્મ-ખડ્ગ-મણિ-કાકિણી એ **૭ એકેન્દ્રિય રત્ન** તથા સેનાપતિ-ગાથાપતિ-વાર્ધકી-પુરોહિત-અશ્વ-હસ્તિ-અને સ્ત્રી એ **૭ પંચેન્દ્રિય રત્ન** મળી ૧૪ રત્નો હોય છે, ઉત્કૃષ્ટ કાળે ૩૦ ચક્રવર્તિ હોવાથી જંબૂદ્વીપમાં ૪૨૦ રત્નો હોય છે.

આ ઉપરાંત બીજા પણ **કોટીશિલા** વિગેરે શાશ્વતા પદાર્થો જંબૂદ્વીપમાં છે, તે બીજા ગ્રન્થોથી સવિસ્તર જાણવા યોગ્ય છે.

**ઇતિ જંબૂદ્વીપ સંગ્રહણી પરિશિષ્ટમ્**

# श्री चैत्यवंदन भाष्य

જૈન ધર્મની આરાધના કરવાની ઇચ્છાવાળા ભવ્ય જીવોએ આ ગ્રન્થ અવશ્ય ભણવા જેવો છે. બાળ જીવો ઉચ્ચ આગમો–ભાષ્ય–ચૂર્ણિ વિગેરે ન સમજી શકે માટે તપગચ્છના આદ્ય આ. શ્રી જગચ્ચન્દ્ર સૂરિના શિષ્ય આ. શ્રી દેવેન્દ્ર સૂરીશ્વરજીએ ઉપકાર બુદ્ધિથી આ ગ્રન્થ રચ્યો છે.

આ ગ્રન્થમાં બતાવેલ ઉત્તમ આચાર પાલવાથી કર્મ નિર્જરા તથા પરંપરાએ મોક્ષ પ્રાપ્ત થાય છે. વળી આ ગ્રન્થ આગમ પરંપરા તથા ગુરૂ પરંપરા અનુસાર રચેલ હોવાથી પ્રામાણિક છે. આ હકીકત સમજવા પંચાગીનું સ્વરૂપ સમજવું અત્યંત આવશ્યક છે.

**પંચાગીની સમજ :—(૧) સૂત્ર—**તીર્થંકરો કેવળ જ્ઞાન વડે જાણેલા ત્રણ કાળના ભાવોનો ઉપદેશ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ સહિત આપે છે. તે હકીકતો ગણધર ભગવંતો સૂત્રરૂપે ગુંથે છે. ચૌદ પૂર્વીઓ તથા પ્રત્યેક બુદ્ધો જે ગુંથે છે, તે પણ **સૂત્ર** કહેવાય છે.

**અંગ—ઉપાંગો** વિગેરે પવિત્ર મૂળ આગમો છે.

**(૨) નિર્યુક્તિ**—સૂત્ર સાથે સંબંધ ધરાવતા પદાર્થોનું નય–નિક્ષેપાદિ પૂર્વક સૂત્રનું સમજાવવું તે. શ્રી ચૌદ પૂર્વધરકૃત પ્રાકૃત ભાષામાં ગાથા બદ્ધ હોય છે.

**(૩) ભાષ્ય**—સૂત્ર અને નિર્યુક્તિમાં જે ખાશ કહેવાનું હોય, તે સક્ષેપમાં સમજાવે તે.

(૪) **ચૂર્ણિ**—ઉપરના ત્રણે અંગોને સ્પષ્ટ રીતે સમજાવે તે. આ પ્રાકૃત ભાષામાં હોય છે, (તેમાં સંસ્કૃત ભાષાનું મિશ્રણ હોય છે.)

**(૫) વૃત્તિ—(ટીકા)** ઉપરના ચારે અંગોને લક્ષ્યમાં રાખી વિસ્તારથી સંસ્કૃત ભાષામાં રચાયેલ હોય છે.

જૈન આગમોના ઉપરના આ પાંચ અંગ (**પંચાગી**) કહેવાય છે.

વર્તમાનમાં ઘણા સૂત્રોની પંચાગી વિદ્યમાન છે.

## ત્રણ પ્રકારનાં આગમ

(૧) તીર્થંકર પરમાત્માનો ઉપદેશ તે **આત્મા-આગમ**

(૨) ગણધર ભગવંતોની રચના તે **અનન્તર-આગમ**

(૩) આ બંનેને અનુસરતી સુવિહિત પુરૂષોની બધી રચનાઓ તે **પરંપરા-આગમ** કહેવાય છે.

આ ત્રણે પ્રકારના આગમો પ્રમાણ માનવા તેમાં સંદેહ કરવો એ મિથ્યાત્વનું લક્ષણ છે. સમજવા માટે પ્રશ્ન કરવામાં દોષ નથી.

આ ગ્રન્થ **પંચાગી** અનુસારે છે, માટે પ્રમાણભૂત છે. કેમકે આગમ પરંપરા અને ગુરૂ પરંપરા અનુસારે આ ગ્રન્થની રચના કરી છે, તે બતાવવા આચાર્ય **દેવેન્દ્રસૂરિએ** પ્રથમ ગાથામાં **સૂયાણુ સારેણ** પદ મૂકયું છે.

ચૈત્ય = જિન મંદિર અને જિન પ્રતિમા એ અર્થ છે. શ્રી તીર્થંકર પરમાત્માઓમાં પરમોચ્ચ ચારિત્ર, તપ, વીર્ય અનંતજ્ઞાન હોય છે. પોતે કૃત-કૃત્ય છતાં તીર્થરૂપ શાસન

સ્થાપીને સદાચાર અને પવિત્રતા લાંબા કાળ સુધી ટકી રહે તેવો ઉંચામાં ઉંચો આદર્શ આપણને આપ્યો છે. તેથી અનેક જીવો તેવું આદર્શ જીવન જીવે છે, અને ઘણા જીવો તેવું જીવન જીવવાનો પ્રયાસ કરે છે.

આજે જે પ્રમાણિકતા, નિયમબદ્ધતા, સુલેહ, શાંતિ, સદાચાર, સદ્‌ગુણો, પરોપકારી ભાવના, સારા બંધારણો પ્રચલિત છે, તે બધો પ્રતાપ તીર્થંકર પરમાત્માઓનો જ છે. માટે કોઈ પણ સમજુ કૃતજ્ઞ માનવ પરમાત્મા પ્રત્યેની ભક્તિ કરવાની ફરજ ચૂકે જ નહિ, ચૂકવી જોઇએ જ નહિ, અને જ્યારે જ્યારે અનુકૂળતા મળે ત્યારે લોકોત્તર વિનય કરવા ચૂકવું નહિ.

પરમાત્માના લોકોત્તર વિનય કરવાના અનેક પ્રકારો છે. તે સર્વમાં ચૈત્યવંદન મુખ્ય છે. બાળકોને નિશાળે જવાનું પ્રયોજન, જ્ઞાન મેળવવાનું છે, છતાં "**જ્ઞાન મેળવવા જાઉં છું**" એમ બોલવાને બદલે "**નિશાળે જાઉં છું**" એમ બોલે છે, તે પ્રમાણે પરમાત્માની ભક્તિ કરવાની કેન્દ્રભૂત સંસ્થા ચૈત્ય છે, ત્યાં ભક્તિને બદલે "**હું ચૈત્યવંદન કરવા જાઉં છું**" એમ બોલાય છે.

## મુખ્ય દ્વારો
## ( ૨૦૭૪ પેટાભેદો )

(૧) દશ ત્રિક, (૨) પાંચ અભિગમ, (૩) બે દિશિ, (૪) ત્રણ અવગ્રહ, (૫) ૩ પ્રકારે ચૈત્યવંદન, (૬) પંચાગ પ્રણિપાત ( ખમાસમણ ), (૭) નમસ્કાર ( શ્લોક ), (૮) ૧૬૪૭ અક્ષર, (૯) ૧૮૧ પદો, (૧૦) ૯૭ સંપદા, (૧૧) ૫ દંડક, (૧૨) ૧૨ અધિકાર, (૧૩) ૪ વાંદવા યોગ્ય, (૧૪) ૧ સ્મરણ કરવા

યોગ્ય, (૧૫) ૪ પ્રકારના જિન, (૧૬) ૪ સ્તુતિ, (૧૭) ૮ નિમિત્તો, (૧૮) ૧૨ હેતુઓ, (૧૯) ૧૬ આગાર, (૨૦) ૧૯ દોષો, (૨૧) કાઉસગ્ગનું પ્રમાણ, (૨૨) સ્તવન, (૨૩) ૭ વાર ચૈત્યવંદન, (૨૪) ૧૦ મોટી આશાતનાનો ત્યાગ.

## ( ૧ ) દશત્રિક

**( ૧ ) નિસીહિ ત્રિક**—(૧) દેરાસર જતાં ઘર સંબંધી વ્યાપાર તજવા પહેલી નિસીહિ.

(૨) દ્રવ્ય પૂજા વખતે મંદિરના વચમાં દેરાસર સંબંધી વ્યાપાર તજવા બીજી નિસીહિ.

(૩) ચૈત્યવંદન રૂપ ભાવ પૂજા કરતાં દ્રવ્ય પૂજા સંબંધી વ્યાપાર તજવા ત્રીજી નિસીહિ.

**( ૨ ) પ્રદક્ષિણા ત્રિક**—પ્રભુની જમણી બાજુથી જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના માટે ૩ પ્રદક્ષિણા દેવી.

**( ૩ ) પ્રણામ ત્રિક**—(૧) અંજલિ બદ્ધ-પ્રભુને દેખી બે હાથ જોડવા.

(૨) અર્ધાવનત—અડધું અંગ નમાવવું.

(૩) પંચાંગ — પાંચ અંગ વડે ભૂમિને સ્પર્શ પૂર્વક નમવું.

**( ૪ ) પૂજા ત્રિક**—(૧) અંગ પૂજા—પ્રભુને અડીને જે પૂજા થાય તે અભિષેક, અંગલૂંછણ, વિલેપન આદિ.

(૨) અગ્ર પૂજા—પ્રભુની આગળ ધૂપ, દીપ આદિ કરાય તે.

(૩) ભાવ પૂજા—પ્રભુની આગળ સ્તવનાદિ બોલવા તે.

**( ૫ ) અવસ્થા ત્રિક**—(૧) પિંડસ્થ—સ્નાત્ર—પૂજા વખતે છદ્મસ્થાવસ્થા વિચારવી.

(૨) પદસ્થ –૮ પ્રાતિહાર્ય વડે કેવલીપણાનો વિચાર કરવો.

(૩) રૂપાતીત—સિદ્ધાવસ્થાનો વિચાર કરવો.

**છદ્મસ્થ અવસ્થા ૩ પ્રકારે**

(૧) જન્માવસ્થા—મેરૂપર્વત ઉપર દેવો અભિષેક કરે તે ભાવવું.

(૨) રાજ્યાવસ્થા—પુષ્પ, અલંકાર, મુકુટ ચઢાવતાં રાજ્યાવસ્થા ભાવવી કે આવી રાજઋદ્ધિનો ત્યાગ કરી પ્રભુ શ્રમણ થયાં.

(૩) શ્રમણાવસ્થા—કેસ રહિત મસ્તક-મુખ જોઈ શ્રમણ અવસ્થા ભાવવી.

**( ૬ ) ૩ દિશિ જોવાનો ત્યાગ**—જમણી બાજુ, ડાબી બાજુ, પાછળ એમ ૩ દિશા જોવાનો ત્યાગ. દર્શન-પૂજન—ચૈત્યવંદન સમયે પોતાની દૃષ્ટિ પ્રભુની સન્મુખ રાખવી.

**( ૭ ) પ્રમાર્જના ત્રિક**—પગની નીચેની ભૂમિને ૩ વાર પ્રમાર્જવી.

**( ૮ ) આલંબન ત્રિક**–(૧) વર્ણાલંબન-સૂત્રના અક્ષરો શુદ્ધ બોલવા.

(૨) અર્થાલંબન—સૂત્રના અર્થનો વિચાર કરવો.

(૩) પ્રતિમાલંબન-જિન પ્રતિમા તરફ જ ધ્યાન રાખવું.

( ૯ ) **મુદ્રા ત્રિક**—(૧) **યોગમુદ્રા**—પરસ્પર આંગળીઓ આંતરાઓમાં રાખી બે હાથને કમળના ડોડાને આકારે બનાવી પેટ ઉપર કોણી રાખવી. આ મુદ્રાથી **ચૈત્યવંદન-સ્તવન** કહેવાય.

(૨) **જિનમુદ્રા**—કાઉસગ્ગ કરતી વખતે બે પગ વચ્ચે ચાર અંગુલનું અંતર રાખવું, અને પાછળ કંઈક ઓછું અંતર રાખવું.

(૩) **મુક્તા શુક્તિ મુદ્રા**—છીપની જેમ બે હાથ જોડીને પોલા રાખી કપાળે લગાડવા. આ મુદ્રા વડે **જાવંતિ ચેઈયાઈ, જાવંત કેવિ સાહૂ, જય વીયરાય** સૂત્ર બોલાય છે.

**બીજી મુદ્રાઓ**—

(૧) પ્રતિક્રમણ ઠાવવામાં—મયૂર મુદ્રા.

(૨) વાંદણામાં—યથાજાત મુદ્રા.

(૩) વંદિતામાં—ધનુષ્ય મુદ્રા.

(૪) ગુરૂ વંદનમાં—પંચાગ મુદ્રા.

( ૧૦ ) **પ્રણિધાન ત્રિક**—જાવંતિ ચેઈયાઈ, જાવંત કેવિ સાહૂ, જયવીયરાય આ ત્રણ પ્રણિધાન સૂત્ર છે. અથવા મન, વચન, કાયાની એકાગ્રતા રૂપ પ્રણિધાન ત્રિક ગણાય છે.

## ( ૨ ) પાંચ અભિગમ

અભિગમ એટલે જિન મંદિરમાં જતાં સાચવવા લાયક આચાર.

(૧) સચિત્ત વસ્તુઓનો ત્યાગ, (૨) અચિત્તનો ત્યાગ ન કરવો, (૩) મનની એકાગ્રતા રાખવી, (૪) બંને છેડે દશીવાળું ઉત્તરાસંગ રાખવું, (૫) પ્રભુજીને દેખતાં જ બે હાથ જોડીને મસ્તકે લગાડવાં.

## રાજા વિગેરે માટે (૫) રાજચિહ્નો ત્યાગ કરવા

(૧) છત્ર, (૨) મોજડી, (૩) તલવાર, (૪) મુકુટ, (૫) ચામર.

## ( ૩ ) દિશા દ્વાર

પુરૂષો પ્રભુની જમણી બાજુએ, અને સ્ત્રીઓ ડાબી બાજુ ઉભા રહીને સ્તુતિ કરે, તેથી વિનય-મર્યાદા સચવાય છે.

## ( ૪ ) ત્રણ પ્રકારના અવગ્રહ

અવગ્રહ એટલે પ્રભુથી કેટલા દૂર રહી ચૈત્યવંદન કરવું જઘન્યથી નવ હાથ અને ઉત્કૃષ્ટથી (૬૦) સાંઠ હાથ દૂર રહીને ચૈત્યવંદન કરવું. બાકીનો વચ્ચેનો મધ્યમ અવગ્રહ જાણવો. પ્રભુને પોતાનો ઉચ્છવાસાદિ કે પોતાના કપડા ન અડે તે ખ્યાલ રાખવો. આઠ પડો મુખ કોશ બાંધી ભક્તિ પૂરતું ગભારામાં જવું.

## ( ૫ ) ચૈત્યવંદન દ્વાર

(૧) જઘન્ય-નમસ્કાર વડે, (૨) મધ્યમ-એક થોય અને દંડક સૂત્ર વડે, (૩) ઉત્કૃષ્ટ-૨ થોય જોડા, પાંચ દંડક વડે. પૌષધમાં દેવવંદનમાં આ ચૈત્યવંદના થાય છે.

## ( ૬ ) પ્રણિપાત ( ખમાસમણ )

૨ હાથ, ૨ ઢીંચણ, ૧ મસ્તક એ પાંચ અંગ ભૂમિને લગાડવાં તે.

## ( ૭ ) નમસ્કાર દ્વાર

૧ થી ૧૦૮ સુધી શ્લોકો વીતરાગ પ્રભુના ગુણોવાળા પ્રશસ્ત અર્થવાળા પૂર્વાચાર્યોએ બનાવેલા કહેવા.

## ( ૮ ) દેવવંદન સૂત્રનાં ૧૬૪૭ અક્ષર

નવકાર, ખમાસમણ, ઈરિયાવહિયા, તથા શક્રસ્તવ વિગેરે પાંચ દંડક સૂત્ર તથા પ્રણિધાન સૂત્રો (૧ જાવંતિ, ૨ જાવંત, ૩ જય વીયરાય) આદિ ૯ સૂત્રોનાં વર્ણ. ૧૪૭ થાય છે.

## ( ૯ ) દેવવંદન સૂત્રના ૧૮૧ પદો

નવકાર, ઈરિયાવહિયા, નમુત્થુણં, ચૈત્યસ્તવ, લોગસ્સ, પુખ્ખરવરદ્દી, સિદ્ધાણં બુદ્ધાણં આદિમાં ૧૮૧ પદની ગણના થાય છે.

## ( ૧૦ ) દેવવંદન સૂત્રના ૯૭ સંપદાઓ

નવકાર, ઈરિયાવહિયા, શક્રસ્તવાદિમાં ૯૭ સંપદાઓ છે.

## ( ૧૧ ) દેવવંદનમાં ૫ દંડક સૂત્રો

શક્રસ્તવ, ચૈત્યસ્તવ, નામસ્તવ, શ્રુતસ્તવ, અને સિદ્ધસ્તવ આ પાંચ દંડક સૂત્રો છે. અને તેમાં ૧૨ અધિકાર છે.

## ( ૧૨ ) બાર અધિકાર

અધિકાર—એટલે કયા સૂત્રમાં કોની સ્તુતિ થાય છે તે.

૧-૨ અધિકારમાં—નમુત્થુણંમાં **'જિઅભયાણં'** સુધી ભાવ જિનને, ત્યારબાદ **'જે અ અઈઆ સિદ્ધાથી** દ્રવ્ય જિનને વંદના કરી છે.

૩ **'અરિહંત ચેઈયાણંથી'** સ્થાપના જિનને વંદના કરી છે.

૪–૫ '**લોગસ્સમાં**' નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ એ ૪ નિક્ષેપાથી નામજિનને તથા '**સવ્વલોએ અરિહંત ચેઈયાણં**'થી સ્થાપના જિનને વંદના છે.

૬–૭ '**પુખ્ખરવરદ્દીની**' પહેલી ગાથામાં ૨॥ દ્વીપમાં વિચરતા જિનોને તથા ૩ ગાથામાં શ્રુતજ્ઞાનને વંદન થાય છે.

૮ થી ૧૨ અધિકાર –"સિદ્ધાણં બુદ્ધાણંમાં" ૮મો સર્વસિદ્ધને, ૯ મો વીરપ્રભુને, ૧૦ મો શ્રી ગિરનાર ઉપર તીર્થપતિ શ્રી નેમિજિનને, ૧૧ મો અષ્ટાપદે બિરાજમાન ૨૪ જિનોને, ૧૨ મો 'વેયાવચ્ચગરાણંથી' સમ્યગ્ દૃષ્ટિ દેવને સ્મરણ કરવા રૂપ અધિકાર ગણાય છે.

## ( ૧૩ ) વંદન કરવા યોગ્ય

૧ જિનેશ્વર દેવ, ૨ મુનિ મહાત્માઓ, ૩ શ્રુતજ્ઞાન, ૪ સિદ્ધભગવંતો.

## ( ૧૪ ) સ્મરણ કરવા યોગ્ય

સમકિત દૃષ્ટિ દેવદેવીઓ સ્મરણ કરવા યોગ્ય છે.

## ( ૧૫ ) ચાર પ્રકારના જિન

(૧) તીર્થંકરનું નામ તે નામ જન, (૨) પ્રતિમાઓ તે સ્થાપના જિન, (૩) જિનેશ્વરોના જીવો દ્રવ્ય જિન, (૪) સમવસરણમાં બિરાજમાન ભાવ જિન.

## ( ૧૬ ) ચાર સ્તુતિ

૧ લી મુખ્ય તીર્થંકર પ્રભુની, ૨ જી સર્વ તીર્થંકરોની, ૩ જીમાં જ્ઞાનની પ્રધાનતા, ૪ થીમાં શાસનદેવની.

## (૧૭) કાઉસગ્ગનાં આઠ નિમિત્તો (પ્રયોજન-ઉદ્દેશ)

૧ ગમનાગમનથી થયેલ પાપ ખપાવવા માટે, ૨ વંદન કરવા નિમિત્તે, ૩ પૂજન કરવા નિમિત્તે, ૪ સત્કાર કરવા નિમિત્તે, ૫ વિનય-ઉપચાર નિમિત્તે, ૬ સમકિતના લાભ નિમિત્તે, ૭ મોક્ષ પ્રાપ્તિ નિમિત્તે, ૮ શાસનનાં અધિષ્ઠાયકના સ્મરણ કરવા નિમિત્તે.

## ( ૧૮ ) કાઉસગ્ગના બાર હેતુ (કારણ-સાધન)

કાઉસગ્ગનો ઉદ્દેશ પાપ ખપાવવાનો છે, તો તે કેવી રીતે ખપે! તે માટે '**તસ્સઉત્તરી કરણેણં**' સૂત્રમાં ૪ હેતુ; તથા '**અરિહંત ચેઈયાણં**' સૂત્રમાં બતાવેલ **સદ્ધાએ** વિગેરે ૫ હેતુ, તથા '**વેયાવચ્ચગરાણં**' સૂત્રના ૩ હેતુ મલી ૧૨ હેતુ થાય છે.

## ( ૧૯ ) કાઉસ્સગ્ગનાં આગારો-છૂટ ૧૨+૪=૧૬

કાઉસગ્ગમાં રખાયેલ અપવાદ રૂપ છૂટોથી કાઉસ્સગ્ગ ન ભાંગે.

૧૨ અન્નત્થ સૂત્રમાં—૧શ્વાસ લેવો, ૨શ્વાસ મૂકવો, ૩ખાંસી, ૪છીંક, ૫બગાસું, ૬ઓડકાર ( ઉર્ધ્વવાયુ ), ૭વાછુટ ( અધોવાયુ ), ૮ભમરી ( ચકરી ), ૯વમન, ૧૦સૂક્ષ્મ કાયકંપ, ૧૧સૂક્ષ્મ શ્લેષ્મ સંચાર, ૧૨સૂક્ષ્મ દૃષ્ટિ સંચાર ( આ બાર એક સ્થાને રહેવા આશ્રયીને છે. )

૪ બીજે સ્થાને જવા છતાં કાઉસગ્ગ અખંડ ગણાય— (૧) અગ્નિનો પ્રકાશ શરીર ઉપર પડવાથી શરીરના સ્પર્શથી અગ્નિના જીવોનો નાશ અટકાવવા ચાલુ કાઉસગ્ગમાં વસ્ત્ર ઓઢવું પડે, યા ખસવાથી કાઉસગ્ગનો ભંગ ન થાય.

(૨) ઉંદર વિગેરે પંચેન્દ્રિયની આડ નિવારવા ખસે તો કાઉસગ્ગનો ભંગ ન થાય.

(૩) પંચેન્દ્રિય જીવનો ઘાત થતો હોય અને ખસે તો આગાર ગણાય છે. યા સમ્યક્ત્વને હરકત આવે તો પણ બીજે સ્થળે જઈ શકાય છે.

(૪) પોતાને યા પરને સર્પ આદિ કરડવાનો સંભવ હોય તો પણ આગાર છે.

## ( ૨૦ ) કાઉસગ્ગનાં ૧૯ દોષો

દૃષ્ટિ નાસિકા ઉપર સ્થાપીને, કંપ્યા વિના કે આમ તેમ જોયા વિના માનસિક જાપથી મૌન અને ધ્યાનસ્થ રહીને કાઉસગ્ગ કરવો જોઈએ. તેમાં નીચેના કારણે દોષ લાગે છે.

[૧]ઘોડાની પેઠે પગ રાખે, [૨]લતા માફક શરીર કંપાવે, [૩]થાંભલા–ભીંતને ટેકો દે, [૪]માળ કે મેઢીને માથું લગાડે, [૫]બે પગ ભેગા કરે, [૬]પહોળા પગ કરે, [૭]ભીલડીની માફક ઉભા રહે, [૮]ઓઘો કે ચરવલો ઘોડાની લગામની માફક રાખવો, [૯]માથુ નીચું રાખવું, [૧૦]વસ્ત્ર લાંબુ રાખવું, [૧૧]છાતી ઉપર વસ્ત્ર ઓઢી રાખવું, [૧૨]આખું શરીર ઢાંકવું, [૧૩]આંગળીના વેઢાં કે નેત્રનાં ભવા ફેરવવા, [૧૪]કાગડાની માફક આમતેમ જોવું, [૧૫]કપડું બે પગ વચ્ચે દબાવી રાખવું, [૧૬]માથું હલાવવું, [૧૭]મુગાની માફક હું હું અવાજ કરવો, [૧૮]બડબડાટ કરવો, [૧૯]વાનરની જેમ ઉંચે નીચે જોવું. આ દોષોમાં ૧૦–૧૧–૧૨ એ ૩ દોષ સાધ્વીજીને ન હોય, અને ૯ માં દોષ સહિત ૪ દોષ શ્રાવિકાને ન લાગે.

## ( ૨૧ ) કાઉસગ્ગનું પ્રમાણ

લોગસ્સ સૂત્રના 'ચંદેસુ નિમ્મલયરા' સુધી ૨૫ ચરણ–

પાદ સમાન ૨૫ શ્વાસોશ્વાસનું પ્રમાણ, અને નવકારની ૮ સંપદા છે, તે એકેક સંપદા એકેક પાદ તુલ્ય (શ્વાસોશ્વાસ પ્રમાણ) ગણાય છે.

## ( ૨૨ ) સ્તવન

મેઘ સરખા ગંભીર અને મધુર સ્વરથી ભક્તિ-જ્ઞાન-અને વૈરાગ્ય ઉત્પન્ન કરે તેવું પૂર્વાચાર્ય રચિત સ્તવન કહેવું.

## ( ૨૩ ) સાત ચૈત્યવંદનો

(૧) રાઈ પ્રતિક્રમણમાં વિશાલ લોચનનું, (૨) ચૈત્યમાં દર્શન સમયે, (૩) આહાર કર્યા પહેલા-પચ્ચકખાણ પારતાં, (૪) સાંજે પચ્ચકખાણ સમયે, (૫) દેવસી પ્રતિક્રમણમાં નમોસ્તુ વર્ધમાનાયનું, (૬) સંથારા પોરિસિમાં ચઉક્કસાયનું, (૭) સવારે કુસુમિણ દુસુમિણનાં કાઉસગ્ગ પછી જગચિંતામણીનું.

પ્રતિક્રમણ કરનાર ગૃહસ્થને ૭ વાર યા પાંચવાર કરવા અને પ્રતિક્રમણ નહિ કરનારને ૩ સંધ્યાકાળની પૂજાના ૩ વાર કરવા.

## ( ૨૪ ) દશ મોટી આશાતનાઓ

શ્રી જિનેશ્વર ભગવંતના મંદિરનાં કિલ્લામાં-કંપાઉન્ડમાં, તંબોલ, પીવાનું, ખાવાનું, પગરખા પહેરવાનું, મૈથુન, સુવું, થુંકવું, પેશાબ, ઝાડો, જુગાર આદિ આશાતના તજવી, મધ્યમ આશાતના ૪૨ છે. ઉત્કૃષ્ટ આશાતના ૮૪ છે.

## સમાપ્ત ચૈત્યવંદન ભાષ્ય

# શ્રી ગુરુવંદન ભાષ્ય

વિનય એ ધર્મનું મૂળ છે, દેવ-ગુરૂ પ્રત્યે વિનય ભક્તિ કે નમ્રતા ન હોય તો ધર્મનું કાંઈ ફળ નથી. ગુણવંત ગુરૂની ભક્તિ વિધિ પૂર્વક વંદના કરવાથી થાય છે, માટે ચૈત્યવંદન ભાષ્ય પછી **ગુરૂવંદન** ભાષ્ય કહેવાય છે,

**ગુરૂવંદન** ત્રણ પ્રકારે થાય છે. **(૧) ફિટ્ટા ( ફેટા ) વંદન**—મસ્તક નમાવવાથી, હાથ જોડવાથી, અંજલી કરવાથી. તે સંઘમાં પરસ્પર થાય છે. તેમાં સાધ્વી તે સાધુ-સાધ્વીને કરે, સાધુ તો કેવળ સાધુને જ કરે.

**(૨) છોભ વંદન**—પંચાગ પ્રણિપાતથી ખમાસમણ પૂર્વક વંદન કરવું. શ્રાવક-સાધુને કરે, શ્રાવિકા-સાધુ-સાધ્વી બંનેને કરે, સાધુ-વડીલ સાધુને કરે, સાધ્વી-કોઈપણ સાધુને તથા વડીલ સાધ્વીને કરે. શ્રાવક ઉત્કૃષ્ટ ક્રિયાપાત્ર તથા ભાવથી ચારિત્રની ઇચ્છાવાળો હોય તો પણ તેવા શ્રાવકને ખમાસમણ દઈ વંદના થાય નહિ. કરે તો જિનાજ્ઞા ઘાતક થાય

**(૩) દ્વાદશાવર્ત વંદન** — ૨ વાંદણા વાળું—વંદનક સૂત્રવાળું, ચતુર્વિધ સંઘ એ વંદન આચાર્ય આદિ પદવીધરને કરે. અહિ ગુરૂવંદન ભાષ્યમાં મુખ્ય અધિકાર આ દ્વાદશાવર્ત વંદનની વિધિનો જ કહેવાશે.

## મુખ્ય ૨૨ દ્વારો

### ( ૪૯૨ ઉત્તરભેદ )

(૧) ગુરૂવંદનનાં નામ-૫, (૨) દૃષ્ટાંત-૫, (૩) અવંદનીય-૫, (૪) વંદનીય-૫, (૫) વંદન અદાતા-૪, (૬) વંદન દાતા-૪,

(૭) નિષિદ્ધ અવસર-૫, (૮) અનિષિદ્ધ અવસર-૪, (૯) વંદનનાં કારણ-૮, (૧૦) આવશ્યક-૨૫, (૧૧) મુહપત્તિ પડિલેહણા-૨૫, (૧૨) શરીરની પડિલેહણા-૨૫, (૧૩) વંદનના દોષ-૩૨, (૧૪) વંદનથી ગુણ-૬, (૧૫) ગુરૂ સ્થાપના-૧, (૧૬) અવગ્રહ-૨, (૧૭) અક્ષર-૨૨૬, (૧૮) પદ-૫૮, (૧૯) અધિકાર શિષ્યના પ્રશ્નો-૬, (૨૦) ગુરૂના વચન-૬, (૨૧) ગુરૂની આશાતના-૩૩, (૨૨) વિધિ-૨ = ( ૪૯૨ ભેદો )

## (૧) ગુરૂવંદનનાં પાંચ નામો

**(૧) વંદન કર્મ**—પ્રશસ્ત મન-વચન-કાયાથી વંદન થાય તે ૨ પ્રકારે મિથ્યાદષ્ટિની ગુરૂ સ્તવના તેમજ ઉપયોગ રહિત સમ્યગ્ દષ્ટિની સ્તવના તે **દ્રવ્ય વંદન કર્મ** અને ઉપયોગ સહિત સમ્યગ્દષ્ટિનું **ભાવ વંદન કર્મ.**

**(૨) ચિતિકર્મ**—રજોહરણાદિ ઉપધિ સહિત કુશલ કર્મનું સંચય તે ૨ પ્રકારે. તાપસાદિની તાપસી ક્રિયા, તેમજ ઉપયોગ રહિત સમ્યગ્દષ્ટિની ક્રિયા તે **દ્રવ્ય ચિતિકર્મ** અને ઉપયોગ સહિત સમ્યગ્દષ્ટિની ક્રિયા તે **ભાવ ચિતિકર્મ.**

**(૩) કૃતિ કર્મ**—મોક્ષાર્થે નમનાદિ ક્રિયા કરવી તે ૨ પ્રકારે નિન્હવ વિગેરેની ક્રિયા, તેમજ ઉપયોગ રહિત સમ્યગ્ દષ્ટિની નમસ્કાર ક્રિયા તે **દ્રવ્ય કૃતિ કર્મ** અને ઉપયોગ સહિત સમ્યગ્દષ્ટિની ક્રિયા તે **ભાવ કૃતિ કર્મ.**

**(૪) પૂજા કર્મ**—મન-વચન-કાયાના પ્રશસ્ત વ્યાપાર તે ૨ પ્રકારે મિથ્યાત્વીઓની ક્રિયા તેમજ ઉપયોગ રહિત સમ્યગ્ દષ્ટિની ક્રિયા તે **દ્રવ્ય પૂજા કર્મ** અને ઉપયોગ સહિત સમ્યગ્દષ્ટિઓની ક્રિયા તે **ભાવ પૂજા કર્મ.**

(૫) **વિનય કર્મ**—જેના વડે કર્મનો વિનાશ થાય તેવી પ્રવૃત્તિ તે ૨ પ્રકારે મિથ્યાત્વીઓનો વિનય તેમજ ઉપયોગ રહિત સમ્યગ્ દ્દષ્ટિનો વિનય તે **દ્રવ્ય વિનય કર્મ** અને ઉપયોગ સહિત સમ્યગ્દ્દષ્ટિનો વિનય તે **ભાવ વિનય કર્મ.**

## ( ૨ ) દૃષ્ટાંત-પાંચ

**૧ વંદન કર્મ**—શીતલાચાર્યનું ૪ કેવલી ભાણેજને રોષથી વંદન તે દ્રવ્ય વંદન કર્મ, ફરી અપરાધ ખમાવી વંદન કરતા કેવલજ્ઞાન પામ્યા તે ભાવ વંદન કર્મ.

**૨ ચિતિ કર્મ**—ક્ષુલ્લકાચાર્યનો રજોહરણાદિનો સંચય તે દ્રવ્ય ચિતિવંદન અને પ્રાયશ્ચિત વખતે એજ ઉપકરણોનો સંચય તે ભાવ ચિતિ વંદન કર્મ.

**૩ કૃતિ કર્મ**—કૃષ્ણ મહારાજાએ શ્રી નેમનાથ પ્રભુને ભાવથી વંદન કરતા ક્ષાયિક સમ્યકત્વ અને તીર્થંકર નામ ઉપાર્જન કર્યું, તેમજ સાતમી નરકનું બાંધેલું આયુષ્ય ત્રીજી નરકનું કર્યું તે **ભાવ કૃતિ કર્મ** અને કૃષ્ણનું મન સાચવવા વીરકે વંદન કર્યું તે દ્રવ્ય કૃતિ કર્મ.

**૪ પૂજા કર્મ**—કૃષ્ણ વાસુદેવના અભવ્ય એવા પાલક નામના કુમારે લાલચથી વંદના કરી તે દ્રવ્ય પૂજા કર્મ અને શામ્બકુમારે ભાવ વંદના કરી તે ભાવ પૂજા કર્મ.

**૫ વિનય કર્મ**—બે રાજસેવકોમાંથી એકે દરબારમાં જતાં સાધુ મહારાજના શુકન માની ભાવપૂર્વક પ્રદક્ષિણા કરી તે ભાવ વિનય કર્મ, જ્યારે બીજા રાજસેવકે ભાવ રહિત અનુકરણથી વંદન કર્યું તે દ્રવ્ય વિનય કર્મ.

## ( ૩ ) અવંદનીય-પાંચ

**( ૧ ) પાર્શ્વસ્થ, ( ૨ ) અવસન્ન, ( ૩ ) કુશીલ, ( ૪ ) સંસક્ત, ( ૫ ) યથાછંદ.**

૧ **પાર્શ્વસ્થ**—જ્ઞાન, દર્શન, ચારિત્રના સાધન પાસે રાખે, પણ સેવે નહિ તે અવંદનીય છે.

(૧) સર્વ પાર્શ્વસ્થ—દર્શન, જ્ઞાન, ચરિત્ર રહિત કેવળ વેષધારી.

(૨) દેશ પાર્શ્વસ્થ—શય્યાતર પિંડ, રાજપિંડ, નિત્યપિંડ, અગ્રપિંડને વિના કારણે ભોગવે, કુલ નિશ્રાએ વિચરે, સ્થાપના કુલમાં પ્રવેશ કરે, જમણવાર જોતો ફરે, ગૃહસ્થની સ્તવના કરે.

૨ **અવસન્ન**—સાધુ સામાચારીમાં શિથિલ હોય તે અવંદનીય છે.

(૧) સર્વ અવસન્ન—વારંવાર સંથારો કરે, શેષકાલે પાટ, પાટલા વાપરનાર, સ્થાપના ભોજી તથા પ્રાભૃતિકા ભોજી.

(૨) દેશ અવસન્ન -- પ્રતિક્રમણ, પડિલેહણ, સ્વાધ્યાયાદિ સાધુ સામાચારી ન કરે, કે હીનાધિક કરે, ગુરૂના વચનથી બલાત્કારે કરે.

૩ **કુશીલ**—કુત્સિત (માઠા) આચારવાળો કુશીલ અવંદનીય છે.

(૧) જ્ઞાન કુશીલ — ૮ પ્રકારના જ્ઞાનાચારની વિરાધના કરે તે.

(૨) દર્શન કુશીલ—૮ પ્રકારના દર્શનાચારની વિરાધના કરે તે.

(૩) ચારિત્ર કુશીલ—યંત્ર, મંત્ર, ચમત્કાર, જ્યોતિષ, સ્વપ્ન ફળ, જડીબુટ્ટી, વશીકરણ, લક્ષણ - લાભાલાભ કહે, કામણ, સ્નાનાદિ વિભૂષા કરે.

**૪ સંસક્ત**—ગુણ અને દોષ બંને હોય તે અવંદનીય છે.

(૧) સંકિલષ્ટ સંસક્ત—પ્રાણાતિપાતાદિ પાંચ આશ્રવ યુક્ત, (રસ-ઋદ્ધિ-શાતા) ૩ ગારવ યુક્ત, સ્ત્રી અને ગૃહ સહિત.

(૨) અસંકિલષ્ટ સંસક્ત—જ્યાં જાય ત્યાં તેવો આચાર પાળે.

**૫ અહાછંદો** (યથાછંદ)—આગમની અપેક્ષા વિના પોતાનાં છંદે ચાલનાર, ઉત્સૂત્ર પ્રરૂપણા કરે, મતિકલ્પના પ્રમાણે અર્થ પ્રરૂપે, ગૃહસ્થના કાર્ય કરે, વારંવાર ક્રોધ કરે, વિગઈના ઉપભોગથી સુખશીલ રહે.

આ પાંચેને વંદન કરવાથી કાયકલેશ અને કર્મબંધ થાય. વળી પ્રમાદી સાધુમાં રહેલા સર્વે પ્રમાદસ્થાનો પણ વંદનીય થાય. અનુમોદનનું પાપ લાગે, બીજાઓને પ્રમાદમાં પ્રોત્સાહન મળે.

જ્ઞાન-દર્શન-ચારિત્ર કે સંઘના ગાઢ કારણે કોઈ વખત આવા પાર્શ્વસ્થાદિકને વંદન કરવાનું કહ્યું છે. કેમકે સમ્યકત્વથી ભ્રષ્ટ થયેલા ન હોય તો વંદના કરવી.

પ્રથમ પરિચયે સાધુવેષ દેખી ઉચિત વિનય વંદન કરે, પણ અવંદનીય લાગે તો વંદનાદિ કરવા યોગ્ય નથી. પર્યાય, બ્રહ્મચર્ય, પરિષદ્, પુરૂષ, ક્ષેત્ર, કાળ, આગમનો વિચાર કરીને જ લાભાલાભ જાણી સત્કાર કરવો યોગ્ય છે.

## ( ૪ ) વંદનીય પાંચ

**આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર** તેમજ **રત્નાધિક** એ પાંચને નિર્જરાને અર્થે વંદન કરવું જોઈએ.

૧ **આચાર્ય**—ગણુના નાયક, સૂત્રાર્થના જાણ, અર્થની વાચના આપે.

૨ **ઉપાધ્યાય**—ગણુના નાયક થવા યોગ્ય, સૂત્રથી વાચના આપે.

૩ **પ્રવર્તક**—સાધુઓને ક્રિયાકાંડ વિગેરેમાં પ્રવર્તાવે.

૪ **સ્થવિર**—માર્ગથી ખેદ પામી પતિત પરિણામી થતા હોય, તેને માર્ગમાં સ્થિર કરે, દીક્ષા પર્યાય વડે અધિક હોય.

૫ **રત્નાધિક**—જ્ઞાન પર્યાય, દીક્ષા પર્યાય, વય પર્યાયમાં અધિક હોય.

## ( ૫ ) વંદના કોની પાસે ન કરાવવી

**(૧) દીક્ષિત માતા, (૨) દીક્ષિત પિતા, (૩) દીક્ષિત મોટાભાઈ, (૪) રત્નાધિક**–જ્ઞાનાદિ ગુણુ વડે અધિક એ ૪ પાસે વંદના ન કરાવવી. પરંતુ ગૃહસ્થપણામાં રહેલા માતાદિક પાસે વંદના કરાવવી.

## ( ૬ ) ચાર જણે વંદના કરવી

**(૧ સાધુ, (૨) સાધ્વી, (૩) શ્રાવક, (૪) શ્રાવિકા** એ ચારેએ વંદના કરવી.

## ( ૭ ) વંદના માટે અનવસર પાંચ

(૧) ગુરૂ વ્યગ્ર—વ્યાકુળ હોય, (૨) પરાઙ્મુખ ( સન્મુખ ન હોય ), (૩) ક્રોધમાં-નિદ્રામાં હોય, (૪) આહાર-નિહાર

કરતા હોય. (૫) આહાર નિહાર કરવાની તૈયારીમાં હોય ત્યારે વંદના ન કરવી,

એ પાંચ વખતે વંદના કરવાથી (૧) ધર્મનો અંતરાય, (૨) વંદનનું અનવધારણ (અલક્ષ્ય), (૩) ક્રોધ, (૪) આહારનો અંતરાય, (૫) રોગ—લઘુનીતિ-વડીનીતિ બરાબર ઉતરે નહિ. ઈત્યાદિ દોષ પ્રાપ્ત થાય છે.

## ( ૮ ) અનિષિદ્ધ અવસર ચાર

(૧) ગુરૂ પ્રશાંત ચિત્તવાળા હોય, (૨) આસન ઉપર બેઠેલા હોય, (૩) ક્રોધાદિ રહિત-ઉપશાંત હોય, (૪) વંદન વખતે શિષ્યને છંદેણ ઈત્યાદિ વચન કહેવા તત્પર હોય એ ચાર પ્રસંગે બુદ્ધિમાન શિષ્ય ગુરૂની આજ્ઞા માગીને વંદન કરે.

## ( ૯ ) વંદનનાં આઠ કારણ

**(૧) પ્રતિક્રમણ, (૨) સ્વાધ્યાય, (૩) કાઉસગ્ગ-** ( જોગની ક્રિયામાં ), **(૪) અપરાધ** ખમાવતા, **(૫)** વડીલ સાધુ **પ્રાહુણા** પધારે ત્યારે, **(૬) આલોચના**—પ્રાયશ્ચિત કરવું હોય ત્યારે, **(૭) સંવર—**પચ્ચકખાણના સંક્ષેપ સમયે, **(૮) ઉત્તમાર્થે**—અનશન તથા સંલેખના સમયે એમ આઠ કારણે ગુરૂને વંદન કરવું.

## ( ૧૦ ) આવશ્યક પચ્ચીશ

અવશ્ય કરવા યોગ્ય ક્રિયા તે આવશ્યક, તે ગુરૂવંદનમાં વંદન સૂત્ર બોલતી વખતે પચ્ચીશ આવશ્યક સાચવવા યોગ્ય છે.

**૨ અવનત**—બે વાંદણામાં બે વાર મસ્તક નમાવવું, **૧ યથાજાત**—જન્મ્યો હતો તેવા આકારવાળા થઈને ગુરૂવંદન કરવું, **૧૨ આવર્ત**—ગુરૂના ચરણ ઉપર તથા મસ્તકે હાથ

સ્થાપવા **૩૫** કાયાનો વ્યાપાર તે આવર્ત, **૪ શીર્ષ**—ગુરૂના બે વાર શીર્ષ અને શિષ્યના બે વાર શીર્ષ નમન-વંદન, **૩ ગુપ્તિ**-મન-વચન-કાયાની ગુપ્તિ, **૨ પ્રવેશ**—વાંદણા દેતા ગુરૂની આજ્ઞા લઈ અવગ્રહમાં બે વાર પ્રવેશ કરવો, **૧ નિષ્ક્રમણ**—બીજી વાર અવગ્રહમાં રહીને જ સર્વ સૂત્રપાઠ બોલવાનો હોય છે. જેથી પ્રવેશ બે વાર પરંતુ નિષ્ક્રમણ એક જ વાર હોય છે. તે કારણથી જ '**આવસ્સિયાએ**' પદ બીજીવાર બોલવામાં આવતું નથી. એ પ્રમાણે ૨૫ આવશ્યક છે તેમાંથી એક પણ આવશ્યકની વિરાધના કરે તો વંદનથી થતી કર્મ નિર્જરાનું ફળ મલતું નથી.

## ( ૧૧ ) મુહપત્તિની પચીશ પડિલેહણા

(૧) દૃષ્ટિ પડિલેહણા—દૃષ્ટિથી બરાબર તપાસવું, (૬) ઉર્ધ્વ પપ્ફોડા—મુહપત્તિનો છેડો ત્રણ ત્રણવાર બે બાજુ ખંખેરવો, (૯) અકખોડા—મુહપત્તિ ૪ અંગુલીઓના ૩ આંતરામાં ભરાવી ત્રણ ત્રણવાર ખંખેરવા પૂર્વક કાંડા સુધી લઈ જવી.

(૯) પકખોડા—ઉપર પ્રમાણે ત્રણ ત્રણવાર નીચે ઉતરતી વખતે પ્રમાર્જના કરવી. તે ૯ પ્રમાર્જના ૯ પકખોડા કહેવાય છે. એમ કુલ મુહપત્તિની ૨૫ પડિલેહણા થાય છે. તે વખતે પચ્ચીશ બોલ મનમાં ચિંતવવાનાં છે. તે નીચે પ્રમાણે—

| | કઈ પડિલેહણા વખતે ? | કયા બોલ ? | બોલ |
|---|---|---|---|
| ૧ | પહેલું પાસું તપાસતાં<br>બીજું પાસું તપાસતાં | સૂત્ર અર્થ તત્ત્વ કરી સદ્દહું | ૧ |

| | કઈ પડિલેહણા વખતે ? | કયા બોલ ? | બોલ |
|---|---|---|---|
| ૬ | પહેલા ૩ પુરિમ વખતે | સમકિત મોહનીય, મિશ્ર મો. મિથ્યાત્વ મો. પરિહરૂં | ૩ |
| | બીજા ૩ પુરિમ વખતે | કામરાગ-સ્નેહરાગ—દૃષ્ટિરાગ પરિહરૂં | ૩ |
| ૯ | ૧લા ૩ અખ્ખોડા કરતાં | સુદેવ-સુગુરૂ-સુધર્મ આદરૂં | ૩ |
| | ૧લા ૩ પખ્ખોડા ,, | કુદેવ-કુગુરૂ-કુધર્મ પરિહરૂં | ૩ |
| | ૨જા ૩ અકખોડા ,, | જ્ઞાન દર્શન ચારિત્ર આદરૂં | ૩ |
| | ૨જા ૩ પખ્ખોડા ,, | ,, ,, ,, વિરાધના પરિહરૂં | ૩ |
| ૯ | ૩જા ૩ અકખોડા ,, | મનગુપ્તિ-વચનગુપ્તિ કાયગુપ્તિ આદરૂં | ૩ |
| | ૩જા ૩ પખ્ખોડા ,, | મનદંડ-વચનદંડ-કાયદંડ પરિહરૂં | ૩ |
| ૨૫ | | | ૨૫ |

## ( ૧૨ ) શરીરની પચીશ પડિલેહણા

૩ ડાબા હાથના ૩ ભાગ પડિલેહતાં—૩ હાસ્ય-રતિ-અરતિ પરિહરૂં

૩ જમણા ,, ,, ,, —૩ ભય-શોક-દુગંછા ,,

૩ મસ્તકના ,, ,, —૩ કૃષ્ણ-લેશ્યા, નીલ લેશ્યા કાપોત લેશ્યા પરિહરૂં

૩ મુખ ઉપરના ,, ,, —૩ રસ ગારવ, ઋદ્ધિ ગારવ, સાતા ગારવ પરિહરૂં

૩ હૃદયના „ „ —૩ માયા શલ્ય, નિયાણુશલ્ય, મિથ્યાત્વ શલ્ય પરિહરૂં

૪ ૨ ખભા, ૨ પીઠ મલી ૪ ભા. પડિ.—૪ ક્રોધ, માન, માયા, લોભ, પરિહરૂં

૩ જમણા પગના ૩ ભાગ „ —૩ પૃથ્વીકાય, અપકાય, તેઉકાયની રક્ષા કરૂં

૩ ડાબા „ „ „ —૩ વાયુ કાય, વનસ્પતિ કાય, ત્રસ કાયની જયણા કરૂં.

— —

૨૫ ૨૫ બોલ

## ( ૧૩ ) વંદનના બત્રીશ દોષ

( ૧ ) **અનાદૃત**—અનાદરપણે, ઉત્સુકતા સહિત વંદન કરે.

( ૨ ) **સ્તબ્ધ**—અક્કડ—અભિમાનથી વંદન કરે.

( ૩ ) **પ્રવિદ્ધ**—ભાડુતની પેઠે અધૂરું કરે.

( ૪ ) **પરિપિંડિત**—એક જ વંદનાથી સર્વને વાંદે.

( ૫ ) **ટોલગતિ**—તીડની માફક કુદકા મારતો વાંદે.

( ૬ ) **અંકુશ**—રજોહરણને અંકુશની પેઠે ઝાલી વંદના કરે.

( ૭ ) **કચ્છપ રિંગિત**—કાચબાની પેઠે ચલાયમાન થઈ વંદના કરે.

( ૮ ) **મત્સ્યોદ્વૃત્ત**—માછલાની જેમ શરીર ઘુમાવે.

( ૯ ) **મનઃપ્રદુષ્ટ**—મનમાં અસૂયા રાખે.

(૧૦) **વેદિકા બદ્ધ**—હાથની સ્થાપના વડે બદ્ધયુક્ત થઈ વંદન કરે.

(૧૧) **ભજન્ત**—મારી સેવા કરશે એમ ધારી વંદના કરે.

(૧૨) **ભય**—વંદના ન કરૂં તો બહાર કાઢશે એ ભયથી વંદના કરે.

(૧૩) **ગારવ**—ગર્વથી-માનથી વંદન કરે.

(૧૪) **મૈત્રી**—મિત્રતાના કારણે વંદન કરે.

(૧૫) **કારણ**—વસ્ત્ર-પાત્ર લાભના કારણથી વંદના કરે.

(૧૬) **સ્તેન**—ભયથી ચોરની જેમ વંદના કરે.

(૧૭) **પ્રત્યંનીક**—વંદના નહિ કરવાના અવસરે વંદના કરે.

(૧૮) **રૂષ્ટ**—ગુરૂ રોષમાં હોય યા પોતે ક્રોધમાં વંદન કરે.

(૧૯) **તર્જના**—વચનથી યા કાયાથી તર્જના કરતો વાંદે.

(૨૦) **શઠ**—વિશ્વાસ ઉપજાવવા કરે, યા બ્હાનું કાઢી ન કરે.

(૨૧) **હીલિત**—વચનથી હેલના-અવજ્ઞા કરતો વાંદે.

(૨૨) **વિપલિ(રિ)કુંચિત** — વચ્ચે વચ્ચે દેશકથાદિ વિકથા કરે.

(૨૩) **દષ્ટા દષ્ટ**—અંધારામાં ઉભો રહે, ગુરૂ દેખે તો કરે.

(૨૪) **શૃંગ**—'અહો કાયં કાય' ઉચ્ચાર વખતે લલાટે બે હાથ લગાડી ન કરતા બે પડખે હાથ લગાડે.

(૨૫) **કર**—અરિહંત ભગવંત રૂપી રાજાનો યા ગુરૂનો કર-ટેક્ષ માને.

(૨૬) **કરમોચન**—રાજાના કરથી છૂટ્યા પણ ગુરૂને વાંદણા દેવા રૂપ કર ચુકવવા સરખું સમજી વંદન કરે.

(૨૭) **આશ્લિષ્ટ અનાશ્લિષ્ટ** — અહોકાયં ઈત્યાદિ આવર્ત વખતે બે હાથ રજોહરણને અને મસ્તકે ન લગાડે.

(૨૮) **ન્યૂન**—૨૫ આવશ્યક પૂર્ણ ન કરે.

(૨૯) **ઉત્તર ચૂલિકા**—વંદન પછી ચૂલિકા રૂપે અધિક બોલે.

(૩૦) **મૂક**—મૂંગાની પેઠે સૂત્રના અક્ષરો ગણગણીને બોલે.

(૩૧) **ઢઢ્ઢર**—ઘણા મોટે સાદે બોલે.

(૩૨) **ચુડલિક**—બળતું ઉમાડીયાની જેમ રજોહરણને ભમાવે.

ઉપરના બત્રીશ દોષ રહિત દ્વાદશાવર્ત વંદન કરે તે સાધુ વિગેરે શીઘ્ર મોક્ષ પામે યા વૈમાનિક દેવ થાય.

## (૧૪) વંદન કરવાથી થતાં ૬ ગુણો

(૧) **વિનયોપચાર**—વિનય ગુણ ઉત્પન્ન થાય છે.

(૨) **માનભંગ**—અભિમાન-અહંકાર નાશ થાય છે.

(૩) **ગુરૂપૂજા**—ગુરૂજનની સમ્યક્ પૂજા-સત્કાર થાય છે.

(૪) **આજ્ઞાનું આરાધન**—શ્રી તીર્થંકરની આજ્ઞાનું પાલન થાય છે.

(૫) **શ્રુતધર્મની આરાધના**—વંદન પૂર્વક જ શ્રુત ગ્રહણ કરાય છે.

(૬) **અક્રિયા**—પરંપરાએ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

સિદ્ધાંતમાં કહ્યું છે કે હે ગૌતમ! શાસ્ત્ર શ્રવણનું ફળ-જ્ઞાન, જ્ઞાનનું ફળ-વિજ્ઞાન, વિજ્ઞાનનું ફળ-પચ્ચકખાણ, પચ્ચકખાણનું ફળ-સંયમ, સંયમનું ફળ-(અનાશ્રવ)-સંવર, સંવરનું ફળ-તપ, તપનું ફળ-નિર્જરા, નિર્જરાનું ફળ-અક્રિયા, અક્રિયાનું ફળ-મોક્ષ.

ગુરૂને વંદન ન કરવાથી? [1]**અભિમાન** - [2]**અવિનય**-[3]**નિંદા - લોકનો તિરસ્કાર** - [4]**નીચ ગોત્રનો બંધ**-

[5]**સમ્યકત્વનો અલાભ** અને [6]**સંસારની વૃદ્ધિ** આ છ દોષ ઉત્પન્ન થાય છે.

## ( ૧૫ ) ગુરૂની સ્થાપના

ગુરૂના અભાવે સ્થાપના [1]અક્ષ – [2]વરાટક ( કોડા ) – [3]કાષ્ઠ – [4]પુસ્ત ( લેપ્ય કર્મ ) – [5]ચિત્રકર્મમાં સ્થપાય છે. વર્તમાનમાં તે સ્થાપના સાધુ પરંપરાના મૂળ ગુરૂ "**શ્રી સુધર્મા ગણધરની**" જાણવી.

આ સ્થાપના સદ્‌ભાવ અને અસદ્‌ભાવ એમ બે પ્રકારની છે. વળી તે ઈત્વર ( અલ્પ કાળની ) અને યાવત્ કથિત (જ્યાં સુધી કાયમ રહે ત્યાં સુધીની.) **અક્ષ** અને **કોડામાં** ગુરૂની સ્થાપના અસદ્‌ભાવ જાણવી. ચંદનના **કાષ્ઠમાં** ગુરૂ સરખો આકાર બનાવી સ્થાપવા તે સદ્‌ભાવ સ્થાપના. તથા ચારિત્રના ઉપકરણ દાંડો–ઓઘો સ્થાપવા તે અસદ્‌ભાવ સ્થાપના. **પુસ્ત**-લેપ્ય કર્મ રંગ વિગેરેથી આલેખવી. અથવા પુસ્તક જ્ઞાનનું ઉપકરણ સ્થાપવું. **ચિત્રકર્મ**–પાષાણ ઘડીને યા કોરીને ગુરૂ મૂર્તિ બનાવવી.

ઉપર કહેલી બંને પ્રકારની સ્થાપના ચાલુ ધર્મક્રિયા સુધી જ સ્થાપવી તે '**ઈત્વર સ્થાપના**' અને પ્રતિષ્ઠાદિ વિધિ પૂર્વક કરેલી સ્થાપના જ્યાં સુધી રહે ત્યાં સુધી '**યાવત્ કથિત**' સ્થાપના જાણવી.

આ સ્થાપના સાક્ષાત્ ગુરૂ તુલ્ય ગણી તેની સાક્ષીએ ધર્મક્રિયા કરવી. ગુરૂની જેમ ગુરૂ સ્થાપનાની આશાતના ન કરવી. સાક્ષાત્ તીર્થંકરનો વિરહ હોય ત્યારે જિનેશ્વરની પ્રતિમાની સેવા સફલ થાય તેમ ગુરૂના અભાવે ગુરૂની સ્થાપના સમક્ષ કરેલી ધર્મક્રિયા પણ સફળ થાય છે.

## ( ૧૬ ) અવગ્રહ-ગુરૂથી કેટલા દૂર રહેવું

પુરૂષ આશ્રયિ **પુરૂષ સ્વપક્ષ,** અને સ્ત્રીની અપેક્ષાએ **સ્ત્રી સ્વપક્ષ,** તથા પુરૂષ અપેક્ષાએ **સ્ત્રી,** અને સ્ત્રી અપેક્ષાએ **પુરૂષ પરપક્ષ** એમ બે પ્રકારનો અવગ્રહ જાણવો.

ત્યાં સ્વપક્ષે **૩ાા હાથ,** અને પરપક્ષે **૧૩ હાથ** દૂર રહેવું. એ અવગ્રહથી ગુરૂનું સન્માન સચવાય છે. ગુરૂની આશાતનાઓ ટળે છે તેમજ પોતાનું શીલ-સદાચાર સારી રીતે સચવાય છે.

## ( ૧૭ ) વંદન સૂત્રનાં સર્વ અક્ષર

વંદન સૂત્રમાં સર્વ અક્ષર ૨૨૬ છે. તેમાં લઘુ અક્ષર ૨૦૧ અને ગુરૂ અક્ષર ૨૫ છે.

## ( ૧૮ ) વંદન સૂત્રના પદ

વંદન સૂત્રમાં સર્વ પદ ૫૮ છે.

## ( ૧૯ ) શિષ્યનાં ૬ પ્રશ્નો (સ્થાન)

(૧) **ઇચ્છા**—'ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ'-એ પાંચ પદ બોલી વંદનની ઇચ્છા બતાવી છે.

(૨) **અનુજ્ઞા**—'અણુજાણહ મે મિઉગ્ગહં'-એ ૩ પદ વડે અવગ્રહમાં પ્રવેશ કરવાની આજ્ઞા માગી છે.

(૩) **અવ્યાબાધ**—'નિસીહિથી વઇક્કંતો' સુધી ૧૨ પદ વડે ગુરૂને અવ્યાબાધ-સુખશાતા પૂછી છે.

(૪) **યાત્રા**—"જત્તા ભે" એ ૨ પદ વડે ભે=હે ભગવંત? 'જત્તા' = સંયમયાત્રા સૂખપૂર્વક વર્તે છે. તે પૂછયું છે.

(૫) **યાપના**—'જવણિજ્જં ચ ભે' એ ૩ પદ વડે ગુરૂની શરીરની સમાધિ સુખરૂપતા પૂછી છે.

(૬) **અપરાધ ક્ષમાપના**—'ખામેમિ ખમાસમણો દેવસિઅં વઈક્કમં' એ ૪ પદ વડે તે દિવસે થયેલા અપરાધને ખમાવે છે.

## ( ૨૦ ) ગુરૂના ઉત્તરરૂપ ૬ વચનો

(૧) **છંદેણુ**—શિષ્ય વંદન કરવાની ઈચ્છા જણાવે ત્યારે વંદન કરાવવું હોય તો ગુરૂ **'છંદેણુ'** કહે તે ૧લું વચન.

(૨) **અણુજાણુામિ**—શિષ્ય અવગ્રહમાં પ્રવેશની આજ્ઞા માગે ત્યારે ગુરૂ રજા આપે ત્યારે **'અણુજાણુામિ'** કહે તે ૨ જું વચન.

(૩) **તહત્તિ**—શિષ્ય સુખશાતા પૂછે ત્યારે **'તહત્તિ'** એ ૩ જું વચન.

(૪) **તુબ્ભંપિ વટ્ટએ**—આપની સંયમ યાત્રા સુખપૂર્વક વર્તે છે? એમ પૂછે ત્યારે ગુરૂ **'તુબ્ભંપિ વટ્ટએ'** કહે એ ૪ થું વચન.

(૫) **એવં**—શિષ્ય દેહની સમાધિ પૂછે તો ગુરૂ **'એવં'** કહે.

(૬) **અહમવિ ખામેમિ તુમં**—શિષ્ય અપરાધ ખમાવે ત્યારે ગુરૂ **'અહમવિ ખામેમિ તુમં'** કહે એ ૬ થું વચન.

## ( ૨૧ ) ગુરૂની ૩૩ આશાતના

( ૧ ) **પુરોગમન**—કારણ વિના ગુરૂની આગળ ચાલે.

( ૨ ) **પક્ષગમન**—પડખે બરાબરીમાં દેખાય તેમ નજીક ચાલવું.

( ૩ ) **આસન્ન**—ગુરૂની પાછળ નજીકમાં ચાલે તે આશાતના. (ખાંસી, છીંકથી શ્લેષ્મ, થુંક ઉડે માટે દૂર ચાલવું.)

( ૪ ) **પુરઃસ્થ**— ગુરૂની આગળ ઉભા રહેવું તે.

( ૫ ) **પક્ષસ્થ**—ગુરૂની પડખે નજીકમાં ઉભા રહેવું.

( ૬ ) **આસન્નસ્થ**—ગુરૂની પાછળ નજીકમાં ઉભા રહેવું.

( ૭ ) **પુરો નિષીદન**—ગુરૂની આગળ બેસવું તે.

( ૮ ) **પક્ષ નિષીદન**—ગુરૂની પડખે નજીકમાં બેસવું.

( ૯ ) **આસન્ન નિષીદન**—ગુરૂની પાછળ નજીકમાં બેસવું.

(૧૦) **આચમન**—ગુરૂની પહેલાં હાથપગની શુદ્ધિ કરે તો.

(૧૧) **આલોચન**—ગુરૂની પહેલાં ગમનાગમન આલોવવું.

(૧૨) **અપ્રતિશ્રવણ**—રાત્રે ગુરૂ પૂછે ત્યારે જવાબ ન આપે તો.

(૧૩) **પૂર્વાલાપન**—ગૃહસ્થને ગુરૂએ બોલાવ્યા પહેલા પોતે બોલાવે.

(૧૪) **પૂર્વાલોચન**—પહેલા બીજા પાસે ગોચરી આલોવે.

(૧૫) **પૂર્વોપદર્શન**—ગોચરી ગુરૂ પહેલા બીજાને દેખાડે તો.

(૧૬) **પૂર્વનિમંત્રણ**—ગુરૂ પહેલા બીજાને વાપરવા બોલાવે.

(૧૭) **અદ્ધ દાન**—ગુરૂની આજ્ઞા વિના મધુર આહાર બીજાને વહેંચી દે.

(૧૮) **અદ્ધાદન**—મધુર આહાર પોતે વાપરી લે,

(૧૯) **અપ્રતિશ્રવણ**—દિવસે ગુરૂ બોલાવે ત્યારે ન બોલે તો.

(૨૦) **અદ્ધ (ભાષણ)**—કર્કશ મોટા ઘાંટા પાડીને બોલે તો.

(૨૧) **તત્રગત ( ,, )**—પોતાના આસને બેઠા બેઠા જ જવાબ આપે.

(૨૨) **કિમ્ ( ,, )**—શું છે? શું કહો છો? ઈત્યાદિ બોલે તો.

(૨૩) **તુમ્ ( ,, )**—તું, તને, ત્હારા ઈત્યાદિ તોછડાઈથી બોલે તો.

(૨૪) **તજ્જાત ( ,, )**—ગુરૂ શિખામણમાં જે વચન કહે તે જ જવાબમાં સામો ઉલટો જવાબ આપે.

(૨૫) **નોસુમન**—ઈર્ષ્યાથી દુભાતો હોય તેમ વર્તે, ગુરૂ પ્રત્યે સારૂં મન-વિવેક ન દર્શાવે.

(૨૬) **નોસ્મરણ**—ગુરૂ ધર્મકથા કહેતા હોય ત્યારે તમને યાદ નથી, એમ ન હોય ઈત્યાદિ કહે.

(૨૭) **કથા છેદ**—ગુરૂ ધર્મકથા કહેતા હોય ત્યારે એ કથા હું તમને સમજાવીશ ઈત્યાદિ કહી કથા ભંગ કરે.

(૨૮) **પરિષદ્ ભેદ**—ગુરૂ કથા કહેતા હોય ત્યાં વચ્ચે આવીને સમય થઈ ગયો છે ઈત્યાદિ કહી સભાનો ભંગ કરે.

(૨૯) **અનુત્થિત કથા**—ગુરૂ ધર્મકથા કહેતા હોય, તેટલામાં પોતાની ચતુરાઈ બતાવવા એ જ કથાનો વિસ્તાર કરે.

(૩૦) **સંથાર પાદ ઘટ્ટન**—ગુરૂના સંથારા ઉપકરણ વિગેરેને પગ લગાડવો.

(૩૧) **સંથારાવસ્થાન**—ગુરૂના સંથારા વિગેરે ઉપર ઉભા રહેવું.

(૩૨) **ઉચ્ચાસન**—ગુરૂના કરતાં ઉંચા આસને બેસવું.

(૩૩) **સમાસન**—ગુરૂના સરખા આસને બેસે તો આશાતના.

ઉત્તમ શિષ્યે ગુરૂની આશાતના વર્જવી. આશાતના નહિ કરનાર શિષ્ય ઉપર ગુરૂની પરમકૃપા હોય છે, અને તેથી જ્ઞાનાદિક પ્રાપ્ત સુગમ થાય છે. શ્રાવકને પણ આ આશાતનાઓ યથાયોગ્ય ટાળવી. ગુરૂને પગ લગાડવો એ જઘન્ય આશાતના છે પણ ગુરૂની આજ્ઞા ન માનવી, આજ્ઞાથી વિપરીત કરવું. આજ્ઞા સાંભળવી નહિ, કઠોર ભાષણ કરવું. એ ઉત્કૃષ્ટ આશાતનાઓ છે. ( -શ્રાદ્ધવિધિ-વૃત્તિ. )

## ( ૨૨ ) વિધિ-૨ લઘુપ્રતિક્રમણ સવાર-સાંજની

સવારના પ્રતિક્રમણના નિયમવાળાએ સામગ્રી કે શક્તિના અભાવે કરવાની સવાર-સાંજની બે વિધિ—

**સવારે**—ઇરિયાવહી-કુસુમિણનો કાઉસગ્ગ, ચૈત્યવંદન, મુહપત્તિ બે વાંદણા, રાઈયં આલોઉં. સવ્વસ્સવિ. વાંદણા, ખામણા, વાંદણા, પચ્ચક્ખાણ, ૪ છોભવંદન, બે સજ્ઝાયના આદેશ.

**સાંજના**—ઇરિયાવહી, ચૈત્યવંદન, મુહપત્તિ. વાંદણા. પચ્ચક્ખાણ વાંદણા. દેવસિઅં આલોઉં, સવ્વસ્સવિ, વાંદણાં, ખામણાં, ૪ છોભવંદન, દેવસિઅ પાયચ્છિત્ત. કાઉસગ્ગ, સજ્ઝાયના ૨ આદેશ.

## ઉપસંહાર-ઉપદેશ

ગુરૂ વંદન કરનાર ચારિત્ર-ક્રિયામાં ઉપયોગવાળા સાધુ પૂર્વભવના એકઠાં કરેલા અનંત કર્મોને ખપાવે છે.

**તાત્પર્ય**—ચારિત્ર ક્રિયામાં કુશળ સાધુ ગુરૂ વંદન વિધિપૂર્વક ન કરે તો કર્મની નિર્જરા તથા મુક્તિ પદ ન પામી શકે. માટે ક્રિયાવંત સાધુએ વંદન-વિનયમાં આદરવાળા થવું.

**પ્રશ્નોત્તર** —ધર્મસંગ્રહ-વૃત્તિ.

**પ્રશ્ન**—હે ભગવંત ? ગુરૂવંદન વડે જીવ શું લાભ મેળવે ?

**જવાબ**-હે ગૌતમ ? આઠ કર્મ ગાઢ બંધાયા હોય તે શિથિલ કરે.
દીર્ઘકાળની સ્થિતિ હોય તો તે, અલ્પકાળની કરે.
તીવ્ર રસવાળી હોય તેને, મંદરસવાળી કરે.
ઘણા પ્રદેશને સમુહ હોય તો,અલ્પ પ્રદેશોનોસમુહ કરે.
નીચ ગોત્ર કર્મ ખપાવે અને ઉચ્ચ ગોત્ર કર્મ બાંધે.
અનાદિ અનંત સંસાર રૂપ અટવીમાં ભ્રમણ ન કરે,અને પાર પામે.
અપ્રતિહત આજ્ઞાનું ફળ સૌભાગ્યવાળું મુક્તિ પદ પામે.

ઈતિ-ધર્મસંગ્રહ વૃત્તિ.

**શ્રી કૃષ્ણ મહારાજાએ શ્રી નેમનાથપ્રભુના** અઢાર હજાર સાધુને ભાવપૂર્વક વંદન કરવાથી ચાર નારકીના પૂર્વે બાંધેલા કર્મ ખપાવ્યા હતા.

**સમાપ્ત ગુરૂવંદન ભાષ્ય**

# श्री पच्चक्खाण भाष्य

પચ્ચક્ખાણ એટલે પ્રતિજ્ઞા–નિયમ, અમુક પ્રકારનો ત્યાગ, એ મોક્ષનું પરમ અંગ છે. દ્રવ્ય પચ્ચક્ખાણ કરતા કરતા ભાવ પચ્ચકખાણના પરિણામ જાગે છે. ભાવ પચ્ચક્ખાણ વિના મુક્તિ નથી. આ શ્રદ્ધા ન હોય તો મિથ્યાત્વ મોહનીય કર્મનો ઉદય ગણાય છે.

દરેક પચ્ચક્ખાણમાં આગાર–છૂટ સંકળાયેલ છે, આગારથી પચ્ચકખાણ અખંડ રાખી શકાય છે, અને પ્રતિજ્ઞા ભાંગતી નથી. જ્યારે પચ્ચકખાણ ન લેતા ફક્ત મનની ધારણા કરનારને આગાર તો છે જ નહિ, તેથી ભૂલ થતાં ધારણા ભાંગે છે. વળી મનની ધારણામાં તો પાપ નહિ આચરે તો ય અવિરતિનું પાપ લાગે છે. વળી કોઈવાર મનને થાય કે, મારે નિયમ ક્યાં છે? લાવને ખાઈ લઉં? જ્યારે નિયમવાળાને તો એક જાતનો અંકુશ રહે છે.

પચ્ચકખાણ દ્વારા પાપોથી છૂટા છેડા (Divorce) લેવાય છે, અને પાપો નહિ કરવાની જાહેર નોટીશ અપાય છે, આ નોટીશ બહાર મૂકો એટલે પાપ જીવનમાં પ્રવેશી શકે જ નહિ.

જેમ ભાગીદારીની પેઢીમાંથી છૂટા થવાની નોટીશ ન આપે તો પોતે જાતે વેપાર ન કરે તો પણ નુકશાનીનો ભાગ આપવો પડે.

- પચ્ચકખાણથી કાયા અંકુશમાં આવે છે. મનને અંકુશમાં લાવવાનો ધીમે ધીમે અભ્યાસ વધે છે.
- કોઈને ન ગમે કે ન મલે તેનું પણ પચ્ચકખાણ લે તો તેની આશા છુટે છે, હવે મળે તો ય ન લેવું એ ભાવથી લાભ થાય છે.

☸ પચ્ચક્ખાણ વિનાને શાસ્ત્રમાં મોટું પ્રાયશ્ચિત-દોષ માન્યો છે. નિયમ ભાંગી જાય તો નાનું પ્રાયશ્ચિત છે.

☸ ગુરૂની પાસે લીધેલો નિયમ પાળવાને પ્રેરણા મળે છે. એથી નિયમ સહેલાઈથી પળે છે.

☸ પચ્ચક્ખાણના આલંબનથી સાચો ભાવ જાગે છે.

☸ નિયમમાં ટેવાઈ જવાથી વિષયોનો રંગ ઓછો થાય છે.

☸ શ્રેણિક અને કૃષ્ણ બીજાના વ્રત જોઈને આનંદ પામતા હતા. અને ભાવિમાં વ્રત લઈને મોક્ષે જશે.

## પચ્ચક્ખાણનાં ૯ દ્વારો

**(૧) પચ્ચક્ખાણ-૧૦, (૨) ઉચ્ચાર વિધિ-૪, (૩) આહાર ૪ પ્રકારનો, (૪) આગાર-૨૨, (૫) વિગઈ-૧૦, (૬) નિવિયાતાં-૩૦, (૭) પચ્ચક્ખાણના ભાંગા, (૮) શુદ્ધિ છ પ્રકારની, (૯) બે પ્રકારે ફલ.**

## ( ૧ ) દશ પ્રકારના પચ્ચક્ખાણો

**૧ અનાગત પચ્ચક્ખાણ**—ભવિષ્યમાં કરવાનું પચ્ચક્ખાણ કારણસર પહેલું કરી લેવું. પર્યુષણમાં અઠ્ઠમ કરવાનો વેયાવચ્ચાદિના કારણે પહેલા કરી લેવો.

**૨ અતિક્રાન્ત પચ્ચક્ખાણ**—પર્યુષણાદિના અઠ્ઠમ વિગેરે તપ, વેયાવચ્ચ વિગેરેના કારણે પર્યુષણાદ પર્વ વ્યતીત થયા બાદ કરવો.

૩ **કોટિ સહિત પચ્ચ૦**—બે તપના બે છેડા મળતા હોય એવું. જેમ ઉપવાસ કરીને બીજા દિવસે ફરી પચ્ચકખાણ કરવું.

૪ **નિયંત્રિત પચ્ચ૦**—નિશ્ચય પૂર્વક જેમકે માંદો હોઉં કે સાજો હોઉં, યા ગમે તેવું વિઘ્ન આવે તો પણ મારે તપ કરવો. આ પચ્ચ૦ જિનકલ્પી અને ચૌદ પૂર્વધર તથા પ્રથમ સંઘયણીને હતું.

૫ **અનાગાર પચ્ચ૦**—અનાભોગ અને સહસાગાર એ બે આગાર ×વર્જીને બાકીના આગાર રહિત પચ્ચકખાણ કરવું.

૬ **સાગાર પચ્ચ૦**—૨૨ માંથી યથાયોગ્ય આગાર સહિત પચ્ચકખાણ કરવું.

૭ **નિરવશેષ પચ્ચ૦**—ચારે પ્રકારના આહારનો સર્વથા ત્યાગ કરવો. (આ પચ્ચકખાણ વિશેષતઃ અંત સમયે સંલેખના સમયે કરાય છે.)

૮ **પરિમાણ કૃત પચ્ચ૦**—દત્તિ, કવલ, આટલા જ ઘરોની ભિક્ષા, દ્રવ્યનું પ્રમાણ, આદિ પ્રમાણ નક્કી કરી શેષ ભોજનનો ત્યાગ.

૯ **સકેત (સંકેત) પચ્ચ૦**—પૌરૂષી આદિ પચ્ચકખાણ પૂર્ણ થયા છતાં ક્ષણ માત્ર પણ પ્રચ્ચકખાણ વિના ન રહેવા માટે આઠ પ્રકારના ચિન્હમાંનું કોઈ પણ ચિન્હ ધારવું. આ પચ્ચક્ખાણ શ્રાવકને તેમજ સાધુને પણ હોય છે. તે આ પ્રમાણે—

( i ) **અંગુષ્ઠ સહિત**—મુઠ્ઠીમાં અંગુઠો વાળીને છૂટો ન કરૂં ત્યાં સુધી પચ્ચક્ખાણ.

---

× ૧ આ બે આગાર અણચિંતવ્યા-અકસ્માત બને છે.

( ii ) **મુષ્ઠિ સહિત**—મુઠ્ઠી વાળીને છૂટી ન કરે ત્યાં સુધી.

( iii ) **ગ્રન્થિ સહિત**—વસ્ત્ર કે દોરાની ગાંઠ છૂટી ન કરે ત્યાં સુધી.

( iv ) **ઘર સહિત**—ઘરમાં પ્રવેશ ન કરે ત્યાં સુધી.

( v ) **સ્વેદ સહિત**—પરસેવાના બિંદુ ન સૂકાય ત્યાં સુધી.

( vi ) **ઉચ્છ્વાસ સહિત**—આટલા શ્વાસોશ્વાસ ન થાય ત્યાં સુધી.

( vii ) **સ્તિબુક સહિત**—જળના બિંદુ ન સૂકાય ત્યાં સુધી.

( viii ) **દીપક સહિત**—દીપક ન બુઝાય ત્યાં સુધી.

ઉપરનો આઠમાંનો કોઈ પણ સંકેત પૂર્ણ થયા પહેલાં મુખમાં કોઈ વસ્તુ લે તો પચ્ચકખાણ ભાંગવાથી આલોચના લેવી પડે. આ પચ્ચકખાણો ૧ અથવા ૩ નવકાર ગણીને પારવા. આ પચ્ચકખાણ કરવાથી ભોજન સિવાયનો કાળ વિરતિવાળો ગણાય છે. દરરોજ એકાસણું કરનારને એક માસમાં ૨૯ ઉપવાસ, અને બીયાસણું કરનારને ૨૮ ઉપવાસનો લાભ મળે છે. છૂટા શ્રાવકને પણ વિરતિપણાનો લાભ મળે છે. માટે ક્ષણ માત્ર પણ અવિરતિમાં ન રહેવું. શ્રાવક તથા સાધુને આ પચ્ચક્ખાણો પ્રતિદિન ઉપયોગી છે.

૧૦ **અદ્ધા પચ્ચક્ખાણ**—અદ્ધા એટલે કાળ. કાળની મર્યાદાવાળા નવકારસી, પોરિસી, સાર્દ્ધપોરિસી, પુરિમઢ્ઢ, અવઢ્ઢ, એકાસણું ઉપવાસ વગેરે અદ્ધા પચ્ચક્ખાણ કહેવાય છે. તેના ૧૦ પ્રકારો છે:–

પૂર્વે ૧૦ પ્રકારના પચ્ચકખાણમાં દશમું **અદ્ધા** પચ્ચકખાણ કહ્યું, તેના ૧૦ ભેદ દ્વારા બીજી રીતે તેજ દ્વાર દર્શાવાય છે.

**અદ્ધા પચ્ચક્ખાણનાં ૧૦ ભેદ**—[૧]નવકારસી, [૨]પોરિસિ-સાર્ધપોરિસી, [૩]પુરિમાર્ધ-અપાર્ધ (અવઢ્ઢ), [૪]એકાસણુ, [૫]એકલ-ઠાણું, [૬]આયંબિલ, [૭]ઉભક્તાર્થ,-અપવાસ, [૮]ચરિમ- (દિવસ-ચરિમ-ભવચરિમ) અભિગ્રહ, [૧૦]વિગઈ.

૧. **નવકારસહિયં**—સૂર્યોદયથી ૧ મુહૂર્ત (૨ ઘડી=૪૮ મિનિટ સુધીનું પૂર્ણ થયે ૩ નવકાર ગણીને પારવું. (આ પચ્ચક્ખાણ સૂર્યોદય પહેલા ધારવું-કરવું જોઈએ. નહિ તો અશુદ્ધ ગણાય.

૨. **પોરિસી**—સવારમાં પુરૂષની પોતાની છાયા જેટલી થાય, તે એક પહોર ગણાય છે, માટે સૂર્યોદયથી એક પહોર સુધી પોરિસી ગણાય છે. **સાઢપોરિસી** એ દોઢ પહોરનું છે. આ સૂર્યોદય પહેલાં ધારવા જોઈએ.

૩. **પુરિમાર્ધ**— દિવસના અડધા ભાગનું - બે પ્રહર સુધીનું-પુરિમઢ્ઢ. અને સૂર્યોદયથી ૩ પહોરનું **અપાર્ધ (અવઢ્ઢ).**

૪. **એકાસન**—દિવસમાં એક વાર ભોજન (ઉઠીને પુનઃ ન બેસી શકાય, તેમજ બેઠાં બેઠાં પણ ખસી ન શકાય.) નિશ્ચલ આસનથી કરવું તે. અહિ ભોજન કર્યા બાદ તિવિહાર યા ચઉવિહાર કરવો.

૫. **એકસ્થાન (એકલઠાણું)**—જેમાં જમણો હાથ અને મુખ એ બે અંગ સિવાય કોઈ અંગ હાલે નહિ એવું નિશ્ચલ આસનવાળુ એકલઠાણું કહેવાય. અહીં ઉઠતી વખતે ચઉવિહાર કરવો જોઈએ.

૬. **આયંબિલ**—આમાં મુખ્યત્વે વિગઈ અને ખટાશનો ત્યાગ હોય છે. એટલે રસ-કસ વિનાનો આહાર લેવાનો હોય છે.

૭. **અભક્તાર્થ (ઉપવાસ)**— આજના સૂર્યોદયથી આવતી

કાલના સૂર્યોદય સુધી આખો દિવસ અને રાત્રિ ૪ આહારનો યા પાણી સિવાય ૩ આહારનો સર્વથા ત્યાગ હોય છે, તિવિહારવાળાને ફક્ત દિવસે ઉષ્ણ જળ પીવું કલ્પે છે. રાત્રિએ તેનો પણ ત્યાગ હોય છે. આ ઉપવાસનાં આગલા દિવસે **એકાસન** અને પારણાના દિવસે પણ એકાસન કરીએ તો ૪ વારના ભોજનનો ત્યાગ કરવાથી એક ઉપવાસનું નામ ચતુર્થ ભક્ત (ચોથ ભક્ત) કહેવાય છે. આગળ છઠ્ઠ વગેરેની આસપાસ એકાસન નહિ હોય તો પણ છઠ્ઠ-અઠ્ઠમ-દશમની સંજ્ઞા રૂઢ છે.

૮. **ચરિમ**—દિવસના છેલ્લા ભાગનું પચ્ચક્ખાણ તે **દિવસ ચરિમ** અને આયુષ્યના છેલ્લા ભાગનું-મરણ વખતનું પચ્ચક્ખાણ તે **ભવ ચરિમ** કહેવાય એમાં દિવસ ચરિમ-સૂર્યાસ્તથી ૧ મુહૂર્ત પહેલાં ગૃહસ્થોએ દુવિહાર તિવિહાર ચઉવિહારવાળું કરવું. અને મુનિને તો ચઉવિહારવાળું જ હોય છે. એકાસણાદિવાળાને **પાણહાર** કરવાનું હોય છે.

૯. **અભિગ્રહ**—અમુક કાર્ય થાય ત્યારે જ મારે અમુક ભોજન કરવું. તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી ૪ પ્રકારનો છે.

**દ્રવ્ય**—અમુક આહાર, કડછી આદિ વડે આપે તો જ આહાર લેવો.

**ક્ષેત્ર**—અમુક ઘર-ગ્રામ કે અમુક ગાઉ દૂરથી આહાર લેવો.
**કાળ**—ભિક્ષા કાળ પહેલાં યા કાળ વિત્યા બાદ લેવો.
**ભાવ**—રૂદન કરતો, બેઠો, ઉભો પુરૂષ યા સ્ત્રી વહોરાવે તો લેવો.

૧૦. **વિગઈ**—ઇન્દ્રિયોના વિષયોને પ્રબળ કરનારા દૂધ-દહીં-ઘી-તેલ-ગોળ અને પકવાન્ન એ ૬ ભક્ષ્ય વિગઈ ગણાય છે. તેમાંથી ૧-૨ યાવત્ ૬ વિગઈનો ત્યાગ કરવો. અને એના

**૩૦ નીવિયાતાનો** યથાસંભવ ત્યાગ કરવો તે નીવિ પચ્ચક્ખાણ કહેવાય. માંસ-મધ-મદિરા અને માખણ એ ૪ અભક્ષ્ય વિગઈનો તો હંમેશને માટે સર્વથા ત્યાગ **હોવોજ જોઇએ.**

## (૨) ચાર પ્રકારની ઉચ્ચાર વિધિ

૧. **ઉચ્ચાર વિધિ**—ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં પચ્ચક્ખાઇ.
૨. „ „ —ઉગ્ગએ સૂરે પોરિસિઅં (સાઢ પોરિસિઅં) પચ્ચક્ખાઈ.
૩. „ „ —સૂરે ઉગ્ગએ પુરિમઢ્ઢં (અવઢ્ઢ) પચ્ચક્ખામિ.
૪. „ „ —સૂરે ઉગ્ગએ અભત્તઠ્ઠં પચ્ચક્ખામિ.

**'ઉગ્ગએ સૂરે'** પાઠમાં પચ્ચક્ખાણો સૂર્યોદય પહેલાં ધારવા-કરવાં.
**'સૂરે ઉગ્ગએ'** પાઠમાં પચ્ચક્ખાણો સૂર્યોદય બાદ પણ કરી શકાય.
ગુરૂ જયારે **પચ્ચક્ખાઈ** કહે ત્યારે શિષ્ય **પચ્ચક્ખમિ** કહે.
„ „ **વોસિરઈ** „ „ „ **વોસિરામિ** કહે.

પચ્ચક્ખાણ લેવામાં લેનારનો ઉપયોગ જ (ધારેલું પચ્ચક્ખાણ જ) પ્રમાણ છે. પરંતુ અક્ષરની ભૂલ પ્રમાણ નથી. પચ્ચક્ખાણ જે ધાર્યું હોય તે જ પ્રમાણે ગણાય છે.

## પચ્ચક્ખાણમાં આવતા ૫ પ્રકારના ઉચ્ચાર સ્થાનના ૨૧ ભેદો

| | | | |
|---|---|---|---|
| ૧ | ઉચ્ચાર સ્થાન | નમુ-પોરિસિ સાઢ-પુરિ-અવઢ્ઢ-સંકેત<br>૧ ૧ ૧ ૧ ૧ ૮ | = ૧૩ |
| ૨ | „ „ | વિગઈ-આયંબિલ-નિવ્વિગઈ | = ૩ |
| ૩ | „ „ | એગાસણું-બિયાસણું-એકલઠાણું | = ૩ |
| ૪ | „ „ | પાણસ્સના છ આગારનું ઉચ્ચાર સ્થાન | = ૧ |
| ૫ | „ „ | દેશાવગાસિક (દિવસ ચરિમં)ઉચ્ચાર સ્થાન | = ૧ |
| | | | ૨૧ |

## ઉપવાસના પાંચ ઉચ્ચાર સ્થાન

૧ ઉચ્ચાર સ્થાન—*ચતુર્થ ભક્તથી ચોત્રીસ ભક્ત સુધીનું.
૨ ,, ,, — નમુક્કાર સહિયં આદિ–૫ સંકેત–૮નું.
૩ ,, ,, —×પાણસ્સના છ આગારનું સ્થાન.
૪ ,, ,, — દેશાવગાસિકનું સ્થાન.
૫ ,, ,, — યથાસંભવ પાણહારનું

## (૩) ચાર પ્રકારનો આહાર

આહાર—ક્ષુધાને શાંત કરે તે અશન–પાન–ખાદિમ–સ્વાદિમ.

૧. **અશન**—મગ આદિ કઠોળ, ભાત, ઘઉં, રોટલા, પકવાન્ન, ફ્ળ વિગેરે.

૨. **પાન**—કાંજી, છાશની આશ, નાળિયેરનું પાણી, શેરડીનો રસ વિગેરે.

૩. **ખાદિમ**—શેકેલાં ધાન્ય, ચણા, દાળીયા, મમરા, ખજુર, ખારેક, કેરી વિગેરે.

૪. **સ્વાદિમ**—સુંઠ, જીરૂ. અજમો, એલચી, લવંગ, સોપારી, વરિયાળી, સુવા, મધ, ગોળ, ખાંડ, સાકર વિગેરે.

## અનાહારી

લિંબડાના અંગ, ગોમૂત્ર, ગળો, કડુ, કરીયાતુ, અતિવિષ,

---

*૧લા ભગવંતના શાસનમાં એક સામટું ૧૨ માસના ઉપવાસનું, બાવીસ તીર્થંકરના શાસનમાં સામટું ૮ માસના ઉપવાસનું, છેલ્લા તીર્થંકરના શાસનમાં સામટું ૬ માસના ઉપવાસનું પચ્ચકખાણ અપાતું હતું. પરંતુ હાલમાં સંઘયણ–બળ વિગેરેની હાનિના કારણે સામટા ૧૬ ઉપવાસથી અધિક પચ્ચકખાણ આપવાની આજ્ઞા નથી.

×છુટો શ્રાવક ઉષ્ણ જળના નિયમવાળો હોય તો પાણસ્સના આગાર ઉચ્ચારાવવા.

રાખ, હળદર, ઉપલેટ, જવ, હરડે, બેહડાં, આમળાં, બાવળછાલ, ધમાસો, આસંધિ, એળીઓ, ગુગળ, બોરડી, કંથેરી, કેરમૂળ, પૂંઆડ, મંજીઠ, બોળ, ચિત્રક, કુંદરૂ, ફટકડી, ચિમેડ, થુવર, આકડા વિગેરે પચ્ચકખાણના કાળમાં ઔષધ તરીકે લઈ શકાય પરંતુ સાથે પાણી આગળ પાછળ બે ઘડી સુધી ન વપરાય.

## (૪) બાવીશ આગાર

૧. **અન્નત્થણાભોગેણં**—(અન્નત્થ=સિવાય, અનાભોગ=વિસરી જવું) ભૂલથી કોઈ ચીજ મુખમાં નાંખે તો પચ્ચકખાણ ભંગ ન ગણાય. (પણ યાદ આવતાં ખાવાનું બંધ કરી ચીજ બહાર કાઢી નાખવી. પરંતુ ગળે ઉતારવી નહિ. ફરી પરિણામ મલિન-નિઃશંક ન થાય માટે ભૂલોનું પ્રાયશ્ચિત લેવું.)

૨. **સહસાગારેણં**—અચાનક મુખમાં પડી જાય. (છાસ વલોવતાં છાસનો છાંટો ઉડીને પોતાની મેળે મુખમાં પડી જાય.)

૩. **પચ્છન્નકાલેણં**—સૂર્ય ઢંકાઈ જવાથી પચ્ચક્ખાણ થઈ ગયું જાણી પારવાંમાં આવે તો ભંગ ન થાય. (કાળ થયો નથી એ જણાતા અટકી જવું)

૪. **દિસામોહેણં**—પૂર્વ દિશાને પશ્ચિમ દિશા જાણે, કાળ પૂર્ણ ન થયો છતાં પૂર્ણ જાણી પચ્ચક્ખાણ પારે તો ભંગ ન થાય.

૫. **સાહુવયણેણં**—સૂર્યોદયથી ૬ ઘડી વીત્યા બાદ સૂત્ર પોરિસી પૂર્ણ થાય છે, ત્યારે મુનિ મહારાજ —"બહુ પડિપુન્ના પોરિસિ" કહીને મુહપત્તિ પડિલેહણા કરે ત્યારે કોઈ ગૃહસ્થ

---

* મુનિઓને પહેલી ૬ ઘડીમાં સૂત્ર ભણાય માટે પહેલી '**સૂત્ર પોરિસિ**' અને બીજી ૬ ઘડીમાં સૂત્ર ભણાય માટે બીજી '**અર્થ પોરિસિ**' તેથી સૂત્ર પોરિસિ પૂર્ણ થયે મુહપત્તિ પડિલેહી અર્થનું=ચરિત્ર વિગેરેનું બીજું વ્યાખ્યાન વાંચે ત્યારે પૌષધવાળા પણ મુહપત્તિ પડિલેહે અને શ્રાવિકાઓ વિશેષ સ્વાધ્યાય અર્થે ગહૂંલિ ગાય છે.

પોરિસી પૂર્ણ થઈ એમ જાણી પચ્ચક્‍ખાણ પારે તો પચ્ચક્‍-ખાણનો ભંગ ન થાય

૬. **સવ્વસમાહિવત્તિયાગારેણં**—વેદનાથી પીડા પામતા પુરૂષને આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન થવા સંભવ છે અને તે દુર્ધ્યાનથી તે જીવ દુર્ગતિમાં જાય છે. જેથી તેવું દુર્ધ્યાન થતું અટકાવવા ઔષધાદિના કારણે પચ્ચ.નો કાળ પૂર્ણ થયા પહેલા પચ્ચ. પાળે તો પચ્ચ.નો ભંગ ન થાય.

અથવા તેવી પીડા પામતા સાધુ યા ધર્મી આત્માઓનું ઔષધ કરવા જનાર વૈદ્ય વિગેરે પણ અપૂર્ણ કાળે પચ્ચ. પારે તો વૈદ્યાદિકને પણ પચ્ચ. ભંગ ન ગણાય આ આગાર સાધુ આદિકને માટે અને વૈદ્યાદિકને માટે પણ છે

૭. **મહત્તરાગારેણં**—સંઘનું અથવા ચૈત્યનું અથવા ગ્લાન મુનિ આદિનું કોઈ મોટું કાર્ય આવી પડયું હોય અને તે કાર્ય બીજાથી થઈ શકે તેવું ન હોય તે પ્રસંગે પચ્ચ. પારે તો પચ્ચ.નો ભંગ ન ગણાય.

૮. **સાગારીઆગારેણં**—×એકાશનાદિકમાં મુનિની અપેક્ષાએ કોઈ ગૃહસ્થ આવે (સર્પ–અગ્નિ–જળ–ઘરનું પડવું ઇત્યાદિ) અને શ્રાવકની અપેક્ષાએ જેની દૃષ્ટિથી અન્ન પચે નહિ એવો મનુષ્ય આવે તો ઉઠીને બીજે સ્થાને જઈ ભોજન કરે તો એકાસનનો ભંગ ન ગણાય

૯. **આઉંટપસારેણં**—એકાસનમાં હાથપગ સંકોચતાં તેમજ લાંબા કરતાં ભંગ ન થાય માટે આ આગાર છે.

૧૦ **ગુરૂ અબ્ભુટ્ઠાણેણં**—ગુરૂ મહારાજ પધારે, વડીલ પ્રાહુણા સાધુ પધારે તો વિનય સાચવવા ઉભા થવા માટે આ આગાર છે.

---

×મુનિ કોઈપણ ગૃહસ્થના દેખતાં ભોજન ન કરે.

૧૧. **પારિઠ્ઠાવણિયાગારેણં**—વિધિપૂર્વક વહોરેલું હોય અને વિધિપૂર્વક વાપરતાં વધ્યું હોય તો તે પરઠવવા યોગ્ય ગણાય છે. પરંતુ પરઠવતાં અનેક દોષ જાણી ગુરૂ મહારાજ પચ્ચ.વાળા મુનિને વાપરવાની આજ્ઞા કરે તો પચ્ચ. ભંગ ન થાય એ માટે આ આગાર છે. આહાર વાપરનારને ગુરૂની પવિત્ર આજ્ઞા જ આરાધવાની છે પણ લોલુપતા રાખવાની નથી.

૧૨. **ચોલપટ્ટાગારેણં**—વસ્ત્ર ન પહેરવા છતાં પણ અવિકારી રહેનારા એવા જિતેન્દ્રિય મહા મુનિઓ વસ્ત્રનું પણ અભિગ્રહ પચ્ચ. કરે છે. તેઓ વસ્ત્ર રહિત બેઠા હોય અને કોઈ ગૃહસ્થ આવે તો ઉઠીને તુર્ત ચોલપટ્ટ પહેરી લે તો તેને પચ્ચ.નો ભંગ ન ગણાય.

૧૩. **લેવાલેવેણં**—ન કલ્પે એવી વિગઈ વડે કડછી વિગેરે ખરડાયેલી હોય તે લુછી નાખ્યા છતાં કિંચિત અંશ રહી જવાથી આહાર ગ્રહણ કરતા ભંગ ન ગણાય માટે આ આગાર છે.

૧૪. **ગિહત્થસંસટ્ઠેણં**—આ આગાર મુનિને માટે છે, કેમકે મુનિને પોતાના માટે નહિ બનાવેલ ભિક્ષા લેવાની છે. એટલે ગૃહસ્થે વિગઈ વડે સંસૃષ્ટ-મિશ્ર કરેલ હોય તેવા અલ્પ સ્પર્શવાલા ભોજનથી પચ્ચ.નો ભંગ ન ગણાય.

૧૫. **ઉક્ખિત્ત વિવેગેણં**—આ આગાર મુનિને માટે છે. પિંડ વિગઈને અલગ કરી હોય તો પણ કિંચિત્ અંશ રહી જાય, તેવી વસ્તુ વાપરતાં પચ્ચ.નો ભંગ ન થાય તે માટે આ આગાર છે.

૧૬. **પડુચ્ચમક્ખિએણું**—રોટલી વિગેરેને કુમળી-સુંવાળી કરવા વિગઈનો હાથ દેવામાં આંગળીઓથી લુવાને કિંચિત મસળવામાં આવે છે, તો તેવી અલ્પ લેપવાળી રોટલીથી પચ્ચ.નો ભંગ ન થાય

હવે પાણીના ૬ આગારનો અર્થ કહેવાય છે.

૧૭. **લેવેણવા**—શુદ્ધ પાણી ન મળે તો ઓસામણનું પાણી (દાણા વિનાનું) ઇત્યાદિ લેપકૃત પાણી મળે જેમાં રજકણો મિશ્ર થયેલા હોય, તો કારણસર લેવાથી પચ્ચ.નો ભંગ ન ગણાય.

૧૮. **અલેવેણવા**—શુદ્ધ પાણીના અભાવે સોવીર-કાંજી (છાસની આછ) ઇત્યાદિ પાણી મળે તો પચ્ચ.નો ભંગ ન ગણાય.

૧૯. **અચ્છેણવા**— * ૩ ઉકાળા વડે ઉકાળેલું પાણી અચિત્ત થાય છે. મુનિઓને આવું જ પાણી પીવાનું હોય છે, શેષ પાંચ આગારવાળા પાણી અપવાદથી કારણસર પીવાના હોય છે.

૨૦. **બહુલેવેણવા**—તલનું ધોવણ, તંદુલનું ધોવણ વિગેરે બહુલ જળ પીવાથી પચ્ચ.નો ભંગ ન થાય માટે આ આગાર છે.

૨૧. **સસિત્થેણવા**—ધાન્યના દાણા સહિત ઓસામણ વિગેરે પાણી તેમજ તલનું ધોવણ, તંદુલનું ધોવણ વિગેરે માટે આ આગાર છે.

---

* ૧. ઉકાળો આવેલ પાણી થોડું અચિત્ત. ૨. ઉકાળાવાળું તેથી વધુ અચિત્ત અને ૩. ઉકાળાવાળું પાણી સર્વથા અચિત્ત થાય છે, માટે ૩ ઉકાળાવાળું જ પાણી પીવું.

૨૨. **અસિત્થેણવા**—સસિત્થ જળને ગાળવાથી સ્થૂલ રજકણો ન આવે તેવું જળ પીવાથી પણ પચ્ચ.નો ભંગ ન થાય.

## કયા પચ્ચક્ખાણમાં કેટલા આગાર !

**નવકારસી**—૨ અન્નત્થનાભોગેણં, સહસાગારેણં.

**પોરિસી-સાઢ પોરિસી**—૬ અન્ન૦ સહ૦ પચ્છન્ન૦ દિસા૦ સાહુ૦ સવ્વ૦

**પુરિમડ્ઢ-અવડ્ઢ**—૭ પૂર્વવત્+૧ મહત્તરાગારેણં.

**એકાસણુ-બિયાસણુ**—૮ અન્ન૦ સહ૦ સાગારિ૦ આઉંટ૦ ગુરૂ૦ પારિ૦ મહ૦ સવ્વ૦

**એકલઠાણું**—૭ આઉંટ૦ વિના એકાશનાવત્.

**વિગઈ- નીવિ (પિંડ વિગઈ)**—૯ અન્ન૦ સહ૦ લેવા૦ ગહત્થ૦ ઉક્ખિત્ત૦ પડુચ્ચ૦ પારિ૦ મહ૦ સવ્વ૦

**વિગઈ-નીવિ (દ્રવ વિગઈ)**—૮ ઉક્ખિત્ત૦ વિના

**આયંબિલ**—૮ પડુચ્ચ૦ વિના

**ઉપવાસ**—૫ અન્ન૦ સહ૦ પારિ૦ મહ૦ સવ્વ૦

**પાણહાર**—૬ લેવે૦ અલેવે૦ અચ્છે૦ બહુલે૦ સસિત્થે૦ અસિત્થે૦

**અભિગ્રહ (સંકેત સહ)**—૪ અન્ન૦ સહ૦ મહ૦ સવ્વ૦

**પ્રાવરણ**—૫ અન્ન૦ સહ૦ ચોલપટ્ટા૦ મહ૦ સવ્વ૦

**દિવસ (ભવ) ચરિમ. દેસાવગા**—૪ અન્ન૦ સહ૦ મહ૦ સવ્વ૦

## (૫) છ ભક્ષ્ય વિગઈના ૨૧ ભેદ

| | | |
|---|---|---|
| (૧) **દૂધ** | —૫ | ગાય, ભેંસ, ઉંટડી, બકરી, ઘેટીનું. |
| (૨) **દહિં** | —૪ | ગાય, ભેંસ, બકરી, ઘેટીનું. |
| (૩) **ઘી** | —૪ | ,, ,, ,, ,, |
| (૪) **તેલ** | —૪ | તલ, સરસવ, કુસુમ્ભી, અળસીનું. |
| (૫) **ગોળ** | —૨ | પિંડ ગોળ, દ્રવ ગોળ. |
| (૬) **પકવાન્ન** | —૨ | તેલમાં તળેલું, ઘીમાં તળેલું. |
| | ૨૧ | |

## ચાર અભક્ષ્ય વિગઈના ૧૨ ભેદ

| | |
|---|---|
| (૧) મધ—કુંતિયાનું, માખીનું, ભમરીનું— | ૩ |
| (૨) મદિરા—કાષ્ટ (વનસ્પતિની) પિષ્ટ (લોટની)— | ૨ |
| (૩) માંસ—જલચર, સ્થલચર, ખેચરનું— | ૩ |
| (૪) માખણ—ઘીની જેમ (છાસથી જુદું પાડેલ)— | ૪ |

આ ચાર વિગઈ વિકાર ઉપજાવનારી હોવાથી મહા વિગઈ કહેવાય છે. એમાં ઘણાં સ્થાવર અને ત્રસ જંતુઓ ઉત્પન્ન થાય છે જેથી અભક્ષ્ય કહેવાય છે.

આમાસુ ય પક્કાસુ ય, વિપચ્ચમાણાસુ મંસ પેસીસુ ।
સયયં ચિય ઉવવાઓ, ભણિઓ ય નિગોય જીવાણું ॥૧॥

અર્થ—કાચા માસમાં. રાંધેલા માંસમાં, રંધાતા માંસમાં એ ત્રણ અવસ્થામાં અનંત નિગોદ જીવોની નિરંતર ઉત્પત્તિ કહેલ છે. તે સિવાય બેઇન્દ્રિય આદિ અસંખ્ય ત્રસ જીવોની ઉત્પત્તિ હોય છે. વળી જીવથી જુદું પડ્યા બાદ તુર્ત જ જીવોત્પત્તિ થાય છે.

મજ્જે મહુમ્મિ મંસંમિ. નવણીયમ્મિ ચઉત્થએ ।
ઉપ્પજ્જંતિ અનંતા, તવ્વન્ના તત્થ જંતુણો ॥૨॥

મદિરામાં, મધમાં, માસમાં અને માખણમાં એમાં સરખા વર્ણવાળા (અનેક) અનંત જંતુઓ (ત્રસ જીવો) ઉત્પન્ન થાય છે.

## (૬) છ ભક્ષ્ય વિગઈના ૩૦ નીવિયાતાં

### દૂધનાં પાંચ નીવિયાતાં

૧. **પયસાડી**—દ્રાક્ષ સહિત રાંધેલું દૂધ. (બાસુદી)

૨. **ક્ષીર (ખીર)**—ઘણા ચોખા સહિત રાંધેલું દૂધ.

૩. **પેયા**—અલ્પ તંદૂલ સહિત રાંધેલું દૂધ.

૪. **અવલેહિકા**—તંદૂલના ચૂર્ણ (લોટ) સહિત રાંધેલું દૂધ.

૫. **દુગ્ધાટી**—કાંજી આદિ ખાટા પદાર્થ સાથે રાંધેલું દૂધ.

### ઘીનાં પાંચ નીવિયાતાં

૧. **નિર્ભંજન**—તળાઈ રહ્યા બાદ વધેલું બળેલું ઘી

૨. **વિસ્પંદન**—દહીંની તર અને લોટની બનેલી કુલેર.

૩. **પક્વૌષધિ તરિત**—ઔષધિ નાખીને ઉકાળેલ ઘીની તર.

૪. **કિટ્ટી**--ઉકળતા ઘી ઉપર જે મેલ તરી આવે તે.

૫. **પક્વ ઘૃત**—આમળાં વિગેરે નાખીને ઉકાળેલું ઘી.

### દહિંના પાંચ નીવિયાતાં

૧. **કરંબ** દહિંમાં ભાત મેળવ્યો હોય તે કરંબ.

૨. **શિખરિણી**—દહિંમાં ખાંડ નાંખી વસ્ત્રથી છણેલું. (શીખંડ)

૩. **સલવણ**—લુણ નાખીને મથેલું, (હાથથી અડવાળેલું)

૪. **ઘોલ**—વસ્ત્રથી ગાળેલું દહીં.

૫. **ઘોલવડા**—ઘોલ નાખી બનાવેલાં વડાં.

## તેલનાં પાંચ નીવિયાતાં

૧. ***તિલકુટ્ટી**—તલ તથા ગોળ ખાંડી એકરસ બનાવે તે.

૨. **નિર્ભંજન**—પકવાન્ન તળ્યા બાદ વધેલું બળેલું તેલ.

૩. **પકવ તેલ**—ઔષધિઓ નાખીને પકાવેલું તેલ

૪. **પકવૌષધિતરિત**—ઔષધિઓ નાખીને પકવાતા તેલની તરી.

૫. **તિલ્લ મલી**—ઉકાળેલા તેલની કિટ્ટિ-મેલ.

## ગોળનાં પાંચ નીવિયાતાં

૧. **સાકર**—જે કાંકરા સરખી હોય છે તે.

૨. **ગુલપાનક**—ગોળનું પાણી જે પૂડા સાથે ખવાય છે તે.

૩. **પાય (પાકો ગોળ)**—ખાજા ઉપર લેપાતો (ગોળની ચાસણી)

૪. **ખાંડ**—સર્વ પ્રકારની ખાંડ.

૫. **અર્ધકવથિત ઈક્ષુરસ**—અર્ધ ઉકાળેલો શેરડીનો રસ.

## પકવાન્ન (કડાહ) વિગઈના નીવિયાતાં

૧. **દ્વિતીયાપૂપ**—તવીમાં સંપૂર્ણ સમાય એવો પૂડલો તળીને એજ ઘી-તેલમા તળાયેલ બીજા પુડલા, પુરી.

૨. **તત્સ્નેહ ચતુર્થાદિ ઘાણ**—૩ ઘાણ તળ્યા બાદની પુરીઓ.

૩. **ગુડ ધાણી**—ગોળનો પાયો કરીને મેળવેલા ધાણીના લાડુ.

૪. **જલ લાપસી**—તળ્યા બાદ વધેલું ઘી કાઢી લીધા પછી ઘઉંનો ભરડો શેકી, ગોળનું પાણી રેડી બનાવેલ શીરો કે લાપસી.

૫. **પોતકૃત પૂડલો**—તેલનું-ઘીનું પોતું દઈને કરવામાં આવે તે.

---

* ગોળનો પાયો કરી (ગોળને ઉકાળીને પાકો ગોળ કરી) તલ ભેળવાય છે. તે તલસાંકળી નીવિયાતામાં કલ્પે.

નીવિયાતાં ૩૦ તથા સંસૃષ્ટ દ્રવ્યો તથા ઉત્તમ દ્રવ્યો નીવિના પચ્ચ૦માં મુનિને અપવાદે કલ્પે છે.

કેવા મુનિને કલ્પે? તો જે મુનિ યોગ વહન કરે છે, પણ વિશેષ સામર્થ્ય ન હોય, દીર્ઘકાળ સુધી નીવિની તપશ્ચર્યા ચાલુ હોય, યાવજ્જીવ વિગઈનો ત્યાગ હોય, બહુ તપસ્વી હોય, નીવિના તપ સાથે ગ્લાનમુનિ તથા ગુરૂ તથા બીજા સાધુઓની વૈયાવૃત્ય-(કાયિક સેવા) કરનાર હોય તેવા મુનિઓને અશક્તિ પ્રાપ્ત થતાં તે વૈયાવૃત્યાદિમાં વ્યાઘાત થતો હોય તો તેવા મુનિઓને ગુરૂની આજ્ઞાથી નીવિમાં આ ત્રણે પ્રકારના દ્રવ્ય કલ્પે, પરંતુ જિહ્વાના લોભથી એ દ્રવ્યો નીવિયાતાં હોવા છતાં પણ નીવિમાં લેવા કલ્પે નહિ. કેમકે એ દ્રવ્યો સુસ્વાદ રહિત તો નથી જ, તેમજ સર્વથા વિકૃતિ રહિત પણ નથી.

તપશ્ચર્યા તો સ્વાદિષ્ટ આહારના ત્યાગથી જ સાર્થક ગણાય છે, તપશ્ચર્યામાં સ્વાદિષ્ટ આહાર લેવો એ તપશ્ચર્યાનું ખરૂં લક્ષણ નથી. તપશ્ચર્યામાં ઉજમાળ થયેલો આત્મા તો સ્વાદિષ્ટ આહારના ત્યાગની ભાવનાવાળો હોય, તપસ્વીનું લક્ષ્ય જેમ બને તેમ અંતે નીરસ આહારનો પણ ત્યાગ કરવા તરફ હોય છે. તો તેવા તપમાં સ્વાદિષ્ટ આહારનો અવકાશ ક્યાંથી હોય?

વળી આ વિગઈઓના નીવિયાતાં બનાવવા છતાં પણ

વિગઇઓ સર્વથા વિકૃતિ રહિત થતી નથી. શ્રી નીશિથ ભાષ્યમાં કહ્યું છે કે—

વિગઈ વિગઈભીઓ, વિગઈગયં જોઉ ભુંજએ સાહૂ ।
વિગઈ વિગઈ સહાવા, વિગઈ વિગઈ બલા નેઈ ॥૪૦॥

અર્થ—દુર્ગતિથી ભય પામેલો સાધુ વિગઈ–નીવિયાતાં–સંસૃષ્ટ દ્રવ્યો–ઉત્તમ દ્રવ્યોને ખાય તો આ ત્રણે પ્રકારની વસ્તુઓ ઇન્દ્રિયોને વિકાર ઉપજાવવાના સ્વભાવવાળી હોય છે, માટે તે વિગતિ–દુર્ગતિમાં બળાત્કારે લઇ જાય છે. અર્થાત્ વિના કારણે રસના સ્વાદના લોભથી વિગઈ વાપરનાર સાધુને તે વિગઇઓ બળાત્કારે દુર્ગતિમાં પાડે છે અને સંયમ માર્ગથી ભ્રષ્ટ કરે છે.

જે મુનિ વિવિધ તપ કરવાથી દુર્બળ–અશક્ત થયા હોય અને વિગઈનો સર્વથા ત્યાગ કરવાથી ઉત્તમ અનુષ્ઠાન તથા સ્વાધ્યાય અધ્યયન વિગેરે ન કરી શકે તેમ હોય તો તેવા મુનિને વિગઈના ત્યાગમાં તે નીવિયાતાં આદિ ઉત્કૃષ્ટ દ્રવ્યો ગુરૂની આજ્ઞા હોય તો કલ્પે છે.

## (૭) પચ્ચક્ખાણનાં ભાંગા

અહીં પચ્ચક્ખાણ લેનાર જુદી જુદી રીતે ૪૯ પ્રકારે અથવા ૧૪૭ પ્રકારે લઈ શકે છે. એક જ પચ્ચક્ખાણ લેનાર ૪૯ જણ અથવા ૧૪૭ જણ હોય તો તે દરેકને જુદી જુદી રીતે આપી શકાય છે.

## ૩ કરણ અને ૩ યોગના ભાંગા નીચે પ્રમાણે છે.

### ૧લું સપ્તક

| | | |
|---|---|---|
| ૧ મનથી | કરૂં | નહિ |
| ૨ વચનથી | ,, | ,, |
| ૩ કાયાથી | ,, | ,, |
| ૪ મન-વચનથી | ,, | ,, |
| ૫ મન-કાયાથી | ,, | ,, |
| ૬ વચન-કાયાથી | ,, | ,, |
| ૭ મન-વચન-કાયાથી | ,, | ,, |

### ૨જું સપ્તક

| | | |
|---|---|---|
| ૧ મનથી | કરાવું | નહિ |
| ૨ વચનથી | ,, | ,, |
| ૩ કાયાથી | ,, | ,, |
| ૪ મન-વચનથી | ,, | ,, |
| ૫ મન-કાયાથી | ,, | ,, |
| ૬ વચન-કાયાથી | ,, | ,, |
| ૭ મન-વચન-કાયાથી | ,, | ,, |

### ૩જું સપ્તક

| | | |
|---|---|---|
| ૧ મનથી | અનુમોદું | નહિ |
| ૨ વચનથી | ,, | ,, |
| ૩ કાયાથી | ,, | ,, |
| ૪ મન-વચનથી | ,, | ,, |
| ૫ મન-કાયાથી | ,, | ,, |
| ૬ વચન-કાયાથી | ,, | ,, |
| ૭ મન-વચન-કાયાથી | ,, | ,, |

### ૪થું સપ્તક

| | | |
|---|---|---|
| ૧ મનથી | કરૂં નહિ, | કરાવું નહિ |
| ૨ વચનથી | ,, | ,, |
| ૩ કાયાથી | ,, | ,, |
| ૪ મન-વચનથી | ,, | ,, |
| ૫ મન-કાયાથી | ,, | ,, |
| ૬ વચન-કાયાથી | ,, | ,, |
| ૭ મ. વ. કા થી | ,, | ,, |

### ૫મું સપ્તક

| | | |
|---|---|---|
| ૧ મનથી | કરૂં નહિ, | અનુમોદું નહિ |
| ૨ વચનથી | ,, | ,, |
| ૩ કાયાથી | ,, | ,, |
| ૪ મ. વ.થી | ,, | ,, |
| ૫ મ. કા.થી | ,, | ,, |
| ૬ વ. કા થી | ,, | ,, |
| ૭ મ વ. કા. થી | ,, | ,, |

## ૬થું સપ્તક

| | | |
|---|---|---|
| ૧ મનથી | કરાવું નહિ, | અનુમોદું નહિ |
| ૨ વચનથી | ,, | ,, |
| ૩ કાયાથી | ,, | ,, |
| ૪ મન વચનથી | ,, | ,, |
| ૫ મન કાયાથી | ,, | ,, |
| ૬ વચન કાયાથી | ,, | ,, |
| ૭ મન વચન કાયાથી | ,, | ,, |

## ૭મું સપ્તક

| | | | |
|---|---|---|---|
| ૧ મનથી | કરૂં નહિ, | કરાવું નહિ, | અનુમોદું નહિ |
| ૨ વચનથી | ,, | ,, | ,, |
| ૩ કાયાથી | ,, | ,, | ,, |
| ૪ મન-વચનથી | ,, | ,, | ,, |
| ૫ મન-કાયાથી | ,, | ,, | ,, |
| ૬ વચન-કાયાથી | ,, | ,, | ,, |
| ૭ મનવચન કાયાથી | ,, | ,, | ,, |

ભૂતકાળમાં જે આચરણ થયું તેની નિંદા કરૂં છું. વર્તમાનમાં જે જે અનુચિત હોય તેને રોકું છું. અને ભવિષ્યમાં નહિ કરૂં એમ ત્રણ કાળના વિષયથી ૧૪૭ ભાંગાથી પચ્ચક્ખાણ થઈ શકે છે.

ઉપર પ્રમાણે ૪૯ ભાંગાને ૩ કાળથી ગુણતાં ૧૪૭ ભાંગા થાય. મોક્ષ માર્ગ જેવા મહાન લાભ માટે અને આત્મધર્મને પ્રગટ કરનાર પચ્ચક્ખાણનું પરમ આદરપૂર્વક રક્ષણ કરવું. કેમકે વ્યવહારમાં પણ લીધેલી પ્રતિજ્ઞા પાળનાર અતિ વ્યવહાર કુશળ ગણાય છે.

પચ્ચક્ખાણ કરનાર અને કરાવનારના ૪ ભાંગા થાય છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ પચ્ચક્ખાણ | કરનાર | પોતે | જાણ, | તથા | કરાવનાર | પણ | જાણકાર. |
| ૨ | ,, | ,, | ,, | ,, પણ | ,, | | અજાણ. |
| ૩ | ,, | ,, | ,, અજાણ | ,, | ,, | | જાણ. |
| ૪ | ,, | ,, | ,, | ,, અને | ,, | | અજાણ. |

આમાં ચોથો ભાંગો અશુદ્ધ છે, પણ ત્રણે ભાંગામાં આજ્ઞા છે.

## (૮) પચ્ચકખાણની ૬ શુદ્ધિ

૧. **સ્પર્શિત (ફાસિઅં)**—દિવસ ઉગ્યા પહેલા ઉચ્ચરીને કાળ પૂર્ણ થતાં ગુરૂને વંદન કરી પચ્ચ૦ ગ્રહણ કરે તે.

૨. **પાલિત**—પચ્ચક્ખાણને વારંવાર સંભાર્યું હોય તે.

૩. **શોધિત (શોભિત)**—ગુરૂને વહોરાવતા શેષ વધ્યું તે ભોજન કર્યું હોય તે શોધિત-યા શોભિત-(શુદ્ધ કર્યું યા શોભાવ્યું)

૪. **તીરિત**—કાળ પૂર્ણ થયા બાદ અધિક કાળ પછી ભોજન કરવું.

૫. **કીર્તિત**—ભોજન સમયે 'મારે પચ્ચ૦ હતું તે પૂર્ણ થયું' એમ બોલવું.

૬. **આરાધિત**—પૂર્વોક્ત પાંચે શુદ્ધિથી કરેલું આરાધેલું કહેવાય.

## બીજી રીતે ૬ શુદ્ધિ

૧. **શ્રદ્ધા**—શાસ્ત્રે જે રીતે જે કાળે જે અવસ્થામાં કરવાનું કહ્યું છે તેજ રીતે કરવું તેવી સચોટ શ્રદ્ધા.

૨. **જ્ઞાન**—પચ્ચક્ખાણનું સ્વરૂપ કઇ રીતે થઈ શકે તે જાણવું.

૩. **વિનય**—ગુરૂને વંદન કરવા પૂર્વક પચ્ચ૦ કરવું.

૪. **અનુભાષણ**—ગુરૂ પચ્ચક્ખાઈ કહે ત્યારે પચ્ચક્ખામિ અને અને વોસિરઈ કહે ત્યારે વોસિરામિ બોલવું.

૫. **અનુપાલન**—સંકટ આવે તો પણ પચ્ચ૦ ભાંગવું નહિ.

૬. **ભાવ**—આલોક કે પરલોકના સુખની અભિલાષા રહિત રાગ-દ્વેષ રહિત માત્ર કર્મક્ષયાર્થે પચ્ચ૦ કરવું.

## અશુદ્ધ પચ્ચક્ખાણ

**રાગ**—ગુરૂને રાગી બનાવવા, લોકોને ભક્તિભાવવાળા બનાવવા પ્રિય વસ્તુ પ્રાપ્ત કરવા (બાધા રૂપે), ચમત્કારી શક્તિઓ પ્રાપ્ત કરવા, પૌદ્‌ગલિક સુખ માટે, તથા માયા કે ધન-કીર્તિ આદિના લોભથી પચ્ચ૦ અશુદ્ધ છે.

**દ્વેષ**—ન ભાવતી, ન ગમતી, યા વિરોધીને સંતાપ ઉપજાવવા લબ્ધિ-શક્તિ પ્રાપ્ત કરવા, યા ક્રોધ કરવો, દ્વેષ કરવો, રીસ કરી આહાર ત્યાગ કરવો તથા મલ્લિનાથ પ્રભુના પૂર્વ ભવના જીવની પેઠે કરવો તે માયાથી યા બીજા પ્રકારનો માયા-પ્રપંચ કરવો, વિગેરે સર્વ પ્રકારના રાગ-દ્વેષ રહિત થઈ પચ્ચ૦ કરવું.

## (૯) પચ્ચક્ખાણનું બે પ્રકારનું ફળ

**ધમ્મિલકુમારે** છ માસ સુધી આયંબિલનો ચઉવિહાર તપ, દ્રવ્યથી મુનિવેષ, શુદ્ધ ગોચરી, નવકારનો નવ લાખ જાપ અને ષોડશાક્ષરી મંત્રનો છ માસ સુધી જાપ વિગેરે કરવાથી દેવની પ્રસન્નતાથી તેમજ પૂર્વભવના અશુભ કર્મના ક્ષયથી રાજ્ય સ્ત્રી-પુત્રનો વૈભવ આદિ સુખ પ્રાપ્ત કર્યું. અંતે ચારિત્ર લઈ ૧૨માં દેવલોકે ગયા. ત્યાંથી મહાવિદેહમાં ચારિત્ર લઈ કેવલજ્ઞાન પામી મોક્ષે જશે.

**દામન્નકે** પૂર્વ ભવમાં દુષ્કાળના સમયે પણ માંસાહારનો ત્યાગ કર્યો. અંતે ૩ દિવસનું અણસણ કરી શ્રેષ્ઠિ પુત્ર થયો. ત્યાં આઠ વર્ષનો થતાં સર્વ કુટુંબ રોગથી મરણ પામ્યું. ત્યારે

એ જ નગરમાં સાગરદત્ત શેઠને ત્યાં નોકરી રહ્યો. ત્યાં સામુદ્રિક શાસ્ત્રના જ્ઞાની મુનિએ સાથે આવેલા મુનિને કહ્યું કે, આ **દામન્નક** શેઠના ઘરનો માલિક થશે, એવી મુનિની વાણીથી તે શેઠે તેને મારી નંખાવવા ઘણા પ્રયત્નો કર્યા પણ એ બચી ગયો અને શેઠનો જમાઈ થયો. ફરી શેઠે મારવાનો ઉપાય કરતા પોતાનો પુત્ર જ હણાયો. છેવટે શેઠે ઘરનો માલિક કર્યો. રાજાએ નગરશેઠની પદવી આપી. ગુરૂ મહારાજે પૂર્વ ભવમાં માંસનું પચ્ચ૦નું સ્મરણ કરાવ્યું. તેથી સમ્યકત્વ પામી દેવલોકમાં ગયો. ત્યાંથી મહાવિદેહમાં ઉત્પન્ન થઇ મોક્ષે જશે.

જિનેશ્વરે કહેલા આ પચ્ચક્ખાણને ભાવથી આચરીને ભૂતકાળમાં અનંતજીવો મોક્ષ પામ્યા છે, વર્તમાનમાં (મહા વિદેહ ક્ષેત્રમાં) અનેક જીવો મોક્ષ પામે છે, અને ભવિષ્યમાં અનંત જીવો મોક્ષ સુખ પામશે.

પ્રભુએ ફરમાવેલ પચ્ચક્ખાણ ધર્મનું પાલન કરવું એ મનુષ્યભવ અને જૈન ધર્મ પામ્યાનું શ્રેષ્ઠ ફળ છે. વીર્યાન્તરાય કર્મના ઉદયથી તેવી શક્તિ ન હોય તેવો ભાવ પણ ન થાય અને આચરણ ન કરી શકીએ તોપણ પચ્ચકખાણ એ મોક્ષનું પરમ અંગ છે. ભાવથી એ પ્રાપ્ત નહિ થાય ત્યાં સુધી આત્માની મુક્તિ નથી એવી શ્રદ્ધા અવશ્ય રાખવી.

## કુપ્રવચનો

પચ્ચક્ખાણની ભાવનાથી પતિત કરનારા જે લૌકિક કુપ્રવચનો છે, તેનો ત્યાગ કરવો.

૧ મનથી ધારી લેવું તે પચ્ચક્ખાણ છે, હાથ જોડવાથી શું વિશેષ છે એ **કુપ્રવચન.**

૨ **મરૂદેવા** માતાએ કયાં પચ્ચક્ખાણ કર્યું હતું ? એમ કહેવું એ પણ **કુપ્રવચન.**

૩ **ભરત** ચક્રવર્તિ વ્રત નિયમ વિના કેવળજ્ઞાન પામ્યા એમ કહેવું એ **કુપ્રવચન**.

૪ **શ્રેણિક** રાજાએ પચ્ચ૦ ન કરવા છતાં તીર્થંકર ગોત્ર બાંધ્યું એમ કહેવું એ **કુપ્રવચન.**

૫ દાન–શિયલ–તપ અને ભાવનામાં ભાવ પ્રધાન છે પણ દાન વિગેરે નહિ એમ કહેવું એ **કુપ્રવચન**.

૬ પચ્ચ૦ એ તો ક્રિયા છે, ક્રિયા જ્ઞાનની દાસી છે, વ્રત-નિયમ એ ઉત્તમ નથી એ કહેવું તે **કુપ્રવચન**.

૭ પચ્ચ૦ લઇને પાળી ન શકાય તો મહા દોષ થાય માટે પચ્ચ૦ વિના પાળવા તેમ કહેવું તે **કુપ્રવચન**.

૮ પચ્ચ૦ લઈ મન કાબુમાં રહેતું નથી, ત્યારે પચ્ચ૦ લીધું શું કામનું ? એમ કહેવું એ **કુપ્રવચન**.

૯ અણુભાવતી કે અલભ્યનું પચ્ચ૦ કરે, તેની હાંસી કરે કે 'ના મલી નારી ત્યારે બાવો બ્રહ્મચારી' તો એ કહેવું તે **કુપ્રવચન**.

૧૦ ઠાઠમાઠથી પચ્ચ૦ એ આડંબર છે એમ કહેવું એ **કુપ્રવચન**.
બીજા પણ અનેક કુપ્રવચનો એ ધર્મથી પતિત કરનારા હોવાથી જીવોએ બોલવા નહિ, સાંભળવા પણ નહિ. આ ગ્રંથમાં મતિ દોષથી ભૂલચૂક થઈ હોય તેનું મિથ્યા દુષ્કૃત હો.

* **સમાપ્ત** *

# પરિશિષ્ટ

## જીવ રાશિનો ક્રમ

૧ અવ્યવહાર રાશિમાં **સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયના** અનંત જીવો છે. જે કદી એ સ્થિતિમાંથી બહાર નીકળ્યા જ નથી.

૨ વ્યવહાર રાશિમાં **સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયના** અનંત જીવો એવા છે કે જેઓ વ્યવહાર રાશિમાં આવવા છતાં પણ પાછા ફરી અવ્યવહાર રાશિ જેવી સ્થિતિમાં પડ્યા છે, છતાં તે કહેવાય છે વ્યવહાર રાશિનાં જીવો

૩ અવ્યવહાર રાશિમાંથી નીકળેલા જીવો કેટલાક **સૂક્ષ્મ પૃથ્વીકાય** આદિમાં જાય છે. પછી

૪ સૂક્ષ્મ પૃથ્વીકાય આદિમાંથી નીકળી **બાદર નિગોદ** (બાદર સાધારણ વનસ્પતિકાય) થઈ બાદર પૃથ્વીકાય આદિમાં જાય છે. પછી વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય વગેરે થઈ મનુષ્ય થઈ ગુણસ્થાનકે ચઢી મોક્ષે જાય છે. પરંતુ વચ્ચે વચ્ચે પાછા ઉતરી પડે તો પાછા સૂક્ષ્મ નિગોદ સુધી પણ પહોંચી જાય છે.

૫ વ્યવહાર રાશિમાંથી જેટલા મોક્ષે જાય તેટલાં જ અવ્યવહાર રાશિમાંથી જીવો બહાર નીકળે છે.

૬ અવ્યવહાર રાશિમાં કેટલાક જીવો અનાદિ સાંત હોય છે. જ્યારે કેટલાક અભવ્ય અને દુર્ભવ્ય જીવોની સ્થિતિ અનાદિ અનંત હોય છે.

૭ વ્યવહાર રાશિમાં રહેલાની સ્થિતિ સાદિ સાંત હોય છે.

(સામાન્ય રીતે × અઢી ક્ષેત્રપુદ્ગલ–પરાવર્તન – પંચ સંગ્રહમાં કહી છે.)

૮ સૂક્ષ્મ નિગોદના જીવો જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી સુધી તેમાંને તેમાં જ ઉત્પન્ન થયા કરે છે.

૯ બાદર નિગોદના જીવો જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૭૦ કોટાકોટી સાગરોપમ સુધી તેમાંને તેમાં જ ઉત્પન્ન થાય છે.

૧૦ દરેક વનસ્પતિ ઉત્પન્ન થતી વખતે અનંતકાય જ હોય છે. પછી જો તે અનંતકાય જાતિની હોય તો તે અનંતકાય જ રહે છે. નહીંતર પ્રત્યેક થઈ જાય છે.

૧૧ વનસ્પતિમાં એક ઝાડ એ ઘણા બધા જીવોનો એક મોટો ખંડ સમજવો, તેમાં એક એક ફળ એ એક એક મોટા ગામ સમાન જાણવું. એક એક ગામમાં પણ શેરીઓ મહોલ્લાઓ હોય તેમ એક એક ફળમાં પણ જુદા જુદા વિભાગમાં જુદા જુદા અનેક જીવો હોય છે.

૧૨ કેટલીક વનસ્પતિની રચના મનુષ્યના શરીરની જેવી વિચિત્ર હોય છે. જેમકે–નાળિયેરને ચોટલી, મોઢું અને આંખો હોય છે. બાવળ વગેરેના થડમાં ઉછેર પ્રમાણે પડ હોય છે, અને વચ્ચે રસ ચૂસવાને ઠેઠ સુધી સીધો સંબંધ હોય છે. વનસ્પતિમાં વળી મગજને સ્થાને મજ્જા, ચામડીને સ્થાને છાલ યોનિ = ઉત્પત્તિ સ્થાન, માથાને સ્થાને અગ્રભાગ ઈત્યાદિ રચનાઓ હોય છે.

---

× અઢી ક્ષેત્ર પુદ્ગલ પરાવર્તન = અનંત ઉત્સર્પિણી અવસર્પિણી.

૧૩ વનસ્પતિ ચોમાસામાં બરાબર સારી રીતે આહાર કરે છે, ઉનાળામાં મધ્યમ રીતે આહાર કરે છે. પછી હેમંતઋતુમાં તથા વસંત ઋતુમાં આહાર ધીમે ધીમે ઓછો કરે છે.

ઉનાળામાં કેટલાક ઝાડો દેખાવમાં સુંદર દેખાય છે. તેનું કારણ એ છે કે ઉષ્ણ યોનિવાળા જીવો તે વખતે તેમાં ઘણા ઉત્પન્ન થાય છે.

## પાંચ સ્થાવર જીવોની સંખ્યાની સમજણ

૧ **પૃથ્વીકાય**—આમળા જેટલી પૃથ્વીમાં જે જીવો છે, તે જો કબુતર જેટલા થાય તો **લાખ જોજનનાં** જંબુદ્વિપમાં સમાય નહિ.

વળી **પૃથ્વીકાયના** નાસિકાના છિદ્રપ્રમાણ કણીયાને ચક્રવર્તિની દાસી ૨૧ વાર વાટીને ચાળે, તોપણ કેટલાક પૃથ્વીકાયના જીવોને સ્પર્શ પણ ન થવાથી મરતા નથી, એટલે કે પૃથ્વીકાયના એક કણીયામાં અસંખ્યાતા જીવો છે.

૨ **અપકાય**—પાણીના એક બિંદુમાં જે જીવો છે, તે પ્રત્યેક સરસવ જેટલા થાય તો લાખ જોજનનાં જંબુદ્વિપમાં સમાય નહિ.

૩ **તેઉકાય**—અગ્નિના ચોખા જેટલા કણિયામાં જે જીવો છે, તે ખસખસના દાણા જેવું શરીર બનાવે તો, જંબુદ્વિપમાં સમાય નહિ.

૪ **વાઉકાય**—વાયુના લીંબડાના પાન જેટલી જગ્યામાં રહેલા જીવો માથાની લીખ જેવું શરીર બનાવે તો આખા જંબુદ્વિપમાં ન સમાય.

૫ **સાધારણ વનસ્પતિ**—સોયના અગ્રભાગ ઉપર જે જીવો છે તે અનંતા છે.

# શુદ્ધિ પત્રક

| પેઈજ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૩ | ૧૪ | એમ | જીભ એમ |
| ૪૨ | ૨ | બે સાગરોપમ | ત્રણ પલ્યોપમ |
| ,, | ૩ | ,, અધિક | ત્રણ સાગરોપમ |
| ,, | ૭ | પ્રાણ-૧૪ | ૧૦ |
| ,, | ૭ | યોનિ | ૧૪ લાખ |
| ૪૪ | ૩ | પ્રાણ-૧૦ | ૭-૮ પ્રાણ |
| ,, | ૪ | ક્રોડ વર્ષ પૂર્વ | પૂર્વ ક્રોડ વર્ષ |
| ,, | | ૭ ભવ | ૭/૮ ભવ |
| ,, | છેલ્લી | ૭ ભવ | ૭/૮ ભવ |
| ,, | ,, | ક્રોડ વર્ષ પૂર્વ | પૂર્વ ક્રોડ વર્ષ |
| ૪૫ | પહેલી | ક્રોડ વર્ષ પૂર્વ | પૂર્વ ક્રોડ વર્ષ |
| ,, | પહેલી | ૭ ભવ | ૭/૮ ભવ |
| ૭૧ | ૧૮ | મંદ | તીવ્ર |
| ,, | ૧૯ | તીવ્ર | મંદ |
| ૧૬૯ | ૩ | ઉભક્તાર્થ | અભક્તાર્થ |
| ૧૬૯ | ૩ | અપવાસ | ઉપવાસ |

# શ્રી અકલંક ગ્રંથમાળા તરફથી
## છપાયેલ, છપાતા અને છપાવવામાં આવનાર
# * પુસ્તકોની યાદી *

પુષ્પ છપાયેલ પુસ્તકો

૧. શ્રી કલ્યાણક સ્તવન ટોડર
૨. ,, ઋષભદેવ ચરિત્ર
૩. ,, શાન્તિનાથ ચરિત્ર
૪. ,, નેમનાથ ચરિત્ર
૫. ,, પાર્શ્વનાથ ચરિત્ર
૬. ,, મહાવીર સ્વામી ચરિત્ર
૭. ,, જૈન રામાયણ
૮. ,, ચૈત્ય થય થુઈ સજ્ઝાયમાળા
૯. ,, ધર્મનો દરવાજો યાને સમકિત પ્રાપ્તિ
૧૦. ,, શત્રુંજય મહાત્મ્ય ઉપર શુકરાજની કથા
૧૧. ,, અકલંક વિ. મ. નું જીવન ચરિત્ર
૧૨. ,, કુમારપાળ ચરિત્ર
૧૩. ,, ભક્તામર કથા સહિત
૧૪. ,, કર્મગ્રંથસાર ભાગ-૧
૧૫. ,, નળદમયંતી ચરિત્ર
૧૬. ,, પ્રકરણ ભાષ્યસાર

---

૧. શ્રી જૈન કથાઓ ભાગ-૧
૨. ,, છ કર્મગ્રન્થસાર ભાગ-૨
૩. ,, જંબુસ્વામી ચરિત્ર
૪. ,, ધમ્મિલકુમાર ચરિત્ર
૫. ,, અગડદત્ત ચરિત્ર
૬. શ્રી ચારૂદત્ત ચરિત્ર
૭. ,, શાંબપ્રદ્યુમ્ન ચરિત્ર
૮. ,, વસુદેવ ચરિત્ર
૯. ,, વત્સરાજ ચરિત્ર
૧૦. ,, સુરસુંદરી ચરિત્ર
૧૧. ,, ચંદરાજાનું ચરિત્ર
૧૨. ,, યશોધર ચરિત્ર
૧૩. ,, ભીમસેન નૃપ ચરિત્ર
૧૪. ,, અજીતસેન કનકાવળી ચરિત્ર
૧૫. ,, તિલકમંજરી ચરિત્ર
૧૬. ,, રાજકુમારી સુદર્શના ચરિત્ર
૧૭. ,, સુભૂમ ચક્રવર્તિ ચરિત્ર
૧૮. ,, પાર્શ્વનાથ પ્રભુના દશ ગણધરોનું ચરિત્ર
૧૯. ,, પ્રત્યેક બુદ્ધ ચરિત્ર
૨૦. ,, હંસરાજ વત્સરાજ ચરિત્ર
૨૧. ,, સમ્યક્ત્વ ઉપર વીશ કથાઓ
૨૨. ,, વીશ સ્થાનક ઉપર કથાઓ
૨૩ ,, સામાયિક ઉપર આઠ કથાઓ
૨૪. ,, પ્રતિક્રમણ ઉપર તેર કથાઓ
૨૫. આઠ કર્મ ઉપર કથાઓ
૨૬. દાન-શીલ-તપ ભાવની કથાઓ
૨૭. જ્ઞાનદાન જ્ઞાનાચારની ,,
૨૮. પાંચ મહાવ્રતની કથાઓ
૨૯. પર્વોની કથાઓ

## ✽ શ્રી અકલંક ગ્રંથમાળાના નિયમો ✽

૧ રૂા. ૧૦૦૧] આપનારનું નામ પેટ્રન તરીકે લેવાશે. તેમનો ફોટો કોઈપણ પુસ્તકમાં આવશે અને પ્રગટ થતા દરેક પુસ્તકની નકલ મળશે.

૨ રૂા. ૫૦૧] આપનારનું નામ આજીવન સભ્ય તરીકે લેવાશે. પ્રગટ થતા દરેક પુસ્તકની નકલ મળશે.

૩ રૂા. ૧૦૦૦] આપનારનો ફોટો તથા જીવન ઝરમર બસો પુસ્તકમાં લેવાશે. તેમાંથી સો પુસ્તક ભેટ મળશે.

૪ રૂા. ૫૦૧] આપનારના ફોટા તથા જીવન ઝરમર સો પુસ્તકમાં લેવાશે, તેમાંથી પચ્ચીસ પુસ્તક ભેટ મળશે.

૫ રૂા. ૧૦૧] આપનારનું નામ સભ્ય તરીકે એક સાલ પુરતું લેવાશે.

૬ રૂા. ૨૫] કે તેથી વધુ આપનારનું નામ કોઈપણ એક પુસ્તકમાં લેવાશે.

૭ રકમ આપનારને પહોંચ મળશે.

લિ. અકલંક ગ્રંથમાળા તરફથી

**મફતલાલ મોહનલાલ શાહ**

ઠે. વીરનગર સોસાયટી, બં. નં. ૯/૧ બી

એસ. ટી. કોલોની સામે,

**મહેસાણા**

# રત્નકણ

આજના યુવકોની ધર્મપ્રત્યે બેદરકારી માટેની જવાબદારી માતા-પિતાની છે. બાળકોને ગળથુથીમાં જૈનત્વનો ખોરાક જો ન આપો તો તમો વિશ્વાસઘાતી છો. બચ્ચાના એક ભવના જીવનને સુધારવાનો વિચાર તમો કરો છો, પણ તેના અનેક ભવના જીવનને સુધારવાને માટે કંઈ પણ થતું નથી.—આગમોદ્ધારક પૂ. આ. શ્રીમદ્ **સાગરાનંદ સૂરીશ્વરજી મ.**

આપણે ધર્મને ઉત્કૃષ્ટ મંગળ માનતા હોઈએ, આલોક અને પરલોકનું કલ્યાણ કરનારો સમજતા હોઈએ તો ધાર્મિક શિક્ષણ પહેલું અને વ્યવહારિક શિક્ષણ પછી એવો ક્રમ યોજવો જોઈએ.

—પૂ. આચાર્યદેવશ્રી **વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.**

હું બાળકથી બુઢ્ઢા સુધી સર્વને વિદ્યાર્થી માનું છું. વિદ્યાર્થી એટલે વિદ્યાની જરૂરવાળો. પૈસા કોઈના રહ્યા નથી અને સાથે રહેતા નથી, તો સદુપયોગ કરી તમારા બનાવી લો. તમારું ધન કોઈ લઈ જાય એવા ચિન્હો આજના વાતાવરણમાં દેખાઈ રહ્યા છે, તે કોઈ લઈ જાય તે પહેલાં તમો સ્વેચ્છાએ તમારું ધન શુભ કાર્યમાં ખર્ચી નાખો.

—સ્વ. પૂ. આચાર્યદેવ **વિજય વલ્લભસૂરીશ્વરજી મ.**

જે અવસરે ચોમેર જડવાડનો પવન જોરશોરથી ફૂંકાતો હોય, એવા અવસરે આત્માના વિકાસમાં અનન્ય સહાયક ધાર્મિક-આધ્યાત્મિક શિક્ષણ માટે સહુ કોઈએ પોતાની સમગ્ર શક્તિનો ભોગ આપવા તૈયાર રહેવું જોઈએ. —સ્વ. પૂ. શ્રીમદ્ **વિજય ધર્મસૂરીશ્વરજી મ.**

આજના વિષમય વાતાવરણમાં માતા પોતેજ પ્રૌઢ વય થવા છતાં ઉઘાડે માથે ફરે, બારીક-ઝીણાં વસ્ત્રો પહેરે ગમે ત્યારે ગમે ત્યાં રખડે, વધારે પડતી ટાપટીપ શોભા કરે, તો તે બાળકમાં સારા સંસ્કાર કેવી રીતે રેડી શકાશે ?

—શતાવધાની પૂ. આ. શ્રીમદ્ **વિજય કીર્તિચંદ્ર સૂરીશ્વરજી મ.**

'પાઠશાળાનો વિકાસ' પુસ્તકમાંથી સાભાર.

મુદ્રક : જે. એન. રાણા, 'મોહન પ્રિન્ટરી', નવાપુરા નવીસડક. સુરત.